૧૪

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

અનંતકાળના વિરાટપટ્ટ ઉપર આવીને પસાર થઈ ગયેલા શાસનપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા અને તેમના સમકાલીન કેટલાંક પાત્રોનાં જીવનખંડમાં ડોકિયું કરીને નિહાળતી અને શાસ્ત્ર અવિરુદ્ધ કલ્પનાની પાંખે ઊડતી ચિંતન કથાઓ.....

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

પં. ચન્દ્રશેખરવિજયજી

૧૪

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશન :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ :**
જીવતલાલ પ્રતાપશી
સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફરોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

Phone : 355823

**લેખક પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબના વિનેય
**પં. ચન્દ્રશેખરવિજયજી**

મૂલ્ય : ૨૦–૦૦

**પ્રથમ સંસ્કરણ :** નકલ ૩૦૦૦
**દ્વિતીય સંસ્કરણ :** નકલ ૧૨૫૦
**તૃતીય સંસ્કરણ :** નકલ ૧૦૦૦
**ચતુર્થ સંસ્કરણ :** નકલ ૨૦૦૦
**પંચમ સંસ્કરણ :** નકલ ૩૦૦૦
૧–૮–'૯૧

મુદ્રક :
દ્વારકાદાસ ડી. પટેલ
**જે. એમ. ટાઇપ સેટિંગ વર્કસ**
આનંદમયી ફ્લેટ્સના ભોંયરામાં,
ગલા ગાંધીની પોળના નાકે,
દિલ્હી ચકલા, અમદાવાદ–૩૮૦ ૦૦૧

## ક્રમદર્શન

### ખંડ : સંક્ષેપમાં સમગ્ર જીવનચરિત્ર


૧. વિરાગમૂર્તિ ૨
૨. ઔચિત્યનો આરાધક ૨૩
૩. ઉદાસીનતા મગન ભયી ૨૭
૪. મહેલ જેલ બને છે ૩૬
૫. મોહનું કાળું કલ્પાન્ત ૪૦
૬. મહાભિનિષ્ક્રમણના પંથે ૪૫
૭. વિકાસનું મહાભિયાન ૫૫
૮. પુરુષાર્થમૂર્તિ ૬૦
૯. કરુણામૂર્તિ ૬૫
૧૦. પરાર્થમૂર્તિ ૭૦
૧૧. સચ્ચિદાનંદ મૂર્તિ ૭૨


### ખંડ : ૨ : સાધના-કાળ


૧. અભય; શ્રમણાર્ય વર્ધમાન [ઇન્દ્રની ઉપસર્ગ-સહાય વિનંતિ] ૭૬
૨. શક્રેન્દ્ર : વીરના ભક્તના ય ભક્ત [ચમરોત્પાત] ૭૮
૩. ચંદનબાળા ૮૨
૪. સુરાધમ સંગમક ૮૮


### ખંડ : ૩ : કૈવલ્ય-કાળ


૧. કૈવલ્યપ્રાપ્તિ અને નિષ્ફળ દેશના ૯૮
૨. ચતુર્વિધસંઘની સ્થાપના અને ગણધરપદ પ્રતિષ્ઠા ૧૦૧
૩. રાજા બિંબિસાર ૧૧૦
૪. શ્રેષ્ઠીપુત્ર અનાથી ૧૧૬
૫. દેડકો ય દેવ થયો [વીરનાં સ્મરણો] ૧૨૧
૬. મહાવીરભક્ત શ્રેણિક ૧૨૩
૭. શ્રેણિક : શ્રદ્ધાનું ઝળહળતું રત્ન ૧૨૭
૮. પ્રભુભક્ત મહાશતક ૧૨૯
૯. સાવધાન સદ્દાલકપુત્ર ૧૩૧
૧૦. રાજર્ષિ પ્રસન્નચન્દ્ર ૧૩૬
૧૧. અનાસક્તયોગી શાલિભદ્ર ૧૪૧

૧૨. સાળા-બનેવીની જોડલી ૧૫૦ ૧૭. કુમાર અતિમુક્તક ૧૮૦
૧૩. રાજકુમાર મેઘ ૧૫૫ ૧૮. ક્રોધાંધ ગોશાલક ૧૮૩
૧૪. ધન્ના અણગાર ૧૫૮ ૧૯. ગોશાલકનું ભાવી ૧૯૩
૧૫. એક કઠિયારો ૧૬૫ ૨૦. સાધ્વી મૃગાવતી ૧૯૬
૧૬. મહાત્મા નંદિષેણ ૧૬૭ ૨૧. પ્રભુભક્તા સુલસા ૧૯૯

ખંડ : ૪ : નિર્વાણ

૧. કદાગ્રહી જમાલિ ૨૦૮ ૭. ઇતિહાસનો સૌથી ખૂનખાર જંગ ૨૨૭
૨. રાજા ચંડપ્રદ્યોત ૨૧૨ ૮. નરકેસરી મગધરાજ ૨૩૦
૩. હાલિક ખેડૂત ૨૧૫ ૯. વિનયમૂર્તિ ગૌતમસ્વામી [ત્રણ પ્રસંગો] ૨૪૧
૪. રાજા દશાર્ણભદ્ર ૨૧૭
૫. રૌહિણેય ચોર ૨૨૧
૬. મંત્રીશ્વર અભયકુમાર ૨૨૪

ખંડ : ૫ : નિર્વાણ પ્રાપ્તિ

૧. અમાવસ્યાની એ કાળી રાત ૨૪૮

## ભૂલ બદલ અગત્યનો ખુલાસો

આ પુસ્તકના પે. નં. ૧૧ ઉપરના ચિન્તનમાં મોટી શાસ્ત્રીય ક્ષતિ રહી ગઈ છે. દસમા દેવલોકના દેવો પાસે દેવી આવે જ નહિ છતાં તેવું પ્રતિપાદન–વૈરાગ્યનો પદાર્થ ઉપસાવવાની બુદ્ધિથી–થઈ ગયું છે. હવે અહીં એવી કલ્પના કરવાની મારી નમ્ર ભલામણ છે કે આ દસમા દેવલોકનો દેવ ક્યારેક–ગમે તે રીતે–બીજા દેવ-લોકમાં જઈ ચડે છે અને ત્યાં કોઈ દેવી તેની સાથે રાગની વાતો કરે છે. દેવ તેની વાતોને ઠુકરાવે છે.

બીજી ભૂલમાં : કારાગારમાં શ્રેણીકને સંત્રી ફટકા મારે છે તે છે. ત્યાં કોણિક ફટકા મારે છે તેમ સમજવું.

આવી ભૂલો થવા બદલ સહુ પાસે અન્તઃકરણથી માફી માંગું છું.

લિ.
પં. ચન્દ્રશેખરવિજય

## બે બોલ

### [પ્રથમાવૃત્તિની વેળાએ]

દેવાધિદેવ, શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જીવનની કથા જેવી જગતમાં બીજી કથા જ કઈ છે?

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવના દરેક પાસામાંથી નર્યું તત્ત્વજ્ઞાન નીતરે છે; જે આપણા જીવનનું આમૂલચૂલ પરિવર્તન કરી દેવાની પ્રચંડ શક્તિ ધરાવે છે. એમના જીવન ઉપરનો એકેકો દૃષ્ટિપાત રોકેટયુગના માનવને લપડાક સમાન બની રહે છે. એવો પણ માનવ પોતાના બજારુ જીવન ઉપર દૃષ્ટિ નાંખીને ઊંડા વિચારમાં ગરકાવ થઈ જાય તેવી એ જીવન-કથા છે.

એટલે જ મેં એ કથા લઈને એની અંદર ધર્મના રહસ્ય-ગંભીર સિદ્ધાન્તોને વણી લીધા છે.

એ રીતે આ ગ્રન્થના પ્રથમ ખંડનું બાર બંધ કર્યું.

પછી બીજા ખંડનું દ્વાર ઉઘાડ્યું. એમાં એ જ પરમાત્માના સમકાલીન પાત્રોને લીધા. દરેક પાત્ર-ખંડમાં ડોકિયું કરીને એમનામાં રમતો એકેકો સિદ્ધાન્ત નજરમાં લીધો અને કલ્પનાની શાહી લઈને કાગળ ઉપર કંડારી લીધો.

સંજય અને અજયની ગુરુ-શિષ્યની જોડલીને મારી કલ્પના-સૃષ્ટિમાંથી મેં જન્મ આપ્યો છે. એના દ્વારા શાસ્ત્રીય સિદ્ધાન્તોને તે તે પાત્રો દ્વારા જીવંત બનાવી દેવાનો મેં નમ્ર પ્રયત્ન કર્યો છે. એટલે બેશક એવા કાલ્પનિક વાર્તાલાપો વગેરે ચારિત્રગ્રંથો-માંથી પંક્તિસ્વરૂપે નહિ મળે, છતાં એટલું ચોક્કસ કહી શકું

કે એ કલ્પનાઓ શાસ્ત્રસિદ્ધાન્તને જરા પણ બેવફા ય નહિ જ બને. દા. ત. કારાગારમાં ફટકા મારનારકોણિકની સાથે મહારાજા શ્રેણિકનો જે વાર્તાલાપ ગોઠવ્યો છે તે શું, 'સમ્યગ્દષ્ટિની દુઃખમાં પણ અદીનતા'ના શાસ્ત્ર સિદ્ધાન્તને સર્વથા સંવાદી નથી ?

મહાત્મા નંદિષેણના સમ્યગ્દર્શનની સાથે કામલતાના રૂપ-ભવનના એમના વિરાગી જીવનની કલ્પના શું એકદમ શાસ્ત્રસંગત નથી ? અસ્તુ.

યોગ્ય આત્માઓને ધર્મસન્મુખ બનાવવાના એક માત્ર શુભાશયથી આ પુસ્તકરૂપી પંખીડાને મેં ક્યાંક કલ્પનાની પાંખે ઉડાડ્યું છે.

ઉપમિતિકારશ્રીએ કરેલી પ્રકર્ષ અને વિમર્શના પાત્રોની કલ્પનાએ જ મને આ પાત્રોનું સર્જન કરવાની પ્રેરણા આપી છે. પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજાએ વૈરાગ્ય કલ્પલતાના પ્રથમ સ્તબકમાં પણ કહ્યું છે કે, 'કાલ્પનિક કથા દ્વારા પણ જીવોને પ્રબોધવાનો યત્ન પુંડરીકાદિ અધ્યયનો દ્વારા આગમ ગ્રન્થોમાં પણ કરાયો છે.' હા, એટલું સહુને નમ્રભાવે વિનવી લઉં છું. કલ્પનાનાં તે તે ચિત્રોને વાસ્તવિક કથારૂપે કોઈ સ્વીકારી લેશો નહિ. તે માટે ત્રિષષ્ટિ દસમું પર્વ વગેરે ગ્રન્થો જોઈ લેવાનું જરૂરી રહેશે.

કોક પ્રસંગ કિંવદન્તી રૂપે કર્ણોપકર્ણ સાંભળેલો જ હોવા છતાં મેં આ પુસ્તકમાં ઉતાર્યો છે, તેની પાછળ ધુધવાતા કોઈ સુંદર શાસ્ત્ર સિદ્ધાન્તને પ્રગટ કરવાનું મારું દિલ જ કારણ બન્યું છે.

મારું આ ભવ્ય સોણલું ક્યારે સત્ય બનશે? એ કેવો દિવ્ય દિવસ હશે? જ્યારે જગતમાં કોઈના ય અંતરમાં ઉકરડા શોધ્યા નહિ જડે?

શું ક્યારે ય ઊગશે એ મારો સ્વપ્ન દિન?

રાજકોટ
દ્વિ. અ. વ. ૧૧ (૨૦૨૫)
૮–૮–'૬૯ (પ્રથમાવૃત્તિ)

લિ.
ગુરુપ્રેમસૂરીશ્વરપાદપદ્મરેણુ
**મુનિ ચન્દ્રશેખરવિજય**

**આભારદર્શન** : આ પુસ્તકમાં કેટલાંક પ્રકરણના અંતે ચોકઠામાં જે ચિંતનો મૂક્યાં છે તે તમામ સ્વ. શ્રી વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલના 'દેવાધિદેવ' પુસ્તકમાંથી લીધાં છે. અહીં અમે તેમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવીએ છીએ.

–કમલ પ્રકાશન ટ્રસ્ટ

# ત્રિમૂર્તિ પરમાત્મા મહાવીરદેવ

## [તૃતીય-આવૃત્તિની વેળાએ]

પરમાત્મા મહાવીરદેવનાં જન્મદાત્રી માતા ત્રિશલા હતા.

પરમાત્મા પાર્શ્વનાથ સ્વામીજીનાં માતા વામા હતા.

પરમાત્મા આદિનાથ પ્રભુનાં માતા મરૂદેવા હતાં.

પણ....એ તમામ અરિહંતદેવોના આર્હન્ત્યની માતા તો કરુણા–એક જ હતી.

પૂર્વના ત્રીજા ભવમાં તે પરમતારકોએ 'સવિ જીવ કરું શાસનરસી'ની જે મહાકરુણાને સ્પર્શી હતી તેણે જ તેમને ભાવિમાં તીર્થંકરદેવ બનાવ્યા હતા.

જીવમાત્ર પ્રત્યેની મહાકરુણાને લીધે જ પોતાની જાત પ્રત્યે અનંત કઠોરતા ઉત્પન્ન થઈ. એ પરમતારકો જીવ પ્રત્યે જેટલા કરુણ હતા એટલા જ એ જ કારણે પોતાની જાત પ્રત્યે અત્યંત કઠોર હતા. આથી જ એમની કાયા ઉપર ત્રાટકતા ઉપસર્ગોને એમણે કદી પાછા વાળ્યા નથી કે ઉપસર્ગકાળ પછી એ કદી દુઃખના માર્યા રોયા પણ નથી. બલકે અગ્નિમાં ફેંકેલા સુવર્ણની જેમ એ પ્રત્યેક આપત્તિ પછી વધુ ને વધુ સ્વસ્થ બનીને બહાર આવ્યા છે.

સદા ય સર્વ પ્રસંગોમાં સાનુકૂળ કે અનુકૂળ આપત્તિઓમાં સહુના વચ્ચે કે સાવ એકાંતમાં તેમનો એક જ જીવન મંત્ર બની રહ્યો હતો; 'સન્તે પસન્તે ઉવસન્તે.'

વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ–વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ એવા મહાત્માના ચિત્ત હોય છે તેનો યથાર્થ તો આ પરમતારકોના જીવનમાં જ જોવા મળે છે કે

પોતાની જાત પ્રત્યે વજ્રથી પણ વધુ કઠોરતા અને જીવમાત્ર પ્રત્યે કુસુમથી પણ વધુ કોમળતા.

આ પરમતારકોના જીવનમાં કઠોરતા અને કરુણા તો જાણે સ્પષ્ટ રીતે જોવા મળે છે. પણ એમની એક બીજી બહુ મોટી વિશિષ્ટતા છે જે આમ ઉઘાડી આંખે જોવા મળી જાય તેમ નથી. એ માટે તો કદાચ આંખો બંધ કરીને ધ્યાનમાં બેસવું પડે.

એ છે; એ પરમતારક તીર્થંકરદેવોની કૃતજ્ઞતા.

ગૃહસ્થ જીવનમાં તેઓ ઉપકારી એવાં માતાપિતા પ્રત્યે ટોચ કક્ષાનો કૃતજ્ઞભાવ ધારણ કરે છે.

દીક્ષા લેતી વખતે 'નમો સિદ્ધાણં' કહીને અનંત સિદ્ધ પરમાત્માઓને વંદન કરે છે અને પછી જ સર્વવિરતિ સામાયિક ઉચ્ચરે છે અને કૈવલ્ય પામ્યા પછી, ભાવ તીર્થંકર થયા પછી, જ્યારે જ્યારે સમવસરણમાં દેશના આપવા માટે સિંહાસન ઉપર આરૂઢ થાય છે ત્યારે દરેક વખતે ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દે છે; અને તીર્થને નમસ્કાર કરે છે. કેમકે તેમના ભૂતકાળમાં તેમની ઉપર તીર્થનો જ ઉપકાર થયેલો છે.

આ કેટલું બધું અદ્ભુત, કેવું આશ્ચર્યજનક અને અત્યંત આનંદજનક ગણાય ?

આ રીતે વિચારતાં પરમતારક જિનેશ્વર દેવો કરુણા, કઠોરતા અને કૃતજ્ઞતાની ત્રિમૂર્તિરૂપે આપણને જોવા મળશે.

આ ગુણોને આત્મસાત્ કરવાની જેને થોડીક પણ તાલાવેલી નથી; આથી વિરુદ્ધ જતાં વર્તન કે વિચારો ઉપર જેને લેશ પણ અફસોસ પેદા થતો નથી એ હકીકતમાં અરિહંતનો ભક્ત નથી; આર્હન્ત્યનો આરાધક નથી.

આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર ત્રિલોકગુરુ શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના ચરિત્રનો અને તે પરમપિતાનાં સમકાલીન

પાત્રોનો આધાર લઈને તેમાં વહી જતાં અદ્ભુત, અનુપમ અમૂલખ પદાર્થોને જીવંત બનાવવાનો મેં આ પુસ્તકમાં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે.

ત્રીજી આવૃત્તિ વખતે આ પુસ્તકનું સ્વરૂપ આમૂલચૂલ પલટાવ્યું છે એમ કહું તો તે યથાર્થ હશે. અનેક નવાં તત્કાલીન પાત્રોને આ નવી આવૃત્તિમાં પ્રવેશ કરાવ્યો છે.

આ પુસ્તકના લેખન પાછળ મારો એક જ આશય છે કે, સહુના હૈયે 'અરિહંત' સ્થિર થઈ જાય. જો તેમ થશે તો જ દુઃખના સવાલો અને પાપવાસનાઓની ભારે ત્રાસજનક આપદાઓ ઉકેલાશે. જ્યાં સુધી 'અરિહંત' નહિ ઓળખાય ત્યાં સુધી સવાલો સુલઝાશે તો નહિ પણ નિત નવા કોયડાઓ પેદા થતા રહેશે અને માથામાં શૂળ ઊભા કરશે અને પેલી વાસનાઓની આગ પણ સતત વધતી જતી સ્વને તો સળગાવશે જ; પરંતુ પરને ય ઝડપમાં લીધા વિના રહેશે નહિ.

પ્રાન્તે; જિનાજ્ઞા-વિરૃદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના યાચીને વિરમું છું.

જૈન ઉપાશ્રય, સાયન; મુંબઈ
વિ. સ. ૨૦૩૪ પો. સુ. ૫ મ.
તા. ૧૩-૧-૭૮

લિ.
ગુરુપાદપદ્મરેણુ
**મુનિ ચન્દ્રશેખરવિજય**

## પરમાત્મા મહાવીરદેવને સમજવા વીરમાંથી મહાવીર બનવું પડશે

ભગવાન મહાવીરનું જીવનચરિત્ર વાંચીએ છીએ ત્યારે તેમનાં પાંચ કલ્યાણકો સાથે કયા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો તે વાંચવામાં આવે છે. આકાશનાં જ્યોતિમય ચક્રોની અસર આપણા સૂક્ષ્મ મન ઉપર અને તે દ્વારા જીવન ઉપર થાય છે તેનું ગર્ભિત સૂચન અહીં મળે છે. બાહ્ય સૃષ્ટિ અને અંતર ચેતના વચ્ચે કોઈકિ આંતરિક સંબંધ ને સૂક્ષ્મ સંપર્ક હશે તે માનવું પડશે. આજનું વિજ્ઞાન પણ શુભ કે અશુભ ઘડીનું ગણિત માને છે. શુભ ઘડીમાં Negative isotops અને અશુભમાં Positive istops વધારે છે એમ R. C. A. Sound Systemના સંશોધન વિભાગે બહાર પાડયું છે. N. I. માનવમનનો ઉલ્લાસ અને દિવ્ય શક્તિથી વધારે છે, જ્યારે P. I.ની અસર નિરાશામય અને ઉશ્કેરાટભરી છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોતાં સ્થૂળની સૂક્ષ્મ ઉપર અને સૂક્ષ્મની સ્થૂળ ઉપર અસર રહ્યા જ કરે છે. સ્થૂળ કરતાં સૂક્ષ્મ અને સૂક્ષ્મ કરતાં શૂન્ય વધુ શક્તિશાળી છે. સ્થૂળની ક્ષતિ સૂક્ષ્મના લાભમાં ઘણીવાર ફેરવાય છે અને સ્થૂળનો લાભ સૂક્ષ્મની ક્ષતિમાં ફેરવાય છે. જેમ જેમ ચેતનની ભૂમિકા ઉચ્ચતર થતી જાય છે તેમ તેમ સ્થૂળ–સૂક્ષ્મનો સંબંધ સમન્વય કાર્ય કરે છે અને એ આદર્શ સમન્વય સ્થૂળ–સૂક્ષ્મમાંથી શૂન્યને જન્મ આપે છે.

બાલ્યાવસ્થામાં ભગવાન બાળમિત્રો સાથે રમત રમતા હતા. ઇન્દ્રની પ્રશંસાથી ક્રોધિત થઈ એક દેવે વર્ધમાનની પરીક્ષા કરવા સર્પનું રૂપ લઈ આવ્યા. ભગવાને તે સર્પને દોરડાની

જેમ ફેંકી દીધો ને ભયથી ધ્રુજતા મિત્રો પ્રત્યે વિજયી સ્મિત નાખ્યું. તે હવે ફરીને વિકરાળ રાક્ષસનું રૂપ લીધું. તેને પણ બાળ મહાવીરે પંજો મારી આપબાપડો કરી જમીન ચાટતો કરી નાખ્યો. વિરાટતા પાસે અલ્પનું શું ગજું ? અલ્પ ગમે તેટલો દોડધામ અને ભપકાદાર દેખાવ કરે, પણ વિજ્ઞાન અને ગણિતની દૃષ્ટિએ અલ્પ અલ્પ જ રહેવાનું. આટલું પણ તેને નાનપણમાં મારી શકે તો તે મહાન છે. માત્ર મારતાં જ આવડવું જોઈએ. દેડકો ભેંસ જેવો થવા જાય તો તે ફાટી જશે–હાલી જ નહીં શકે. ખોડંગતા ખોડંગતા લટાર મારવી તે જુદી વસ્તુ અને મારવું તે જુદી વસ્તુ છે. પલાંઠી મારવી તે જુદી વસ્તુ છે અને બિરાજવું તે જુદી વસ્તુ છે. નાનકડું અલ્પ તેની મર્યાદા તોડીને મહાનતાની આમ પ્રતિસ્પર્ધા કરે ત્યારે તે શુદ્ધ મહાનતા એક ઘૂંટ પાસે મગફળીના ફોતરા જેવા સરી પડે.

શૂદ્રતા અને મહાનતાનો વિગ્રહ અનાદિથી ચાલ્યો આવે છે. ખરું પૂછો તો એ વિગ્રહ એક પક્ષે છે. શૂદ્ર પગ ઉછાળે છે, હાથ ઉછાળે છે, ઉછાળી ઉછાળીને ચીસ નાખે છે, પણ મહાનતા તો શાંત છે, સુમધુર છે. મહાનતાનું લક્ષણ એ છે કે તેની છાયામાં શૂદ્ર તેની શૂદ્રતા સહજપણે છોડી દે છે. જ્યાં અન્ય કોઈ રોગમાં માથું ખોસી ભયનું જીવલેણ કે કંપન છુપાવે છે ત્યાં મહાવીર હસે છે અને જીવવાના સર્વ ભયના ચૂરેચૂરા કરે છે અને દુનિયાને છે, 'ભય ન પામો, તમે વિરાટ છો, વીર છો, સર્વ શક્તિશાળી છો; તમને કોણ ડરાવશે ? કોણ હરાવશે ? જુઓ, આંખ ખોલો અને ત્રાડ નાખો, સિંહગર્જના કરો. જુઓ, સર્વ ભયો તમારા ચરણ ચૂમી તમારી રહેમનજર માટે જમીન પર આળોટી રહ્યા છે.

ઝેરી નાગ પણ તમને શું કરશે, જો તમે તમારી આંખો-માંથી ઝેર કાઢી નાખશો; અગ્નિની વિષજવાળા પણ તમારા

ગળામાં હારરૂપ પડશે, જો તમારા હૃદયનાં સંકુચિત દ્વારો ખોલી નાખશો. તો તો સહન કરો, સહન કરો. મહાનતાનું એ સર્વસામાન્ય સદ્‌ભાગ્ય છે. ખૂબ સહન કરો, આનંદથી સહન કરો. જે સહન કરશે તે જ શુદ્ધ બનશે, અને જે શુદ્ધ બનશે તે જ પૂર્ણ બનશે.

સમી સાંજે જ્યારે હું રાત્રિનું ધ્રુવ પ્રકરણ સાંભળી રહું છું ત્યારે મને થાય તે કે બધું જ સુંદર છે, પણ વધુ સુંદર આ મહાવીરનું મહાવીરત્વ, જે સર્પને પણ ફૂલના દડાની જેમ ઉછાળી શકે છે, રાક્ષસને પણ જમીન ઉપર રાઈના દાણા જેમ વેરી શકે છે. જે કાનમાં ખીલા ભોંકાતા ખિલખિલાટ હાસ્યથી સહન કરે છે, જે સંગમના કાળચક્રને માથા ઉપર ઝીલી શકે છે, મધરાતની સૂમસામ ભયાનકતામાં શૂલપાણિ યક્ષનું અટ્ટહાસ્ય વેરાન ખંડેર વચ્ચે આસાનીથી ઝીલી શકે છે, ઘોર કટ્ટર શત્રુને પણ પોતાની ગાદીનો આધ્યાત્મિક વારસદાર બનાવે છે, પડેલાને પીઠ ઉપર ઉઠાડી દે છે, જે ભાંગી ગયેલાને એમના ચુંબનથી ગુરુતત્ત્વ દાન કરે છે, જે વિશ્વના આધ્યાત્મિક ઉત્થાનચક્રને એમની ટચલી આંગળી ઉપર ગતિમાન રાખે છે, જે પડેલાને પ્રેરણા આપે છે, થાકેલાને પ્રેરણા આપે છે, સૂતેલાને જગાડે છે, જાગેલાને ચલાવે છે અને ચાલતાને પહોંચાડે છે એવા મહાવીરનું વીરત્વ આપણા વહેંતિયા ઠીંગુજીઓની દુનિયા શું સમજશે? આપણું વીરતત્ત્વ તો બીજાના ખિસ્સામાંથી પાકીટ ચોરવામાં છે, બીજાના પરાજયમાં આપણો વિજય શોધવામાં છે, બીજાની ગરીબાઈમાં આપણી શ્રીમંતાઈ જોવામાં છે. આપણે સમજતા નથી કે સત્ય મેળવવા ત્યાગ અને બલિદાન જોઈએ. એમાં ખરું વીરત્વ છે. આપણે તો આરામખુરશી ઉપર પંખા નીચે બેસીને યુદ્ધમેદાનની વાતો કરવી છે. બિછાનું છોડવું ગમતું નથી. ઘરનાં આંગણામાં લપાઈ જવું છે. ટાઢથી ઠૂંઠવાઈને

સિસકારા બોલાવવા છે અને વાતો સત્યના સીમાડાની કરવી છે. આવા કાયરને મહાવીરનું મહાવીરત્વ ક્યાંથી સમજાશે?

મહાવીરનું મહાવીરત્વ તો એ સમજશે જે માઘ મહિનાની ભયાનક ઠંડીમાં પણ દુઃખડાં વેઠીને શીતળ પાણીનો કંપ સહન કરશે, જે પગના અંગૂઠાથી મેરુ પર્વત કંપાવવાની શક્તિ ધરાવવા છતાં લોખંડની રાશ માથા ઉપર ક્ષમાપૂર્ણ નેત્રે ઝીલવા તૈયાર છે. ત્રાજવાના ખોટાં માપતોલને મૂકી દઈ જે Systemaitc ખિસાકાતરુ કે ઘરફોડ બનવાનું છોડી દઈ જે સાંવત્સરિક દાન કરવા તૈયાર છે તે મહાવીરને સમજશે. મહાવીરને સમજવા માટે કથીરમાંથી વીર અને વીરમાંથી મહાવીર બનવું પડશે.

**વસંતલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ**

['દેવાધિદેવ'માંથી ઉદ્ધૃત]

## વંદન હો; વંદનીયને !

અષ્ટ કર્મના ઇંધનને ભષ્મસાત્ કરી ચૂકેલા; બુદ્ધ બનેલા, સંસારસાગરને પાર પામેલા, લોકના અગ્રભાગે પહોંચીને સદા માટે ત્યાં જ સ્થિર થઈ ગયેલા હે અનંતાનંત સિદ્ધ ભગવંતો ! આપને અનંત અનંત વંદન.

હે તીર્થંકર ભગવંતો ! જે અપાર શાન્તિનું ધામ છે; જે અચલ છે, અરૂપી છે, જે અક્ષય છે, જે અક્ષત્ છે, જે અવ્યાબાધ છે; જ્યાંથી કદી આ જગતમાં પાછા આવવાનું નથી, એવી 'સિદ્ધિગતિ'ના સ્થાનને આપ પામ્યા છો.

આપે સર્વ ભયોને જીતી લીધા છે. ભૂત અને ભાવિના સર્વ તીર્થંકરદેવો ! વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીસ તીર્થંકરદેવો ! આપ સહુને કોટિ કોટિ વંદન.

હે આસન્ન ઉપકારી તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ ! આપ તો દેવોના દેવ (ઇન્દ્ર)ના ય દેવ છો–દેવાધિદેવ છો. દેવેન્દ્રો અને નરેન્દ્રો પણ આપના ચરણોને ચૂમે છે. અહો ! આપનું માહાત્મ્ય ! સામર્થ્ય યોગનો આપને કરેલો એક જ અમારો નમસ્કાર આ સંસારનો શીઘ્રમેવ પાર પમાડી દે !

હે પરમાત્મન્ ! આપના નામ–મંત્રમાં તો અમારાં દુઃખ-દારિદ્રને દૂર કરવાની તાકાત તો છે જ, પરંતુ આપને કરાતા નમસ્કારમાં ય દુઃખો અને દુર્ગતિઓને મટાડી દેવાની અને સદ્-ગતિઓ દેવાની તાકાત સમાયેલી છે.

ઓ ત્રિલોકગુરુ દેવાધિદેવ! આપ તો ચંદ્રશા નિર્મળ છો; સૂર્યશા તેજસ્વી છો અને સાગરશા ગંભીર છો. આપના અનુ-

ગ્રહનું એક જ તેજકિરણ આ રંક ઉપર પડી જાય તો આ રંક 'રંક' મટીને રાય બની જાય હોં. એમાં જરાય શંકા નહિ.

આપના અનુગ્રહના અમીપાતે જ ભવ ભૂંડો લાગવા માંડે; માર્ગાનુસારિતા આવવા લાગે, સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય, આંતરચક્ષુ ઉઘાડ પામે, વિરતિધર્મનું જીવન આત્મસાત્ થવા લાગે.

સ્વામીનો એક જ અનુગ્રહપાત થાય અને સેવકનું કામ થઈ જાય.

કોટિ કોટિ વંદન હો વંદનીય ભગવંતોને!

*

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

ખંડ-૧

[સંક્ષેપમાં સમગ્ર જીવનચરિત્ર]

## [૧]
## વિરાગમૂર્તિ

*

સુમધુર સંગીતનો પંચમસૂર વાતાવરણમાં રેલાઈ રહ્યો હતો. વિવિધ વાદ્યોના ઉસ્તાદો ધીમે ધીમે રંગમાં જમાવટ લાવી રહ્યા હતા.

સંગીતરસિકોની ઠઠ પણ જામતી જતી હતી. વાતાવરણ સંગીતમય બનતું જતું હતું.

ત્યાં....દેવનર્તકીઓએ પ્રવેશ કર્યો. રૂમઝુમ રૂમઝુમ કરતી મંડપ ઉપર આવી ગઈ.

નર્યું સૌન્દર્ય નીતરતું હતું; અંગઅંગમાંથી. એનો એકેકો અંગભંગ પ્રેક્ષકોના દિલને ઝણઝણાવી જતો હતો. દેવાંગનાના કોકિલ સ્વરની કાકલી તો પાષાણ હૃદયને પણ પાણી પાણી કરી દેતી હતી.

સહુનાં દિલ ડોલતાં હતાં, સહુનાં મસ્તક હાલતાં હતાં. સહુનાં હૈયાં હેલબલી ઊઠ્યાં હતાં; ચિત્ત વારંવાર ચમત્કૃતિ અનુભવતાં હતાં.

'વાહ' 'વાહ' નો ત્યાં વરસાદ વરસ્યો હતો; શું ગાન ! કેવું તાન ! અદ્‌ભુત નૃત્ય ! અપૂર્વ દૃશ્ય ! અનુપમ મસ્તી !

આનત નામના દેવાવાસના એક દેવાત્માને. મિત્રદેવ આગ્રહ કરીને પોતાના બીજા દેવાવાસમાં નૃત્ય જોવા માટે લઈ આવ્યો હતો.

દેવોની એ દુનિયામાં ન હતા ત્યાગ કે ન હતા તપ; ન હતાં એવાં વિશિષ્ટ ધ્યાન અરિહંતનાં કે ન હતાં ગાન પ્રચંડ પુરુષાર્થની ગીતાનાં.

હા, એ બધાયના ફળરૂપે જ એ દુનિયામાં જન્મ મળતો.

ઘોર ત્યાગ તપથી ઉપાર્જેલા પુણ્યના ભોગ માટે આ વિશ્વનું આ જ સમુચિત સ્થાન હતું.

મર્ત્યલોકની માનુની ભલેને ષટ્ખંડના સામ્રાજ્યના સ્વામીની પ્રિયતમાનું પદ પામી હોય, પણ અશુચિની નીકો તો એના લાવણ્યની પાછળ વહેતી જ હોય! વિશિષ્ટ પુણ્યના બદલામાં એનો યોગ તો ઘણો નજીવો કહેવાય.

અને પેલી અમર્ત્ય–સુંદરી! એના તનમાં અશુચિનું નામે ય ન મળે! ઘોર ત્યાગી તપસ્વીઓને, દેવ ગુરુ–ધર્મના મહારાગીઓને એ અપ્સરાઓના યોગ કર્મરાજ બક્ષે છે.

મર્ત્યલોકના અલ્પ અને તુચ્છ ગણી શકાય તેવા પણ સ્વૈચ્છિક ત્યાગ તપનાં ફળ ભૌતિક સુખોની ઉચ્ચ કહી શકાય તેવી વિપુલ સામગ્રીની પ્રાપ્તિમાં પરિણામ પામે છે.

આવાં પુણ્યફળો પામવાનું કાર્ય કઠિન હોય તો એ ફળો ભોગવીને પચાવવાનું કાર્ય તો ખૂબ જ કઠિન છે; લગભગ અશક્ય છે. કોક વીરલો જ એને પચાવી શકે છે. સિંહણના દૂધ સમું એ પુણ્ય પમાડવાનું સામર્થ્ય બાહ્ય ત્યાગ તપમાં છે. પરંતુ એ ભોગોને પચાવવાની તાકાત બક્ષવાનું સામર્થ્ય તો એવા ભોગો પ્રત્યેની અંતરંગ નફરત ભાવની સાધનામાં જ નીપજે છે.

સંગીતના સૂરોની વિવિધ યોજનાઓએ વાતાવરણને ખૂબ જ હલબલાવી મૂક્યું હતું. દરેક દેવાત્મા ભાન ભૂલ્યો હતો. અપ્સરાના દર્શનમાં આંખો સંતાકૂકડી રમતી હતી.

રસમધુર સંગીતની સુરાના પાનમાં કાન ખોવાઈ ગયા હતા. લગભગ બધા ગાંડા બન્યા હતા.

પણ....આ દેવોની મેદનીમાં એક દેવાત્મા તદ્દન હતાશ થઈને બેઠેલો જણાતો હતો. લમણે હાથ દઈને એ બેઠો હતો. ક્યારેક ઊંચું જોઈ લેતો, ચારે બાજુ એક નજર નાખી દેતો, વળી એ નજરને ટેકાવતો, અને દીર્ઘ નિઃશ્વાસ લઈને ફરી લમણે હાથ દઈને બેસતો.

એને ક્યાંયે સુખ જણાતું ન હતું. નૃત્ય કરતી નૃત્યાંગનાઓ અને ગાંડા બનીને નાચતા–કૂદતા દેવાત્માઓ....બધાયમાં એને કશુંક નવું જ દર્શન થતું હોય એમ એની મુખાકૃતિ કહી જતી હતી.

થોડી પળો વીતી.

વિવિધ અંગ–ભંગ કરતી નૃત્યાંગનાઓ તરફ નજર ગઈ. એ બોલી ઊઠ્યો, 'બધું જ નાશવંત! ઝળકતા સૌંદર્યની લાલિમા ઉપર પણ મને વંચાય છે શબ્દો, 'નાશવંત.' અપ્સરા તું નાશવંત! તારું નૃત્ય નાશવંત! તારું આ દિવ્ય–જીવન નાશવંત! તારા આ અંગમરોડ પળે પળે જેટલી ઝડપથી વિનાશ પામી રહ્યા છે એટલું જ ઝડપી તારું જીવન વિનાશ પામી રહ્યું છે. ઘેલી મા બન, વિનાશીમાં.

યાદ રાખ! આવતી કાલ તું મર્ત્યલોકની કોઈ લલનાની વિષ્ટા વહાવતી, ખાળનું પાણી પીતી, ગંધાતી કૂતરી પણ હોઈ શકે, પછી એ જ વિષ્ટાનો કીડો હોઈશ, કે પછી એના પેટની અંધિયારી–ગંધાતી કોટડીમાં ઊંધે મસ્તકે લટકતી કર્મરાજની અપરાધી બાળકી હોઈશ!

વિનાશીની મહોબ્બત! નવાનવા વિનાશ રમાડતી જ રહેને!

તો અવિનાશી કોણ આ જગતમાં? એક આત્મા! સચ્ચિદાનંદઘન આત્મા! વિનાશીના નેહ અવિનાશીને ધક્કા મારે, માર મારે, મારીમારીને અધમૂઓ કરે.

> અનંતજ્ઞાની! હાય! એકડો ઘૂંટવા બેસે!
> અનંતબલી! માખ પણ ન ઉડાડી શકે!
> વીતરાગસ્વરૂપી! રંગરાગે રગદોળાય!
> નિર્મોહી! જગતના સુખે મુંઝાય!
> અનંતસુખનો સ્વામી! એને પેટમાં દુઃખે!

અશરીરી! શરીરનો દાસ!

તદ્દન સ્વતંત્ર! કર્મનો ગુલામ!

વિનાશીના પ્યારે અવિનાશીની કેવી ખૂનરેજી બોલાવી? એનાં અગણિત સુખોનાં કેવાં હવાલ કર્યાં! એના અપરિમેય પરાક્રમનો કેવો કરુણ ફેજ આણ્યો!

ઓહ! ભોગસુખના સ્વામી બનેલા આ દેવાત્માઓને આટલુંય નથી સમજાતું! સમજાયેલું બધું જ ભૂલી ગયા! હવે જાતને જ ધમરોળી નાખે એવા ભોગરસે પાગલ બન્યા!

શું થશે આ દેવાત્માઓનું! અપ્સરાઓનું! નૃત્યાંગનાઓનું!

વિચારોથી અકળાઈ ગયેલા દેવાત્માએ માથું નીચે નાખી દીધું! ચારે બાજુ વ્યાપેલી વિલાસની બદબૂ આ દેવાત્માને ગૂંગળાવતી લાગતી હતી.

ક્યાંક વિનાશીના વિરાગ ઉપર તે ઊતરી જતો, ક્યાંક એ વિરાગ જ અવિનાશીની કરુણાના રૂપમાં ફેરવાઈને વાણીમાં વ્યક્ત થતો!

એ સ્વગત બોલી રહ્યો હતો, 'ક્યાં મારો એ નંદના ઋષિનો ભવ! રાજ્યની દોમ દોમ સાહેબી અને ફાટફાટ યૌવન. બેયનું કેવું સુભગ મિલન થતું હતું! જોનારને ઇર્ષ્યા આવે! પણ છતાં એ બધું મેં ફગાવી દીધું! વિનાશીના મોહે અવિનાશીનો ભોગ આપવાની તૈયારીમાંથી મારામાં અગાધ બળનો સાગર હિલોળે ચડ્યો અને હું ચાલી નીકળ્યો સર્વસંગત્યાગના સંગે! મેં એ વૈભવો છોડ્યા. એ વિલાસી ભોગો ત્યાગ્યા! તનથી જ નહિ! મનનાય સંગથી મૂક્યા!

'નંદન રાજકુમાર હું નંદનઋષિ બન્યો. પણ એટલાથી મને શાન્તિ ન હતી. કાંચળી ઉતારી; પણ વિષય કષાયની વાસનાના વિષની કોથળી સર્વથા ન ત્યાગું ત્યાં સુધી તો શેં સંતોષ થાય? અનાદિના એ વિષયના વમન કરવા મેં ગુરુકુળમાં વાસ કરી એક લાખ વર્ષ સુધી માસ-માસનાં તપ કર્યાં! પારણાં ય નીરસ કર્યાં! ક્ષમાને મેં મારું જીવન બનાવ્યું! બ્રહ્મચર્યને મેં મારો પ્રાણ બનાવ્યો! શુદ્ધિને મારો દેહ બનાવ્યો!

જે ગુણસ્થાનો પામવાની મને તમન્ના હતી તે છઠ્ઠા સાતમા ગુણસ્થાનની પરમ પવિત્ર સ્પર્શનાઓ હું વારંવાર કરવા લાગ્યો !

'અને એ વખતની મારી સ્વાનુભૂતિનો આનંદ! વર્ણવ્યો જાય તેવો છે શું ? ના, નહિ જ. કોઈ શબ્દ નથી, કોઈ ભાષા નથી. સમત્વના એ આનંદની સ્વાનુભૂતિને વેરવિખેર કરે તેવો ન હતો. મને કોઈ જડ ઉપર એવો કારમો રાગ ન હતો; કે ન હતો કોઈ જીવ ઉપર દ્વેષ

'સર્વ જીવ પ્રત્યેનો મારો અહિંસક ભાવ મને તેમના પ્રત્યે સદા દયાર્દ્ર રાખતો. સર્વના સુખની હું ભાવના ભાવતો.

'સુખ–દુઃખ મારે સમાન હતાં. રાગદ્વેષ મારાથી વેગળા હતા. પર્યાયોના રંગરાગની ક્ષણિકતાનું જ્ઞાન મારા અંતરમાં વ્યાપી ચૂક્યું હતું.

'હું 'હુ'' માં મસ્તાન હતો. હું 'હું' પરાયણ મટી હરિ-પરાયણ બન્યો હતો.

'જેને કોઈ વહાલા નહિ, તેમ કોઈ દવલા ય નહિ.

'કોઈ મામકા નહિ અને પરાયા પણ નહિ, એને કોઈ મત નહિ અને મમત પણ નહિ.

'જ્યાં કાંઈ નથી ત્યાં બાદબાકીમાં એકલી શાન્તિ જ બાકી રહી જાય ને ?

'તો પછી આ શું થયું? જેને મેં ત્યાગ્યું તે મારી પાછળ આવ્યું ? અહીં મને વળગ્યું ? છઠ્ઠા–સાતમા ગુણસ્થાનોની અનુપમ મસ્તીથી મારે પટકાવાનું થયું ? ઓ! કર્મરાજ ! તેં મારી આ અવદશા કેમ કરી ? મારે તો આ ભોગ–સંસાર સ્વપ્નામાંય ન જોઈએ. સાતમી નારકના સમાધિપૂર્વકનાં દુઃખો હજી સારાં પરંતુ ભોગોની આ મોહિની તો અતિ ભયાનક ! કે જે આત્માને દીનહીન બનાવીને સદાનો સંસારવાસી બનાવી દે !

'ક્યાં ભૂલ થઈ? મારી નંદનઋષિના ભવની સાધનામાં હું ક્યાં ચૂક્યો ? ઘોર તપ તપીને મેં નથી તો નિયાણું કર્યું કે

નથી તો સ્વપ્ને ય એ ભોગસુખોનો અભિલાષ સેવ્યો ! ભોગોના રાગ વિના મને આ બધું કેમ જ મળી શકે ?

'હા. હવે સમજાયું. ઋષિના એ જીવનમાં ભોગનો રાગ તો ન જ હતો. પરંતુ યોગનો રાગ જરૂર હતો. મારા રોમે રોમે અને હૃદયે હૃદયે અરિહંત બિરાજ્યા હતા. ગુરુના ચરણોમાં તો હું સદૈવ આળોટતો. મારી એ માતા વિના હું ક્ષણભર પણ રહી શકું તેમ ન હતું; અને રત્નત્રયીની સાધનાના ધર્મ ઉપર તો મને રાગ જ નહિ, મહારાગ જાગ્યો'તો.

'આ બધા રાગ અને મહારાગોએ જ મારા એ સંયમને સરાગ સંયમ બનાવ્યું અને એ સરાગતાએ જ મને વિપુલ પુણ્યકર્મના બંધનમાં લીધો ! આજે હવે એના ભોગવટા વિના એ કર્મોને ખંખેરવાનો કોઈ ઉપાય રહ્યો નથી. પણ એ સંયમે મને શું આપ્યું ? હા એણે જ મને આ વિપુલ ભોગસામગ્રી વચ્ચે અનાસક્તિની દેન કરી!

પણ મને મોક્ષ જ કેમ ન આપ્યો ? રે ! આટલું ય મને ન સમજાયું ? મોક્ષ તો પાપ અને પુણ્ય બેયના ક્ષયમાં છે ! સંયમ-ધર્મની સાધનાએ પાપક્ષય તો કર્યો પણ પાપક્ષય થતાં પુણ્યબંધ પણ થઈ ગયો ! હવે એનો ક્ષય તો કરવો જ રહ્યો ને? તેના વિના મોક્ષ મળે ક્યાંથી? એ પુણ્યક્ષય માટે હવે આ દેવાવાસમાં આવવું પડ્યું ! ખરું છે આ વિકાસનું ગણિત ! તો તો અનાસક્ત આત્માને આ દેવાવાસ પણ પુણ્યકર્મના ક્ષયની સાધનાનું જ મંદિર બની જાય ને? એના માટે તો એ ભોગમંદિર ન જ બને, કેમ વારું ? વાહ રે ! ધર્મરાજ પુણ્યપાપના વિનાશ માટેની આ ખરી તરકીબ અજમાવી તેં તો ! આ તો પેલા મર્ત્ય લોકના ગાંડા બાવળિયા વાવવા જેવું થયું ! જમીનને ખેતીલાયક બનાવવા માટે તેનાં ક્ષાર તત્ત્વોને ખેંચી લેવા માટે ગાંડો બાવળિયો વાવ-વામાં આવે છે. એની મેળે એ ચારે બાજુ ફેલાતો જાય અને માઈલોના માઈલો સુધીની જમીન ઉપર ફેલાઈ જાય. જમીનના

બધા ક્ષારોને ખેંચીને ખેતીલાયક બનાવી દે! પછી? પછી શું! એક જ ચિનગારી ગાંડા બાવળિયાના આખા ય વનને બે ઘડીમાં જ સાફ કરી નાખે! આ પુણ્યકર્મ ય ગાંડા બાવળિયા જેવું જ બન્યું ને? પાપના બધા ક્ષારોને એ આતમના પ્રદેશોમાંથી ખેંચી કાઢે અને પછી ધ્યાનની ધારાનો મહાનલ પ્રગટ્યો કે એ પુણ્યકર્મના ઢેરના ઢેર પણ અંતમુહૂર્તમાં જ બળીને ભસ્મ થઈ જાય!

'બળવાન કર્મરાજના સઘળા ય ગણિતને ઉથલાવી પાડવાની કળા માત્ર ધર્મરાજ પાસે જ છે ને?'

દેવાત્માની વિચારણા ચાલુ જ હતી! પાપપુણ્યના ગણિતની કરામતો એ વિચારી રહ્યો હતો. સંગીતમાં એને કોઈ રસ ન હતો! જ્યાં બીજા બધા દેવાત્મા ભાન ભૂલ્યા હતા ત્યાં આ દેવાત્મા અલિપ્ત–સાવ જ નિર્લેપ ઊભો હતો.

થોડો સમય થયો. સંગીતનાં વાદ્યોએ પોતાનો ગંભીરપથ પસાર કરીને હવે વાચાળપથ પકડ્યો હતો. મૃદંગ અને પખાજ જોરથી બજી રહ્યા હતા. ઘોંઘાટ વધતો જતો હતો. દેવાત્માઓ અને એમની પ્રેયસીઓ આ વાચાળ સંગીતથી ડોલી ઊઠ્યા હતા, તાળીઓ ઉપર તાળીઓ પડતી હતી.

પેલો દેવાત્મા અકળાઈ ગયો! શું છે આ બધું તોફાન! આનંદઘન આત્માના નિઃશબ્દ સંગીતને કોઈ સાંભળતું જ નથી! સાંભળે ય શી રીતે! આ ઘોંઘાટમાં એનું અકળ ગાન સંભળાય જ ક્યાંથી!

દેવાત્માનું મન વધુ ઉદ્વિગ્ન બનેલું જણાતું હતું. એના મુખ ઉપરના ભાવો કહી જતા હતા કે એ જરૂર અકળાયો છે; એને આમાંનું કાંઈ જ ગોઠતું નથી.

થોડી પળો વીતી ન વીતી ત્યાં જ એ ઊભો થઈ ગયો! ધીરે રહીને કોઈ ન જાણે તે રીતે પાછલી બાજુએથી એ સરકી ગયો! મેદનીની બહાર નીકળી જઈને એણે ગતિમાં વેગ વધારી

દીધો ! ગીત અને વાદ્યોના સૂર એના કાનમાં શૂળની જેમ ભોંકાતા હતા. આ વેદનાથી મુક્ત થવા એ દૂર સુદૂરના પ્રદેશોમાં ચાલી જવા સજ્જ થયો હતો.

એણે ખૂબ ચાલી નાખ્યું. સંગીતના સૂરો હવે એના કાને પડતા ન હતા.

'હાશ' કહીને એક રત્નમયી શિલા ઉપર બેસી ગયો. સામે જ વિશાળ વાવડી હતી. નિર્મળ એમાં પાણી હતું. શતદળ સુંદર પોયણાં મરક મરક હસી રહ્યાં હતાં. સમુદ્રફીણ જેવાં ધોળાં બતકોનાં યુગલો પ્રેમગોષ્ઠિ કરતાં દેખાતાં હતાં.

પ્રકૃતિ પોતાના તમામ અલંકારોથી સજ્જ થઈને આવી હતી. અદ્ભુત વાતાવરણ હતું. મનોહર દૃશ્યો હતાં. મંદ મંદ પવન વાઈ રહ્યો હતો.

પણ આ દેવાત્માને કોઈ હસાવી શક્યું ન હતું. રે ! એના મોંએ સ્મિત કે એના અંતરે ઊર્મિલતા ય લાવી શક્યું ન હતું !

એણે આ બધું ય જોયું ! થોડી પળો સુધી બધું જોયા જ કર્યું. મંદ સ્મિત કરતો એ બોલ્યો, 'જો જગતના જીવોને રૂપરંગ દેખાય છે તો ત્યાં લખેલો 'નાશવંત' શબ્દ કેમ નહિ વંચાતો હોય ! જો પેલો સપ્તરંગી પરપોટો ! રે ! ફૂટી પણ ગયો ! કેટલો સુંદર હતો ! કેટલો મોહક હતો ! અને ખલાસ થઈ ગયો !

આ જો પેલું પતંગિયું ! રે ! અગ્નિની જ્વાળામાં કૂદી પડ્યું ! હોમાઈ ગયું !

આ ઝબૂકો ! કેટલો પ્રકાશવાન ! પણ એ ય વિનાશ પામી ગયો !

આ પેલું નીલકમલ ! એના ઉપર કેવું સુંદર જલબિંદુ દેખાય છે ! પણ હાય ! એ ય ગયું !

શું બધું જ ક્ષણિક છે ! તો જગતના જીવો વસ્તુની મોહકતાને જ કેમ જુએ છે ! એની ક્ષણિકતાને કેમ વાંચતા નહિ

હોય? જો એટલું વંચાઈ જાય તો જડના રંગરાગ જગતમાં જે વેરઝેર અને તોફાન પેદા કરે છે તે બધા ય મટી જાય ને! જીવ, જીવને ચાહવા લાગી જાય ને? પરાર્થના યજ્ઞયાગો અને સ્વાર્થના હોમહવનો ઘર ઘરમાં થવા લાગે ને! કોણ સમજાવશે જગતના જંતુને આ વાત? અરે! હું જ ન સમજાવી શકું? મારું ચાલે તો.......

પણ લાચાર છું. શું કરું? એ માટેસ્તો મેં મર્ત્યલોકમાં સાધનાનો પંથ સ્વીકાર્યો હતો! પણ કર્મરાજે મારી ફજેતી કરી! મને આ દેવાવાસમાં નજરકેદ કર્યો! મારે તો સમગ્ર વિશ્વનું સંપૂર્ણ દર્શન કરવું હતું. એ માટે આત્મા ઉપર લાગેલાં કર્મનાં અવરણોનાં જંગી પડળોને સળગાવી નાખવાં હતાં! અને એ જ માટે મેં રત્નત્રયીની સાધનાનો મહાલય પ્રગટાવ્યો હતો. અશરણ, અસહાય જગતની કર્મે જે દુર્દશા કરી છે, જીવનું જે ભાન ભુલાવ્યું છે એ કાંઈ નાનીસૂની હોનારત છે? જીવ જેવો જીવ–અનંતબલી–કર્મનો જડનો ગુલામ બને! જીવત્વનું આના કરતાં મોટું બીજું કયું અપમાન હોઈ શકે? જીવત્વના જીવનને જીવાડવા માટે જ મેં એ ત્યાગ–તપ નહોતાં આદર્યાં શું? એ ખાતર જ મેં જ્ઞાન–ધ્યાન અને સ્વાધ્યાયની ધૂનો મચાવી નહોતી શું? રાજમહેલનો ત્યાગ એ કર્મરાજની જેલની જંજીરો તોડી નાખીને નાસી છૂટવાના પ્રતીકરૂપ જ ન હતો શું?

કોણ ના કહી શકે તેમ છે? મારે તો પ્રગટાવવી'તી જ્યોત માહ્યલાની! અને એના પુનિત સ્પર્શે બુઝાયેલા અગણિત દીપોને જગવી જગવીને એ મંગળ વણજારનાં મારે દર્શન કરવાં'તાં! એ માંગલ્યને વરેલા મારા જીવનનો આદર્શ જગત સમક્ષ રજૂ કરવો'તો!

અને.......આ હું અહીં ક્યાં આવી પડયો? કોણે મને ફસાવ્યો? આંખ સામે જોઈ રહ્યો છું–સુખમાં ભાન ભૂલતાં,

શાતાની વેદનામાં ખદબદતા અગણિત દયાપાત્ર જીવોને! આ બીજી બાજુ જોઈ રહ્યો છું–દુઃખમાં હિચકિચાટ કરતાં હૈયાફાટ રુદન કરતાં દુઃખિત–પીડિતોની વિરાટ દુનિયાને!

જો દુઃખ નથી સારું તો તેનું જ કારણ સુખ પણ કેમ સારું કહેવાય? કોઈ આ વાત સમજતું નથી. એનું જ આ તોફાન છે ને?

હવે હું ક્યારે આ નજરકેદમાંથી છૂટીશ? કેટલો કાળ બાકી છે? ઓહો હો....મારું આયુષ્ય વીસ–વીસ સાગરોપમનું! અસંખ્ય વર્ષોનું! શે જીવાશે આ ભોગ! પ્રભો! કોઈ ઉપાય નથી આ જીવનમુક્તિનો!

વિચારની ઊંડી તન્દ્રામાં દેવાત્મા ઊતરી ગયો હતો. હજી થોડો આગળ વધતો હતો ત્યાં એકાએક કોઈ પાછળથી આવ્યું અને દેવાત્માની બેય આંખો દાબી દીધી.

'કોણ છે?' અકળાઈ ગયેલા દેવાત્માએ પૂછ્યું.

'એ તો હું!'

'હું કોણ?'

'દેવી.'

છટ્; શા આ બધાં તોફાન છે? મહામૂલા ત્યાગ તપના ભોગે મળેલા અમૂલ જીવનના સમયોની આ બરબાદી! કોઈને કાંઈ જ સમજાતું નથી શું? બધું શૂન્યોપમ છે! સ્વપ્નોપમ છે? તિમિરોપમ છે! આમાં પૂર્ણના–સત્યનાં કે પ્રકાશનાં દર્શન ક્યાં થાય છે? કોણ સમજાવશે?

ઓ પરમેશ્વર! હવે તો ખૂબ મોડું થઈ ગયું છે! આ જીવો બધાંય અનંત દુઃખોની વિરાટ ખીણમાં ઝીંકાઈ રહ્યા છે! એમના અપરાધને તું માફ કર! એમના જ્ઞાનચક્ષુ ખોલી નાખ, પછી બધું સત્યં, શિવં, સુન્દરમ્ થઈ જશે.

દેવાંગના તો આ બધું સાંભળીને ખડખડાટ હસી પડી. બોલી, 'ઓ વિરાગમૂર્તિ દેવાત્મા! હજી આ પાગલપન મૂકતા નથી શું?

તમારી ખાતર જીવનની ખેતી કરી રહી છું, તમારી ખાતર મારું સઘળુંય જીવન નિચોવી રહી છું, અને તમને તેની કાંઈ જ પડી નથી! આજે તમને જ રીઝવવા મેં નૃત્ય કર્યું! એ નૃત્યમાં મેં મારું સઘળુંય કૌશલ ઠાલવી નાખ્યું! ક્યાંય કશી કમીના ન રાખી! મારા પ્રિયતમને રીઝવવા માટે આજે હું જીવસટોસટના ખેલ ખેલતી રહી! અને........તમે.......નૃત્ય તો ન જોયું! પણ અધવચમાં જ ઊઠીને ચાલી ગયા? મારી લલિતનૃત્યકળાનું આથી ઘોર અપમાન બીજું શું હોઈ શકે? એક પથ્થર સામે પણ જો મેં આવું નૃત્ય કર્યું હોત તો તે સફળ થયું હોત! પથ્થર પાણી પાણી થઈ ગયો હોત અને તમે!....શું કહું? આ તે શી ઘેલછા જાગી છે? મર્ત્યલોકના એરંડા બજારના દીવેલ પીધેલા જેવી ઉદાસીનતા જ તમારા મોં ઉપર કેમ સદા તરવરે છે? શું તમને કાંઈ ગમતું નથી? ક્યાંય કશું સારું દેખાતું જ નથી? મર્ત્યલોકની સ્ત્રી હજી ન ગમે, અશુચિથી ભરેલી છે માટે, પરંતુ અમારા જેવી દેવાંગનાઓ–નૃત્યાંગનાઓ પણ તમને ન ગમે? શી બદબૂ છે અમારા તનમાં? શી કમીના દેખાઈ અમારા ખૂબસૂરત બદનમાં? શી ઊણપ જોઈ; અમારા અંગભંગમાં?'

અત્યંત ગમગીન અને ખૂબ જ હતાશ બની જતી દેવાંગનાનું વદન વીલું પડી ગયું હતું. ભારે મહેનતે જાણે કે દેવાત્માએ માથું ઊંચક્યું. દેવાંગનાની સામે જોયું. એટલામાં જ આનંદિત થઈ ગયેલી દેવાંગના દેવાત્માને વળગી પડી.

પણ .......દેવાત્માએ એને તરછોડી નાખી. 'બેસ....બાજુ પર બેસ ઓ, પરમાણુના પુંજની ઢગલી! ઓ! વિનાશમૂર્તિ! તારી વિનાશિતાનું દર્શન કર! યાદ રાખ કે અહીંનો પ્રત્યેક દેવાત્મા જ્યારે આ અમર્ત્ય લોકમાંથી વિદાય લેવાની પળોની નજદીકમાં આવી જાય છે ત્યારે એ ધ્રુજી ઊઠે છે. દેવ–જગતનાં મધુર સંભારણાં એને ત્યારે સતાવે છે! દેવવાસના વિરહની યાદ ઉપર એ છાતીફાટ રુદન કરે છે. ઓ અબળા! તારે ય જવાનું છે! કેમ કે તું પરમાણુનો જ ઢગલો

છે! પરમાણુના જ કેટલા પર્યાયો તારું સ્વરૂપ છે! અનંતકાળના ગણિતમાં તારું જીવન–ગણિત શી વિસાતમાં છે! નાહકનાં રાગનાં તોફાનો ન કરીશ, કર્મરાજ તારા આત્માના પ્રદેશે પ્રદેશે દુઃખોની આતશબાજીઓ ખેલશે. મૂંઝાઈ ન જા, પળ બે પળની ભભકોમાં! યાદ રાખ, આ રંગરાગ એ પ્રકાશ નથી, એ તો ભડકા છે ભડકા! તું દેવાંગના નથી માત્ર રાંક પતંગિયું છે પતંગિયું! અરે ભોળી! શાને ભુલાવામાં પડી છે?'

સ્તબ્ધ થઈ ગયેલી દેવાંગના બે ડગ પાછી હઠી ગઈ! જાણે કોઈએ એને જોરથી તમાચ મારી દીધી હોય એવો ભાસ થયો.

દેવાત્માએ સ્મિત વેરતાં કહ્યું, 'ભોળી! ભાન ભૂલ્યો છે; તારો આતમ! અનંત નિધાનનો સ્વામી હોવા છતાં પોતાને ભિખારી માની બેઠો છે! એટલે જ દુન્યવી સુખો મેળવવા એણે કર્મરાજને ત્યાં ધા નાખી અને થોડા પરમાણુની મૂડી ઉછીની લીધી!

'કેટલાક પરમાણુના પુંજને અમુક રીતે ગોઠવીને એને 'હવેલી' નામ આપ્યું!'

'કેટલાક પરમાણુના ઢગલાને 'પ્રિયતમા' નામ આપ્યું!'

'કેટલાકને 'ધન' તો કેટલાકને 'અન્ન' એવું નામ આપ્યું!'

'પોતે ય પરમાણુનો જથ્થો ઓઢી લીધો અને નીકળ્યો જગતના બજારમાં!'

'ઓ! દેવકન્યા! આ નાનકડી મૂડીનું વ્યાજ કેટલું ભરવું પડશે તે તું જાણે છે? ન જાણીતી હોય તો જાણી લે. આ મૂડીના વ્યાજ પેટે એને કોઈ ભરવાડને ત્યાં બકરી બનીને બેં બેં કરવાનું અને ભરવાડને દૂધ દેવાનું જીવન જીવવું પડશે.'

'કયાંક કોઈ શેઠના નોકર બનીને શેઠની જમીન વાંકા વળીને ઘસવી પડશે, અંગ વાંકુ વળી જાય, દાંત પડી જાય ત્યાં સુધી.'

'કયાંક વળી બળદિયો બનીને ગાડામાં જોતરાવું પડશે, ૨૦–૨૦ મણ વજનના ભાર ઉઠાવવા પડશે! છતાં ય માર ખાવાનું

અને ભૂખ્યા રહેવાનું તો વધારામાં જ!'

'ક્યાંક લુખ્ખા સુક્કા રોટલાના ટુકડા ખાતર પૂંછડી પટ-પટાવતા કૂતરાનું જીવન પણ જીવવું પડશે!'

'ક્યારેક ભરયૌવનમાં સેંથીના સિંદૂર ભૂંસવા પડશે.'

'ક્યારેક વહાલસોયો દીકરો ખોતી માતા બનીને છાતીફાટ રુદન કરવાં પડશે!

મૂર્ખ જગતને કર્મરાજના આ પડાણી વ્યાજની ખબર નથી. એથી જ પરમાણુની મૂડી લઈને ધંધો કરવા નીકળ્યું છે! પણ એ ધંધો એને માલ આપશે કે માર; એ તો જ્ઞાનીઓ જ જાણે છે! પગલી ન બનીશ, બાળા! નહિ તો જીવનોનાં જીવનો સુધી હોળીઓ સળગશે પાપની? દુઃખની! વધુ તો શું કહું? તારી સાથે બોલવું ય ગમતું નથી, છતાં તને એક વાત કરું? સાંભળ ત્યારે, તું અને તારા જેવી જગતની વ્યક્તિઓ જેમાં સુખ જુએ છો તે વસ્તુતઃ સુખ નથી. જેના ભોગમાં ચિરંજીવ તૃપ્તિ નથી તેના ભોગમાં ક્યાંથી સુખ સંભવે? અતૃપ્તિ જન્માવતા ભોગો સુખના તે જનક શી રીતે કહેવાય? અતૃપ્તિમાં શું સુખ છે? ના, નહિ જ, એ તો એક પ્રકારની ધીમી આગ છે; જે જીવને સતત બાળતી વધતી જાય છે. આપણા દેવાત્માઓની જ તને વાત કરું. તું તો બીજા દેવાવાસની દેવાંગના છે. હું દસમા દેવાવાસનો દેવાત્મા છું. મિત્ર-દેવના આગ્રહથી જ હું તારા સંપર્કમાં આવ્યો. અમારા ઉપરના દેવાવાસોમાં દેવાંગનાઓને જન્મનું સ્થાન નથી. એ દેવાવાસના દેવાત્માઓને જ્યારે પણ દેવીના ભોગસુખની ઇચ્છા જાગે છે ત્યારે તેઓ મનથી જ તે ભોગ ભોગવીને શાન્ત થઈ જાય છે. આટલી બધી પાતળી વાસનાઓ થઈ જવા છતાં અમારા દેવાવાસના દેવા-ત્માઓમાં એવું પણ ક્યારેક બની જાય છે કે જ્યારે તેઓ સદંતર આત્મભાન ગુમાવી બેસે છે ત્યારે મર્ત્યલોકની ગંધાતી ગટરોસમી સ્ત્રીઓના સંગમાં સુખ લેવા લલચાઈ જઈને ત્યાં દોડી જાય છે! જે મર્ત્યલોકની અશુચિની બદબૂ ચારસો યોજન ઊંચે સુધી ફેલાય

છે. જેમાંથી પસાર થવાનું શુચિમય દેવાત્માઓને અત્યંત ત્રાસજનક બની રહે છે; એમાંથી પણ એ કામાંધ દેવાત્માઓ પસાર થાય છે અને ગંધાતા–ગંદા ગોબરા દેહને આલિંગે છે! ઓ! દેવાંગના! વિષયભોગોના સુખમાં ક્યાંય સાત્ત્વિકતા છે ખરી? તે સુખ સુખ જ ન કહેવાય; જે થાક ઉત્પન્ન કરે. જગતનું કોઈ પણ સુખ ક્યારેક પણ થાક–ખેદ–કંટાળો ઉત્પન્ન કરે જ છે. થાક ઉત્પન્ન કરે તે સુખ નહિ, તું અંતરાત્માની અનુભૂતિ કર. એનાં સુખોનો રસાસ્વાદ માણ. તને ક્યારેય થાકનો કે કંટાળાનો ભાસ પણ નહિ જાગે. એથી જ આત્માનું સુખ સાચું સુખ છે.’

દેવાંગના તો આ બધું સાંભળીને સન્ન થઈ ગઈ! એને થયું કે આ તે કોઈ દેવાત્મા છે કે મહાત્મા છે! અમર્ત્યલોકનો દેવ છે કે માનવલોકનો કોઈ સંત છે! દેવના ખોળિયે સંતનો આત્મા નથી શું?

દેવાંગના એના પગમાં પડી. પણ જ્યાં માથું ઊંચું કરીને કાંઈક કહેવા જાય છે ત્યાં જ દેવાત્મા અલોપ થઈ ગયો.

દસમા દેવાવાસનો એ દેવાત્મા પોતાના દેવાવાસમાં ચાલ્યો ગયો હતો.

પણ ત્યાં ય તેને ચેન ન હતું, શાંતિ ન હતી, સુખ ન હતું.

એ દિવ્યવાટિકામાં ગયો. એનું અંતર રડું રડું થઈ ગયું હતું. જાણે કે એ ડૂસકાં લેતું હીબકાં ભરશે તેમ જણાતું હતું.

અશોકવૃક્ષના એ વનમાં ચોમેર વિવિધ પુષ્પોની સુગંધી ઉછાળા ભરતી હતી. આખું ય વન સુગંધીથી મહેંકી રહ્યું હતું, અત્તરના હોજ પણ ત્યાં હતા. ગમે તેવા માથાના દુખાવાને શાંત કરી દે તેવી ત્યાંની સોડમ હતી. ગમે તેવા અનિદ્રાના રોગને નિર્મૂળ કરી નાખે તેવો ત્યાં સુગંધી સમીર વાતો હતો.

પણ તો ય આ દેવાત્માને શાન્તિ મળી ન હતી. એના અંતરમાં ઘમ્મરવલોણાં ચાલતાં હતાં; વિચારોનાં! વિચારોનાં

ગીતનું ધ્રુવપદ હતું; 'ક્યારે અહીંથી છૂટીશ! ક્યારે જીવત્વનું બહુમાન કરીશ!'

વિરાગમૂર્તિ બોલવા લાગી. બેશક, પુણ્યની લખલૂંટ સામગ્રીથી સજ્જ આ જીવન છે, માનવલોકમાં તો આનો લક્ષાંશ પણ જોવા ન મળે. પરંતુ પુણ્યની વિપુલતા જ મારી સાધના માટે અવરોધક બની! પાપની વિપુલતાની જેમ! સહરાનું વિરાટ રણ! એને પસાર કરી જવું હોય તો કાંઈ સર્વાંગસુંદર, સર્વલક્ષણ-સંપન્ન સર્વાતિશયી સામર્થ્યશાળી હાથી થોડો જ ઉપયોગી બને? એ માટે તો ઊંટ જ સારો; ભલેને તેનાં અઢારે અંગ વાંકાં હોય!

કશાય ઢંગધડાં વિનાનું-ઊંટ જેવું માનવ ખોળિયું! અને સર્વાંગસુંદર હાથી જેવો અમારો દેવનો દેહ! પણ સાધનાના શુષ્ક કઠોર રણનો પાર તો માનવ ખોળિયે જ શકય છે ને?

અહો! હવે એ ક્યારે મળશે? અસંખ્ય વર્ષોની આ નજર-કેદના કાળમાં તો કેટલાય જીવોનાં જીવનો અજ્ઞાનવશ બરબાદ થઈ જશે! રાગ રોષના ઝપાટામાં આવી જઈને કેટલાય જીવોનાં જીવનો વેરણછેરણ થઈ જશે! ઓહ! મારે અહીંથી વહેલા છૂટવાનું હોત તો?

અફસોસ! શું થાય!

રે! કર્મરાજ તારી અકળ કળા! તારું અગમ્ય ગણિત?

વિચારોના હિંડોળા હીંચતો દેવાત્મા એકદમ ઝબકી ઊઠ્યો.

એકાએક કંઈક કોલાહલ સંભળાયો. જોયું તો કેટલાક મિત્ર-દેવો એની પાસે આવી રહ્યા હતા.

એકદમ નજદીક આવી ગયા. વૃંદનો એક આગેવાન મિત્ર દેવ બોલ્યો, 'દેવાત્મા તને આ શું સૂઝયું છે? ક્યાં સુધી આ ઉદાસીનતા! આવી બેવકૂફીને નોતરીને તારા જીવનને તું શાને સારુ બરબાદ કરે છે?'

પણ હવે બોલે એ બીજા! દેવાત્મા વળતો એક હરફ કાઢતો નથી.

બીજો મિત્રદેવ બોલ્યો, 'તને ખબર છે કે મર્ત્યલોકના માનવો આપણા દિવ્યજીવનને કેટલું ઝંખે છે? દુઃખિતો આપણા સુખમય જીવનને ઇચ્છે તેમાં નવાઈ નથી, પરંતુ ધર્માત્માઓ પણ એમના ધર્મના ફળરૂપે આપણા જીવનની કામનાઓ કરે છે. આ જીવન સારુ તો એ લોકો પોતાની હથેલીમાં આવીને બેઠેલાં ભોગ-સુખોને તુચ્છકારીને સંન્યાસ લે છે, ભગવાં પહેરીને જંગલમાં ચાલ્યા જાય છે. ફળફૂલાદિ ઉપર રહે છે, પર્ણકુટિરોમાં નિવાસ કરે છે અને ઉગ્ર તપો તપે છે. આપણાં સ્વર્ગની કામનાવાળાને તો તેમના વેદાદિ શાસ્ત્રોમાં અગ્નિહોત્ર યજ્ઞ કરવાનાં વિધાન કર્યાં છે. શું તું અમાંનું કશું જાણતો નથી? કેવી નબળી દૂબળી આ મનોદશા કે જે પ્રાપ્ત છે તેનું મૂલ્ય તને સમજાતું નથી!'

ત્યાં વળી ત્રીજો મિત્રદેવ બોલ્યો, 'પેલા અભવ્યોની વાત શાસ્ત્રમાં આવે છે ને? કે આપણા સ્વર્ગલોકના સુખ ખાતર તો એ અણિશુદ્ધ સદાચાર પાળે છે, માખી જેવા તુચ્છ જંતુનો ય પગ ન નંદવાઈ જાય તેની કાળજી કરે છે! અને મોક્ષ ઉપર પણ દ્વેષ નથી કરતો! રે! આ સ્વર્ગને જ એ તો મોક્ષ માને છે! અમે તો તારા જેવો આ એક જ જોયો કે જેને વિપુલ ભોગસામગ્રી મળવા છતાં એના ભોગસુખમાં રસ નથી! રે! હતભાગી!'

ત્યાં વળી ચોથા મિત્રદેવે કહ્યું, 'અરે! આ સ્વર્ગનાં સુખ ખાતર તો અગણિત આત્માઓએ કાશીમાં કરવત મુકાવીને પ્રાણ-ત્યાગ કર્યો, કેટલાકે વળી ગંગામાં સમાધિ લીધી, કેટલાકે ભૈરવ ખાધા! શું આ બધા ય તારી દૃષ્ટિએ મૂર્ખ હતા? મૂર્ખ કહેનારો જ મૂર્ખ હશે!'

ચારે બાજુથી યુક્તિ-પ્રયુક્તિનાં શસ્ત્રો છૂટવા લાગ્યાં! પણ દેવાત્માએ દુઃખે અદીનમના હતો! સુખે અલીનમના હતો! એને આ બધી વાતોના વાવંટોળ જરા ય ચસકાવી શકે તેમ ન હતા.

બધા બહુ બોલ્યા. દેવાત્માએ નિશ્ચય કર્યો, 'મારે કાંઈ જ બોલવું નહિ.'

બોલ્યાથી જે ધાર્યું કામ થાય છે તેના કરતાં ઘણું વધુ કામ ન બોલવાથી ક્યાં નથી થતું? પણ એ માટે સાધના જોઈએ, જડના વિરાગની અને જીવત્વના રાગની!

દેવાત્મા એવો જ એક અઠંગ સાધક હતો. એ મૂંગો જ રહ્યો.

મિત્રદેવોએ એને બોલાવવા ઘણા પ્રયત્નો કર્યા; પણ બધા ય નિષ્ફળ!

મિત્રદેવો કોઈ ને કોઈ વાગ્બાણ છોડતા રહ્યા અને દેવાત્મા પ્રકૃતિનાં દૃશ્યો જોવામાં તલ્લીન બની રહ્યો. એને તો એ દૃશ્યો પણ અંતર્મુખ બનાવતાં હતાં.

અંતે અકળાઈ ઊઠેલા એક મિત્રદેવ બોલી ઊઠ્યો, 'શું આમ બાઘાની જેમ બેઠો છે? કાંઈ જ તને સમજાતું નથી? કશું ય તારા અંતરને પ્રીછતું નથી? ત્યારે તારે કરવું છે શું? કશોક તો જવાબ આપ?'

પણ જવાબ આપે એ બીજા. દેવાત્મા સમજતો હતો કે મારો અને મિત્રદેવોનો પંથ જ ન્યારો, ત્યાં વાતો કરવી શા કામની? એકબીજાને જ્યાં સુધી ઓળખી ન શકાય ત્યાં સુધી વાતો કરવાનો કાંઈ અર્થ નથી. અને....દેવાત્મા એકાએક ચાલવા લાગ્યો. થોડી પળોમાં એ અલોપ થઈ ગયો.

કાળ કાળનું કામ કર્યે જાય છે.

આ વાક્ય સહુ બોલે છે, પણ કેટલા એને સમજતા હશે?

વિશ્વના અગણિત માનવો તન તોડીને, મન મારીને સર્જનો કરે છે અને આ કાળપુરુષ! એનો હંટર ફરતાંની સાથે જ બધું ધૂળ ભેગું થઈ જાય છે.

વિરાટ કાળપુરુષ અબાધિત ગતિએ આગળ ધપતો રહે છે; કાળની અનંત જાજમ ઉપર. અને સદા ઉત્તરથી દક્ષિણ અને પથી દક્ષિણથી ઉત્તર એનો હંટર ફરતો જ રહે છે.

એ હંટરની એક ગતિમાં ઈંટો ઉપર ઈંટ ગોઠવાતી જાય છે. ઈંટોની દીવાલ બને છે. દીવાલોના ઓરડા બને છે. ભોંયતળિયું તૈયાર થાય છે અને પછી ઝડપથી એક માળ ઉપર બીજો માળ, બીજા ઉપર ત્રીજો માળ ચણાતો રહે છે. વેસ્ટ મિનિસ્ટર એબીનાં વિરાટકાય મકાનો તૈયાર થઈ જાય છે.

પણ...જ્યાં કાળપુરુષનો એ હંટર પાછો ફરે છે ત્યાં જ એક પછી એક કાંકરી ખરવા લાગે છે! ઈંટોમાં તડો પડવા લાગે છે. દીવાલોમાં ચિરાડો પડે છે. કોક વિમાન ક્યાંક અથડાવી દેવાય છે, અને આખો માળનો માળ તૂટી પડે છે, સહેજ ધરતી ધ્રુજાવવામાં આવે છે અને મકાન આખું ય તૂટી પડે છે. ઈંટ–મટોડાનું એ ખંડિયેર બને છે. હજી હંટર સ્વસ્થાને પહોંચ્યો નથી; એનું કામ ચાલુ જ છે. ખંડિયેર કણકણમાં વેરાઈ જાય છે. કણકણની માટી બને છે.

માટીમાંથી ઊભી થયેલી ઇમારત માટી બને છે.

કાળપુરુષનો હંટર સ્વસ્થાને પાછો આવી જાય છે.

ફરી કાળપુરુષ એ હંટરને ગતિ આપે છે. એક નવયૌવના માતા બને છે, બાળકીને જન્મ આપે છે, 'અમૃતા' એનું નામ પાડવામાં આવે છે. એક માસ, ચાર માસ, બાર માસ, બે વર્ષ, પાંચ વર્ષ, સોળ વર્ષ! બાળકી કુમારિકા બને છે! એના ગાલ માંસલ દેખાય છે, એનું બદન ગુલાબી બને છે, યૌવન ફાટફાટ ઊભરાય છે.

હંટર ફરતો જાય છે. અમૃતા નવોઢા બને છે.

નવોઢા પ્રૌઢા બને છે.

ચાર બાળકોની માતા બને છે.

હંટર પાછો સ્વસ્થાને આવવા પરિક્મ્મા લગાવે છે. પ્રૌઢા અમૃતા રોગોથી ઘેરાય છે, શ્રમથી થાકે છે, ગૃહકલેશથી એના લોહી માંસ સૂકાય છે, એક વખતનું ગુલાબી તન પીળો રંગ પકડે છે, માંસલ શરીર પાતળાપણું સ્વીકારે છે, મુખની લાલિમા વિદાય લે છે.

અમૃતા એંશી વર્ષની ડોકરી બને છે. ચામડી લચી પડે છે, કેડ વાંકી વળી જાય છે, દાંત પડી જાય છે, માથું અનાયાસે ધ્રુજ્યા કરે છે, પગ લથડે છે.

ઘરના અંધારિયા ખૂણે ખાટલે પડેલી અમૃતા મૃત્યુની રાહ જોઈ રહી છે. હવે આ જીવન કરતાં મૃત્યુમાં ઓછી કડવાશની એ કલ્પના કરે છે.

કાળપુરુષનો હંટર લગભગ સ્વસ્થાને પાછો આવ્યો છે.

અમૃતા મૃતા બને છે. મૃતાનો દેહ આગમાં ભડભડ બળે છે. દેહની રાખ બને છે. રાખનો ઢગલો પવનના સુસવાટે વેરાય છે. માટીમાં માટીનું વિલીનીકરણ થાય છે.

કાળપુરુષનો હંટર–ઘડિયાળના લોલકની જેમ–સ્વસ્થાને આવી ગયો છે. હાય! કરુણતા! અમૃતા મૃતા બની!

રૂના તાર, તારનું કાપડ, કાપડનું વસ્ત્ર; વસ્ત્રનાં ચીથરાં અને ચીંથરાનો વિનાશ—આ બધું ય કાળપુરુષના હંટરની એક જ પૂર્ણ પરિક્મ્મા બની જાય છે.

માટીનો ગોળો, ગોળાનો ઘડો, ઘડાનું પનિહારીના માથે સન્માન. પછી એનાં ઠીકરાં, ઠીકરાંના કટકા, કટકા કટકાના ચૂરા થઈને માટી....આ બધું ય કાળપુરુષના હંટરની એક જ યાત્રામાં બની જાય છે.

લાખ્ખો સર્જનોનું એક જ હંટર વીંઝાતા વિસર્જન કરી નાખવાની કાળપુરુષની સર્જકશક્તિની તો શી કલ્પના કરવી?

કોણ કહે છે રથમુસલ અને શિલાકંટક યુદ્ધમાં થયેલો ઘનઘોર માનવસંહાર માનવનિર્મિત હતો? ના, ના. કાળપુરુષના હંટરે જ એ માનવોને ધરતી ઉપર ઢાળી દીધા હતા!

તીર્થંકર દેવોની ઉપર પણ એનો જ હંટર વીંઝાયો હતો!

કેનેડીનું કે ગાંધીનું ખૂન એ કાળપુરુષે જ કર્યું હતું; ઓસ્વાલ્ડ કે ગોડસેએ નહિ! નહિ જ.

પંડિત ઓંકારનાથ કે ગામા પહેલવાનના દેહને આ કાળ-

પુરુષે જ શીર્ણ-વિશીર્ણ કરી નાખ્યો હતો; બીજા કોઈ એકદર આત્માએ નહિ. ચક્રી સનત્‌ના અંગઅંગમાં રોગોને ફેલાવી દેવાનું કામ પણ એ જ કાળપુરુષનું હતું. એના વિનાનું કર્મ તો બિચારું છે બિચારું !

કાળપુરુષના હંટરે જ ઇઝરાયેલ–આરબ જગતના ધમધમતા ઉદ્યોગોને ધૂળ ચાટતા કર્યા, હજારો માનવોનાં શબો ઉપર ગીધડાં ઉડાડયાં; શત્રુ–મીસાઈલોને આકાશમાં ઊભાં ને ઊભાં સળગાવી નાખ્યાં !

અપ્રતિહત સામર્થ્ય છે; કાળપુરુષનું ! કોઈ એના હંટરની નીચેથી નાસી છૂટી જાય તે સંભવિત જ નથી.

હા, કાળનો ય કોળિયો કરી જનાર સવાશેર કોઈ હોય તો તે છે માત્ર સિદ્ધશિલા ઉપર સદા રહેતો વિશુદ્ધ આત્મા !

કાળપુરુષના આ હંટર આનતદેવલોકના દેવાત્મા ઉપર પણ અસર કરી. અસંખ્ય વર્ષોનું એનું આયુષ્ય સળગી ઊઠયું ! રહ્યું બાકી માત્ર છ માસનું !

દેવાત્માનો તે સમય આવી ગયો હતો કે જે સમયને પ્રાપ્ત કરીને–વિદાયની યાદ કરીને–દેવાત્માઓ છાતીફાટ રુદન કરે છે ! જે સમયે પોતાની પ્રિયતમાના વિરહને તેઓ લેશ પણ ખમી શકવા કાયર બને છે ! જે સમય એમના ભીષણ ભાવિનું દર્શન કરાવીને એમના આત્માને ભડકે બાળતો હોય છે, એમની સદા હસતી ખીલતી પુષ્પમાળા પણ કરમાવા લાગે છે. એમની દેહકાંતિ મ્લાન થતી જાય છે.

પણ...પણ આ દેવાત્માને એમાંનું કશું જ ન હતું. એથી બધું જ વિપરીત હતું.

આજ સુધી જેવો અપૂર્વ આનંદ જોવા મળ્યો નથી, તેવો અપૂર્વ આનંદ તેના મુખ ઉપર તરવરતો હતો. માત્ર છ માસ ! આંખનો એક પલકારોસ્તો ! પછી જીવત્વના બહુમાનની સાધના !

જડરાગના વિનાશની ઉપાસના ! સર્વસંગત્યાગની આરાધના ! બસ ! મજા, મજા !

સમય ઝપાટાબંધ જાય છે. દેવાત્માનો આનંદ તો અંતરના સાગરે હિલોળે ચડ્યો છે ! હવે નજરકેદમાંથી મુક્તિ પામવાની ! હવે જીવ જીવને ચાહવાનું સ્થાન મળવાનું ! હવે મર્ત્યલોકમાં જઈને સર્વવિરતિ ધર્મના સમભાવના અનન્ય સુખોની અનુભૂતિ માણવાની ! કૈવલ્યનો પ્રકાશ પામીને સંસારસાગરમાં એક નાવડું તરતું મૂકવાનું ! 'શાસન' એનું નામ ! ડૂબતાં–ડૂબતાં જે કોઈ એને પકડે એ સંસારસાગરનો પાર પામે જ પામે.

બસ, બસ. હવે તો સવિ જીવ કરું શાસન રસીનો નાદ જોરમાં ગજાવું અંતરમાં ! ઘટઘટમાં !

અને એ અંતિમ દિવસ આવી ગયો !

એક સમયમાં, કશી વેદના વિના દેવાત્મા દૈવી દેહમાંથી નાસી છૂટ્યો ! પોલીસના હાથમાંથી છટકેલા ધાડપાડુની જેમ !

પ્રકૃતિ આનંદવિભોર બની ગઈ ! વિશ્વોદ્ધારક વિરાટમૂર્તિને મર્ત્યલોકમાં સન્માનવા એણે ચૌદે રાજલોકમાં પ્રકાશનાં કિરણો છોડી મૂક્યાં. નારકો પણ અપૂર્વ સુખની અનુભૂતિમાં એક ક્ષણ ગરકાવ બની ગયા !

---

રોજ મારી શ્રદ્ધા નમતી જાય છે કે સર્વ સાધકોની સાધનાનો પ્રારંભિક એકમ (fuudamental unit) અને મધ્યવર્તી બળ (central point) આ કરુણા જ છે, અને આપણે જે માનસિક ત્રાસના વાતાવરણમાં જીવી રહ્યા છીએ, તેમાંથી છૂટવાનો ઉપાય પણ એ કરુણા જ છે.

[૨]

## ઔચિત્યનો આરાધક

દુઃખના ઘનઘોર તિમિરમાં શાન્તિની વીજે સફળ ઝબૂકો કરી દીધો.

પણ...એ ઝબૂકો જ હતો. એ તો ક્ષણજીવી જ હોય ને? કારણ? અગમનિગમની વાતોનાં કારણ તો શેં શોધવાં? પણ કલ્પના તો જરૂર કરી શકાય.

પેલો દેવાત્મા દેવાવાસની નજરકેદમાંથી છૂટચો હતો તેથી પ્રકૃતિ જાણે થનગની ઊઠી! પણ દેવાવાસમાંથી છૂટેલો એ ભાવિ વિશ્વોદ્ધારક મર્ત્યલોકની માનુનીના ગર્ભમાં ફસડાઈ પડચો.

મૈયાં પ્રકૃતિએ આ કાળો કેર જોઈ લીધો અને તેથી જ તેનો આનંદ–પ્રકાશના રૂપે વ્યક્ત થતો–ક્ષણજીવી નીવડચો હશે શું?

કલ્પનાની પાંખે ઊડતા પંખીની આ વાત છે. દૈવી જીવનની ખુશીઓ વચ્ચે અસંખ્ય વર્ષોના કાળ પસાર કરી ગયેલો દેવાત્મા મળમૂત્રના ખાબોચિયે પટકાયો!

અમૃતના ભોજન કરતો આત્મા સ્ત્રીનાં ગંદાં થૂંક વગેરેથી મિશ્ર થયેલો, ચવાઈ ગયેલો ખોરાક આરોગવા લાગ્યો!

રત્નના પ્રકાશમાં જ ઊછરેલું આત્મપુષ્પ અત્યારે કાજળ-કાળી અંધિયારી કોટડીમાં! એને અહીં ઊંધે મસ્તકે લટકાવીને કર્મરાજ કયો બોધ આપવા માગતો હશે? શું એમ તો નહિ જણાવવું હોય ને કે આ રીતે જીવ, જન્મ લેવાનું જ ટાળે. એવી સાધના કરે કે ફરી તેને આ અસહ્ય દુઃખો નહિ પામવાનો, ઊંધા લટકતાં જ સંકલ્પ કરી લેવો પડે!

દિવસો ઉપર દિવસો પસાર થતા જાય છે. બ્યાશી દિન પસાર થયા અને ગર્ભાત્માનું સ્થાન બદલાયું! હવે એના માતા ત્રિશલા બન્યાં! જે આત્મા પરમાત્મા બનનાર છે, જેના દેવા-

વાસના ત્યાગની મંગળ પળે ચૌદ રાજલોકમાં પ્રકાશના પુંજ પથરાયા છે, એની પણ ક્રૂરમાં ક્રૂર મશ્કરી કરવાનું કર્મરાજ ! તું ન ચૂક્યો ! શાબાશ.

કેટલાક દિવસો વીત્યા. કાજળ-કાળી એ કોટડીમાં રહેલા આત્માએ શરીર બનાવ્યું ! અને...એક દી વિચાર કર્યો, 'મારા હલનચલનથી પણ માતાજીને દુઃખ થતું જ હશે ને ? લાવ ને.... સ્થિર થઈ જઉં !' ગર્ભાત્મા સ્થિર થઈ ગયો. પણ પરિણામ અવળું આવ્યું. માતાને ગર્ભના અશુભની શંકા પડી. કાળું કલ્પાંત કરવા લાગી. આર્તધ્યાનની પરાકાષ્ઠાને પામી !

ચારે બાજુથી પેક રોકેટમાં બેસીને પૃથ્વીની પરિકમ્મા કરતો વૈજ્ઞાનિક જેમ જગતનું દર્શન કરે છે, તેમ જાણે કે ગર્ભાત્મા જ્ઞાનબળથી બાહ્ય જગતનું અવલોકન કરવા લાગ્યો. તાજા સમાચાર મેળવવાસ્તો !

કરવા ગયો સારું અને થઈ પડ્યું અવળું. બધી વાત સમજાઈ ગઈ. તરત થોડો કંપ કર્યો. માતા-ત્રિશલા, પિતા સિદ્ધાર્થ અને મગધની સમગ્ર પ્રજામાં આનંદ આનંદ વ્યાપી ગયો.

મોહની અકળ કળાને જોતો ગર્ભાત્મા વિચાર કરે છે, 'જે માતાએ હજી મારું મોં જોયું નથી, એને આટલો મોહ છે તો જન્મ થયા બાદ તો મોહ કેટલા ઉછાળા મારશે? આવા મોહ-પ્રચુર માતાપિતા શું મને નિર્ગ્રંથ બનવાની રજા આપશે ? તો શું એમની અનુજ્ઞા મેળવ્યા વિના મારે નિર્ગ્રન્થ બની જવાનું ઉચિત પણ ગણાય ખરું ? જો હું માતા-પિતાનો વિનય ચૂકીશ તો જગતને વિનય-ધર્મનું શી રીતે પ્રદાન કરીશ ? તો શું એમની અનુજ્ઞા કોઈ પણ સંયોગમાં ન જ મળે તો મારે ગૃહસ્થજીવન જીવવું ? ઓહ ! એ કલ્પના ય મને ધ્રુજારી મૂકે છે ! એક બાજુ મોહ છે, બીજી બાજુ નિર્મોહની આરાધનાનો તલવલાટ છે; એક બાજુ લૌકિક વિનય આડો ઊભો છે, બીજી ગાજુ લોકોત્તર સાધના મને બોલાવી રહી છે.

પણ મારો વિરાગભાવ એટલો પ્રબળ છે કે હું ઝાલ્યો રહી શકીશ કે નહિ એ એક પ્રશ્ન છે.

લાવ ને; જરા જોઉં તો જ્ઞાનબળથી કે મારું મોહનીયકર્મ અને માતા-પિતાનું આયુષ્યકર્મ કેવી પરિસ્થિતિ ધરાવે છે?

ગર્ભાત્માએ તુરત ઉપયોગ મૂક્યો, ઓહ! મોહનીય કર્મ તો સોપક્રમ છે; એટલે જો તેને તોડવાનો જરાક પ્રયત્ન કરું તો તડાકા કરતું તૂટી જાય તેવું છે! 'નિર્ગ્રન્થ' જીવનની ધન્યતાને પામવાનું મારા માટે ભારે કામ તો નથી જ.

પણ....માતા-પિતાનું આયુષ્યકર્મ? એ ય એવું જ સોપક્રમ છે! નિર્ગ્રન્થ બની જઉં તો એ નિમિત્તે એમને એવો આઘાત લાગી જાય કે એમનું આયુષ્યકર્મ પણ તૂટી જ જાય. બન્નેય મૃત્યુ પામે! અરર!....એવું તો કેમ જ બનવા દેવાય! પછી માતા-પિતાના વિનયધર્મની વાતો હું કયા મોંએ કરીશ? મારે તો જગતને કહેવું છે કે દેવ-ગુરુના લોકોત્તર વિનયને પામવાની લાયકાત તો તેને જ મળી શકે છે જે ગૃહસ્થવાસમાં પોતાના ધર્મી માતા-પિતાનો અપૂર્વ વિનય કરે છે!

માતા-પિતાનો હત્યારો બનીને હું આવી વાત કેમ કહી શકીશ?

ગમે તેમ હોય, મારે તો લૌકિક વિનયની ઉપાદેયતા સમજાવવી છે, એ માટે મારે કાંઈક કરવું જ રહ્યું.

ઝાલ્યો ન રહે, તેવો મારો વિરાગભાવ!

આઘાત લાગતાં તૂટી પડે તેવું વડીલોનું આયુષ્યકર્મ!

એમાંથી એક પણ કર્મ જો સોપક્રમ ન હોત તો હું નિર્ગ્રન્થ બની શકત. પણ હવે શું થાય?

બીજો કોઈ રસ્તો નથી. ઉરમાં વિરાગનો ઊછળતો સાગર માઝા ન મૂકી દે તેને માટે પ્રતિજ્ઞાથી નાથવો જ રહ્યો. નહિ તો એ સાગર કદાચ માતા-પિતાની જીવન-નાવડીઓ ઉપર ફરી વળશે. કાંઈ આત્માઓને ડુબાડી દેશે! ના, ના. તેમ તો ન જ થવા દેવાય.

તો બસ, અહીં જ, અત્યારે જ, પ્રતિજ્ઞા કરું છું કે, 'માતા-પિતા જીવતાં હશે ત્યાં સુધી જ હું ઘરમાં રહીશ.'

ગર્ભાત્માએ ભીષ્મપ્રતિજ્ઞા કરીને વિરાગને કાબૂમાં લીધો. માતા-પિતાના ઉપકારની મહાનતાને છતી કરી.

કોણ બળવાન? નિયતિ કે પુરુષાર્થ! જે કાળે જે બનવાનું હોય તે બનતું જ રહે એનું નામ નિયતિ. જીવાત્મા પોતાના જે પ્રયત્ને સર્જન કે વિસર્જન કરે તે પુરુષાર્થ!

જો નિયતિ બળવાન હોય તો આવી પ્રતિજ્ઞાની શી જરૂર? જ્ઞાનબળે એ જોઈ જ લીધું હશે ને કે ૩૦ વર્ષ સુધી નિર્ગ્રન્થ બનવાનું જ નથી. વડીલોના દેવલોકગમન પછી પણ બે વર્ષે સર્વસંગ-ત્યાગ નિયત થયેલો છે! તો પછી પેલી પ્રતિજ્ઞાની જરૂર ક્યાં રહી?

પણ નિયતિની જેમ પુરુષાર્થ પણ બળવાન છે એ વાત આ પ્રસંગમાંથી સૂચિત થાય છે. જો વિરાગી આત્મા નિર્ગ્રન્થ થવાનો પ્રયત્ન કરે તો અવશ્ય નિર્ગ્રન્થ થાય. પ્રયત્ન ન કરે તો નિર્ગ્રન્થ ન થાય. આનું જ નામ પુરુષાર્થની પ્રધાનતા!

જે કર્મ નિરૂપક્રમ વગેરે છે; ત્યાં મુખ્ય બને છે નિયતિ.

સોપક્રમ કર્મોમાં તો મુખ્ય છે; પુરુષાર્થ.

લોકોત્તર આત્માઓ કે ઉચ્ચ કક્ષાના પુણ્યવાન આત્માઓ સદા ઔચિત્યની આરાધના કરે છે; જે કાળે અને જે સ્થાને જે ઉચિત હોય તે તેઓ અવશ્ય કરે. એમના ઔચિત્યસેવનમાં અનેકોને માર્ગની સમજણ પડે. એમને જીવનની દૃષ્ટિ મળે, જીવનની દિશા મળે.

ગર્ભાત્મા તો તીર્થંકર ભગવાન મહાવીરદેવનો આત્મા છે.

ઔચિત્યનો એ અઠંગ આરાધક હોય જ.

સાધિક નવ માસ પૂર્ણ થયા. શુભ તિથિ-પળ-નક્ષત્રે માતા ત્રિશલાએ સર્વાંગસુંદર સર્વોત્કૃષ્ટ પુણ્યાત્માને જન્મ આપ્યો!

ઔચિત્યસેવનમાં ઓતપ્રોત રાખતા હે પુણ્યાનુબંધી પુણ્ય-કર્મ! તને ય નમસ્કાર!

[૩]

## ઉદાસીનતા મગનભયી

ગર્ભાવાસની કજ્જલશ્યામ કોટડીનો ત્યાગ કરી એ અન્તરાત્મા ગૃહાવાસમાં આવ્યો.

દેવાવાસ કરતાં ઘણો ભૂંડો હતો ગર્ભાવાસ! પરંતુ એથી ય ભૂંડો હતો આ ગૃહાવાસ! ગર્ભમાં તો માતા ત્રિશલા એનું પૂરું જતન કરતી! પળ પળની કાળજી કરતી! સૂતા–બેસતાં–ઊઠતાં બધી જ ક્રિયામાં ગર્ભાત્માને અહિત ન થઈ જાય એની ચિંતા સતત કરતી. અને હવે? ક્યાં ગયો એ બાળ? કોણ જાણે? હમણાં આવશે... કહીને મન વાળી લેતી.

બાળનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. કેમ કે બાળ ગર્ભમાં આવ્યો ત્યારથી જ રાજમહેલમાં સર્વ પ્રકારના ધનધાન્યની, માન–સન્માન વગેરેની વૃદ્ધિ જ થતી હતી.

સુવર્ણના કંદુકે રમતો બાળ વર્ધમાન વયથી પણ વધતો ગયો. બાળકો સાથે એ ધૂલિક્રીડા ય કરે છે. દોડે છે અને હસે પણ છે....પણ બધું ય વિરક્ત ભાવે.

મા પોતાનાં બાળકો સાથે ધૂળનાં ઘર નથી બનાવતી? તેવી જ મનની પ્રીત વર્ધમાનની હતી! મોટાઓના દિલને કોઈ પ્રીછી શકે તેમ છે?

મિત્રોના આનંદ ખાતર વર્ધમાન આમલકી ક્રીડા કરે છે, મોઈદંડા પણ રમે છે. પણ એના અંતરમાં ઉદાસીનતા સિવાય કાંઈ જ રમતું નથી.

વર્ધમાનને વયથી ભલે બાલ્યકાળ પ્રાપ્ત હતો; પરંતુ હકીકતમાં તો તેને ધર્મનો યૌવનકાળ પ્રાપ્ત હતો. અને એ બધી ક્રીડાઓ લજ્જાસ્પદ લાગતી હતી. છતાં ય એ રમતો હતો. પણ

રમત રમતમાં ય ફેર હોય છે ને?

એમ કરતાં વર્ધમાન બાળ મટીને કુમાર બન્યો. જે કૌમાર્ય-અવસ્થા ધર્મસાધના માટેની બળવાન ભૂમિકા ગણાય, એને મોહમગ્ન જીવો ભોગના ઉત્તમ કાળ તરીકે નવાજે છે!

માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થ ઝંખે છે વહુના મુખનું દર્શન કરવાનું! જુદી જુદી રીતો અજમાવે છે વર્ધમાનને સમજાવવાની, પણ સહુ જાણતું હતું કે વર્ધમાન વિરાગી છે. એની પાસે રાગની વાતો કરવી એટલે વાઘને છંછેડવો. કોણ કરે એ વાતો? એમાં ય વર્ધમાનના પોતાના જ રાગવાસિત સંસારના જન્મની વાત તો એને કહેવી જ શી રીતે? છતાં ય પ્રયત્નો થઈ ચૂકયા.

એક વખત સમરવીર રાજા પોતાના મંત્રી સાથે યશોદાને રાજા સિદ્ધાર્થ પાસે મોકલે છે, વર્ધમાનના પાણિગ્રહણ માટે સ્તો? રાણી ત્રિશલા બેશક ભગજ્જનની છે; પરંતુ મોહના સંકજામાં આવી ચૂકેલી એક અબળા છે. પોતાનો પુત્ર ભાવિના ચોવીસમા વીતરાગ–તીર્થંકરનું પદ પામવાનો છે એ સુનિશ્ચિત હકીકતને સંપૂર્ણ શ્રદ્ધા સાથે જાણતી હોવા છતાં મોહના હલ્લાને એ ખાળી શકતી નથી. એની નજરમાં એવા અનેક તીર્થંકરોના ગૃહસ્થજીવન ચડે છે, જેમણે ગૃહવાસ સેવ્યો હતો.

પ્રથમ તો રાણી ત્રિશલાએ વર્ધમાનના મિત્રોને તૈયાર કરીને એની પાસે મોકલ્યા. 'જાઓ ફતેહ કરો, કુમાર વર્ધમાનને યશોદાનો પ્રિયતમ વર્ધમાન બનાવો.'

મિત્રો ગયા, એમના અંતરમાં ફફડાટ હતો, દહેશત હતી. આ વાત વર્ધમાન પાસે મૂકવી શી રીતે? મૂકયાનું કોઈ ફળ દેખાતું નથી. આજન્મ વિરાગી વર્ધમાન રાગીની વાતો સાંભળશે? કયાંક અમને ફટકારી તો નહિ દે ને? ના, ના. ઔચિત્યના સેવનમાં તો એ એક્કો છે. આમ વિચારતા મિત્રો કુમારના મહેલમાં ગયા. કુમારે સહુને આવકાર્યા.

આડીઅવળી વાતો થઈ.

પછી એક મિત્ર બોલ્યો, 'આજે અમારે એક વાત કરવી છે. તમે સ્વીકારો તો જ કરીએ. આ વાતનું અમારે મન તો ઘણું જ મહત્ત્વ છે એટલે સ્વીકાર્યા વિના તો છૂટકો જ નથી હોં! પણ છતાં હા કહી દો, એટલે પાકું થઈ જાય!' મિત્રોએ વણિગ્વિદ્યા પાપરી.

કુમારે કહ્યું, 'જો મિત્રોની વાત ન માનું તો મારામાં તમારા પ્રત્યેનો મૈત્રીભાવ ક્યાં રહ્યો?'

'લો સાંભળો ત્યારે, સમરવીર રાજાની પુત્રી યશોદા અહીં આવ્યાં છે, તમે તેનો સ્વીકાર કરો.'

આ સાંભળતાં જ કુમાર વર્ધમાનના મોં ઉપર ઘૃણાના ભાવો દેખાવા લાગ્યા. કુમાર તરત બોલી ઊઠ્યો, 'આજ સુધી તમને મેં શાણા મિત્રો માન્યા તે ભૂલ થઈ! તમે આવું બોલવાની હિંમત શી રીતે કરી શક્યા? મારા જીવનના તમામ વ્યવહારોમાં તમને આ વસ્તુ પ્રત્યેની અરુચિ જોવા નથી મળી?'

ચામડીના રૂપરંગના મોહ!

રે કર્મરાજ! તારી જ આ ભ્રમજાળ! જેમાં તે અનંત ગભરુ આત્માઓને અહીં જ ફસાવી માર્યા!

મિત્રોમાંનો એક આગેવાન બોલ્યો, 'કુમાર, બીજું તો બધું ય ઠીક પણ અનાસક્તિ સાથે જેમ રાજમહેલમાં રહીને એક યોગીનું જીવન જીવી રહ્યા છો; એ જ રીતે એવી જ અનાસક્તિ સાથે યશોદાના પ્રિયતમ શું ન બની શકાય?'

'ચૂપ રહે! તમારી વાણીનો પ્રવાહ બંધ થઈ જાય એટલી દલીલો મારી પાસે છે. જગતને ઘરબાર ત્યાગવાનો ધર્મ કહેનાર જે દી ઘરબારી હશે, કામિનીના સંગ મૂકવાનો ઉપદેશ દેનાર કામિની ને પડખે રાખતો હશે, તે દી ધર્મનો ધ્વંસ થઈ જશે! જગત ઉપર પ્રલય થઈ જશે.'

અધવચમાં જ એક મિત્ર બોલી ઊઠ્યો, 'જવા દો અમારા

ગમા અને અણગમાને ! પણ તમારાં માતાજી અને પિતાજી પોતે જ તમે ગૃહસ્થજીવન જીવો એ જોવા ઝંખે છે! રે, અમને પણ એમણે જ તમને સમજાવવા મોકલ્યા છે !'

આ વાત સાંભળતાં જ કુમાર ચમકી ગયો ! એના મોંમાંથી શબ્દો નીકળી ગયા, 'રે ! મહારાજ ! તારી માયા !'

માતા-પિતા નામે ચડી ગયેલી વાત સામે ફુંફાડો શે' મરાય ? એ તો પૂજ્યોનું જ અપમાન કહેવાય ને? એમ વિચારીને કુમાર મૂઢ અને સ્તબ્ધ બની ગયો.

કુમારના મુખ ઉપરના હાવભાવ જોતાં મિત્રોને લાગ્યું કે આજી આપણી તરફેણમાં જણાય છે.

'તો કુમાર, અમને સંમતિ આપી દો એટલે દોડતા જઈને માતા ત્રિશલાને વધામણાં આપીએ.' એક મિત્ર બોલી ઊઠ્યો.

'ચાલ્યા જાઓ અહીંથી' છંછેડાયેલા દેખાતા કુમાર વર્ધમાને સત્તાવાહી સૂરે કહ્યું. મિત્રો ધ્રુજી ઊઠ્યા.

'ખબરદાર ! જો હવે આ વાત ફરી મને કહી છે તો ? શું ઊભા છો ? જાઓ અહીંથી !'

હડૂડૂડૂ કરતું મિત્રોનું ટોળું ચોમેર વેરાઈ ગયું.

કુમાર ખિન્ન થઈ ગયો. આ વળી શી આફત ! કેવું મોહ-પરાધીન જગત ! મારો વિચાર તો ત્રિભુવનમાં જાહેર છે. છતાં આ યાચના ! રાગનાં ગંદા તોફાનોમાં સપડાયેલા મને જોવાનું મારા જ હિતૈષીઓ ઇચ્છે ! ના, ના, નહિ બને. મારાથી એ રાગના ચેનચાળાનું જીવન. પૂજ્યોને આ વિષયમાં મારે તો સાફ સાફ શબ્દમાં કહી દીધે જ છૂટકો છે ! બીજી બધી વાત માનીશ પણ આ વાત તો નહિ જ મનાય. પણ ત્યાં જ કુમારના મનમાં એક વિચાર આવીને નાસી ગયો. અને કુમારનું બળ જાણે તૂટું તૂટું થઈ ગયું.

અંતરમાં ઊછળતો વિરાગનો સાગર માઝા મૂકે તો નિર્ગ્રન્થ જરૂર બની શકાય પણ માતા-પિતાના ભોગે ! ના, ના, એ માટે

તો મેં પ્રતિજ્ઞા કરી છે. 'માતાપિતા જીવિત હોય ત્યાં સુધી જ ગૃહમાં રહીશ.' તો શું કરવું ? લગ્ન ? ઓહ ! આ કેવી ભીંસ ? શું કરું ? કાંઈ સમજાતું નથી.

એટલામાં કોઈનો પગરવ સંભળાયો. માતા ત્રિશલા પોતે જ આવી રહ્યાં હતાં. કુમાર એમને જોતાં જ ઊભો થઈ ગયો. ખૂબ જ સંભ્રમ સાથે સામે આવીને, 'માતાજી....માતાજી આપ !' કહેતો પગમાં પડ્યો. ઊઠીને નમસ્કાર કર્યા. 'માતાજી ! મને જ કેમ ન બોલાવ્યો ? શું હું ન આવત ? આપને કાંઈ શંકા પડી હતી મારામાં ?'

કુમારના વિનય–દર્શને ગદ્‌ગદ્ બની ગયેલાં માતા ત્રિશલા બોલ્યાં, 'વર્ધમાન ! તારા મુખચન્દ્રનાં દર્શન માટે તો નગરની નારીઓ ચકોરની જેમ તલસતી હોય છે, પછી તારી માના તલસાટમાં તો શી કમીના હોય ! બેશક તને બોલાવી શકતી હતી; પણ તારા મુખનાં દર્શનમાં થનારો એટલોય વિલંબ મને પરવડતો ન હતો એટલે જ હું જાતે જ ચાલી આવી. બેટા, કોઈ શંકા નથી તારી વિશ્વવંદ્યા સોહાગિની માને ! એની તો છાતી ગજગજ ફૂલે છે; એના પનોતા પુત્રનાં વિનય–દર્શને ! મારા લાડીલા કુમાર ! તારી મા બનીને તો મેં જગતની સઘળી માતાઓમાં સર્વોપરી સ્થાન મેળવ્યું છે ! મારી તો ઈર્ષ્યા કરતી હશે વિશ્વની એ જનનીઓ ! દીકરા ! વિશ્વના તમામ જીવોની તું ખરી મા બનવાનું સર્વોચ્ચ પદ પામવાનો છે એ ખરી વાત. પરંતુ એ 'મા'ની પણ 'મા' હું દાદીમા છું. એનો તે કોણ ઇન્કાર કરી શકે તેમ છે ? બેટા, જગતના કોઈ સુખ મને મળો કે ન મળો, કોઈ સૌભાગ્ય મને પ્રાપ્ત થાઓ કે ન થાઓ; મને તેની લગીરે પરવાહ નથી. મારે તો તારું દર્શનસુખ અને વિશ્વના જંતુની દાદીમા બનવાનું સર્વોચ્ચ સૌભાગ્ય મળ્યું એ જ બસ છે.

માતાના અંતરમાં વસેલા મોહને કુમાર જોઈ રહ્યો હતો.

એ મોહના બિન્દુમાં એને બ્રહ્માંડના મોહના સિંધુનાં વિરાટ દર્શન થતા હતા. અને એ નિર્મર્યાદ સિંધુના તોફાની ઉછાળામાં ઊછળી ઊછળીને પટકાતી લાખો જીવનનૌકાઓ દેખાતી હતી.

કુમારે વાતને સમેટવા કહ્યું, 'પૂજ્ય માતાજી, કેમ મને યાદ કર્યો ?'

મૂળ વાત ઉપર આવતાં ત્રિશલાએ કહ્યું, 'બેટા, હું જગતની એક સ્ત્રી છું. તારી મા છું. તું હવે કુમાર–અવસ્થાને પામી ચૂક્યો છે. હું જાણું છું કે તું આ સંસારથી સંપૂર્ણ રીતે વિરક્ત છે. તને ક્યાંય રાગ નથી, તને આ ભોગવિલાસો વચ્ચે રહેવાનું જરાય ગમતું નથી. છતાં તું મારી ખાતર અને તારા પિતાની ખાતર આ સંસારમાં કમને પણ રહ્યો છે, અમારા સુખ ખાતર તેં તારા મનને સાવ દાબી દીધું છે; અમારા મોહના ઉછાળા જોઈને તેં તારો ગમો-અણગમો દેખાડયો જ નથી. બેટા, આ બધી વાત મારી નજર બહાર નથી. જેનો દેવોએ જન્માભિષેક ઊજવ્યો એ અવશ્ય આવતી કાલે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા થનાર છે. અને એ તું જ છે. મારો લાલ અવસર્પિણીની છેલ્લે ચોવીસીનો તીર્થંકર ભગવાન મહાવીર છે. આ બધું જ મારી જાણમાં છે.

'બેટા, મારી ખાતર તેં આજ સુધી તારી બધી જ અભિલાષાઓ દાબી રાખી છે અને મારી બધી ઇચ્છાઓ પાર ઉતારી છે તો હવે એક ઇચ્છા તું પાર નહિ ઉતારે ? મને વિશ્વાસ છે કે તું તારી માની ઇચ્છાને અવગણવાનું દુઃસાહસ કદાપિ નહિ કરે.'

'પણ માતાજી, જે હોય તે કહો, જરૂર કહો.' કુમારે કહ્યું.

'તો સાંભળ, સમરવીર નૃપતિની રૂપવતી કન્યા યશોદા આવી છે. તારી મા ત્રિશલા ઇચ્છે છે કે તું તેની સાથે પાણિગ્રહણ કરી લે!'

કુમાર વર્ધમાનના માથે જાણે વીજ તૂટી પડી! મોહરાજના ધનુષનો ભયંકર ટંકાર થયો! કુમારને રણમેદાને ચડી જવાનું આહ્વાન કરતો! કુમારનું મગજ એકદમ ઘૂમવા લાગ્યું! એને ધરતી ફરતી લાગી! આંખે તમ્મર આવી ગયાં! હૈયું ભારે થઈ ગયું!

કુમારે માથું નાખી દીધું! હવે અહીંથી નાસી જઉં! માતા ત્રિશલાને ય લાગ્યું કે ગંભીર ભૂલ થઈ ગઈ! મારા હૈયાના હારને મેં શા માટે દુભવ્યો!

અંતર કહેવા લાગ્યું: 'ઓ સ્વાર્થી સ્ત્રી! તારા સ્વાર્થ ખાતર કુમારના સુખને આગ ચાંપી રહી છો! વીતરાગના આત્માને રાગના રંગે ખરડવાની ધૃષ્ટતા બતાવે છે! જા, જા. તારું મોં શું દેખાડી રહી છો કુમારને! અનંત જીવોના સ્વામી બનવાની લાયકાત ધરાવનારને તું યશોદાનો સ્વામી બનાવવામાં બહાદુરી સમજે છે શું! મુક્ત કર! મુક્ત કર! એ અનંતના ઉદ્ધારકને તારા મોહપાશમાંથી! નહિ તો એ મોહ તારી જ ગળચી દાબી દેશે!'

માતા ત્રિશલા બેબાકળી બની ગઈ હતી. અંતરના પુકારે એને નાહિંમત કરી નાખી હતી.

કુમાર વર્ધમાનને ધર્મસંકટ આવ્યું હતું! પણ કુમાર એ કુમાર હતો! વીતરાગ પ્રાયઃ વર્ધમાન હતો! માથું ઊંચું કરીને માતાની સામે જોયું. કુમારે કહ્યું, 'માતાજી, સ્ત્રીની મૂર્છા તો મને ભયાનક સંસારમાં ભટકાવશે! તમે 'મા' થઈને દીકરાને દુઃખના દવમાં ઝીંકશો?'

સુવિનીત દીકરાની વાતથી આશ્વાસન મેળવતી ત્રિશલાએ કહ્યું, 'બેટા, તારી વાત તદ્દન સાચી છે. પણ શું સ્ત્રી આ સંસારનું એટલું બધું પાપિષ્ઠ તત્ત્વ છે? તારી માતા ત્રિશલા–હું પોતે–પણ એક સ્ત્રી જ નથી શું? અરે! આ અવસર્પિણી

કળાના બાવીસ બાવીસ તીર્થંકરોના આત્માએ ગૃહવાસનું સેવન કર્યું છે; સંતતિ ઉત્પન્ન કરી છે છતાં એમનો મોક્ષ અટક્યો નથી; કે સંસારભ્રમણ વધ્યું નથી અને તારું એકલાનું જ તેમ થઈ જશે શું ?'

'માતાજી, સ્ત્રી એટલે સ્ત્રી જ નહિ પણ સ્ત્રી પરત્વેની વાસના ભવભ્રમણ કરાવે છે તેમ મારું કહેવું છે!' કુમારે ખુલાસો કર્યો.

એકદમ તાલી દેતી ત્રિશલા બોલી ઊઠી, 'ચિરંજીવ બનજે મારા લાલ; તું એ વાસનામાં ના ફસાતો. લે બસ, બોલ હવે મંજૂરી મળી ગઈ ને ?'

કુમાર ફરી નીચું નાખી ગયો. દિવ્યજ્ઞાનનો ઉપયોગ કર્યો ! જાણે ભાવિના અજ્ઞાત અંધકારમાં સર્ચલાઈટનો પ્રકાશ ફરવા લાગ્યો ! કુમારે જોયું....ઓહ ! ભોગકર્મ જોરદાર છે ! બસ, યશોદાના સ્વામી બનવું જ પડશે ?

કુમાર મૌન બેસી રહ્યો.

માતા ત્રિશલાએ હર્ષથી ગદ્ગદ્ થઈને દીકરાના ગળે હાથ નાખીને એના ગાલે એક મધુર ચુંબન કરતાં કહ્યું, 'બેટા વર્ધમાન ! તારી માને તું 'હા' કહી દે એક વાર. એને સંમતિ આપી દે. લે, મારી તને આશિષ છે કે તું વાસના વિનાંનું ભોગસુખ પામજે. બસ, પછી તો ભવભ્રમણ નહિ રહે ને ? હવે 'હા' કહી દે તો ! બોલ 'હા' ને ? ચોક્કસ ને ?'

કુમાર શું કહે ? પાપકાર્યમાં વળી સંમતિ ! ના, ના. 'હા' તો કેમ ભણાય ! કુમાર મૌન જ બેસી રહ્યો.

પણ માતા ત્રિશલાએ એ મૌનમાં જ સંમતિ વાંચી લીધી. મહામુસીબતે પ્રાપ્ત થયેલો વિજય ફરી ક્યાંક જતો ન રહે એટલે તુરત જ આનંદ વ્યક્ત કરીને, કુમારને છાતીસરસો ચાંપી, એનું માથું સૂંઘીને ત્રિશલા ઝડપભેર પગલાં ભરતી વિદાય થઈ ગઈ.

મોહની લીલા વિચારતો કુમાર વર્ધમાન ત્યાં ને ત્યાં સ્થિર થઈ ગયો !

સુવર્ણ પિંજરમાં બેઠેલા મયૂરે ટહુકાર કર્યો !

એની ભાષામાં એ જાણે કે બોલી ગયો....'અહો! પેલા કહેવાતા વીતરાગોમાં ય રાગની લીલા! અને આ સરાગીમાં ય વીતરાગતાનાં દર્શન.

ધન્ય હો! રાજકુમાર વર્ધમાન !'

છ છ મહિના ભગવાનની ગોચરી સંગમે ભ્રષ્ટ કરી, જેથી છ મહિના નિર્જળા ઉપવાસ કરવા પડ્યા. છતાં ભગવાને ઇન્દ્રને બૂમ ન મારી કે આ નાદાન સંગમને જરા સંભાળી લેજે, જરા ખૂણામાં લઈ જઈ એની ખબર લેજે. જે ભગવાન જન્મજાત શરીરના પગના અંગૂઠાથી સોનાનો મેરુ કંપાવતા હતા, તે ભગવાને ધાર્યું હોત તો સંગમને મગફળીના ફોતરાની જેમ ખાંડી નાખ્યો હોત. ધાર્યું હોત તો ભગવાને સંગમને કાળના પડછાયામાં ગાળી દીધો હોત–એવા રીતે કે તેના શ્વાસના પરમાણુ પણ ભેગા કરતાં કરોડો વર્ષ નીકળી જાત !

# [૮]

# મહેલ જેલ બને છે

લગ્નનાં ગીત ગવાઈ ગયાં !

વર્ધમાન અને યશોદા છેડે બંધાઈ ગયાં !

ચોરીમાં ફેરા ફરાઈ ગયા !

મોહનું એક નાટક ભજવાઈ ગયું !

કુમાર વર્ધમાનનું નિકાચિત ભોગાવલિ ખરતું ચાલ્યું !

વર્ધમાનનો સંસાર ચાલ્યો જાય છે; યશોદાએ પ્રિયદર્શનાને જન્મ આપ્યો. પ્રિયદર્શનાનું જમાલિ સાથે લગ્ન થયું !

કાળપુરુષે હંટર ઉગામ્યો ! માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થ સ્વર્ગે ગયાં !

કુમારના વડીલબંધુ નંદિવર્ધન હતા. હવે મોટાભાઈ પિતાના સ્થાને હતા. વિરાગી કુમારનો આત્મા હવે અધીરો થયો હતો; અગાર મટીને અણગાર બનવા.

શોકાતુર હતા પ્રજાજનો, પ્રજાપાલક ગુમાવ્યા બદલ.

શોકાતુર હતા નંદિવર્ધન, પિતા ગુમાવ્યા બદલ.

શોકાતુર હતો મંત્રીગણ, સ્વામી ગુમાવ્યા બદલ.

મોહ જેને પજવે તેને બધા ય પજવે. રોગ અને શોક એના ઘેર ધામા નાખીને જ પડયા હોય.

નિર્મોહી વર્ધમાનને શોક ન હતો, ન સંતાપ હતો.

કર્મની અકળ લીલાનો એ પ્રખર અભ્યાસી હતો ! કર્મના કુટિલ દાવપેચોનો એ અચ્છો જાણકાર હતો ! કર્મરાજના સૈન્યના ભુક્કા ઉડાવી દેવાની વ્યૂહરચનાનો એ કાબેલ ખેલાડી હતો.

અને તેને વળી શોક ? સંતાપ શા ? કુમાર તો ચાલ્યો જયેષ્ઠ બંધુની પાસે.

મોટાભાઈ મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે. માતા-પિતા કાળ-ધર્મ પામ્યાં છે. હવે મને સર્વ સંગત્યાગના પંથે જવાની અનુજ્ઞા આપો.

માતા-પિતાના અવસાને અવાચક જેવા થઈ ગયેલા નંદિ-વર્ધન તો આ સાંભળીને સાવ મૂઢ થઈ ગયા ! એ કશું ય ન બોલ્યા.

એમની આંખો ફક્ક ફક્ક આંસુ સારવા લાગી.

એમનું હૃદય ધડક ધડક ધડકવા લાગ્યું !

ફટકા ઉપર ફટકો !

પડેલાને પાટુ !

આફત ઉપર આફત !

હૈયું ખાલી થયું ત્યાં સુધી રડયા જ કર્યું.

કુમાર વર્ધમાન સ્થિર ઊભા રહ્યા, ઉત્તરની રાહ જોતા.

મોટાભાઈનાં આંસુએ એમને જરા ય ન ડગાવ્યા ! મેરુને ધ્રુજાવી નાખનારો આંસુથી ધ્રુજી ઊઠે ! અસંભવ !

ડૂસકાં લેતાં નંદિવર્ધન બોલ્યા, 'કુમાર વર્ધમાન ! હજી તો હમણાં જ માતાજી અને પિતાજીનો વિરહ થયો છે ! મારા એ ય શિરછત્ર તૂટી પડયાં છે ! અને તું આ શી વાત લાવ્યો ? હું શું સાંભળું છું, તે જ મને સમજાતું નથી. આ તે સ્વપ્ન છે કે સત્ય !'

'મોટાભાઈ, સત્ય છે, સાવ સત્ય. હવે આપ મને સત્વર અનુજ્ઞા આપો, અણગાર બનવાની.' કુમારે કહ્યું.

'લઘુબંધુ, મારો કશો જ વિચાર તારે કરવો નથી ? હું નબાપો બન્યો, માવિહોણો અનાથ બન્યો. તને એની જરા ય દયા નથી આવતી ? ઓ દયાના સાગર ! શા માટે દાઝયા ઉપર ડામ દે છે ? તાજા લાગેલા ઘા ઉપર મીઠું ભભરાવે છે ?'

'પણ મોટાભાઈ, હવે તો હું આ કારાવાસથી ત્રાસી ગયો છું. મારા માટે આ મહેલ જેલ બની ગયો છે. એકેકો સમય હું શી રીતે પસાર કરું છું એ મારું મન જાણે છે ! સાતમી

નારકના જીવોની કાયિક યાતના કરતાંય કદાચ મારા અંતરની વ્યથાનું દુઃખ વધુ હશે.

'સાચું જ કહું છું ભાઈ! પાણી વિનાની માછલીની જેમ તરફડિયાં મારું છું! મારું અંતર રડયા જ કરે છે! અગણિત જીવો પેલા દુષ્ટાતિદુષ્ટ કર્મરાજની હથેલીમાં સપડાતા જાય છે અને મગતરાની જેમ એમને ચોળી નાખે છે. મારે કોઈ પણ ભોગે એમને બચાવવા છે, એ માટે મારે એમને કર્મનાં ગણિત સમજાવવાં છે. ધર્મનું બળ બતાવવું છે, પુણ્ય–પાપના ભેદ દેખાડવા છે. મોટાભાઈ! નારકોમાં અને નિગોદોમાં ઝીંકાયે જતા અગણિત આત્માઓને મારે બચાવી લેવા છે. તમે મને અહીં શાને સારુ રોકી રાખો છો?

'આ રંગરાગમાં કોઈ રંગ નથી; લલનાના સંગમાં કોઈ સુખ નથી; મમતાના પોષણમાં કોઈ શાન્તિ નથી. મોટાભાઈ! જડના આ રાગે તો જીવોનાં જીવનો બરબાદ કર્યાં છે. મને અહીં ક્યાંય ગોઠતું નથી, મારું આ સ્થાન નથી, મારું અહીં જીવન નથી; મારું અહીં કોઈ કાર્ય નથી.

'હું તો બનવા માગું છું; વ્યોમવિહારી ગરુડ! ગગન મારું સ્થાન; મારે તો જોઈએ છે, જીવત્વના વિકાસનું જીવન. જે મને અનંત સુખની દેન કરે, મારું તો કાર્ય છે, જીવોના ભેદભરમોને ઉકેલવાનું; એમને અનંતના સ્વામી બનાવવાનું.

'મોટાભાઈ! સત્વર અનુજ્ઞા કરો. મારે જવું છે સાધનાની ભૂમિમાં; ગવડાવવાં છે ગીત સહુને આતમનાં!'

લઘુબંધુના વિરહનું વાદળ ભાવિના ગગનમાં દોડ્યું આવતું જોઈને ભયભીત થઈ ગયેલા નંદિવર્ધન શું બોલે? શી અનુજ્ઞા આપે! ફરી આંખો રોવા લાગી! હૈયું હીબકાં ભરી ભરીને રોવા લાગ્યું! નંદિવર્ધને મોટેથી પોક મૂકી!

કુમાર વર્ધમાનનો અડોલ આત્મા કંપી ઊઠ્યો! સર્વ જીવો પ્રત્યેની કરુણા તો એના અંતરમાં–રોમેરોમમાં ઊભરાઈ જ હતી

ને ? ભાકૂતી લાવેલ કઠોરતા ક્યાં સુધી ઊભી રહે? વર્ધમાનનો દયાળુ આત્મા જરાક ફફડી ઊઠ્યો.

'મોટાભાઈ! મોટાભાઈ! આમ રડશો નહિ, મારાથી નથી જોયું જાતું આ રુદન! જેની આંખમાં આંસુનું બૂંદ પણ મેં જોયું નથી તેને મારા જ નિમિત્તે અશ્રુની ગંગા બેય આંખમાંથી વહી જાય! ના, ના. મોટાભાઈ! આપ શાન્ત થઈ જાઓ. આપણે કોઈ વચલો માર્ગ કાઢીએ.' કુમાર એકદમ બોલી ગયો.

નંદિવર્ધનને ખૂબ આશ્વાસન મળ્યું થોડી વારે એ શાન્ત થયા. વાતો કરી.

અંતિ નિર્ણય થયો કે કુમારે બીજા બે વર્ષ ગૃહવાસમાં રહેવું. એમાં કુમારની ઇચ્છા મુજબ એ બ્રહ્મચર્ય પાળી શકે, અચિત્ત પાણી વાપરી શકે; તથા એમના નિમિત્તે કોઈ ભોજન બનાવવું નહિ વગેરે નક્કી થયું.

ન છૂટકે કુમારને આ નિર્ણય લેવો પડ્યો. પળ પળ એકેકા દિવસ જેવી લાગતી હતી. દિવસ માસ જેવો અને માસ વર્ષ જેવો લાગતો હતો.

જેઓ નિશ્ચિત ચરમ શરીરી હતા, ચોવીસમા જિનપતિ થવાના હતા, તેમને ય કર્મની કેવી પરાધીનતા!

વિરાગની વૃત્તિ પ્રકૃષ્ટ બને ત્યારે સામાન્યતઃ એ પ્રવૃત્તિ બને. વૃત્તિમાં વિરાગ હોય તો પ્રવૃત્તિમાં વિરાગ જ હોય ને? રાગનાં દર્શન તો શેં થાય? રાગની વૃત્તિ પ્રકૃષ્ટ બને તો પ્રવૃત્તિ રાગની જ બને; તેવું જ વિરાગનું છે. અંતરમાં વિરાગ અને આચારમાં રાગ—એ વાતને ઝટ ઝટ મેળ બેસે તેમ નથી.

કુમાર વર્ધમાન વિરક્તનું જીવન જીવે છે. એ ય જો કે મોટાભાઈ નંદિવર્ધનને દુઃખે છે છતાં એમ કરીને ય કુમાર સંસારમાં રહ્યો એનો સંતોષ એને જરાય ઓછો નથી.

સઘળું ધાર્યું તો કોઈનું ય થતું નથી.

*

[૫]

## મોહનું કાળું કલ્પાન્ત

એક વર્ષ પૂર્ણ થયું. વિરાગમૂર્તિ વર્ધમાનનો આત્મા અણગાર બનવાના પવિત્રતમ દિનને નજદીકમાં જોઈ ને થનગની રહ્યો છે. તક જોઈને એક દિવસ મોટાભાઈ નંદિવર્ધનની પાસે કુમાર વર્ધમાન ગયો.

કુમારના મુખ ઉપરના હાવભાવ જોતાં જ કેમ જાણે નંદિવર્ધન બધું પામી ગયા હોય તેમ કુમારને લાગ્યું.

'મોટાભાઈ! અવધિ પૂર્ણ થાય છે. હવે આનંદથી અનુજ્ઞા આપો. મારે સર્વસંગના ત્યાગી બનવું છે.'

નંદિવર્ધન શું બોલે? મોહે માર્યા 'હા' નથી કહેતા; પ્રતિજ્ઞાએ બંધાયેલા 'ના' પણ નથી કહી શકતા. એ એકદમ ગમગીન થઈ ગયા. મન વિચારે ચડ્યું, 'ફરી મુદત નાખું?' ના, ના. એ તો અન્યાય કહેવાય. 'તો ઘસીને ના કહી દઉં?' એ તો અધમતા કહેવાય. 'તો ખોટી માંદગીનો ડોળ કરું?'

ના, એ તો દંભ કહેવાય.

હું ભલે એક સંસારી માણસ છું; પણ ભગવાન પાર્શ્વનાથનો પરમાર્હત્ છું. ભાવિ ભગવાન મહાવીરનો સંસારી વડીલબંધુ છું. એ કાવાદાવા કરશે તો જગત શું નહિ કરે? રાજા નંદિવર્ધન અન્યાય આચરશે તો એની પ્રજા શું શીખશે?

તો શુ હવે રજા જ આપી દેવી? હાસ્તો વળી. એમાં હવે વિચાર શો? અંદરનો આત્મા બોલી ઊઠ્યો.

'પણ આ રજા એટલે મારે માટે તો કારાવાસની કડકમાં કડક સજા! આ મહેલ જ જેલ બની જશે; હું એકલો પડી જઈશ; પાગલની જેમ લવારા કરતો ફરીશ. આ જેલમાં આંટા

જ માર્યા કરીશ. મને ખાવું ય નહિ ભાવે, મધુર પીણાં નહિ ભાવે. અરે! હું સાવ જ ગાંડો થઈ જઈશ વર્ધમાન તો મારો પ્રાણ છે! મારું જિગર છે! એના વિના કલેવરની કલ્પના કરતાં ય હું ધ્રુજી ઊઠું છું. ભલેને એ વિરાગી હોય, એથી એને મારા ઉપર રાગ ન હોય; પરંતુ હું તો વિરાગી નથી જ ને? હું તો મહારાગી! મારા બંધું વર્ધમાન ખાતર તો હું સર્વસ્વ આપી દેવા તૈયાર છું. જંગલમાં જવું પડે તો તૈયાર છું, મારા જ રાજ્યના પાડે પાડે ભીખ માંગીને જીવનનિર્વાહ કરવો પડે તો ય તૈયાર છું. મને કાંઈ ન મળો કે બીજું બધું મળો–મારે મન બે ય સમાન છે. મારે તો મારો આ વર્ધમાન મળ્યો, એના મુખનું દર્શન મળ્યું એટલે બસ. મારું એ જ સ્વર્ગ, એ જ મારો મોક્ષ. જેની પાછળ જગત ઘેલું બન્યું છે, જેનાં મુખદર્શન કરવા પ્રજાજનોનાં ટોળેટોળાં પ્રભાતના સમયે મારા આંગણમાં ઊભરાય છે અને જેના એક જ સ્મિતે પ્રજા ગાંડીઘેલી થઈ જાય છે એ મારો નાનકડો ભાઈ વર્ધમાન. એનો હું મોટો બંધુ! કેવું ગૌરવવંતુ પદ! એ તો ઠીક. પણ મારા વર્ધમાનના પગની ચંપી કરવાનું ય મને મળ્યું હોય તો ય મારે મન ષટખંડના સામ્રાજ્યનું સ્વામિત્વ પ્રાપ્ત થતું હતું. મારો ભાઈ વર્ધમાન: નાનકડો બંધુ વર્ધમાન!'

નંદિવર્ધનના આત્માના તમામ પ્રદેશ ઉપર મોહરાજે પોતાના થાણાં નાંખી દીધાં હતાં! એનું તોફાન અંતરતલમાં ચાલુ થઈ ગયું હતું.

વિરાગી વર્ધમાન અને મહારાગી નંદિવર્ધન સામસામા બેઠા હતા. જાણે કે ધર્મરાજ અને મોહરાજ સામસામા આવી ગયા હતા–મંત્રણાના મેજ ઉપર.

કેટલોક સમય સુધી સાવ શાન્તિ રહી. કોઈ બોલતું નથી. કુમાર વર્ધમાને તો પોતાનો પ્રસ્તાવ મૂકી દીધો હતો એટલે હવે રાજા નંદિને જ કાંઈક બોલવાનું હતું.

અને....નંદિએ શાન્તિનો એ શૂન્યાવકાશ તોડ્યો. 'મારા પ્રાણપ્યારા બંધુ! હક્કથી તો હવે કશું માગી શકું તેમ નથી, પણ છતાં એક વિનંતી કરું? તું મારી વાતનો ઇન્કાર કરીશ તો મારી સ્થિતિ અત્યારે જ કફોડી થઈ જશે; અને સ્વીકાર કરીશ તો મારા જેવો આનંદ કદાચ અનુત્તરવાસી દેવ પણ નહિ માણી શકે. જોજે હો!....'

પણ વાતને અધવચ કાપતાં જ કુમાર બોલી ઊઠ્યો, 'મોટાભાઈ! મારે હવે બીજું કાંઈ જ સાંભળવાનું રહેતું નથી. મને અનુજ્ઞા આપો એટલે પત્યું.'

કુમારે જરાય ખચકાયા વિના એકદમ સ્પષ્ટ ભાષામાં કહી દીધું.

રાજા નંદિને આંચકો લાગ્યો અને મૂર્છિત થઈને ઢળી પડ્યો.

બાંધવ બેલડીની વાંતો દૂરથી સાંભળતા રાજાના અંગરક્ષકો દોડી આવ્યા. યોગ્ય ઉપચારો કરવા લાગ્યા. અંતઃપુરમાંથી રાણીઓ દોડી આવી. રુગ્ણાલયોમાંથી વૈદ્યો દોડતા આવ્યા!

કુમાર વર્ધમાન તો જ્યાં ઊભો હતો ત્યાં તે જ મુદ્રામાં ટટ્ટાર ઊભો રહ્યો છે. અત્યારે એને શુશ્રુષાનો વિનય પણ મોહના ઉછાળામાં વૃદ્ધિ કરનારો દેખાય છે. એ કાંઈ જ કરતો નથી.

રાજા નંદિએ આંખો ખોલી. નાના ભાઈને જોતાં, 'બંધુ! લઘુ બંધુ!' કહેતાં જ ફરી મૂર્છિત થઈ ગયા.

વારંવાર મૂર્છાઓ આવતી ગઈ; પણ કુમારે આજે તો કમાલ કરી હતી. દયાળુનો આત્મા આજે સાવ નિષ્ઠુર બની ગયો લાગતો હતો. કરુણાનું સરવરિયું જાણે તદ્દન સૂકાઈ ગયું લાગતું હતું.

વાતાવરણ ખૂબ જ ગમગીન બન્યું હતું. રાજા નંદિની કાકલૂદીભરી માગણીએ સહુનાં હૈયાં રડાવી નાખ્યાં હતાં. સહુની આંખો આંસુ વહાવતી, કુમારની સામે જોઈ રહી હતી. સેંકડો આંખો સર્વાનુમતે એ જોવા આતુર હતી કે કુમાર, રાજા નંદિની

માગણીમાં સંમતિ સૂચવતું મસ્તક હલાવે. સહુ ચોકન્ના થઈ ગયા હતા. બધા ય કાન એકમતીએ સાંભળવા તલસ્યા હતા; કુમારનો 'હકાર'; પણ કુમારની આજની વર્તણૂક સાચે જ સહુને ગજબનાક જણાઈ. સહુના અંતરમાં કુમાર પ્રત્યે કાંઈક અણગમો જાગ્યો! આટલી નિષ્ઠુરતા! સર્વ જીવો પ્રત્યે દયાળુ કુમાર, રાજા નંદિને જ અપવાદમાં મૂકે છે! પિતાતુલ્ય મોટાભાઈના અંતરને દુભાવીને કુમાર કેવી આશિષો પામશે? માંગલ્યમયી આશિષ વિના સાધનામાં શી સફળતા મેળવશે?

રાજા નંદિએ ફરી એક વાર આંખો ખોલી. કુમારે એક તક ઝડપી લીધી. તરત બોલ્યો, 'મોટાભાઈ, માતા-પિતાજીના સ્વર્ગ-લોકગમન વખતના આપના શબ્દો યાદ કરો! 'ફક્ત બે વર્ષ!' હવે રાજા નંદિ જો વચનથી પાછા પડશે તો આ સામે ઊભેલી પ્રજાનું શું થશે?'

રાજા નંદિ ખૂબ જ ન્યાયી અને સદા વચનપ્રતિબદ્ધ રાજા ગણાતા. મોહરાજાની તમાચે આજે એને અસ્વસ્થ કર્યો હતો એટલું જ. પણ રાજા નંદિની ન્યાયપ્રિયતાની યાદીએ મોહરાજને વળતી સફળ તમાચ લગાવી દીધી.

કુમારના વાગ્બાણે એના અંતરને વીંધી નાખ્યું! રાજા નંદિએ સ્મિત કર્યું. 'લઘુબંધુ વર્ધમાન! આવ, મારી નજદીકમાં આવ. મને ક્ષમા આપ.' કુમાર પાસે સરકતો બોલ્યો, 'મોટા-ભાઈ! આપને ક્ષમા આપવાની હોય? અપરાધી તો હું બન્યો કે હું આપને ક્ષમા આપવામાં નિમિત્ત બન્યો!' આમ બોલતો કુમાર મોટાભાઈની શય્યામાં પગ પાસે બેઠો. રાજા નંદિ સૂતા હતા, તે એકદમ ઊઠયા. કુમારને છાતીસરસો ચાંપ્યો. 'ભાઈ! નાનકડા બંધુ! જા, જા. મારી તને અનુજ્ઞા છે, આશિષ છે, તું તારું કલ્યાણ કર અને સંસારસાગરમાં એક એવું નાવડું તરતું મૂક કે જેને પકડી પકડીને મારા જેવા પામરો પોતાનો ઉદ્ધાર કરે.

'વર્ધમાન! તારું તો સુખ તું મેળવી લઈશ. પણ મારું તે સઘળું ય સુખ તારી સાથે જ આ રાજમહેલમાંથી વિદાય લેશે.

'મારો એક વર્ધમાન હતો—તે પણ હવે જશે....મારું કાંઈ જ નહિ રહે. એક વિરાટ શૂન્ય

'ખેર. મારા દુઃખને મારે શું રડવું? જા, ભાઈ! ખુશીથી જા. તું વિરાગી અને હું રાગી. મારો ને તારો મેળ મળી શકે તેવું ય ક્યાં છે? પણ છતાં નાનાભાઈ! કોઈ કોઈ વાર તારા બંધુને—નંદિને—ના, ના, ઓ વીતરાગ ભગવાન મહાવીર! તમારા આ સેવક નંદિને યાદ તો કરજો. યાદ કરશો ને? આપ મહાદેવ તો હું આપનો નંદિ! ખરેખર નંદિ હોં! નંદિ એટલે બળદિયો! સદા આપનું સુખદર્શન કરીને જીવનનું સાફલ્ય અનુભવતો!'

એટલું બોલીને રાજા નંદિ ધ્રુસકે ધ્રુસકે રડે છે. છાતીએ ચાંપેલા કુમારના મસ્તકે રાજા નંદિના અશ્રુનો પ્રક્ષાલ થાય છે.

સહુ ફફક ફફક રડે છે.

હસે છે; અંતર માત્ર કુમારનું.

બીજા દિવસથી એક વર્ષના મહાદાનનો આરંભ થાય છે.

એક વર્ષમાં ૩૮૮ ક્રોડ સોનૈયાનું દાન કુમારે દીધું.

બસ આટલું જ! શું લેનારાની જગતમાં ક્યારેય ખોટ પડી છે? તો શું દયાળુ કુમારે દેવામાં કૃપણતા રાખી હતી?

ના, ના. પણ એ સોનૈયા વગેરે ફેંકવાની કુમારની રીત એવી હતી કે જે જોઈને માગનારા માગતા શરમાઈ ગયા! માગવાની ભરપૂર વાસના ત્યાં જ શાન્ત થઈ ગઈ!

એટલે મહાપુરુષના હાથની શેષ લઈને જ ઘર તરફ વળ્યા. એ શેષનું દાન ૩૮૮ ક્રોડ સોનૈયા થયું!

[૬]

## મહાભિનિષ્ક્રમણના પંથે

કાર્તિક કૃષ્ણપક્ષની દસમી ! વિરાગી વર્ધમાન મહાભિનિષ્ક્રમણના પંથે આ દિવસે કદમ માંડવાના હતા.

રાજા નંદિવર્ધને પ્રજાજનોને આદેશ કર્યો હતો, સર્વોત્કૃષ્ટ રીતે નગર શણગારવાનો.

હકીકતમાં આદેશની જરૂર જ ન હતી. પ્રજાજનમાં કર્તવ્યની સભાનતા હતી. એમાંય પોતાના જ કુટુંબીજન જેવા ગણાયેલા વિરાગી વર્ધમાનનો પ્રસંગ હોય તેમાં તો પૂછવું જ શું ?

નગરની પ્રૌઢ નારીઓ પોતાને કુમાર વર્ધમાનની માતા જ માનતી. કોઈ એનો ઇન્કાર કરે તો તરત પડકાર ફેંકતી.

નગરની યૌવનાઓ કુમારને માડીજાયો ભાઈ માનતી. એનું ગૌરવ તો એની ચાલમાં છૂપું રાખ્યું રહી શકે તેમ ન હતું.

નગરનાં બાળકો કુમારને પોતાના આદરણીય મોટાભાઈ માનતાં. વાતવાતમાં મોટાભાઈની વાત કરતાં એ ધરાતાં નહિ.

કુમારના સ્વજન તરીકેનું જેટલું માન રાજા નંદિના મનમાં હતું તેટલું જ નગરના તમામ પ્રજાજનના અંતરમાં હતું ! પ્રત્યેકના અંતરમાં કુમારની પ્રતિકૃતિ સ્થિર થઈને વસી હતી. એ પ્રતિમા ક્યારે ય ત્યાં ખંડિત થઈ શકે તેમ ન હતું. કોઈ જ એને ખંડિત કરી શકે તેમ ન હતું.

'પ્રજાના લાડીલા કુમાર વર્ધમાન આવતી કાલે અગાર મટીને અણગાર બનશે.' એવી ઉદ્‌ઘોષણા સાંભળતાં જ સહુના અંતરમાં સોપો પડી ગયો. પોતાનો નિકટનો સ્વજન આવતી કાલે શું ખોવાઈ જશે ? અમારી વચ્ચેથી ખરેખર ચાલ્યા જશે ! એ વિચારમાં સહુ ગળાબૂડ ડૂબી ગયા હતા. નગર શણગારવામાં

આખી રાત ગઈ! ચોરે ને ચૌટે વાતો થાય છે; કુમારના વિરાગની! વિરાગીના મહાભિનિષ્ક્રમણની!

કુમારિકાઓ બોલે છે, અહો! ભાઈ વર્ધમાનનું શું થશે પેલા જંગલમાં? કાળમુખા હાથીઓના ઝુંડનો તો ત્યાં સુમાર નથી!'

પ્રૌઢાઓ બોલે છે, 'પણ કોઈક તો સાથે જાઓ! આ મરદો કેમ નામર્દ થઈ ગયા છે? આવા બાયડીમુઆઓ યુદ્ધ ચડીનેય શું ઉકાળશે?'

મર્દો કહે છે, 'હરિનો મારગ છે શૂરાનો, કાયરનું નહિ કામ રે! અમે મર્દ ખરા પણ લઢવાડ કરવામાં. કુમાર તો ક્ષમાના શસ્ત્રે કર્મનો જંગ જીતવા નીકળે. અમને તો એ યુદ્ધ કરતાં ન આવડે.'

પત્નીઓ ઠોંસા મારીને એમના પતિદેવોને કુમારની સાથે જવા કહે છે, પણ બધાંયની બોલતી બંધ થઈ ગઈ છે!

વૃદ્ધાઓ કહે છે, 'બસ કે? આ જ પ્રજાનું પાણી ને? એક બચ્ચો ય આવતી કાલ કુમાર વર્ધમાન સાથે જવા તૈયાર નથી! હાય, હાય, એ તો કેવો સંસાર-મોહ!'

વાતોડિયાઓએ વાતો કરી, નિંદકોએ નિંદા કરી; કાયરોએ કિકિયારીઓ કરી, અને....સહુ રાત્રિદેવીની ગોદમાં પોઢી ગયા!

સવાર પડયું, કૂકડાએ નોબત બજાવી. પંખીઓ ઊડવા લાગ્યાં.

ગોવાળો ગાયોને લઈ નીકળી પડયા.

પનિહારીઓ પાણી ભરવા ચાલી પડી.

મહાભિનિષ્ક્રમણનાં મંગળ ગીતો ગવાવા લાગ્યાં.

બંસીઓ માંગલ્યના સૂરો રેલાવવા લાગી.

સર્વત્ર સંગીત પ્રસરવા લાગ્યું.

દિવસ વધતો ગયો તેમ લોકોની દોડધામ વધતી ચાલી.

રાજમહેલના વિશાળ પ્રાંગણમાં મહાયાત્રાની સઘળી તૈયારીઓ થવા લાગી. અશ્વદળ, હસ્તિદળ, પાયદળ, રથદળ વગેરે તમામ દળો ગોઠવાયાં.

ટૂંકમાં, રાજા નંદિએ પોતાનું સઘળું ય કૌશલ, સઘળું ય ઐશ્વર્ય, સઘળું ય બળ આ મહાયાત્રામાં ઠાલવી દીધું.

શુભ સમય થયો. વીરાગીકુમાર વર્ધમાન મહાનશિબિકામાં આરૂઢ થયા. એ જ વખતે એમને સલામી દેવા તોપો ધણધણી ઊઠી. વાજિંત્રોના નાદ ધમધમી ઊઠ્યા.

ગંભીર ગતિએ પ્રસ્થાન થયું. કરોડો સોનૈયાનો વરસાદ કુમાર વર્ધમાનના હાથે ચોમેર વરસવા લાગ્યો.

દેવેન્દ્રો અને નરેન્દ્રો, દેવોની દુનિયા અને માનવોની દુનિયા બધા જ અહીં ઊતરી પડ્યા હતા.

કુમાર વર્ધમાંનના અપ્રતિમ સૌંદર્યમાં આજે તો સો સો કામદેવો ઊતરી ગયા હોય તેવું જણાતું હતું.

અનોખું જ દેખાતું હતું એ દિવ્ય મુખારવિંદ! અને.... ....એના મુખ ઉપર આનંદ પણ કોઈ ઓર જ હતો. કદાચ, ત્રીશેય વર્ષમાં–ક્યારે પણ–કુમારના મુખ ઉપર કોઈએ આ આનંદનો પડછાયો નહિ જોયો હોય!

જેના માટે પૂર્વના ત્રીજા ભવે લાખ લાખ વર્ષના માસ માસના ઘોર તપ તપ્યા હતા; દોમ દોમ વૈભવોથી ખીચોખીચ ભરેલા દેવાવાસમાં ય જેની માળા મનમાં સતત ફેરવી હતી; જેને પામવાની તીવ્ર તમન્નામાં રાજા સિદ્ધાર્થના રાજવી વૈભવો પણ ફિક્કા લાગતા હતા. તે મહાસંયમ....સર્વજીવોની કરુણાને સાકાર કરતું અપૂર્વ સંયમ....હવે થોડી જ પળોમાં પ્રાપ્ત થતું હતું. રોમે રોમે આનંદ ઉછાળાં ન મારે તો બીજું થાય પણ શું?

લાખ્ખો પ્રજાજનોનાં દર્શન લેતાં, લાખ્ખો માતાઓની

આશિષ મેળવતાં, લાખો કુમારિકાઓનાં હૈયાં થીજવી દેતાં કુમાર વર્ધમાન આગળ વધી રહ્યા છે!

અંતે સહુ અશોકવનમાં આવ્યા.

ગંભીરવદને કુમાર નીચે ઊતર્યા! ચારે બાજુ લાખોની મેદની જમા થઈ છે, જાણે માનવોનો સાગર ઊભરાયો.

દેવેન્દ્રના એક હાકોટાએ બધો જ કોલાહલ શાન્ત થઈ ગયો.

કુલમહત્તરા શ્વેત વસ્ત્રપટ હાથમાં લઈને કુમારની પાસે આવી. અમૂલ્ય આભરણો–અલંકારો–સઘળું ય ક્રમશઃ કુમારે ઉતારી નાખ્યું. તે જ વખતે ઇન્દ્રે પ્રભુના સ્કંધ ઉપર દેવદૂષ્ય નાખ્યું.

કોઈથી આ દૃશ્ય જોયું જતું નથી! વૃદ્ધાઓ તો આ ભીષણ ત્યાગનું દર્શન કરતાં જ ચક્કરી ખાઈને ધરતી ઉપર પડી. કુમારિકાઓ પોક મૂકીને રડવા લાગી! વજ્રની છાતી ધરાવતો સેનાપતિગણ પણ ડૂસકું ખાઈ ગયો!

રાજા નંદિ હજી કંઈક સ્વસ્થ જણાતા હતા પણ પછી જ્યાં કુમારે મુઠ્ઠીમાં વાળ લીધા અને જોરથી એકા મૂઠીમાં પકડાયેલ સેંકડો વાળની લટ ખેંચી નાખી ત્યાં જ રાજા નંદિ કંપી ઊઠયો! બીજી મૂઠી! છેલ્લે પાંચમી મૂઠી!

ન કળી શકાય તેવી એ ભયંકર શાંતિ હતી. વચ્ચે ડૂસકાનાં અવાજ સંભળાતા હતા.

રાજા નંદિને ઉપચારો કરીને જાગૃત કરવામાં આવ્યા! દેવો પણ એમને આશ્વાસન આપીને સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરે છે. હવે વર્ધમાનની સામે જોવાની તેમનામાં પણ હિંમત રહી નથી.

સર્વવિરતિ સામાયિકની ભીષ્મ પ્રતિજ્ઞા કરવાનો સમય આવી લાગ્યો. દેવેન્દ્ર સહુને એકદમ શાન્ત કરી દીધા!

રાજા નંદિ પરાણે ઊભા છે, કુમારની સામે જોઈ રહ્યા છે.

મેઘગંભીર ઘોષે વર્ધમાને નમો સિદ્ધાણં કહીને સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યો. ત્યાર પછી કારેમિ સામાઇયં પ્રતિજ્ઞા સૂત્ર

બોલ્યા. આમ, પ્રતિજ્ઞાપૂર્વક પ્રભુએ ચારિત્ર ગ્રહણ કર્યું. એ જ વખતે તેમને ચોથું મનઃપર્યવ જ્ઞાન પ્રગટ થયું.

વર્ધમાન હવે કુમાર વર્ધમાન મટી ગયા! શ્રમણ ભગવાન વર્ધમાન બન્યા! દેવોએ એમને શ્રમણ ભગવાન મહાવીર કહ્યા!

દેવેન્દ્રે ખભા ઉપર દેવદૂષ્ય નાખ્યું! શ્રમણ ભગવાન મહાવીર હવે પગ ઉપાડવા તૈયારી કરે છે એટલે રાજા નંદિ અને સમગ્ર પ્રજાજન એમને વંદના કરે છે.

રાજા નંદિ ભગવાન પાસે જઈને પગમાં પડે છે. શ્રમણ ભગવાન મહાવીરના ચરણોને મસ્તક અડાડે છે!

લાખોનો સ્વામી ત્યાંથી માથું ઊંચકી શકતો નથી. એ ચોધાર આંસુએ રડ્યે જાય છે!

જ્યાં સ્વામી પોક મૂકીને આક્રંદ કરે ત્યાં પ્રજાજનના હૈયાની તો શી વાત કરવી? શું વૃદ્ધ કે શું બાળ! શું બળવાન કે શું દુર્બળ? શું સ્ત્રી કે શું પુરુષ? સહુ રડે છે! કેમ જાણે કોઈ સ્વજન પરલોકમાં ન ગયો હોય! કેટલાય બેભાન થઈ જાય છે! ભાનવાળા ય ભાનભૂલા થઈ ગયા છે! બુદ્ધિમાનોની બુદ્ધિ કામ કરતી નથી. અનુભવીનો અનુભવ પાછો પડી જાય છે.

કર્મરાજની સામે ખેલાનારા ભીષણ સંગ્રામ માટે સજ્જ થયેલા કુમાર વર્ધમાનનું આ સ્વરૂપ જોઈને સહુ સ્તબ્ધ બની ગયા છે.

દેવોની દુનિયા પણ હચમચી ઊઠી છે! અખૂટ વૈભવોને તરછોડી નાંખવાનું બળ એક માનવમાં હોઈ શકે! અને મહા-બલીઓ આ વિષયમાં સાવ જ દુર્બળ!

રાજા નંદિવર્ધનનું માથું અત્યારે પાંચમણિયું બની ગયું છે. કેમે ય ઊંચું કરી શકાતું નથી.

જાણે માથું કહે છે, 'શું ઊંચું કરું? ભોગવિલાસો ભોગવ્યા પછી ય વિરાગ જાગતો નથી. નાનાભાઈની સામે માથું ઊંચકીને શું ઊભા રહેવું?'

અંતે દેવેન્દ્રે રાજા નંદિને ઊભા કર્યા. આંખો તો સૂજીને લાલચોળ થઈ ગઈ હતી.

અપરાધીની અદાથી રાજા નંદિ બોલ્યા, 'ભગવન્, આપને મેં ખૂબ હેરાન કર્યા! મારા મોહની ખાતર મેં બે બે વર્ષ સુધી સંસારમાં જકડી રાખ્યા. મને માફ કરો, મને ક્ષમા આપો.

રાજા નંદિ બોલતા જાય છે અને ડૂસકાં નાંખીને રડતા જાય છે.

શ્રમણાર્ય મૌન છે.

એ મૌન રાજા નંદિને વધુ કલ્પાંત કરાવે છે. કાલ સુધી અલકમલકની વાતો કરતા કુમાર વર્ધમાન આજે એક હરફ પણ ઉચ્ચારતા નથી! શું મારો અપરાધ માફ નહિ કરતા હોય! શું હશે?

ચોધાર આંસુનું રાજા નંદિનું એ રુદન પ્રજાજનથી જોયું જાતું નથી. સહુ ફૂફક ફૂફક રડે છે.

રડનારા સહુ છે! આંસુ લૂછનાર એક પણ નથી.

ત્યાં શ્રમણાર્યે પગ ઉપાડ્યો.

આગળ શ્રમણાર્ય, પાછળ રાજા નંદિ, દેવેન્દ્રોનું વૃન્દ! અને એની પાછળ નગરજનો!

શ્રમણાર્ય આગળ વધી રહ્યા છે. રાજા નંદિ વગેરે તમામ લોક દીનહીન વદને પાછળ ને પાછળ ચાલી રહ્યો છે.

પણ ક્યાં સુધી પાછળ ચાલે! મોહરાજને આધીન બનેલા લોકો–પછી ભલે તે રાજા નંદિ હોય કે ગમે તે હોય ક્યાં સુધી વિરાગીનો કેડો પકડે?

રાગી વિરાગીના પંથ ન્યારા!

વિરાગીના ત્યાગે રાગી આનંદ પણ વ્યક્ત ન કરી શકે! રે! ધ્રુસકે ધ્રુસકે રડે! કેમ જાણે કશુંક ખોટું ન થઈ રહ્યું હોય! ખોવાઈ રહ્યું ન હોય!

કેવું સ્વાર્થમય જગત! સહુને પોતાનું સ્વજન જાય છે એનું રુદન છે; પણ શ્રમણાર્યનાં ભાવિ દુઃખોની ભયાનક કલ્પનાઓ કરીને એમની સાથે રહીને સેવા કરવા માટે એક પણ પ્રજાજન તૈયાર થતો નથી! પોતાના સ્વાર્થનાં સુખોને સળગાવવા હિંમત કરી શકતો નથી!

લાખો રડે એ કરતાં એક સાથે જવા તૈયાર થાય તે જ સાચા રાગનું પ્રકટીકરણ નથી શું?

રુદનમાં જ પોતાનો રાગ વ્યક્ત કરી શકાય છે? ના, ના. એ રુદનમાં તો નર્યો દંભ છે અથવા તો કેવળ મોહ છે.

વિરહની વેળા આવી ગઈ. શ્રમણાર્ય થંભી ગયા. સહુને મૂંગું સૂચન થઈ ગયું કે હવે પાછા વળો. મારે ડગ ભરવાં છે.

રાજા નંદિ શું બોલે? બોલવા જેવું કાંઈ હતું જ નહિ. સહુએ હાથ જોડ્યા. વંદના કરી. શ્રમણ ભગવંતે સહુને ધર્મ-લાભ દીધો અને....

અને કોઈ પ્રેમ, કે કોઈ દિલ બતાવ્યા વિના, સ્મિત પણ કર્યા વિના વિશ્વના એ ઉદ્ધારક ધીર–ગંભીર પગલે ચાલી નીકળ્યા.

એકાકી.

એ એકલવીર હતા, એકલે હાથે જ, આપબળે જ એમને કર્મરાજ સાથે સંગ્રામ ખેલી લેવાનો હતો.

શ્રમણાર્યની પીઠ દેખાઈ ત્યાં સુધી રાજા અને અને સમગ્ર પ્રજાજન ઊભા રહ્યા. સહુ રડતા હતા.

યશોદા, પ્રિયદર્શના, જમાલિ, પ્રિયંવદા, સુપાર્શ્વ સહુ સ્તબ્ધ હતાં. દીનમનસ્ક હતાં.

રાજા નંદિ મુક્તકંઠે વિલાપ કરે છે, 'ઓ વીર! આમ એકલો ક્યાં જઈશ? અઘોર જંગલમાં! ત્યાં શું થશે તારું? કોણ ખબરઅંતર લેશે? વાઘવરુનો કેટલો ભય? ભિક્ષા લેવા જતાં અપમાનનો કેટલો ભય? ન મળે તો શું થાય? ટાઢતડકા શી રીતે વેઠીશ? ડાંસ–મચ્છરને શી રીતે ખમીશ?

કદી ઉઘાડા પગે ન ચાલનારો મારો ભાઈ સદા ખુલ્લા પગે ચાલશે ?

રોજ અત્તરના હોજે સ્નાન કરનારો સદા અસ્નાત રહેશે ?

જેની સામે કોઈ આંખ પણ ઊંચી કરે તો ભારે કરી દઉં. તેની ઉપર ડાંસ–મચ્છર બેસીને તેના લોહીની મિજબાની ઉડાવશે ?

પ્રભાતમાં જેને મધુર સરોદે જગાડવામાં આવે એ રાત્રિઓની રાત્રિઓ સુધી ઉજાગરા કરશે ?

કદી ઠંડું–લુખ્ખું ન ખાનાર, ગમે તે ખાઈને ચલાવી લેશે ?

લાખો ભિક્ષુકોને ભિક્ષા દેનાર જાતે ભિક્ષા લેવા નીકળશે ?

સૂર્યની તે શી મજાલ હતી કે તેના અંગને એની અનિચ્છાએ સ્પર્શી શકે ? અને હવે ?સદા સૂર્યસ્નાન લેશે ?

ઓ વીર ! આ શું કર્યું ?

તારું તો ઠીક, પણ મારુંય સઘળું સુખ તારી સાથે ગયું.

વીર ! વીર ! કહીને હવે મારે ઉમળકાભર્યું સંબોધન કોને કરવાનું ?

કોની સાથે બેસીને મીઠી મજાની ગોષ્ઠિઓ કરવાની ? કોની સાથે મારે ભોજન કરવાનું ?

એ રાજમહેલમાં જઈને ય શું કરું ? ભેંકાર ભૂતિયા મહેલથી વધુ હવે એ શું છે ?'

રાજા નંદિ જેમ જેમ ભાવિનો વિચાર કરતા ગયા તેમ તેમ તેમનું માથું વધુ ઘૂમવા લાગ્યું !

આંખે તમ્મર આવ્યા અને ધબ કરતાં જમીન ઉપર પટકાઈ ગયા !

પુનઃ પુનઃ ચૈતન્ય ! પુનઃ પુનઃ મૂર્ચ્છા !

અશ્રુનો અવિરત પ્રવાહ !

નગરજનો ચિંતાતુર થઈ ગયા ! સહુને થયું કે કુમાર વર્ધમાન તો પોતાનું સુખ પામી ગયા પણ રાજા નંદિનું સુખ લેતા ગયા !

કાળ કાળનું કામ કરે છે. કોઈ દી એનો વ્યવહાર થંભી ગયો નથી.

રાજા નંદિની આંખો રડી રડીને સૂઝી ગઈ હતી. યશોદા, પ્રિયદર્શનાની પણ એ જ સ્થિતિ હતી.

મંત્રીમંડળે ખૂબ ખૂબ આશ્વાસન આપ્યું.

રાજા નંદિ વગેરે રથારૂઢ થયા.

ધીમે ધીમે રથ રાજમહેલ ભણી ચાલ્યો.

મોહના કેવા જબ્બર વાવંટોળ વીંઝાય છે!

જે ભાઈની શાંતિ ખાતર બે બે વર્ષ સંસાર–કારાવાસમાં રહેવાની તૈયારી બતાવી તે ભાઈને આજે પણ શાન્તિ તો ન જ મળી.

જ્યાં મોહ ત્યાં શાન્તિ? અશક્ય.

કુમાર વર્ધમાનનો ગૃહાવાસ આજે ભેદાઈ ગયો.

પ્રકૃતિમાં આનંદ આનંદ છાઈ ગયો.

અમારો વિશ્વોદ્ધારક ગૃહાવાસની કાળી કોટડીમાંથી બહાર નીકળ્યો, આનંદો! આનંદો!

ચૌદ રાજલોકમાં પ્રકાશ પ્રકાશ ફેલાઈ ગયો! નારકમાં ય એક ક્ષણના અપૂર્વ સુખની વીજ ઝબૂકી ગઈ!

પણ....બધું ય ક્ષણિક!

કેમ વારું? ગૃહાવાસમાંથી છૂટેલો વિશ્વોદ્ધારક કર્માવાસમાં ફસાયો છે એવી જાણે જાણકારી થવાથી સ્તો?

ઘન ઘાતીકર્મોનો નાશ ન થાય ત્યાં સુધી વિશ્વોદ્ધારક શક્ય નથી.

પ્રચંડ પુરુષાર્થના મહાનલને પ્રગટાવ્યા વિના ઘન ઘાતીકર્મોનાં રજકણોની રાખ બનાવવાનું અશક્ય છે.

ખાતાં પીતાં એની રાખ? અસંભવ.

ઘેર બેઠાં એની રાખ? અસંભવ.

હજી બીજા અતીર્થંકરો માટે તેમ બની શકે. પણ તીર્થંકર દેવો માટે તો એમ ન જ બને. ઘરબાર એમને ત્યાગવાં જ પડે, મોહમાયાનાં આવરણો એમણે ઉતારવાં જ પડે.

રાજા ભરતને ઘરમાં કેવળજ્ઞાન થઈ શકે, પરંતુ કુમાર વર્ધમાનને કદાપિ નહિ.

કેમ! એનો ઉત્તર એક જ છે કે તીર્થંકર દેવનો આત્મા વિશ્વોદ્ધારક બનનાર છે; માત્ર સ્વોદ્ધારક નહિ. વિશ્વના ઉદ્ધારક બનનારે જાતે બાહ્ય આચારનું જીવન પણ જીવવું જ રહ્યું. સહેજ રીતે જ એ એવું જીવન જીવે.

માટે જ કુમાર વર્ધમાન અગાર મટી અણગાર બન્યા.

આજે ન્યૂયોર્ક અને મોસ્કોને આપણે સંભારીએ છીએ પણ એ જાંભક ગામને આપણે યાદ કરતા નથી—જ્યાં ચરમ તીર્થપતિએ ક્ષપકશ્રેણી પ્રગટાવી હતી. શુકલધ્યાનના ચાર પાયા દટાયા હતા અને કેવલી સમુદ્ઘાત કર્યો હતો. એ શ્યામકના ખેતરનું શાલવૃક્ષ કેટલું ભાગ્યશાળી છે કે જેની છાયામાં પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જીવનનું શ્રેષ્ઠ ધ્યેય અને વિશ્વનો અંતિમ હેતુ સિદ્ધ કર્યો. સર્વશ્રેષ્ઠ વસ્તુઓ આ શ્રેષ્ઠ પુણ્યવંતને મળી હતી તેમ તેઓનું કેવળજ્ઞાન પણ શ્રેષ્ઠ છે, કારણ અનંત આત્માઓના કેવળજ્ઞાનનું તે કારણ બની રહે છે.

[૭]

## વિકાસનું મહાભિયાન

કર્માવાસની જંજીરોમાં જકડાયેલો આત્મા વિશ્વોદ્ધારક શી રીતે કરે?

માટે સ્તો વિરાગમૂર્તિ વર્ધમાન હવે પુરુષાર્થમૂર્તિ ભગવાન બને છે.

વિકાસની મહાયાત્રાનો આરંભ નયસારના ભાવથી થયો. વિશ્વના સ્વરૂપનું સાચું દર્શન ત્યાં થયું. મુનિઓના સંગે એની ભાવદરિદ્રતા ભેદાઈ ગઈ.

જડ અને જીવના સ્વરૂપનું સાચું–સંપૂર્ણ–દર્શન થવું એ કાંઈ નાનીસૂની વાત નથી.

અભિમન્યુના કોઠા જેવા ત્યાં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કોઠા છે! એમાં પ્રવેશીને મોહનીય કર્મની અક્ષૌહિણી સેના ઉપર એકલવીર બનીને ભૂખ્યા વરુની જેમ તૂટી પડે છે. પુરુષાર્થવીર આત્મા માર માર કરતો આગળ વધતો જાય છે; ભાવિનો અંતઃકરણનો ત્રીજો કોઠો આગળથી જ સાફ કરતો એ દ્વિમુખી યુદ્ધ આરંભે છે. એકલ હાથે અનંતનો કચ્ચરઘાણ કાઢવો એ નાનીસૂની વાત તો કેમ જ કહેવાય? અને તે ય અન્તર્મુહૂર્તના કાળમાં! આંખના પલકારા જેટલો જ સમય સમજો ને!

અને જ્યાં એ કોઠા ભેદાય કે પેલી સમ્યગ્દર્શનની વિજયમાળા ગળે ઊતરી જ સમજો!

જેની પ્રાપ્તિએ અનંત પુદ્ગલ પરાવર્તકાળનું સંસારભ્રમણ મટી જાય; અનંત મૃત્યુઓ, અનંત રોગો, અનંત ઉપાધિઓ, અનંત ચિચિયારીઓ અને કિકિયારીઓ...અગણિત નારકો અને અગણિત કુત્તા–ગધેડા વગેરેના હીનતમ ભાવો....બધું જ સાફ! બધે જ તાળું!

કેવું પ્રચંડ બળ હશે, એ સમ્યગ્દર્શનનું !

કેવી ધન્ય હશે, એ પળો !

હવે બાકી રહે તો વધુમાં વધુ અર્ધપુદ્ગલ-પરાવર્તનો જ કાળ, અનંતમાંથી અર્ધો જ રહે. બાકીનો બધો ભવભ્રમણ કાળ મટી જાય ! રે ! કોઈક તો ઊહાપોહ કરો ! આ પ્રચંડ સિદ્ધિ ઉપર ! એ સિદ્ધિને આપનારા સમ્યગ્દર્શન ઉપર !

જેને પામેલો જીવ દેવ-ગુરુ-સાધર્મિકનો પરમભક્ત હોય; જેને સંસારનું સુખ અતિભયંકર લાગતું હોય ! સંસારમાં રહેવા છતાં અને એ સુખો ભોગવવા છતાં જેનું અંતર સદા રડતું હોય ! રે એના જેવો મનોદુઃખી સાતમી નરકનો નારક પણ ન હોય !

સદ્ધર્મનો રાગ તો એના રોમેરોમમાં વસ્યો હોય, ધર્મ-શ્રવણની ભૂખની તો જગતની કોઈ પણ ભૂખ સ્પર્ધા ન કરી શકે ! મમ્મણની પૈસાની ભૂખ પણ નહિ !

આ છે; સમ્યગ્દર્શનના પ્રકાશના ચમકારાઓ !

જ્યારે એ પ્રકાશ અંતરમાં ઝબૂકતો હશે ત્યારે શું થતું હશે ? કેવું સંવેદન જાગતું હશે ? કેવો આનંદ અનુભવાતો હશે ? એ તો સઘળું ય કેવલિગમ્ય છે.

પરંતુ એ ચોક્કસ છે કે એ વખતનો આનંદ સર્વોત્કૃષ્ટ આનંદ હશે. એ જીવે ભવચક્રમાં કદી પણ એવો આનંદ ક્યાંય અનુભવ્યો નહિ હોય ! ના, નવમા ગ્રૈવેકયમાં પણ નહિ.

અનન્તના અંધિયારા એક જ સપાટે ફેંકી દે એવો એ પ્રકાશ !

અનન્તકાળની અવળી ગતિના પ્રચંડ વેગોને એક જ આંચકે સવળા કરી દે એવો કડાકો બોલાવે તેવો આંચકો !

પ્રજ્ઞાની સઘળી ભૂલોનો એકરાર કરાવી દે એવી સન્મતિ !

ભયંકર પાપો પણ હસીને કરનારને હવે નાનકડું પાપ પણ ધ્રુજતા કરાવે એવું જબ્બર હૃદયપરિવર્તન !

જીવનવિકાસનાં કયા કયાં બીજ નથી સમાયાં; આ સમ્યગ્દશર્નની પ્રાપ્તિમાં ?

કુંડલીનું ઉત્થાન તે આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં તો નહિ સમાયું હોય ને !

સમાધિની મૂર્છા અહીં જ હશે શું ?

અગમનિગમની આ વાતોમાં તો કલ્પના કરતાં ય કંપ થાય છે. રખે, ક્યાંય અસંગત ચિત્રામણ થઈ જાય !

નયસારને આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી. વિકાસની યાત્રાનું મંગળ પ્રયાણ ત્યાં આરંભાયું હતું.

પણ મનમાં એક પ્રશ્ન જાગે છે કે આ નયાસાર ! ભાવિ તીર્થંકરનો આત્મા ! એને આવું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય પછી અસંખ્યકાળ સુધી ભવભ્રમણ ઊભું જ કેમ રહે ? બેશક, અનંતકાળનું ય ભવભ્રમણ સંભવે છે, ત્યાં અસંખ્યકાળના ભવભ્રમણમાં આશ્ચર્ય શું ? એમ કહી શકાય. પરંતુ આ તો તીર્થપતિનો આત્મા છે. વળી એ ભવભ્રમણમાં એમણે કેવી ભયાનક ભૂલો કરી છે ?

ભગવાન આદિનાથના પૌત્ર–મરીચિ થઈને શિથિલાચારી સાધુ બન્યા ! ત્રિદંડીનો મિથ્યા પંથ ચલાવવામાં નિમિત્ત બન્યા !

ગોત્રનો મદ કરીને એવું નિકાચિત નીચ ગોત્ર બાંધ્યું કે જે પચ્ચીસમા ભવની ઘોર સાધનાની પ્રચંડ આગમાં ય બળીને ખાખ ન થઈ શક્યું !

ઉત્સૂત્રભાષણ કરીને અઘોર સંસારનું સર્જન કર્યું !

ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં કેવો ભયાનક કષાય જાગ્યો કે ધગધગતો સીસાનો રસ જીવતા માણસના કાનમાં રેડાવી દીધો ! તે ય નાનકડી ભૂલમાં !

અને પેલા સિંહને ઊભો ને ઊભો ચીરી નાખ્યો ! કેવું આસુરી બળ !

કર્મરાજે પણ આ અપરાધોની સજા કરવામાં બાકી ન રાખી. તીર્થપતિનો આત્મા હોય તેથી શું ? અપરાધી બધા તેને મન સમાન હોય છે ! એક વાર તો ઝીંક્યા ચોથી નારકમાં અને

એક વાર સાતમી નારકની કાળમુખી કુંભીઓમાં! અને એ સિવાય અસંખ્ય ભવોના વર્ણવ્યા ન જાય તેવાં ભયાનક દુઃખો તો વધારામાં!

સમ્યગ્દર્શન પામ્યા પછી પણ આવી ભૂલો ય થઈ જાય ખરી? જરૂર, સમ્યગ્દર્શનના અસંખ્ય આકર્ષ હોય છે. એટલે કે એ અસંખ્ય વાર આવે અને ચાલ્યું જાય. એટલે જ્યારે એ સમ્યગ્દર્શન ચાલ્યું ગયું હોય તે કાળમાં આવી ભૂલો થઈ જતી હશે. પરંતુ સમ્યગ્દર્શનના ચમકારા જ્યાં ઝબકી ગયા ત્યાં કોઈ પણ અવસ્થામાં આવી ભૂલો કેમ સંભવે? અને તે ય તીર્થપતિના આત્મા માટે તો ગજબની બાબત ન કહેવાય?

ભગવાન શાસ્ત્રકારો આ કોયડાનો એક જ ઉકેલ આપે છે. તેઓ કહે છે, જીવની કર્મપરિણતિ ખૂબ વિચિત્ર હોય છે. ગમે ત્યારે ગમે તે બની બેસે એવું કર્મવશ જીવ માટે સુસંભવિત છે.

આશ્ચર્ય તો કર્મવશ જીવો ધર્મ કરી શકે ત્યાં જ છે. પાપ કરે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

કર્મપરિણતિઓની વિષમતાને નજરમાં રાખવામાં આવે તો ગમે તેવા કર્માપરાધી જીવ પ્રત્યે સમત્વભાવ જાળવવામાં જરાય મુશ્કેલી ન પડે.

અવળા પુરુષાર્થે નયસારનાં જીવનોને જીવલેણ આઘાત પ્રત્યાઘાતો પહોંચાડ્યા.

ઠેઠ નંદન રાજકુમારના જીવનમાં એ પુરુષાર્થે સવળી ગતિ પકડી.

વિકાસની મહાયાત્રાનો ઊગમ સમ્યગ્દર્શનથી થયો અને એ મહાયાત્રાએ જીવનમાં સર્વવિરતિ પામવા દ્વારા ભવ્ય ગતિ પકડી.

વિકાસની મહાયાત્રાની ટોચ પામવા માટે હવે ત્રણ જ જીવન બાકી રહ્યાં હતાં.

એક નંદનઋષિ તરીકેનો, બીજો દશમા દેવાવાસના દેવાત્મા

તરીકેનો અને ત્રીજો વિશ્વોદ્ધારક ભગવાન મહાવીર તરીકેનો.

એ અંતિમ ભવમાં પુરુષાર્થનો જે પ્રચંડ મહાનલ પ્રગટ્યો એની નાનકડી ચિનગારી તો નંદન રાજકુમારના જીવનકાળમાં જ પ્રગટી ચૂકી હતી. નંદન, રાજકુમાર મટીને મુનિ બને છે. એક લાખ વર્ષ સુધી માસક્ષપણને પારણે માસક્ષપણની ઘોર સાધના કરે છે. વીશ સ્થાનક તપનું ભવ્ય આરાધના કરે છે.

પુરુષાર્થની આ ચિનગારી પછી ક્યારેય શાંત પડી નથી. એ ચિનગારીમાંથી ચણગો બન્યો; ચણગામાંથી અંગારો બન્યો; અંગારામાંથી અનલ બન્યો, અનલ મહાનલ બન્યો, સર્વ ઘાતીકર્મોને ભસ્મસાત્ કરીને જ જંપ્યો.

સમ્યગ્દર્શન સરાગસંયમમાં પરિણામ પામ્યું. એ સરાગસંયમ અંતે વીતરાગચારિત્રમાં પરિણામ પામ્યું.

કુમાર વર્ધમાને એ વીતરાગચારિત્ર પ્રગટ કરવા રાજમહેલ ત્યાગ્યો; મોટાભાઈને ત્યાગ્યા; પ્રિયતમા યશોદાને ત્યાગી; સઘળું ય ત્યાગ્યું.

જે અગાર (ઘર) ત્યાગે તે બધું જ ત્યાગે છે. કંચન-કામિની કુટુંબ-અને કાયાની મમતા, સ્વજનો અને પરજનો— બધું ય અગાર વિના શી રીતે નભે? સંભવે? ટકે? જે અગાર વિનાનો થયો, એ બધા વિનાનો જ થઈ ગયો. પછી બીજા બધા ત્યાગની વાત કહેવી ન પડે. અગારના ત્યાગમાં બધાયના ત્યાગ આવી જ જાય.

માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું કે કુમાર વર્ધમાન અગાર મટીને અણગાર થયા.

ચાલો, હવે પુરુષાર્થની એ ભવ્ય પ્રતિમાનું દર્શન કરીએ. કર્મરાજ સાથેનો ભીષણ સંગ્રામ નિહાળીએ. વિજયશ્રી વરતાં શ્રમણાર્યનાં મંગલમય દર્શન કરીએ.

*

[૮]

## પુરુષાર્થમૂર્તિ

શ્રમણાર્યે મહેલ છોડચો. નગર મૂક્યું. અશોકવાટિકા મૂકી. નગરનો સીમાડો મૂકયો. બધું ય મૂક્યું,

બધાએ એમને મૂકયા. એકલા મોકલ્યા! એકલા જવા દીધા; વન તરફ!

એક, બે નહિ, બધા ય શ્રમણાર્યની સાથે જઈ શકતા હતા, પરંતુ મોહરાજે દરેકના પગમાં જંજીરો નાંખી દીધી હતી. એક ડગ પણ આગળ કોઈ ચસકી શકે તેમ ન હતું.

કેમ આમ કર્યું ? એ જ જોવાનું છે હવે. જે કુમાર વર્ધમાન રાજમહેલમાં સંપૂર્ણ રીતે સુરક્ષિત હતા સૈનિકોથી અને ઉદિતોદિત પુણ્યબળથી.

તે શ્રમણાર્ય બન્યા એટલે સૈનિકો તો ગયા પણ કુમારની સાચી સુરક્ષા કરતું પુણ્યકર્મ પણ ખસ્યું? ના, શ્રમણાર્યે જ જાણે એને દૂર મૂક્યું અને એકલા પંડે એ એકલવીરે કર્મરાજ સાથેના હિસાબ ચોખ્ખા કરી દેવા કમ્મર કસી! કર્મરાજને એમણે આહ્વાન કર્યું : 'ચાલ આવી જા સામસામો—તારા—મારા હિસાબ હવે ચોખ્ખા કરી નાખીએ.'

અને....કર્મરાજે એ આહ્વાન ઝીલી લીધું! ભીષણ સંગ્રામ આરંભાઈ ગયો! એકેકથી ચડી જાય એવાં ભયાનક શસ્ત્રો સંગ્રામમાં ઊતરતાં જાય છે.

અહીં રૂપવતી સુંદરીઓ પણ શસ્ત્રો તરીકે ઉપયોગી બને છે અને કટપૂતના જેવી વ્યન્તરીઓ પણ ઊતરે છે. અનુકૂળ શસ્ત્રો પોતાના જીવલેણ દાવો સિફતથી અજમાવે છે. પ્રતિકૂળ શસ્ત્રો ભયાનક ઝનૂન સાથે તૂટી પડે છે.

જાતજાતના—સજીવ અને નિર્જીવ—અનુકૂળ અને પ્રતિકૂળ —શસ્ત્રો કર્મરાજના વિરાટ શસ્ત્રાગારમાં પડયાં છે.

શ્રમણાર્ય પાસે એક જ શસ્ત્ર છે, ક્ષમાનું! કોઈ પણ શસ્ત્ર આવો, શ્રમણાર્ય ક્ષમાનું એક જ શસ્ત્ર ઝાલી રાખે છે, સંગ્રામ ખેલતા રહે છે, અને આશ્ચર્ય! કે કર્મરાજના તમામ મિગ–મિસાઈલો, રોકેટો, એટમબોમ્બ કે હાઈડ્રોજમ બોમ્બ; બધા જ નિષ્ફળ જતા જાય છે. જંતુયુદ્ધ પણ નિષ્ફળ ગયું, વિષયુદ્ધ પણ કાયર નીકળ્યું, એની પેટર્ન ટેન્કો કે શર્મન ટેન્કો, એનું હવાઈ-યુદ્ધ કે નૌકાયુદ્ધ બધાયના ભુક્કા બોલાતા ગયા!

શ્રમણાર્યનું એક જ શસ્ત્ર હતું ક્ષમા.

એક જ યુદ્ધનીતિ હતી—ઉપશમથી જીતો! આ સિવાયનું બીજું શસ્ત્ર ન હતું! બીજી કોઈ યુદ્ધનીતિ ન હતી.

મારનારને મારવાની તાકાત શું ન હતી, તેમનામાં? રે કેવો બેવકૂફીભર્યો પ્રશ્ન!

બાળવયમાં નિષ્પ્રકમ્પ મેરુને ધ્રુજાવી નાખનારમાં કાયરતાની કલ્પના? શાન્તં પાપમ્!

ધારત તો એ સમવીર કર્મરાજનાં તમામ શસ્ત્રના એક જ પળમાં ચૂરેચૂરા કરી નાખત! મહાકાય રાક્ષસોને મૂઠીમાં ચોળી નાખત! બિચારી સુંદરીઓ અને વ્યન્તરીઓ તો એની પાસે મગતરી હતી; મગતરી!

પણ આ યુદ્ધ જ ન્યારું હતું! યુદ્ધ લડનારો ય ન્યારો હતો! જે યુદ્ધમાં મરતા શત્રુના લોહીના કણકણમાંથી લાખ લાખ નવા શત્રુઓ ઊભા થાય અને એ રીતે જેનો અંત જ ન આવે તેવા યુદ્ધને એકલવીર યુદ્ધ જ કહેતો નહિ. એનું તો કહેવું હતું યુદ્ધ એક જ વાર એવું કરી નાખો કે જે જોરમાં ખેલાઈ જાય. જેમાં શત્રુનો સર્વનાશ બોલાઈ જાય. જેનો અંત ઝટ આવી જાય.

આવા યુદ્ધની સફળતા માટે આ રણવીરે ક્ષમાનું શસ્ત્ર શોધી કાઢ્યું હતું.

મારનારને ક્રોધથી મારવામાં તે પુરુષાર્થ કેવો ? એ પુરુષાર્થ ગણાતો હોય તો ય જંગલી પુરુષાર્થ કહેવાય.

મારનારને ક્ષમાથી ફટકારવો એ જ સાચો પુરુષાર્થ છે; એ જ સાત્ત્વિક પુરુષાર્થ છે. સૌથી મહાન અને સૌથી કઠિન પુરુષાર્થ આ જ છે. લગાતાર સાડા બાર વર્ષ સુધી આ સંગ્રામ ખેલાયો.

કર્મરાજે કશું જ કરવામાં બાકી ન રાખ્યું. નીતિ-અનીતિના કાયદા કાનૂનોને ફગાવીને એણે સઘળા કાવાદાવા અજમાવી નાખ્યા. પહાડના પાષાણોને ય ધ્રુજાવી મૂકે એવા ઝનૂની અને સાવ જંગાલિયતભર્યા હુમલા કરવામાં ય એણે જરા ય પાછી પાની ન કરી.

શ્રમણાર્યના પગે આગ લગાડી ! ભૂખ્યા સર્પો, અજગરો અને નોળિયાને છૂટા મૂક્યા !

જંગલી હાથીઓને દોડાવ્યા ! સૂંઢમાં પકડી ઊંચે આભમાં ઉછાળ્યા અને નીચે ધરતી ઉપર પટક્યા !

ભયંકર વાઘવરુઓને જીવતા ચાવી નાખવા મોકલ્યા !

શૂળીએ ચડાવ્યા !

કૂવામાં ઉતાર્યા !

પ્રચંડ આગ વેરતા ચંડકૌશિકને ય મોકલ્યો.

રે ! સુરાધમ સંગમને ઉપરથી બોલાવ્યો ! અને બધું જ કરી નાખવાની સત્તા આપી ! એણે વિતાડવામાં કાંઈ જ બાકી ન રાખી ! છતાં ફાવટ ન આવી. હાર ઉપર હાર સજ્જડ હાર થતી જ ચાલી, એટલે અંતે ચોમેર અંગારા વરસાવતું કાળચક્ર છોડાવ્યું ! અધમાધમ સંગમે—કર્મરાજના અદના ગુલામે—અભવ્યાત્માએ કાળચક્ર છોડયું પણ ખરું ! શ્રમણાર્યને ભયાનક ફટકો લાગ્યો ! એના ધક્કાએ એ ધરતીમાં ઊતરી ગયા ! પણ....પણ મનને તો લેશ પણ ધક્કો વાગ્યો ન હતો !

હવે શું કરે કર્મરાજ! એ ધૂંઆફૂંઆ થઈ ગયો! હાર્યો જુગારી બમણું રમે! એણે રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાનાં કરુણ રુદન સંભળાવ્યાં! 'દીકરા! ઘેર પાછો ચાલ.' કઠોરતા જ્યાં હારે છે ત્યાં પ્રેમ અને કરુણાનાં ગીત જીતે છે! પણ આ દાવે ય નિષ્ફળ ગયો!

ગોવાળિયાને મોકલ્યા! કાનમાં ખીલા માર્યા! પણ બધું નિષ્ફળ!

ખરક વૈદ્યને મોકલ્યો. ખીલા ખેંચાવીને ભયાનક ત્રાસ આપીને નમાવી દેવા! કર્મરાજનું આ હવે છેલ્લું કહી શકાય તેવું–ભયંકર શસ્ત્ર હતું.

ખીલા ખેંચાતા ભયાનક વેદના થઈ! ચીસ પડી ગઈ! સારી જીવસૃષ્ટિ ધ્રુજી ઊઠી! અહીં કર્મરાજે પોતાનો વિજય કલ્પ્યો! પણ એ કલ્પના ઠગારી નીવડી. ચીસ તો દેહે પાડી હતી. આત્મા તો 'પ્રકાશ'ની બૂમો પાડતો મસ્તરામ જણાયો! ત્યારે હવે સંધિ કરી લેવીને કર્મરાજે? સંધિ તો કોઈને કરવી જ ન હતી. વિજય એ જ એનું લક્ષ્ય હતું.

અને અંતે....

મરણિયા જંગ ખેલતો કર્મરાજ કેસરિયા કરીને તૂટી પડ્યો.

છેલ્લો ફટકો મારી દઈને ઘાતીકર્મનો છેલ્લામાં છેલ્લો સૈનિક લોહી વમતો ધરતી ઉપર ઢાળી નાખ્યો; પુરુષાર્થમૂર્તિએ!

ભયાનક સંગ્રામનો અંત આવી ગયો! 'પ્રકાશ' 'પ્રકાશ'ની બૂમ સફળ બની. શ્રમણાર્ય કેવળજ્ઞાનનો અનંત પ્રકાશ પામી ગયા!

ક્ષમાના શસ્ત્રથી ખેલાઈ ગયેલા સાડા બાર વર્ષના આ તાતા પુરુષાર્થ જંગને સહુ જોઈ રહ્યા હતા, દેવો અને દેવેન્દ્રો–બધા ય.

વિજયશ્રી વરતા શ્રમણાર્યને જોઈને સહુ નીચે દોડી આવ્યા! આનંદના ભાવાવેગમાં સહુ પાગલ બન્યા. નાચગાન આરંભાઈ ગયાં!

પ્રકૃતિ પણ આનાથી બકાત ન હતી. આનંદમાં આવી જઈ ને એણે ચૌદે રાજલોકમાં પ્રકાશ પ્રકાશ પાથરી દીધો. નરકના જીવોને પણ ક્ષણનું અપૂર્વ સુખ મળ્યું !

શ્રમણાર્યનો ઘાતીકર્માવાસ ભેદાઈ ગયો.

શ્રમણાર્ય વીતરાગપદ પામ્યા ! વીતરાગ-ચારિત્ર્યના સ્વામી ભગવાન મહાવીર બન્યા.

વૈશાખ સુદ દશમીની એ રાત ધન્ય બની ગઈ! પરમાત્માના આત્મામાં પ્રકાશ પથરાયો ! ઋજુવાલિકા નદીનો કિનારો પવિત્ર બની ગયો ! એ તીર્થધામ બન્યો ! નારકના અંધકારમાં પ્રકાશનો લીસોટો પડ્યો ! દશમીની એ રાત્રિને દેવોએ પ્રકાશમય બનાવી દીધી !

'પ્રકાશ' 'પ્રકાશ'ની બૂમે કેટલાયને પ્રકાશ આપ્યો !

હજી તો કેટલાયના અંતરમાં પ્રકાશ પાથરતો રહેશે !

> આત્મસૌન્દર્યની ઝલક ઝાંખી ભગવાન મહાવીરના જીવન-પ્રસંગોના સ્વાધ્યાયમાંથી આવે છે. ભ. મહાવીરના જીવનની કથા આપણા આત્માની અનંત શક્તિઓ અને અમર્યાદ સૌંદર્યનું ભાન કરાવે છે. ભ. મહાવીરનું નામ માત્ર આત્માનું આત્મા સાથે આત્માનુસંધાન કરાવે છે. પછી આપણી અર્થવાસના, કામવાસનાનું ઊર્ધ્વીકરણ થાય છે. આપણો ચેતનનો કોઈ ઊર્ધ્વ ઘરમાં મંગલ-પ્રવેશ થાય છે—જ્યાં ભય નથી, ઉદ્વેગ નથી, પરાજય નથી; છે માત્ર વિજય–બીજના ચંદ્ર જેમ વિસ્તરતો આત્મોન્નતિના ક્ષેત્રે સર્વત્ર દિગ્વિજય. ભ. મહાવીરનું જીવન આવા સતત વિસ્તરતા વિજયનું જ મંગલસ્તોત્ર છે. આથી જ તો તેમનું નામ વર્ધમાન હતું.

[૯]

# કરુણામૂર્તિ

સંપૂર્ણ વિશ્વને અવલોકતા પરમાત્માના એ પ્રકાશની જનેતા કોણ? જરા તપાસી લઈએ.

અનંતના યાત્રીના એ અંતરમાં કરુણાની જ્યોત તો સદા ઝળકતી હતી. પરંતુ પચ્ચીસમા નંદન રાજકુમારના ભવમાં એ જ્યોત જોર જોરથી ઊછળવા લાગી હતી.

કર્મે કરેલી જીવોની ખાનાખરાબી જોઈને એનો આત્મા કકળી ઊઠ્યો, રડી પડ્યો.

આ ગુલામી! આવી આંતરસમૃદ્ધિની આવી પાયમાલી! આટલી બધી દીનતા! રમા, રામા અને રસનાનાં આભાષિક સુખોની આવી કાળઝાળ ભૂખ! સદાના તૃપ્ત જીવને!

અનંતના સુખનો કેવો કારમો કૃત્રિમ દુકાળ પડ્યો કે જીવ ગમે તેને સુખ માનીને તેની ઉપર તરાપ મારે છે, ઝડપી લેવા; વિલંબ થાય તો બીજો હડપ કરી જાય એ ભયથી.

અજન્માના જન્મ જોઈને, અજરના ઘડપણ જોઈને અમરના મરણ જોઈને મોંમાં આંગળી નાખી દે છે અનંતનો એ યાત્રી!

અશરણતા! પાર વિનાની!

પરાધીનતા! કોઈ સુમાર નહિ!

દીનતા! અંત જ નહિ.

પ્રકાશનું નામ નહિ! અંધકારનું જ એકછત્રી સામ્રાજ્ય! જીવ જેવા જીવને સાવ જડ જેવો બનાવી નાખ્યો, કર્મરાજે!

ઓહ! અફસોસ!

મારા જ ભાઈભાંડુની આ દશા મારાથી જોઈ જાતી નથી!

કોઈ નિગોદમાં, કોઈ કીડીના દેહમાં, કોઈ ધોબીના ગધેડાના ખોળિયે ! કોઈ પૂંછડી પટપટાવતા કૂતરાના જન્મારે ! કોઈ નારકની કુંભીમાં ! કોઈ દેવીની પાછળ પાગલ બનતા દેવના દેહમાં !

કેવી કરુણ દશા !

કરુણાની જ્યોત જોર જોરથી ઊછળતી રહી.

તો હવે શું કરવું ?

જાતને અને જગતને આ બરબાદીમાંથી તારવા માટે એક જ રસ્તો છે, સર્વસંગત્યાગી થવું; ઘોર સાધના કરીને કર્મોની સત્તાને આત્મા ઉપરથી નેસ્તનાબૂદ કરવી. કેવળજ્ઞાનનો પ્રકાશ મેળવી લેવો અને સુખદુઃખનાં કારણો જાણી લેવાં. બસ, પછી જગતને જ્ઞાન આપવું.

અને....નંદન રાજકુમાર નંદન ઋષિ બન્યા, સર્વ–જીવને શાસનરસી બનાવવાની અપૂર્વ કરુણા ભાવનાએ તીર્થંકર નામ-કર્મની દેન કરી.

અંતિમ ભવના સાડા બાર વર્ષના તાતા પુરુષાર્થ-કાળમાં એ કરુણા જ્યાં ને ત્યાં પ્રગટ દર્શન દેતી જ રહી.

પેલો શૂલપાણિ યક્ષ ! એના મંદિરમાં કરુણા પ્રભુને મોકલ્યા ! જાઓ–જાઓ. શ્રમણાર્ય ! પાપાત્માને ઉગારો ! ખૂબ જ દયાપાત્ર એ જીવ છે ! બિચારો કર્મના ફંદે ચડશે તો એનું ભાવિ કેટલું ધૂંધળું બની જશે ? જાઓ, અવશ્ય જાઓ.

લોકોના વારવા છતાં શ્રમણાર્ય ગયા. આખી રાત તોફાન મચ્યું. ભયાનક ઉપસર્ગોની ઝડી વરસી, મૈયારી ! એ વિકરાળ પશુના દર્શને જ રામશરણ થઈ જવાય.

અંતે થાકયો; એ શૂલપાણિ !

પ્રગટ થયો. પગે પડયો.

જાણે કે પ્રભુ મૌનભાવે શૂલપાણિને પૂછી રહ્યા છે, 'અલ્યા, શૂલપાણિ કહેતો ખરો કે કોણ મહાન ? દેવ કે પશુ ?

શૂલપાણિ! પૂર્વે પશુના ભવમાં માનવતાને છાજે તેવું સત્કૃત્ય તેં કર્યું; અને આ દેવના પશુમાં પશુને ય ન છાજે તેવું કૃત્ય તું આચરી રહ્યો છે?'

જ્યાં જ્યાં આગ જોઈ, ત્યાં ત્યાં પ્રભુ દોડયા, કરુણાનાં જળ લઈને. હૃદયમાં કરુણા ભરીને. આંખોમાં કરુણા ભરીને. રોમરોમમાં કરુણા ભરીને.

આગ અને પાણી વચ્ચે અનાદિકાળથી એક મોટો ઝઘડો ચાલ્યો આવે છે. બે ય પોતાને એકબીજાથી અધિક બલી માને છે. પાણી કહે છે, 'બળ જગતમાં મારું છે. સહુની તૃષા હું છીપાવું; સહુના મેલ મારા પુનિત સ્પર્શે જાય! સહુ મને પગે લાગે.'

અગ્નિ કહે છે: 'દેવ તરીકે મારી પૂજા થાય છે, સુવર્ણની પણ શુદ્ધિ કરું છું. મારા વિના પ્રકાશનું કોઈ અસ્તિત્વ જ નથી.'

પાણી કહે છે: 'પણ ગમે તેવી આગને હું ઠારી શકું.... આગનું અસ્તિત્વ નિર્મૂળ કરી નાખું.'

આગ કહે છે: 'પણ પાણીને તો હું કયાંય સફાચટ કરી નાખું. વડવાનળને જેણે હોય તેને આ વાત કહેવી ન પડે હોં!'

બેમાંથી એકે નમતું જોખતું નથી.

ક્રોધ એ ય એક આગ છે.

પ્રેમ, ક્ષમા, કરુણા એ એક પાણી છે.

જગત ઉપર ક્રોધનું મહત્ત્વ અંકિત થયું છે.

પ્રભુ પ્રેમ-કરુણાના મહત્ત્વને સ્થાપવા માગે છે.

માટે જ જ્યાં જ્યાં આગો ભભૂકી ત્યાં ત્યાં પ્રભુ દોડયા, પ્રેમના-કરુણાના જળબંબા લઈને.

તેમણે શૂલપાણિની આગ ઠારી નાખી. વળી ખબર પડી કે એક ભયાનક આગ ભડભડ જલી રહી છે. આખા ય વનને એણે બાળીને ખાખ કરી દીધું છે. કોઈ ત્યાં જઈ શકે તેમ નથી. એ આગ વસી છે; ચંડકૌશિક નામના નાગના અંતરમાં. એની આંખમાં....

બસ....કરુણામૂર્તિ ઊપડયા

આગ અને પાણી સામસામા આવી ગયા. ઘણા ઉધામા કર્યા, ઘણા ઉચાળા ભર્યા, ઘણું તોફાન કર્યું; એ આગે! પણ નિષ્ફળ! કરુણાના જળ ઊછળી ઊછળીને પડતા હતા આગ ઉપર.

ભારે તુમુલ જામ્યું.

અંતે આગનો પરાજય થયો; આગનો વિનાશ થયો! કરુણા હસતી હસતી પેસી ગઈ; ચંડકૌશિકના અંતરમાં. કૌશિકની આંખોમાં.

એથીસ્તો વજ્રમુખી કીડીઓનું સૈન્ય આવ્યું આગ લઈને યુદ્ધ કરવા, ત્યારે કરુણામૂર્તિના અઠંગ શિષ્ય કોશિકે પણ કરુણાનો જળબંબાકાર કરી દીધો. ફરી કરુણાનો વિજય થયો. કૌશિકના ૧૫ દિવસના અનશનમાં ચિત્તમાં વિષમતા ન જાગી જાય એ માટે તો કરુણામૂર્તિ ત્યાં જ ૧૫ દિવસ સુધી ઊભા રહ્યા!

કરુણામૂર્તિનું આ જ કાર્ય હતું. આગ નાબૂદ કરવી. જળની પરબો સ્થાપવી. જળનું સામ્રાજ્ય વિસ્તારવું.

આ તો શું? પણ પેલા સંગમની આગ તો કેટલી ભયાનક હતી? પણ ત્યાં ય કાંઈ ઓછો મુકાબલો કર્યો હતો; આ કરુણા-મૂર્તિના જળના સમૂહે?

ગાજવીજ સાથે તૂટી પડી હતી એ આગ, જળનો સંપૂર્ણ કોળિયો કરી લેવાસ્તો!

પરંતુ કોળિયો જ આગ બની ગઈ. એને શાન્ત થવું જ પડયું! કમને પણ એને દબાવું તો પડયું જ.

અને એ મુકાબલામાં તો કમાલ કરી છે; કારુણ્યમૂર્તિના પાણીએ. અંતરના જળ આંખે આવી ઊભરાયાં!

નિરાશ થઈને દબાયેલી–કચડાઈને હારેલી આગ જ્યારે પાછી ફરતી હતી ત્યારે કરુણામૂર્તિના અંતરને એમ થઈ ગયું કે ઓહો!

આ આગ ક્યાં ક્યાં જશે? કેટકેટલી આગો જન્માવશે? જ્યાં જશે ત્યાં આગો ફેલાવશે? શું થશે એનું?

આગના મુકાબલામાં મારો તો વિજય થયો. મારા વિજયમાં એણે આમ ઉપકાર કર્યો. પણ મારા ઉપકારીની ઉપર હું ઉપકાર ન કરી શક્યો. એણે તો મારું નિમિત્ત પામીને કારમો પરાજય જ વહોર્યો!

કરુણામૂર્તિએ સદા જળ-છંટકાવ કર્યાં! કરુણાના! પેલા ગોશાળાને ય બચાવવા ઠંડી શીતલેશ્યા મૂકી, તે કરુણાનું જળ જ હતું કે બીજું કાંઈ!

પૂર્વના ત્રીજા ભવનાં કરુણા જળ, ૧૨ાા વર્ષની ઘોર તપશ્ચર્યા સાથે ભયાનક આગોના લબકારા વચ્ચે વરસતા જ રહ્યા.

વૈશાખ સુદ દશમીની મધ્યરાત્રિએ પુરુષાર્થમૂર્તિ પરમાત્માની કરુણા આત્મસાત્ થઈ. જીવો પ્રત્યેના રાગભાવસ્વરૂપ કરુણા વીતરાગભાવમાં ન સંભવે. એ આત્મસ્વભાવ બની જાય.

કર્મના ઘરની રાગસ્વરૂપ કરુણા કરતાં આત્માના ઘરની આત્મસ્વભાવસ્વરૂપ કરુણા વચ્ચે કેવા અંતર હશે એ તો ભગવાન સીમંધરસ્વામી જાણે!

અનંતશઃ વંદન હો એ વિરાગમૂર્તિ દેવાત્માને! કુમાર વર્ધમાનને!

અનંતશઃ વંદન હો એ પુરુષાર્થમૂર્તિ શ્રમણાર્યને!

અનંતશઃ વંદન હો એ કરુણામૂર્તિ ભગવાન મહાવીરને!

સુખમાં અલીનમના બનાવનાર, દુઃખમાં અદીનમના બનાવનાર ઓ વિરાગ! તને વંદન હો!

ઘાતીકર્મોનો સર્વનાશ નોતરનાર ઓ પુરુષાર્થ! તને અમારા અંતરના પ્રમાણ!

તીર્થંકરત્વની જનની કરુણા! તને અમારા ખૂબ ખૂબ નમસ્કાર!

*

[૧૦]

## પરાર્થમૂર્તિ

શ્રમણ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું.

સરાગભાવની કરુણા નિવૃત્ત થઈ. સહજભાવની કરુણાને પ્રગટ થવા દઈને.

હવે એ સહજ કરુણા જ સહજ પરાર્થ સાધતી રહે છે.

પરમાત્મા પરાર્થનું મૂર્તિમાન સ્વરૂપ બને છે. ઘાતીકર્માવાસ જરૂર ભેદાઈ ગયો, પણ અઘાતીકર્મો જ્યાં સુધી ગયાં નથી ત્યાં સુધી જીવનો સંસારપર્યાય જાય અને સિદ્ધત્વ પર્યાયનો આવિર્ભાવ થાય એ શક્ય નથી.

સંસારવાસને ભેદવા અઘાતીકર્મોનો વિનાશ આવશ્યક છે.

એથી એ કર્મોના વિનાશ માટે પરમાત્મા દેશના દે છે. સમવસરણમાં બેસે છે. દેવોની સેવા સ્વીકારે છે, ભોજનાદિ પણ કરે છે.

તીર્થંકર નામકર્મનો વિનાશ આ રીતે જ શક્ય છે.

પણ આ દેશના દાન વગેરે પ્રવૃત્તિમાં સ્વાર્થનું લક્ષ્ય છતાં પરાર્થ તો સહજ રીતે જ થતો રહે છે.

મુખ્ય ભલે સ્વાર્થ હોય પણ પ્રથમ તો પરાર્થ જ છે.

માટે જ પરમાત્માને આપણે પરાર્થમૂર્તિ કહીએ છીએ!

પરાર્થની આ અખંડ પ્રતિમા વિશ્વના ખૂણે ખૂણે ભમી છે, પરાર્થમૂર્તિની એ અવિનાશી જ્યોત અગણિત આત્માઓના અતલ ઊંડાણમાં પેસી જઈને ત્યાંના અનંત અંધિયાર ને ઉલેચી આવી છે. બુઝાયેલા લાખ્ખો દીપકોને એણે પોતાના પાવક સ્પર્શમાત્રથી પ્રગટાવી દીધા છે!

ભવ્ય ગૌરવગાથાઓનું આ જ્યોતે સર્જન કર્યું છે.

દિવ્યાત્માનાં ગીત આ જ્યોતની વિરાટ પ્રભામાં બેસીને લોકોએ લલકાર્યાં છે.

એણે પાપાત્માઓનાં પાપ બાળ્યાં છે.

દુઃખીઓનાં દુઃખ જલાવી દીધાં છે.

અજ્ઞાનીઓનાં અજ્ઞાન ઉલેચી નાખ્યાં છે.

એ જ્યોતે જગતને સુખ અને શાન્તિ આપ્યાં છે.

સન્મતિ અને સદ્‌ગતિ આપ્યાં છે.

સન્માર્ગ અને સૌજન્યનાં દાન કર્યાં છે.

પરાર્થની એ ભવ્યજ્યોતે મગધરાજ શ્રેણિકને તીર્થંકરપદનું મહાદાન કર્યું છે; સદ્દાલપુત્રને પરમાર્હત્ બનાવ્યો છે; નંદિષેણનાં પાપ પખાળ્યાં છે; કુમાર મેઘના જીવનનો કરુણફેજ થતો અટકાવ્યો છે.

એણે મહાશતકને ઉત્પથથી સત્પથગામી બનાવ્યા છે. સુદર્શનને જગતનું સાચું દર્શન કરાવતી અંતરંગ આંખો આપી છે. મહારાજા ચેટકને મહા અહિંસક બનાવ્યા છે. દશાર્ણભદ્રનો ગર્વ ઉતાર્યો છે. પુણિયા શ્રાવકને સાધર્મિકોનો ભક્ત બનાવ્યો છે; સિંહ અણગારને દેવગુરુના મહારાગી બનાવ્યા છે, ઇન્દ્રભૂતિ ગૌતમ, અહંકારના પર્વતથી હેઠા ઉતાર્યા છે. ધન્ના અણગારને તપના ભવ્ય સૌંદર્યની ભેટ ધરી છે, બાળ આઇમુત્તાને કૈવલ્યરત્ન રમતમાં આપી દીધું છે.

વિશ્વના ખૂણે ખૂણે ઘૂમતી આ પરાર્થજ્યોતે તો જગત ઉપર ભવ્ય ઇતિહાસોનાં નિર્માણ કર્યાં છે.

એ જ્યોતનો એવો તે કયો પનોતો મહિમા હશે કે જેને એ સ્પર્શે તેનું એ અચૂક કલ્યાણ સાધે? શું જાગી જતું હશે એ બધાનાં અંતરોમાં! શી એમની માનસી સ્થિતિ હશે? પછી શો એમનો ભવ્ય વિકાસ થતો જતો હશે?

આપણે અનંતના એ પાત્રોના જીવનમાં ધીરે રહીને ડોકિયું કરી શકીએ ખરા? આપણે તો એમના અંતરમાં એકેકા ખંડની ભવ્યતા અને સુન્દરતા જ જોવી છે; કલ્પવી છે. બીજું કશું ય ક્યાં જોવું છે? તો ડોકિયું કરવાનો અધિકાર ખરો?

ઘણું જોવાનું; સમજવાનું અને શીખવાનું એ પાત્રોમાંથી આપણને મળે તેમ છે.

[૧૧]

## સચ્ચિદાનંદમૂર્તિ

ત્રિલોકપતિ પરમાત્માની વિશુદ્ધ જ્યોત સર્વત્ર ઘૂમતી હતી એ પરાર્થજ્યોતિએ આશ્રિત આત્માઓને સ્પર્શ કર્યો. એમના અનંત અંધકાર ઉલેચી નાખ્યા.

એક દિવસ આવ્યો. પરાર્થમૂર્તિ પણ અંતે તો અઘાતી-કર્મના સંસાવાસમાં ફસાયેલા હતા. એની ઉપર કાળપુરુષનો કોરડો ફર્યો!

આસો વદ અમાવાસ્યાની એ અંધિયારી રાત વધુ અંધિયારી બની.

પરાર્થમૂર્તિ પરમાત્માએ સોળ પ્રહરની દેશના દઈને વિનશ્વર દેહ ત્યાગી દીધો. યોગનિરોધ કરીને સિદ્ધશિલાએ પહોંચી ગયા! અનંતાનંત કાળ માટે.

એ અપાપા (નગરી) પાપા બની.

સહુ આવ્યા. માનવો અને દેવો પણ આવ્યા; નરેન્દ્રો અને દેવેન્દ્રો પણ દોડી આવ્યા. સહુનાં અંતર ફફકફફક રડી રહ્યાં છે.

દેવેન્દ્ર સઘળી અંત્ય વિધિ કરી. એના હાથમાં ઝાંઝ છે. ત્રિલોકપતિ અનંતસુખના શાશ્વતધામને પામ્યા એ આનંદની અભિવ્યક્તિ ઝાંઝ બજાવીને કરતા હતા.

પણ અંતર તો રડી ઊઠ્યું હતું. અમારા નાથ ગયા અમને નોંધારા મૂકી ગયા.

ભાવદીપ ગયો. દ્રવ્યદીપક પગટાવવામાં આવ્યા.

દીપાલિકાની ઉજવણી થઈ.

પરાર્થમૂર્તિ હવે સચ્ચિદાનંદમૂર્તિ બન્યા.

તે શું હવે એ પરાર્થ કશો ય નહિ કરે?'

નહિ, નહિ. હવે જે પરાર્થ કરશે તેવો તે તીર્થંકરપણામાં ય ન કરી શકે. માત્ર ભરતક્ષેત્ર! માત્ર ત્રીસ વર્ષનો કાળ! એમાં તો કેટલો પરાર્થ થાય?

અને હવે! હવે તો ભરત, ઐરવત અને મહાવિદેહ! સઘળી કર્મભૂમિ! અને અનંતકાળ!

સર્વક્ષેત્રોમાં અને સર્વકાળમાં જ્યારે જ્યારે પણ જે કોઈ પણ આત્મા પરમકૃપાળુ પરમાત્માના એ વિશુદ્ધાત્મદ્રવ્યને અહીં રહીને ય વંદના કરશે તેનો સંસાર ત્યાં ને ત્યાં કપાવા લાગશે ...મુક્તિમાર્ગે એ આત્મા આગેકૂચ કરતો જશે, પરાર્થનું કેવું વિશાળ ક્ષેત્ર? અનંતકાળ! સર્વ ભવ્યાત્મદ્રવ્યો! નમસ્કારનો વિશુદ્ધ ભાવ!

શું સિદ્ધ પરમાત્મા સાવ જ નિષ્ક્રિય છે! કશું ખાય નહિ, પીએ નહિ, પહેરે નહિ....કાંઈ જ નહિ. તદ્દન ક્રિયાશૂન્ય?

હા, ખાવાપીવામાં એ ક્રિયા દેખાતી હોય તો જરૂર ક્રિયાશૂન્ય, બાકી તો એમના જેટલી સક્રિયતા કોઈનામાં નથી. ચૌદ રાજલોકના કોઈ પણ આત્મામાં નથી.

જાણો છો? એ ખાતા નથી પણ સહુને ખવડાવે છે, પીતા નથી પણ સહુને પીવડાવે છે, સૂતા નથી પણ સહુને શાંતિથી સુવડાવે છે. રે! મુક્તિ પણ એ જ આપે છે, જે એમને નમે છે. તે જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી સુખે ખાય છે, પીએ છે, હરેફરે છે. અંતે મુક્ત થાય છે. પરમાત્માના એ નમસ્કારે જ આવું બધું આપ્યું, માટે પરમાત્માએ જ આપ્યું કહેવાય.

સિદ્ધ પરમાત્માની કેટલી બધી સક્રિયતા! ન ખાવા, પીવા છતાં સહુને ખવડાવે, પીવડાવે.

જગતે ખાવાપીવામાં જ સક્રિયતા માની! ન ખાનાર, ન પીનારમાં નિષ્ક્રિયતા જોઈ. પણ શું ખવડાવવું, પીવડાવવું એ ક્રિયા નથી? સર્વને ખવડાવનાર, પીવડાવનાર વધુમાં વધુ સક્રિય છે.

આવી ઉત્કૃષ્ટ સક્રિયતા લાવવા માટે પોતે પોતાના માટે નિષ્ક્રિય બનવું જ રહ્યું. રે! એ અક્રિયતામાં જ સક્રિયતા સમાયેલી છે. જેટલી વધુ અક્રિયતા એટલો વધુ સૂક્ષ્મબળનો આવિર્ભાવ! એટલી વધુ પ્રેરક ક્રિયાની ઉત્પત્તિ! સંપૂર્ણ અક્રિયતા–સંપૂર્ણ સૂક્ષ્મબળનો આવિર્ભાવ!–સંપૂર્ણ પ્રેરક ક્રિયાનું પ્રગટીકરણ.

જે દિવસે આ જગતના માનવો અક્રિયને સક્રિય જોતાં શીખશે તે દિવસે જ તેમનું કલ્યાણ થશે, તે દિવસે જ તેમના જીવનમાં અનેક માંગલ્યોની મંગળમાળા જન્મ પામશે. કેમ કે તે દિવસે જ અક્રિય શિરોમણિ–સક્રિય શિરોમણી એવા સિદ્ધ ભગવંતોને ભાવથી અંતર ઝૂકી જશે!

સર્વ જગતનું કલ્યાણ કરતી સક્રિય સચ્ચિદાનંદમૂર્તિ પરમાત્માને અંતરનાં ભાવભર્યાં વંદન!

અનંતકાળના પટ ઉપર થઈ ગયેલા અનંતનાં પાત્રોની સુપાત્રતાને ઝૂકી ઝૂકીને પ્રણામ....પ્રણામ....પ્રણામ....

આજે વિદ્વત્તા વધી છે. વિચારચાતુર્ય અને ભાષાભંડોળ વધ્યું છે. વસ્તુની રજૂઆતશૈલી વધુ મોહક બની છે અને બુદ્ધિવાદના ચમકારા પણ તેજ પકડે છે, છતાં આ બધું સાધના નથી. યોગ–સાધના તે શિષ્યનું ગુરુને સર્વથા સર્વદા સંપૂર્ણ સમર્પણ છે. આજે પણ ગૌતમસ્વામી રાજગૃહીના એ ગુણશીલ ઉદ્યાનમાં ગુરુ મહાવીર ચરણે બેસી, આંખો ઢાળી બીજા પાંપણે આપણને કહી રહ્યા છે: ‘મારું મારી પાસે હવે કશું જ નથી. મારું જે કંઈ છે તે મારા ગુરુનું છે, મારો આ શ્વાસ પણ અંદર જાય છે અને બહાર નીકળે છે તે મારા ગુરુની સંમતિની મહોર લઈને.’ જાતવિલોપનની આ કેવી વિકટતમ સાધના છે!

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

ખંડ–૨

[ સાધનાકાળ ]

[૧]

## અભય; શ્રમણાર્ય વર્ધમાન

શ્રમણાર્ય ભગવાન મહાવીરદેવે રાજા સિદ્ધાનો મહેલ છોડયો. સર્વસંગના ત્યાગી બન્યા; સર્વવિરતિધર્મના પ્રતિજ્ઞાપૂર્વક અણગાર બન્યા. મનઃપર્યવજ્ઞાની થયા. એ હતી; કાર્તક વદ દશમની પનોતી બળ.

જેમને આજ સુધી કોઈ અશુભ કર્મોના ઉદયનો છાંયો કે પડછાયો—કશું ય જોવા મળ્યું ન હતું એ શ્રમણાર્યની ઉપર હવે ઉપસર્ગોની પ્રલયકાળની અગનવર્ષા થવા લાગી.

એનો આરંભ ગોવાળિયાથી થયો; અને અંત પણ ગોવાળિયાથી આવ્યો.

પોતાના બળદો શ્રમણાર્યની પાસે સાચવવા મૂકીને ચાલ્યો ગયેલો ગોવાળ, જ્યારે પુનઃ ત્યાં જ પાછો ફર્યો ત્યારે તેણે બળદોને ન જોયા. ગોવાળ તેમની શોધમાં ચારેબાજુ ફર્યો. થાકીને લોથ થઈ ગયો; પણ બળદોનો કોઈ પત્તો ન લાગ્યો.

જ્યારે પુનઃ તે શ્રમણાર્ય પાસે આવ્યો ત્યારે ત્યાં જ આવીને ઊભા રહી ગયેલા બળદોને જોઈને; પોતાને હાથે કરીને ચિતાડવા બદલ ગોવાળને શ્રમણાર્ય ઉપર એટલો ભયાનક ક્રોધ આવી ગયો કે બળદની રાશ લઈને મારવા માટે તે દોડ્યો.

યોગાનુયોગ એ જ વખતે શક્રેન્દ્રને મનમાં થયું કે હાલ પ્રભુ ક્યાં વિચરતા હશે? કેવા ક્ષેમકુશળ હશે? અવધિજ્ઞાનના ઉપયોગી એ સવાલોના જવાબ મેળવવા જતાં શક્રેન્દ્ર પ્રભુ ઉપર આવેલી ભયાનક આપત્તિનાં દર્શન કર્યાં. એક જ પળમાં તે ભરત ક્ષેત્રમાં ચાલી આવ્યો અને ગોવાળને સ્તંભિત કરી દઈને તેને સખ્ત ઠપકો આપ્યો.

શ્રમણાર્યને પ્રદક્ષિણા, વંદનાદિ કરીને પરમ ભક્ત શક્રેન્દ્રે એક પ્રસ્તાવ મૂક્યો.

'પરમાત્મન્! મારા જ્ઞાનબળથી આપની ઉપર તૂટી પડનારા ઉપસર્ગોને હું જોઈ રહ્યો છું. આપ મને સંમતિ આપો તો હું એના નિવારણ માટે સદા સાથે રહું.'

પ્રભુએ કહ્યું, 'શક્રેન્દ્ર! વીતરાગ દશા અને કૈવલ્યની સિદ્ધિ માટે તીર્થંકર થનારા આત્માઓ કદી પર–સહાયને ઇચ્છતા પણ નથી. તેઓ પોતાના સત્ત્વથી જ એ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ સર્વકાળનો અબાધિત નિયમ છે.

'તારી મારા પ્રત્યે અગાધ ભક્તિ છે તે હું જાણું છું, પણ તારી વાતને હું સંમતિ આપી શકતો નથી.'

શ્રમણાર્યના આ ખૂબ જ સ્પષ્ટ ઉત્તરને સાંભળીને શક્રેન્દ્ર સ્તબ્ધ થઈ ગયા. એમનું મસ્તક એ અભયમૂર્તિને ભાવપૂર્વક ઝૂકી ગયું.

અંતે...માત્ર મરણાન્ત ઉપસર્ગોના નિવારણ માટે શક્રેન્દ્ર પ્રભુની સંસારી માસીના પુત્ર–વ્યંતરદેવ બનેલા–સિદ્ધાર્થને ત્યાં મૂકીને વિદાય થયા.

તે સ્થળથી થોડે જ દૂર ઊભા રહેલા અજય અને સંજય પણ ભક્ત અને ભગવાનનો આ સંવાદ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. શ્રમણાર્યના પ્રત્યેક અક્ષરમાં સાફ સાફ વાત હતી. એમના મુખ ઉપર અભયની લાલી તરવરતી હતી. એમનો અભિપ્રાય અફર હતો.

અજય બોલી ઊઠ્યો, 'ઓ જગતના ધર્મીજનો! વાતે વાતે ધરમ કરવામાં સુખ અને સગવડ માગતાં હવે લજ્જા પામજો. જે તે દેવ–દેવીની સહાય મેળવવા માટેની લાચાર વૃત્તિઓનું પ્રદર્શન હવે કદી ન કરજો.

આપણા આ ભગવંતે દેવોના રાજા શક્રેન્દ્રની પણ સેવાની વિનંતીને ઠુકરાવી! એવા ભગવાનના ભક્ત તરીકે આપણે જગતમાં શોભારૂપ બનવું હોય તો વાત વાતમાં દેવ–દેવીના સેવકો બની જવા સુધીની ગુલામ મનોદશામાંથી સત્વરમુક્ત થઈ જવું પડશે.'

[૨]

# શક્રેન્દ્ર : વીરના ભક્તના ય ભક્ત

## [ચમરોત્પાત-પ્રસંગ]

ભરતક્ષેત્રના વિભેલ ગામનો એ રહેવાસી. એનું નામ પૂરણ. દૈવયોગે એ પ્રણામ જાતિનો તાપસ થયો. ઘોર બાલતપના પ્રભાવે ચમરચંચા નગરીમાં એક સાગરોપમના આયુષ્યવાળો એ ઇન્દ્ર થયો.

દેવલોકમાં ઉત્પન્ન થતાં જ જ્ઞાનબળથી તે દેવોનાં અન્ય આવાસસ્થાનો જોવા લાગ્યો, તેમાં પોતાના મસ્તકની ઉપર નજર કરતાં પહેલાં દેવલોકની સુધર્મા સભામાં બેઠેલા સૌધર્મેન્દ્રને જોયો. પોતાના મસ્તક ઉપર તેને જોઈને ચમરેન્દ્ર ક્રોધથી આંધળો બની ગયો. એણે સૌધર્મેન્દ્રને સખ્ત સજા કરીને તેની સાન ઠેકાણે લાવી દેવાનો ત્યાં જ સંકલ્પ જાહેર કર્યો.

ચમરેન્દ્રના સામાનિક (સમાન કક્ષાના) દેવોએ પોતાના સ્વામીને બળિયા સાથે બાથ નહિ ભીડવાની વાત ઘણી રીતે સમજાવી, પણ મદાંધ ચમરેન્દ્ર કેમે ય માન્યો નહિ. બધાને પડતા મૂકીને તે એકાકી ત્યાંથી નીકળી પડ્યો.

રસ્તામાં તેને વિચાર આવ્યો કે મારા સામાનિક દેવોની વાત સાવ નિરાધાર તો ન જ હોય એટલે મારે એ સૌધર્મેન્દ્રથી પણ ચડિયાતા કોકનું શરણ લઈ રાખીને જ સૌધર્મેન્દ્ર સામે જંગે ચડવું જોઈએ.

જ્ઞાનબળથી તેણે જાણ્યું કે તેવા તો એક માત્ર પ્રભુ વીર છે; જેઓ હાલ સાધના કાળમાંથી પસાર થઈ રહ્યા છે. બસ.... આ પ્રભુનું શરણ લઉં, જેથી મારામાં અદ્‌ભુત બળ ઉત્પન્ન થાય

અને છતાં કદાચ પરાજય પામું તો આ પ્રભુનું શરણ સ્વીકારીને મારી સલામતી જાળવી શકાય.

સુસુમારપુરમાં પ્રતિમા ધારણ કરીને રહેલા શ્રી વીરપ્રભુની પાસે જઈને ચમરેન્દ્રે પ્રણામાદિ કરીને કહ્યું, 'દેવાધિદેવ! આપનાં શરણના પ્રભાવથી દુર્જેય એવા સૌધર્મેન્દ્રને હું જીતી લેવા માગું છું.'

અને...પછી અતિ વિકરાળ રૂપ કરીને ચમરેન્દ્ર સુધર્મા સભામાં પહોંચ્યો. એનો ક્રોધ માઝા મૂકવા લાગ્યો. એણે અત્યંત અનુચિત રીતે વાણીનો બકવાદ કરતાં સૌધર્મેન્દ્રના સામાનિક વગેરે દેવો પણ ઊકળી પડયા.

છેવટે....સૌધર્મેન્દ્રે આગના લબકારા મારતું વજ્ર ચમરેન્દ્રને સખ્ત નશિયત કરવા માટે તેની પાછળ છોડી મૂક્યું.

વજ્રના ભયાનક આક્રમણથી ચમરેન્દ્ર ધ્રુજી ગયો અને એ નાસવા લાગ્યો. દેવો અને દેવીઓથી તર્જના કરાયેલો બિચારો હવે જાય પણ ક્યાં ? કોણ એને ઉગારે ? પ્રભુ મહાવીરદેવ સિવાય હવે એનું કોઈ શરણ ન હતું.

આ બાજુ શક્રેન્દ્રને વિચાર આવ્યો કે 'મારી સામે માથું ઊંચકવાની તાકાત એ કાંઈ ચમરેન્દ્રની પોતાની તાકાત ન જ હોઈ શકે. આ બળ એણે બીજે કયાંકથી મેળવ્યું હોવું જોઈએ.' જ્ઞાનબળથી જોતાં ખબર પડી કે પ્રભુ વીરના શરણનું બળ જ તેને મારા સુધી આ રીતે લઈ આવ્યું છે. ઓહ ! મારા દેવાધિદેવનું આ આત્માએ શરણ લીધું હતું ! રે ! તો તો એને મારાથી મરાય કેમ ? તેની પાછળ વજ્ર છોડાય કેમ ? મારા પ્રભુના શરણાગતને તો મારું અભયવચન જ હોવું ઘટે.

એક જ પળમાં સૌધર્મેન્દ્ર સ્વયં ઊપડયા....કોઈ બીજા સેવકને ન મોકલતા, આ ગંભીર કામગીરી પાર ઉતારવા પોતે જ દોડયા.

પેલી બાજુ ચમરેન્દ્ર દોડયો જાય છે; એની પાછળ પેલું વજ્ર ધસમસતું રહીને અંતર ઘટાડી રહ્યું છે. તેની પાછળ સૌધર્મેન્દ્ર ઝડપથી આવી રહ્યા છે.

'શરણ! શરણ!' જોરથી બોલતો ચમરેન્દ્ર પ્રભુ વીરના બે પગની વચ્ચે જઈને, લઘુરૂપ ધારણ કરીને બેસી ગયો. એ વખતે વજ્ર માત્ર ચાર આંગળ છેટું રહ્યું હતું. સૌધર્મેન્દ્ર તે જ પળે ત્યાં ધસી આવ્યા અને વજ્ર પકડી લીધું.

સૌધર્મેન્દ્રનો આત્મા બોલી ઊઠયો, 'હાશ! મારા પ્રભુના શરણાગતની ઘોર કદર્થનાના કારમા પાપમાંથી હું બચી ગયો!'

'ચરણ–શરણ' મુક્તિ પામવા આના કરતાં વધુ શ્રેષ્ઠ અને સૌથી સરળ જગતમાં બીજો કોઈ આધ્યાત્મિક ઉપાય નથી. જેને કાંઈ પાપ કે દુઃખ સતાવતાં હોય તે સહુ વીતરાગ પરમાત્માનું ચરણ–શરણ સ્વીકારે; સાવ નિષ્કામભાવે; અને અનન્યભાવે.

---

પ્રિય પથિક! આ પંથ ગુલાબ અને બુલબુલની પરિસૃષ્ટિનો નથી, શીરો-પૂરી અને ભજિયાંની લહેજતા નથી. આરામખુરશી ઉપર પંખા નીચે સાધના નહિ થઈ શકે. સાધનાના પંથ ઉપર તો શૂળીનું સિંહાસન છે, સર્પના રાફડા અને સ્મશાનના વરુઓથી તેને પંથ વેરાયેલો છે. પણ સાધકના પ્રચંડ પુરુષાર્થ પાસે વિઘ્ન રહેતું નથી. વિઘ્ન વિકાસની એક રસાયણવિદ્યા બની રહે છે.

પણ તમે આ ભય નહિ પામતા! સાધનાનું બાહ્ય સ્વરૂપ તો છે ઉગ્ર પુરુષાર્થ. પણ તેનું આંતરસ્વરૂપ તો છે આનંદ, અને કેવળ આનંદ.

[૩]

## ચંદનબાળા

કૌસાંબીના નરેશ શતાનિક એકાએક ચંપાનગરી ઉપર ત્રાટકયા. ચંપાપતિ દધિવાહન ભયભીત બનીને નાસી છૂટયા, તેમની રાણી ધારિણી અને પુત્રી વસુમતીને કોઈ ઊંટવાળાએ કબજે લીધાં. શતાનિકના વિજેતા સૈન્યે ફાવે તે રીતે ચંપા-નગરીમાં લૂંટ ચલાવી.

ઊંટવાળો શતાનિકના સુભટોને તાર સ્વરે કહેવા લાગ્યો કે, તમને જે મળ્યું તે ખરું ! પણ મને તો માતા અને પુત્રી રૂપે બે સ્ત્રીરત્નો પ્રાપ્ત થયાં છે. જેમાં જે માતા છે તેને મારી પત્ની બનાવીશ અને પુત્રીને વેચી નાખીને પુષ્કળ ધન મેળવીશ.'

ધારિણીએ આ શબ્દો સાંભળ્યા. એના કલ્પાંતનો કોઈ આરોવારો ન રહ્યો. એ શીલભંગના ભયના આઘાતમાં જ એના પ્રાણ નીકળી ગયા.

ઊંટવાળો ગભરાયો. પુત્રી વસુમતી પણ આવી જ દશા પામે તો ? રે ! તે ઘણું જ અનુચિત કહેવાય. આથી વસુમતીને આશ્વાસન અને શીલ માટે અભયવચન તેણે આપ્યું.

તેણે કૌસાંબીના ચોરે વસુમતીને વેચવા ઊભી રાખી. તે જ નગરીના ધનાવહ શેઠે ત્યાંથી પસાર થતાં વસુમતીને જોઈ. 'કોઈ ખાનદાન કુળનું આ નારીરત્ન છે' એવી કલ્પના કરીને તેનું જીવન બરબાદ ન થઈ જાય તે માટે મોં માગ્યા દામ આપીને તેને ખરીદી લઈને પુત્રીવત્ રાખવા લાગ્યા.

વસુમતીના ઉત્કૃષ્ટ વિનય અને લજ્જાદિ ગુણોના કારણે ધનાવહ શેઠ, મૂળા શેઠાણી–સઘળા ય પરિવારનું તે પ્રિયપાત્ર બની ગઈ. વસુમતીના શબ્દોમાં ચંદનથી પણ ઝાઝેરી શીતલતા હતી. તેથી તેને સહુ 'ચંદના' કહીને બોલાવવા લાગ્યા.

પણ કર્મરાજાને તેના આવા સુંદર સમયની ઇર્ષ્યા જાગી. તેણે ત્રાગું કર્યું અને ચંદના કારાગારમાં જાણે કે પુરાઈ ગઈ. પણ સબૂર ! કાળી વાદળીને પણ જેમ વીજની રૂપેરી રેખા હોય છે તેમ આવી ભયંકર આફતની પાછળ પણ એક અતિ ભવ્ય ઇતિહાસનું સુવર્ણાક્ષરે આલેખન થવાનું હતું. ના....ચંદનાને પણ તેની ખબર ન હતી, ગંધ સુધ્ધાં ન હતી.

બન્યું એવું કે યૌવનને પામેલી ચંદનાએ એક દી દુકાનેથી ઘરે આવેલા પાલક પિતા ધનાવહના પગ ધોનાર કોઈ સેવક હાજર નહિ હોવાથી પિતાજીના નિવારવા છતાં તે જ તેમના પગ ધોવા માટે ઉપસ્થિત થઈ. પગ ધોતી વખતે જ તેનો અંબોડો સરક્યો અને પાણીમાં પલળવા લાગ્યો. શેઠે પુત્રીના એ અંબોડાને હાથમાં લઈને યોગ્ય રીતે બાજુ ઉપર કર્યો.

આ જ વખતે મૂળા શેઠાણી ગોખમાં ઊભી હતી અને આ ઘટના જોતી હતી. તેને ચંદનામાં શેઠનું ભાવિ પત્નીત્વ દેખાયું. આવી પ્રેમચેષ્ટા પિતાની કદી ન હોય, પતિભાવમાં રમતા પુરુષની જ હોય, એવો અત્યંત કટુ અભિપ્રાય મૂળાએ બાંધી લીધો.

કામ પતાવીને ધનાવહ શેઠ જેવા પુનઃ બહાર ગયા કે તરત જ મૂળા પાલક માતા મટીને સાવકી મા; ના ડાકણ જ બની. તેણે ચંદનાને ઢોરમાર માર્યો; તેનું માથું મુંડાવી નાખ્યું, પગમાં બેડીઓ નાખી અને એકાંતખંડમાં ઢસડીને લઈ જઈને પૂરી દીધી !

નોકરો વગેરેને સખત શબ્દોમાં ચેતવણી આપી કે

'ખબરદાર ? જો શેઠને આ વાત કરી છે તો.' આમ કહીને મૂળા પોતાના પિયરમાં ચાલી ગઈ.

સાંજ પડતાં શેઠ ઘરે આવ્યા. ચંદનાની પૃચ્છા કરી; પણ કાંઈ સાનુકૂળ જવાબ ન મળતાં શેઠે મનઘડંત કલ્પનાઓ કરીને મન વાળી દીધું. બીજો અને ત્રીજો દિવસ પણ પસાર થઈ ગયો. હવે તો શેઠ ખૂબ આકુળવ્યાકુળ થઈ ગયા. સખત શબ્દોમાં જ્યારે નોકરોને ચંદનાની પૃચ્છા કરી ત્યારે એક વૃદ્ધ નોકરડીએ સઘળી પેટછૂટી વાત કરી દીધી. એ માનતી હતી કે સાવ બુઢ્ઢી તો થઈ જ છું, ભલે મૂળા શેઠાણી મને મારી પણ નાખે.... આમે ય મરવાનું તો હવે નજદીકમાં જ છે ને!

શેઠ તે ખંડ તરફ દોડયા અને ખંડ ખોલતાં જ અત્યંત મ્લાન સ્થિતિમાં, રોઈ રોઈને સૂઝેલી આંખોમાં ચંદનાને જોઈ. શેઠની આંખમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી. ચંદનાના મ્લાન મુખની સામે તેનાથી જોવાતું ન હતું. શેઠનું સૌ પહેલું કામ ચંદનાને કાંઈક ભોજન આપવાનું હતું. તે તરત જ રસોડામાં ગયા. પણ ત્યાં સૂકું–પાકું ય કશું હાથ ન આવ્યું. એક ખૂણામાં નજર પડી તો ત્યાં ઢોરોને ખવડાવવા માટેના બાકુળા એક સૂપડામાં પડયા હતા. છેવટે કચવાતે મને શેઠે તે સૂપડું ઉપાડયું અને ચંદનાને આપ્યું, 'દીકરી! હમણાં તું આ બાકુળા ખા. હું લુહારને બોલાવી લાવું અને પગમાં પડેલી બેડીથી તને મુક્ત કરું.' આટલું કહીને હાંફળા ફાંફળા શેઠ લુહારને ત્યાં જવા વિદાય થયા.

ચંદના બારણાના ઉંબરે બેઠી હતી. ખોળામાં બાકુળાનું સૂપડું હતું. અઠ્ઠમનો તપ થઈ ગયો હતો. આર્યદેશની નારી ભોજન એમ ને એમ તો કરે જ શેની! ચંદના વિચારે છે, 'કોઈ અતિથિનો લાભ મળે અને પછી પારણું થાય તો કેવું ઉત્તમ!' પણ આ અભાગણીના આ મનોરથ શે પુરાય?

પણ કમાલ થઈ ગઈ! ચંદનાનો મનોરથ ખુદ પ્રભુ વીરે પૂર્ણ કર્યો અને પ્રભુ વીરનો અભિગ્રહ ચંદનબાળાએ પૂરો કરી દીધો!

બન્યું એવું કે કૌસાંબીમાં પધારેલા પરમાત્મા મહાવીરદેવે અભિગ્રહ કર્યો હતો કે, 'કોઈ સતી અને વળી સુંદર રાજકુમારી દાસીભાવને પામી હોય, એના પગે લોઢાની બેડી પડેલી હોય, એનું માથું મૂંડેલ હોય, એ ક્ષુધાર્ત હોય અને રડતી હોય, એનો એક પગ ઉંબરાની ઉપર હોય અને બીજો પગ ઉંબરાની બહાર હોય, અને ભિક્ષાચરોનો ભિક્ષાકાળ પસાર થઈ ગયો હોય, તેવી કોઈ સ્ત્રી સૂપડાના ખૂણે રહેલા અડદના બાકુળા જ્યારે મને વહોરાવશે ત્યારે જ હું ઉપવાસનું પારણું કરીશ.'

પ્રભુ રોજ ભિક્ષાર્થે નીકળે, પણ અભિગ્રહપૂર્તિ ન થતાં પાછા ફરે. દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. મહિનાઓ ઉપર મહિનાઓ પસાર થયા. જ્યારે ચાર માસ વીતી ગયા ત્યારે વ્યાકુળ થઈ ગયેલા કૌસાંબીનરેશ શતાનિકે છેવટે તથ્યકંદી નામના ઉપાધ્યાયને બોલાવી પરમાત્મા ભિક્ષા શી રીતે લે? તેનું કારણ પૂછ્યું. ઉપાધ્યાયે કહ્યું, 'રાજન્! મહર્ષિઓને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અનેક પ્રકારના અભિગ્રહો હોય છે. આ પ્રભુનો અભિગ્રહ વિશિષ્ટ જ્ઞાની સિવાય કોઈ રીતે જાણી શકાય તેમ નથી.'

આ સાંભળીને રાજા શતાનિક ખિન્ન થઈ ગયા. રાજનાં કામોમાંથી પણ એમનો રસ ઊડી ગયો.

અને... આમ કરતાં પાંચ મહિના અને પચ્ચીસ દિવસ પૂરા થયા. નિત્ય ક્રમ મુજબ આજે પણ પરમાત્મા ભિક્ષાર્થે નીકળ્યા હતા. અભિગ્રહપૂર્તિ ન થતી હોવાથી ખિન્ન અને ઉદ્વિગ્ન ભક્તો પ્રભુની પાછળ પાછળ ફરતા હતા. સહુ અત્યંત હતાશ થઈ ગયા હતા. પણ આ સ્થિતિમાં પ્રભુ વીરના મોં ઉપર ચિત્તપ્રસન્નતાની ઝલક તો એવી ને એવી જ મસ્ત દેખાયા કરતી હતી.

ગંભીર પગલે ચાલતા પ્રભુ ધનાવહ શેઠના ઘર નજદીકમાં આવ્યા. અતિથિને સત્કારીને પારણું કરવાનો ચંદના મનોમન વિચાર કરતી હતી ત્યાં અતિથિ–શિરોમણિ ખુદ વીર પ્રભુ જ તે તરફ પધાર્યા. ચંદનાનો આનંદ નિરવધિ બની ગયો. એણે બૂમ પાડીને પ્રભુને વિનંતિ કરી, 'દેવ! આ તરફ પધારો. મને લાભ આપો.'

પ્રભુએ એની સામે જોયું. અભિગ્રહની બધી શરતો પૂરી થતી હતી, પરંતુ એક વાતની ખામી હતી કે એની આંખે આંસુ ન હતાં. બસ...પ્રભુ તે તરફ આગળ ન વધતાં ત્યાંથી જ પાછા ફર્યા.

અને....ચંદનાએ પોક મૂકી...રે! અભાગણી! પરમાત્મા પણ તારા ભાગ્યમાં નથી. જા, જા, બળી મર. હવે, જાણે કે એ મનોમન પોતાને જ કારમો ઉપાલંભ દેતી હતી.

રડતાં રડતાં ચંદનાએ કહ્યું, 'ઓ દેવ! આ દાસી ઉપર અનુગ્રહ કરો. મને તરછોડો નહિ. આપ પરોપકાર પ્રવણ છો, તો પધારો, મારા સાંત્વન ખાતર મને લાભ આપો.'

રડતા અવાજના શબ્દો ઉપરથી પ્રભુએ ફરી તેની સામે જોયું. હવે ખૂટતી કલમ પૂરી થઈ ચૂકી હતી.

અને...દેવાધિદેવ તેની તરફ આગળ વધ્યા. એ જ પળે પાછળ રહેલા વૃંદમાં હર્ષની ચિચિયારીઓ પડી.

કોઈ બોલ્યું, 'પારણું! પારણું!' પ્રભુની અભિગ્રહપૂર્તિની પનોતી પળની પ્રતીક્ષા કરી રહેલા દેવગણમાં ય પારણાની શક્યતાની વાત વીજળીવેગે પ્રસરી ગઈ!

આ બાજુ ચંદનાએ પ્રભુને બાકુળા વહોરાવ્યા.

આનંદવિભોર બની ગયેલો માનવગણ મન મૂકીને રાજમાર્ગ ઉપર નાચવા લાગ્યો! દેવગણે સાડા બાર ક્રોડ સોનામહોરની વૃષ્ટિ

કરી! પંચ દિવ્ય પ્રગટાવ્યાં! ચંદનાના આનંદની તો શી વાત? એ તો ક્યારનો ગગનને આંબી ગયો હતો!

ધનાવહ શેઠ લુહારને લઈને આવી રહ્યા હતા. પણ અહીં તો દૈવી પ્રભાવે બેડીઓ તૂટી ગઈ; અને ત્યાં ઝાંઝર ગોઠવાઈ ગયા. સોળે શણગારે ચંદના સુશોભિત થઈ ગઈ! કાળો ભમ્મર અંબોડો એના માથે શોભવા લાગ્યો. કાયા ઉપર કોઈ અદ્ભુત લાવણ્ય નીતરવા લાગ્યું.

કૌસાંબીનરેશ શતાનિક વગેરે સપરિવાર દોડી આવ્યા. આખું નગર હર્ષોલ્લાસમાં પાગલ બન્યું.

અજય અને સંજય એ વખતે ત્યાંથી પસાર થતા હતા. તેમણે આ અનોખું દૃશ્ય નિહાળવાનો અમૂલખ લહાવો માણ્યો.

અજય બોલ્યો, 'બાકુળા તો એના એ જ! ઢોરને નંખાવે તો પોદળા જ મળત! અને પરમાત્માને વહોરાવાયા તો સાડા બાર ક્રોડ સોનૈયા વરસ્યા!'

દાનના વિષયમાં પાત્રની પાત્રતા ઉપર પણ કેટલો મોટો મદાર હોય છે! અહીં તો પાત્ર સર્વોત્તમ હતું, પરમાત્માનું. અને ભાવ સર્વોત્તમ હતો, ચંદનાનો. પછી બાકુળા જેવું દાનનું તુચ્છ દ્રવ્ય હતું તો ય ચમત્કારિક ઘટનાનું સર્જન થયું.

દ્રવ્ય કરતાં ભાવ ચડયો; ચંદનાનો. ભાવ કરતાં પ્રભાવ ચડયો; પરમાત્માનો. એ વખતે શક્રેન્દ્રે આવીને જાહેરાત કરી કે, 'ચંદનબાળાના આ પુણ્યોદયના ચમકારાથી સહુ અંજાઈ જતા હશે અને આને ઉચ્ચ કક્ષાનો પુણ્યોદય માનતા હશે, પણ હજી તો આને ય ટપી જાય એવો પ્રચંડ પુણ્યોદય તો ચંદનબાળાના જીવનમાં હવે આવવાનો છે.'

આ ચંદનબાળા શ્રમણ ભગવાન મહાવીરદેવના શાસનના શ્રમણી સંઘના પ્રથમ સાધ્વીજી થશે; અને શ્રમણી સંઘનું નેતૃત્વ પામશે, અને અંતે આ ભવમાં મુક્તિનું પરમ પદ પ્રાપ્ત કરશે.'

શક્રેન્દ્રની આ આગાહીઓ સાંભળીને શતાનિક રાજા અને તમામ પ્રજાજનો અંતઃકરણથી ચંદનબાળાને પ્રણામ કરવા લાગ્યા.

'અહો! ભાગ્યશાલિની ચંદના!' સહુના અંતરમાં; સહુના મોંમાં એક જ શબ્દો હતા.

આજનું વિજ્ઞાન છે તેથી ઉચ્ચતર અને વધુ સમર્થ એક મહાવિજ્ઞાન પણ છે. તેના નિયમો અનુસાર કેટલીક ઘટનાઓ બને છે. આપણે તે નિયમો જાણતા નથી તેથી તે ઘટનાને ચમત્કાર કહીએ છીએ. આજથી પચાસ વર્ષ પહેલાં ગામડામાં કોઈકને કહ્યું હોત કે એક બટન દાબવાથી આખી ઓરડી ઉપર જાય છે, તો તે માનત નહિ. આજે લિફ્ટનો ઉપયોગ શહેરમાં રામા અને કૂતરાઓ પણ વગર વિસ્મયે કરે છે. ઉચ્ચતર વિજ્ઞાનના નિયમો જાણવાથી કોઈ ચમત્કાર ચમત્કાર નથી રહેતો. ભ. મહાવીરના જીવનમાં ચમત્કારો કેવળ કલ્પના છે તે કહેવું તે બુદ્ધિનો નર્યો અહં છે, જે આત્મઘાતક છે. આપણે જે જોઈએ છીએ, સાંભળીએ છીએ, સ્પર્શીએ છીએ તે જ સત્ય છે, બીજું નહિ; એમ તો આજનું બુદ્ધિવાદ ઉપર ઊભેલ વિજ્ઞાન પણ નથી કહી શકતું. આજના વિજ્ઞાનના બુદ્ધિવાદના સીમાડા તૂટતા જાય છે અને વિશ્વવ્યવસ્થાના ગણિત-સંગીતને અનુભવી તે પણ ઉચ્ચતર વિજ્ઞાનની શોધ કરેછે.

[૪]

## સુરાધમ સંગમક

સૌધર્મેન્દ્ર ભાવવિભોર બનીને દેવાત્માઓને કહી રહ્યા હતા : 'હે દેવાત્માઓ! થોડાક જ સમયમાં જેઓ વીતરાગ બનીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાના છે; તીર્થંકર પરમાત્મા બનવાના છે તે શ્રમણાર્ય મહાવીરદેવનો અત્યારે સાધનાકાળ પસાર થઈ રહ્યો છે. અત્યારે તેઓ ઘણા મ્લેચ્છ લોકોથી ભરપૂર એવી 'દઢભૂમિ'માં પધાર્યા છે, ત્યાં પેઢાળ નામના ગામના ઉદ્યાનમાં પોલાસ નામના ચૈત્યમાં અઠ્ઠમના તપપૂર્વક તે પરમકૃપાળુ પરમાત્મા એક રાત્રિની મહાપ્રતિમા વહન કરી રહ્યા છે.'

લાખો દેવ-દેવીથી પરિવરેલા સૌધર્મેન્દ્ર આગળ વધીને બોલ્યા: 'હે દેવાત્માઓ! આ વીરપ્રભુનો મહિમા અદ્ભુત છે. હાલ તેઓ ધ્યાનસ્થ છે. તેમને તે ધ્યાનમાંથી ચલિત કરવા માટે મર્ત્યલોકના માનવો તો સમર્થ નથી જ, પણ દેવલોકનો કોઈ પણ વિશિષ્ટતમ શક્તિનો ધારક દેવાત્મા પણ સમર્થ નથી. આવા મહાપરાક્રમી. અતુલબલી, શ્રમણાર્ય પ્રભુને આપણે સહુ વંદના કરીએ.'

દેવસભામાં બેઠેલા, સ્વભાવથી અભવ્ય, સ્વોત્કર્ષવાદી સંગમક નામના સામાનિક દેવથી પ્રભુની આ દેવકૃત સ્તુતિ સહન ન થઈ શકી. તેણે પોતાના સ્વામી સૌધર્મેન્દ્રને ઉદ્ધતાઈભરી ભાષામાં પુષ્કળ ક્રોધે ભરાઈને કહ્યું, 'હે દેવેન્દ્ર! આપના જેવાના મુખે મર્ત્યલોકના એક માનવ-શ્રમણની અમર્યાદિત પ્રશંસા લગીરે શોભતી નથી. ખેર, આપ અમારા સ્વામી છો એટલે ઠીક પડે તેટલી સ્વછંદતા ધારણ કરો તો ય અમે આપને કશું જ કહી શકીએ તેમ નથી; પરંતુ મારે એક વાત તો આપને કહી દેવાની

ધૃષ્ટતા કરવી પડશે કે આવી રીતે આપના વડે દેવાત્માઓની પ્રચંડ શક્તિની આશાતના કરાઈ છે.

જે દેવાત્માઓ મેરુ જેવા પર્વતને એક ઢેફાની જેમ ઊંચકીને લવણ સમુદ્રમાં ફેંકી દેવાનું સામર્થ્ય ધરાવે છે; સમસ્ત સાગરને એક જ કોગળામાં પી જવાનું જેમની પાસે અપ્રતિહત બળ છે; આ પર્વતો–ભરપૂર પૃથ્વીને પળવારમાં ઊંચકી લઈને પોતાના છત્રરૂપે બનાવી દેવાની જેમની તાકાત છે એવા અતુલબલી, અપ્રતિમ, સામર્થ્યશાળી દેવાત્માઓ પાસે એ મર્ત્યલોકનો સાધુડો તો નાનકડા મચ્છર કરતાં ય અધિક નથી. એને ચોળી નાખવાનું કામ એક ક્ષણથી વધુ સમયનું નથી. મારા જેવો દેવાત્મા પણ તે કામ કરી શકે તેમ છે. મને લાગે છે કે આપને જાગેલો સત્તાનો ગર્વ જ આપની પાસે આવા પ્રલાપો કરાવે છે; પણ મારે આપને સત્ય સમજાવવું જ પડશે. હવે હું જ એ મર્ત્ય-લોકના શ્રમણ–કીટને પળવારમાં નમાવી દેવાની પ્રતિજ્ઞાપૂર્વક અહીંથી વિદાય થાઉં છું.'

આટલું કહી સંગમકે ક્રોધથી ભૂમિ ઉપર પોતાનો હાથ પછાડ્યો અને ત્યાંથી પગ પછાડતો તે વિદાય થયો.

સૌધર્મેન્દ્રને વિચાર આવ્યો કે, 'લાવ....હું પણ તેની પાછળ જ જાઉં અને શ્રમણાર્યને સહાયક બનું.' પણ બીજી જ પળે સૌધર્મેન્દ્રને લાગ્યું કે તેમ કરવાથી તો આ દુષ્ટબુદ્ધિ સંગમકને ફાવટ આવી જશે. તે મને કહેશે કે, 'તમે વચમાં પડ્યા તેથી જ શ્રમણાર્ય અપરાજિત બની રહ્યા. જો આ રીતે બીજાની સહાયથી તપ–ત્યાગ થતા હોય તો તેનો શો અર્થ? બાકી જો તમે વચ્ચે ન પડ્યા હોત તો પળવારમાં જ મેં મચ્છરની જેમ તેમને રોળી નાખ્યા હોત.

શ્રમણાર્ય પોતે જ અપ્રતિમ સત્ત્વના ધારક છે. એ સત્ત્વ જ ભલે આ દુષ્ટ સંગમકની સાન ઠેકાણે લાવે; મારા વચ્ચે પડવાથી તો આવો કોક અનર્થ થઈ જવા પામશે.'

પ્રલયકાળના અગ્નિ જેવો દેખાવ; અતિ રૌદ્ર આકૃતિવાળો બે ય સાથળ ઉપર જોરથી હાથ પછાડતો, રાડરાડ કરતો પાપી સંગમક પળવારમાં શ્રમણાર્યની પાસે આવી ઊભો.

અને....તરત જ તેણે પોતાનું કામ શરૂ કરી દીધું. તે જેમ જેમ પોતાની કામગીરીમાં નિષ્ફળ થતો ગયો તેમ તેમ વધુ ને વધુ ઝનૂની અને મરણિયો થતો ગયો.

ધૂળનો ભયાનક વરસાદ કરીને શ્રમણાર્યના શ્વાસોચ્છ્વાસ પણ બંધ કરી દીધા! પણ યોગ–સમ્રાટ પ્રભુ ચલિત ન થયા.

વજ્રમુખી ભયાનક કીડીઓ છોડી મૂકીને તેના જોરદાર ચટકાઓથી અંગે અંગે લાહ્ય ઉઠાડી મૂકી; આખું શરીર ચાલણી જેવું કરી નાખ્યું.... પણ તેમાંય નિષ્ફળતા મળી.

પછી ડાંસ–મચ્છરો છોડી મૂકયા. તેમના એકેકા ડંખથી લોહીની સેરો છૂટવા લાગી. પણ પ્રભુ તો 'નાહં ન મમ'ના જપથી લગીરે આઘા ખસ્યા નહિ-

પછી તો દાવ ઉપર દાવ ચાલ્યો. એકથી બીજો વધુ ભયાનક! પણ બધાય દાવમાં સંગમક નિષ્ફળ ગયો!

ઘીમેલો, વીંછીઓ, નોળિયા, સાપ, ઉંદરો, હાથી, હાથણી, પિશાચ અને વાઘ! અતિ ભયાનક પ્રતિકૂળ ઉપસર્ગો!

અંતે અનુકૂળ ઉપસર્ગો શરૂ કર્યા. પિતા સિદ્ધાર્થ અને માતા ત્રિશલાનું રુદન! પણ તેમાં ય નિષ્ફળ! વળી ક્રોધાંધ બનીને પ્રતિકૂળ ઉપસર્ગો શરૂ કર્યા.

આગ, પંખીઓનાં પિંજરો, ભયંકર પવન અને વંટોળ! પણ બધે ય નિષ્ફળતા! નરી નિષ્ફળતા!

અને...છેલ્લે એ સુરાધમે પોતાનું છેલ્લું શસ્ત્ર–કાળચક્ર ઉત્પન્ન કર્યું. ચાલીસ યોજનની મેરુપર્વતની ચૂલાને પળમાં ચૂરેચૂર કરી નાખવાની પ્રચંડ શક્તિ ધરાવતું એક હજાર ભાર લોખંડનું બનેલું હતું.

આંગળીમાં લઈને જ્યારે સંગમક કાળચક્રને ઘુમાવીને

વેગમાં લાવવા લાગ્યો ત્યારે આકાશમાં રહેલા દેવોનાં હૃદયના ધબકારા પણ બંધ થઈ ગયા ! નદીનાં વહેતાં પાણી જાણે થીજી ગયાં! પંખીઓ માળામાં ભરાઈ–લપાઈને બેસી ગયાં ! વૃક્ષોનાં પાંદડાં પણ હાલતાં બંધ થઈ ગયાં !

આગની ભયાનક જ્વાળાઓ વરસાવતું એ કાળચક્ર સંગમકે છોડ્યું.... અને.... અને... વિશ્વમાત્ર ઉધર; સંગમક સુદ્ધાં ઉપર અપાર કરુણાને વહન કરતાં વીરના મસ્તક સાથે એ એટલા બધા જોરથી અફળાયું કે એના પ્રચંડ આઘાતથી પ્રભુનું અડધું શરીર તે જ ક્ષણે જમીનમાં ઊતરી ગયું ! પાપી સંગમક ખડખડાટ હસવા લાગ્યો. 'ઠીક જ થયું. હવે એ પોતાનો પરાજય કબૂલ કરી લેશે !' સંગમક સ્વગત બોલ્યો.

પણ આ શું થયું ? એવી ને એવી જ અપાર ચિત્ત-પ્રસન્નતા સાથે શ્રમણાર્ય બીજી જ પળે બહાર નીકળી ગયા. અને જાણે કશું જ બન્યું ન હોય તેમ પૂરી સ્વસ્થતાથી પુનઃ ધ્યાનસ્થ મુદ્રામાં સ્થિર થઈ ગયા !

આ જોઈને સંગમકે જોરથી સાથળ ઉપર હાથ પછાડ્યો. પોતાનો છેલ્લો દાવ પણ નિષ્ફળ ગયાના ભાનથી એ બેબાકળો બની ગયો ! વળી અનુકૂળ ઉપસર્ગો શરૂ કર્યા; પણ તેમાં ય તેને સફળતા ન મળી.

એક જ રાત્રિમાં અતિ ભયાનક વીસ ઉપસર્ગો થઈ ગયા. પણ 'પરાજય' જેને સ્વપ્ને ય અસહ્ય હતો એ સંગમક હજી પણ પાછો વળવા તૈયાર ન હતો. છ છ માસ સુધી તે શ્રમણાર્યની પાછળ પડ્યો. રોજ ભિક્ષા વહોરવા જતા શ્રમણાર્યની ભિક્ષાને પણ તે પાપી દૂષિત કરવા લાગ્યો. શ્રમણાર્ય પાછા વળી જઈને રોજ ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લેવા લાગ્યા. કેટલીક-વાર તો પ્રભુના શરીરમાં પ્રવેશ કરીને લોકોને જે તે વાતો કરવા લાગ્યો ત્યારે એકદા શ્રમણાર્યે વિચાર કર્યો કે, આ ઠીક થતું નથી. આનાથી કોક આત્માનું ભારે મોટું અહિત થઈ જશે. તો

બહેતર છે કે મારે હવે પછી ભિક્ષાર્થે ગામમાં જવું જ નહિ અને ઉપવાસ જ ચાલુ રાખવા અને....

હાય! પરમકૃપાળુ પરમાત્માએ છ માસના ઉપવાસ કર્યા. એથી ય મોટી કમાલ તો એ હતી કે આટલાં બધાં ઉગ્ર કષ્ટોની વચ્ચે પણ પ્રભુની ચિત્ત-પ્રસન્નતા પુરબહારમાં ખીલી ઊઠતી. જ્યારે એ ગામમાં ભિક્ષાર્થે જતાં ત્યારે જે ચિત્ત-પ્રસન્નતા 'મોં' ઉપર તરવરતી તેથી કેટલી ય વધુ પ્રસન્નતા સંગમક દ્વારા ભિક્ષા દૂષિત થવાથી ન મળતાં; પાછા ફરતાં મુખ ઉપર ઊભરાઈ આવતી!

અંતે એ પાપીઆરો થાકયો. માથાકૂટમાં પડવાથી છ માસના એણે ગુમાવેલા દૈવી આનંદનો એને ખૂબ પસ્તાવો થવા લાગ્યો.

એક દી તેણે શ્રમણાર્યની સમક્ષ પ્રગટ થઈને પોતાના અપરાધોનો એકરાર કર્યો, અને તેની ક્ષમા માગી. દેવલોકમાં પાછા વિદાય થવાની અભિલાષા વ્યક્ત કરીને કહ્યું કે, 'સ્વામી! હવે હું તમને ક્યાંય અને ક્યારે ય નહિ રંજાડું. તમે તમારી ભિક્ષા માટે નિઃશંક થઈને ગામોમાં પ્રવેશ કરજો.'

અગાધ અને અડોલ સત્ત્વના સ્વામી પરમાત્માએ સંગમકને કહ્યું, 'હે સંગમક! તું મારી ચિંતા કરવાની છોડી દે. હું કોઈને આધીન નથી. તારી સાનુકૂળતાની મને રંજમાત્ર અપેક્ષા નથી.'

સંગમકનો પશ્ચાતાપ કાંઈ માત્ર ભૂલો કર્યા બદલનો ન હતો, પણ પોતે એટલો સમય દૈવી-સુખો ગુમાવ્યા બદલનો હતો. અપરાધની ક્ષમા યાચીને તે કાંઈ પ્રભુને પ્રસન્ન કરવા માંગતો ન હતો, પણ તેણે પ્રસન્ન કરવો જરૂરી હતો; પોતાનો સ્વામી; સૌધર્મેન્દ્ર.

અન્યથા દેવ-વિમાનમાં હવે પ્રવેશ મળવો પણ અસંભવિત હતો અને ખરેખર તેમ જ થયું. એની માયાવી ક્ષમાથી સૌધર્મેન્દ્ર ન જ ભોળવાયા.

જ્યારથી સંગમકે દેવાવાસ મૂકયો અને જે બીજી જ પળથી તેણે પ્રભુ ઉપર ઉપસર્ગોની હેલી વરસાવવાનું શરૂ કરી દીધું

ત્યારથી જ સૌધર્મ દેવલોકનાં તમામ દેવો અને દેવીઓના આનંદ અને ઉત્સાહ ભાંગીને ભુક્કો થઈ ગયા હતા. ત્યારથી ગીત–ગાન બંધ પડી ગયાં હતાં. ત્યારથી વાર્તા–વિનોદની મધુરી પળો વિરામ પામી ગઈ હતી. ત્યારથી અંગની સજાવટો અને રંગની મિલાવટો સ્થગિત થઈ ગઈ હતી.

સૌધર્મેન્દ્ર તો સૌથી વધુ આઘાત, વ્યથા અને ઉદ્વેગ અનુભવતા હતા. કેમકે તેમના મુખે કુપાત્રની સમક્ષ થઈ ગયેલી ગુણીજનની પ્રશંસાનું જ આ પરિણામ આવ્યું હતું. ધારત તો એક જ પળમાં ભરતક્ષેત્રમાં આવીને ચમચમતો તમાચો મારીને સંગમકને ધરતી ઉપર ઢાળી દઈને શ્રમણાર્યને આપત્તિમાંથી મુક્ત કરી શકત; પણ તેમ કરવામાં એક વધુ મોટી આપત્તિનું આગમન થતું હતું. સંગમકને બચાવ કરવા માટે કહેવા મળી જતું હતું કે, 'તમે વચ્ચે પડયા માટે પેલો શ્રમણકીટ જીવતો રહી ગયો! અન્યથા હું તેની કાયાના અને સત્ત્વના કુરચેકુરચા ઉડાવીને જ જંપત.'

નાલાયક માણસ પોતાની લાયકાતને આ રીતે જાહેર કરી શકે એ સૌધર્મેન્દ્રને ખૂબ અસહ્ય બાબત જણાતી હતી, તેથી જ તેમણે તે મુકાબલો થવા દીધો.

બેશક, સંગમકનો ઘોર પરાજય થયો. એના અહંકારના ચૂરેચૂરા થઈ ગયા. શ્રમણાર્યનો જ વિજય જાહેર થયો. પરંતુ સૌધર્મેન્દ્ર આવા વિજયનો ગર્વ લઈ શકે તેમ ન હતું. આ વિજય તો તેમને પરાજયની પળો કરતાં ય વધુ વસમો લાગ્યો હતો. તેમનું મન પ્રત્યેક પળે રડતું હતું. સૌધર્મ સભામાં ક્યારેક બેસતા, ક્યારેક આંટા મારતા, ક્યારેક મૂઠી વાળતા, ક્યારેક દાંત કચકચાવતા. સૌધર્મેન્દ્ર ભરતક્ષેત્રમાં સંગમક દ્વારા સર્જાતી પ્રભુની ત્રાસમય અવસ્થાઓને જોઈને જીવલેણ આઘાતો અનુભવતા હતા. એમની વ્યથા એવી પરાકાષ્ટાએ પહોંચી ગઈ હતી કે તેઓ લગભગ અવાચક્ બની ગયા હતા. એમનું મન

એક જ વાત રટતું હતું, 'મારી જ ભયાનક ભૂલના કારણે ત્રિલોકગુરુ ઉપર ઘોર અને રૌદ્ર ઉપસર્ગોની ફોજ તૂટી પડી! હાય! મેં કેવાં કાળાં કર્મ બાંધ્યાં! મારો છુટકારો થશે?'

થાકેલો, હારેલો, ખિન્ન થયેલો સંગમક શ્રમણાર્યને પીઠ કરીને વિદાય થયો ત્યારે શ્રમણાર્ય તેની પીઠ સામે જોઈ રહ્યા.

દેવાવાસમાંથી સંગમકની પાછળ પાછળ જ મર્ત્યલોકમાં પાછા આવી ગયેલા અજય અને સંજય આ પળે ત્યાં જ થોડે દૂર ઊભા હતા. વિદાય થતા સંગમકને તેઓ પણ જોઈ રહ્યા હતા. સંગમક અને શ્રમણાર્યનો છેલ્લો વાર્તાલાપ પણ તેમણે સાંભળ્યો હતો. એકાએક તેમની નજર પ્રભુ ઉપર પડી ગઈ.

અરે! આ શું? શ્રમણાર્યની આંખોમાં આંસુ ધસી આવ્યાં છે?

'હા.... ચોક્કસ.... એ આંસુ જ નથી; એ છે, કરુણા; સંગમક ઉપરની.... મહાકરુણા. સંગમકની પીઠ તરફ જોઈ રહેલા પ્રભુ વિચારે કરે છે, 'અહો! જે નિકાચિત કર્મોને પૂર્વના નંદન ઋષિના જીવનમાં કરેલા એક લાખ વરસના માસખમણના પારણે માસ-ખમણના ઘોર તપ દ્વારા પણ હું ખતમ ન કરી શક્યો તે પાપી કર્મોને આ સંગમકે ખતમ કરી આપ્યા! અરે! અરે! મારી ઉપર એણે કેટલો બધો ઉપકાર કર્યો! મારા મોક્ષમાં એ મને કેટલો બધો સહાયક બની ગયો!

પણ અફસોસ! કે મારા એ ઉપકારી ઉપર હું લેશ પણ ઉપકાર કરવા દ્વારા બદલો વાળી શકતો નથી. બિચારો! અભવ્ય આત્મા છે. ચંડકૌશિકની જેમ હિતશિક્ષા આપવા જાઉં તો બળતામાં ઘી હોમાવા જેવું થવાનું છે. કષાયની આગ ઊલટી વધી પડવાની છે. આના માટે તો મારું મૌન એ જ મારી કરુણા!

અહા કેવી વિષમતા! આખા વિશ્વને સંસારસાગરમાંથી તારી દેવાની ભાવના ધરાવતો હું! અને છતાં મારા જ નિમિત્તને

પામીને આ આત્મા અનંત સંસારમાં ડૂબી જશે ! હું કાંઈ જ કરી શકીશ નહિ !

એ મારો ઉપકારી ! અને હું એનો !!! શ્રમણાર્યના અંતસ્તલમાં વહી જતી આ મહાકરુણા જ આંસુ બનીને આંખોમાં ઊભરાઈ હતી. એ આંસુભરેલી આંખો જોતાં અજય અને સંજય પણ રડી પડયા. ત્યાં દૂર ઊભા ઊભા જ મહાકરુણાના સ્વામીને કોટિ કોટિ વંદના કરવા લાગ્યા.

આ બાજુ સંગમક સુધર્મ સભાના દ્વારે આવીને ઊભો. સૌધર્મેન્દ્ર એના આગમનની જ રાહ જોતા હતા. પરમાત્માના એ એ પરમભક્ત હતા. જેણે પ્રભુને કારમી પીડા આપી છે એને માફ કરી દેવા જેવી મુનિસુલભ ક્ષમા ધારણ કરવાની તેમનામાં તાકાત ન હતી; તેમ તૈયારી પણ ન હતી. ભક્તહૈયામાં રહેલો ભગવંત પ્રત્યેનો રાગ, આગ બનીને સંગમક ઉપર ફરી વળે તે સિવાય બીજું કશું ય સંભવિત ન હતું. ખરેખર તેમ જ બન્યું. પ્રવેશદ્વારે સંગમકને જોતાં જ ક્રોધથી બેબાકળા બની ગયેલા સૌધર્મેન્દ્રે છ છ માસથી દીન, હીન અને ઉદ્દાસીન બની ગયેલા દેવોને ઉદ્દેશીને રાડ નાંખીને કહ્યું, 'ઓ, દેવાત્માઓ ! આ પ્રવેશ-દ્વારે આવીને ઊભેલો સંગમક ! પાપી ! કર્મચંડાળ ! એનું મુખ જોવામાં ય આપણને ચીકણાં કર્મો બંધાય એવો સુરાધમ !' સૌધર્મેન્દ્રનાં અંગો કોપથી કાંપતાં હતાં; હોઠ ધ્રુજતા હતા; આંખો લાલચોળ થઈ હતી એમની આંખોમાંથી આંસુની ધાર વહી જવાની પળો જાણે સાવ પાકી ગઈ હતી ! તેમણે આગળ વધીને કહ્યું, 'આ પાપીએ, આપણા સ્વામીને, ત્રણલોકના નાથને ત્રાસ આપવામાં લેશમાત્ર પાછું વાળીને જોયું નથી, જરાક પણ દયા દાખવી નથી. એણે ઘણો મોટો—અક્ષમ્ય કોટિનો અપરાધ કર્યો છે. પણ એને જો અનંત સંસારના પરિભ્રમણનો પણ ભય લાગ્યો નથી તો મારો ભય તો શું લાગવાનો હતો ? આવા અધમાધમ આત્માને આપણી સાથે રહેવા તો ન જ દેવાય પણ

એનો પડછાયો પણ ન લેવાય. બધા પ્રત્યે દયા ગુજારી શકાય; પરંતુ જે ભગવદ્દ્રોહી કે શાસનદ્રોહી હોય તેના પ્રત્યે આપણે કદી દયા દાખવી શકીએ નહિ માટે હું તમને આદેશ કરું છું કે એ પાપાત્માને તમે આ દેવલોકમાંથી હમણાં ને હમણાં જ ભારે તર્જનાપૂર્વક તગડી મૂકો.'

આટલું કહીને સૌધર્મેન્દ્રે સંગમક પાસે જઈને તેને ડાબા પગથી જોરદાર લાત મારી. ત્યાર પછી બીજા પણ સુભટો અને દેવોએ તેને ધક્કા માર્યા, મુક્કીઓ મારી, દેવીઓએ કટુ શબ્દો સંભળાવ્યા. આમ સહુથી તર્જના પામતો, તિરસ્કારાતો તે સંગમક દેવલોકમાંથી બહિષ્કૃત થયો.

સંગમકની માત્ર દેવી–પત્નીઓ ઇન્દ્રની આજ્ઞા મેળવીને તેની સાથે જઈ શકી. સહુ મેરુ પર્વતની ચૂલામાં જ પોતાનું શેષ જીવન પૂર્ણ કરશે.

ગુરુ–શિષ્યના સૂક્ષ્મ સાહજિક અને વિનયમૂલક સંબંધ વિના સાધના કોઈ પણ પ્રકારે શક્ય નથી. જે એમ કહે કે મારે યોગ્ય ગુરુ નથી તે પ્રચંડ અહંકારી છે. શિષ્યત્વ તૈયાર કરો! ગુરુ બારણા ખટખટાવતા સામા આવશે. 'મારા ગુરુ બેઠા છે અને હું ઉપયોગ મૂકું?' ગૌતમસ્વામીએ આવી વિનમ્ર ચિંતવના કરી જીવનમાં ક્યારેય ઉપયોગ મૂક્યો નથી. ભગવાનને જ પ્રશ્નો પૂછ્યા છે. ભગવાનના મુખેથી વધુમાં વધુ વાર ગૌતમનું નામ નીકળ્યું! આદર્શ ગુરુના આદર્શ શિષ્યનું આ કેવું પરમ સૌભાગ્ય! ગુરુની આજ્ઞા થતાં એ શ્રાવક આનંદને મિચ્છામિ દુક્કડં આપવા સામા ગયા. એવો ઘમંડ ન કર્યો કે ભગવાનનો હું મુખ્ય શિષ્ય! એક શ્રાવકની સામે પગલે ક્ષમા માગવા જાઉં? ગામમાં શું વાત થશે? ભગવાનનું રાતદિન પડખું સેવ્યું તેનું આ ફળ ભગવાને મને આપ્યું? આ ગુરુ મારા માનસિક બંધારણને ફીટ (fit) નહિ થાય. ગુરુ મારે બદલવા પડશે. ગેસનો સ્ટવ ચાલ્યો તો ઠીક નહિ તો દુકાનદારને પાછો, એવી વીસમી સદીની મનોદશા ત્યાં નહોતી.

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

ખંડ–૩

[ કૈવલ્ય-કાળ ]

[૧]

## કૈવલ્ય પ્રાપ્તિ અને નિષ્ફળ દેશના

જૂંભક ગામની બહાર ઋજુવાલિકા નામની નદી વહેતી હતી. એના કિનારા ઉપર શામાક નામના કોઈ સદ્‌ગૃહસ્થનું ક્ષેત્ર હતું. ત્યાં આવેલા શાલતરુની નીચે છઠ્ઠના તપપૂર્વક, ઉત્કટિક આસનમાં રહીને પ્રભુ જ્યારે આતાપના લઈ રહ્યા હતા; ત્યારે વૈશાખ સુદ દશમના દિવસના ચોથા પ્રહરે પ્રભુ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને, ઘન ઘાતીકર્મોનો સર્વથા નાશ કરીને વીતરાગભાવ પામ્યા; અને અન્તમુહૂર્તમાં જ કેવળજ્ઞાન પામ્યા. પોતાના કલ્પ મુજબ ઇન્દ્રો આસન કંપથી પરિસ્થિતિ જાણીને સપરિવાર આવ્યા. હર્ષવિભોર બન્યા. સમવસરણની રચના કરી.

કૈવલ્યના પ્રકાશથી પરમ પિતા પ્રભુ જાણતા જ હતા કે, 'આ દેશનામાં કોઈને સર્વવિરતિનો પરિણામ જાગવાનો નથી– અનંતકાળમાં કોઈ તીર્થંકરની દેશનાને જે નિષ્ફળતા કદી મળી નથી તે નિષ્ફળતા આ દેશના પામવાની છે.' છતાં પોતાનો કલ્પ (આચાર) જાણીને પ્રભુએ દેશના આપી. પરમાત્માના તીર્થમાં માતંગ નામના યક્ષ અને સિદ્ધાયિકા નામની દેવી, પ્રભુના સતત સાન્નિધ્યમાં રહેનારા શાસનદેવતા થયા.

પ્રથમ દેશના નિષ્ફળ જતાં પ્રભુએ જ તે રાત્રિએ વિહાર કર્યો. કોટિ દેવતાઓથી પ્રભુ પરિવરેલા હતા. તેમના ઉદ્યોતથી રાત્રિ પણ પ્રકાશમય બની હતી. વિહાર કરીને પ્રભુ અપાપા નામની નગરીમાં આવ્યા.

અહીં સવાલ થાય છે કે પ્રભુની દેશના નિષ્ફળ કેમ ગઈ? શું તે દેશનામાં અઢળક સંપત્તિના માલિક દેવો ન હતા? વિરાટ

સત્તાના સમ્રાટો—દેવેન્દ્રો પણ ન હતા? પ્રભુને ધર્મશાસનની જ સ્થાપના કરવી હતી ને? તો આ ધનકુબેરોના ધનના બળથી અને સત્તાસ્વામીઓની સત્તાના જોરથી વિશ્વના માનવોને ધર્મ ન આપી શકાત? રે! દરેક અકિંચનના ઘરમાં કોઈ દેવાત્મા માત્ર એકેકો સુવર્ણમહોર વરસાવી દે એટલે જ એ અકિંચન સપરિવાર પ્રભુ મહાવીરનો ભક્ત બની જાય! 'ધન દેખીને તો મુનિ પણ ચળે' એ વાત ઘણા તથ્યાંશથી ભરપૂર છે.

તો કેમ આ સત્તા અને સંપત્તિની વિરાટ શક્તિનો તેમણે ઉપયોગ ન કર્યો? અને એ બે ય શક્તિ વિનાના સાચા સર્વ-વિરતિધરોમાં જ પ્રભુએ ધર્મશાસનનો પ્રાદુર્ભાવ જોયો?

આનું સમાધાન એ છે કે આથી જ નિષ્ફળ ગયેલી કહેવાતી દેશના પણ જગતને પ્રચંડ બોધ આપી જવા દ્વારા સફળ બની ગઈ છે.

જ્યારે ધનપતિઓ અને ધરતીપતિઓ તે દેશનામાં વિદ્યમાન હતા છતાં તેમની સહાયથી ધર્મશાસન ચલાવવાની વાતને પ્રભુએ સ્થાપિત ન કરી; એ જ પ્રભુનો એવો પરમ સંદેશ જગતને આપી જાય છે કે ધર્મશાસન સત્તા કે સંપત્તિના જોરથી કદી ચાલી શકતું નથી. કદાચ કોઈ એવું કરે તો તે હકીકતમાં લોક-હૃદયમાં ધર્મની સ્થાપના ન કરતાં સત્તા કે સંપત્તિની જ સ્થાપના કરે છે. જે હૈયેથી એને ઉખેડી નાખવાના છે એ હૈયે એમની જ પ્રતિષ્ઠા કરવી એ કેટલું હિચકારું પાતક ગણાય? ધનથી ધર્મ થાય?

સત્તાના દોમદમામથી ધર્મ ચાલે? ઇતિહાસ ના કહે છે. જે ધર્મો માત્ર રાજ્યાશ્રિત બન્યા તે ધર્મો રાજ બદલાતાં રસાતાળ થયા કે મરણતોલ હાલતમાં મુકાયા.

પ્રભુ મૌનપણે જગતને જાણે જણાવે છે કે ધનથી કે સત્તાથી ધર્મ પ્રગટતો નથી કે ચાલતો પણ નથી. એનું શાસન તો માત્ર સર્વવિરતિધર સાચા શ્રમણોથી જ પ્રગટે છે અને ચાલે છે. એમની પ્રતિજ્ઞાપૂર્વકની સર્વવિરતિધર્મની આરાધનામાં જે સૂક્ષ્મનું પ્રચંડ બળ છે એ જ એમનું અને સર્વનું કલ્યાણ કરવામાં સમર્થ છે. ભલે કદાચ ક્યારેક કોઈ આસુરી બળોનો પણ વિજય થઈ જતો જોવા મળે; પરંતુ અંતે તો એ ધર્મનો જ વિજય થવાનો છે.'

પ્રભુની નિષ્ફળ દેશના દ્વારા પણ વિશ્વને પ્રભુનો આ અમૂલ્ય સંદેશ પ્રાપ્ત થઈ જાય છે. આ જ એ નિષ્ફળ ગણાયેલી દેશનાની જ્વલંત સફળતા નથી શું?

---

ભગવાન મહાવીરે કહ્યું : "ચાલો, જીવન જેવું છે તેવું, તેનો શાંત સ્વીકાર કરીએ. સુખ–દુ:ખને સહીએ; ભૂખ, તરસ, ટાઢ-તડકો, આક્રોશ, વધ–આ બધું જે કાંઈ જીવનના કુદરતી ક્રમમાં આવે તેનો હસતાં હસતાં સ્વીકાર કરીએ અને કશો સામનો કે ફરિયાદ ન કરીએ."

કારણ ભગવાન શ્રી મહાવીરદેવ આપણને શીખવવા માગતા હતા કે દુ:ખનું પણ મૂલ્ય છે. દુ:ખ શાંતિ અને સમજપૂર્વક સહન કરશો તો જ શુદ્ધિ થશે, સાફસૂફી થશે; તો જ પરિપૂર્ણ બનશો.

ભગવાન શ્રી મહાવીરદેવની બાર બાર વર્ષની ઘોર સાધના શીખવે છે કે સહન કરો, શુદ્ધ બનો, સંપૂર્ણ બનો.

[૨]

## ચતુર્વિધ સંઘની સ્થાપના અને ગણધર પદપ્રતિષ્ઠા

એ હતી અલબેલી વૈશાખ સુદ અગિયારસ. સર્વજ્ઞ પ્રભુ મહાવીરદેવ અપાપાનગરીમાં પધારી ગયા હતા. તેની નજીકમાં આવેલા મહાસેનવન નામના ઉદ્યાનમાં દેવતાઓએ સમવસરણ રચ્યું. પૂર્વ દિશાના દ્વારેથી પ્રભુએ પ્રવેશ કર્યો. બત્રીસ ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા કરીને 'તીર્થને મારો નમસ્કાર–તીર્થાય નમઃ' કહીને પાદપીઠયુક્ત સિંહાસન ઉપર આરૂઢ થયા.

જેને આખું જગત નમે એવા પ્રભુ પણ કોકને નમે? કોને નમે? પ્રભુ તીર્થને નમે છે, જે તીર્થનો એમની ઉપર અસીમ ઉપકાર છે. ભૂતકાળમાં એ તીર્થને કારણે જ તે આત્મા સમ્યગ્દર્શનાદિ ગુણોને પામ્યો છે. કૃતજ્ઞતાની કેવી ટોચ!

બાર પ્રકારની પર્ષદાઓ બેઠી. પ્રભુએ માલકોશ રાગમાં દેશના શરૂ કરી.

આ બાજુ એ જ અપાપાનગરીમાં વસતા સોમિલ બ્રાહ્મણે યજ્ઞ માંડયો હતો. તે માટે ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર મહાપંડિત બ્રાહ્મણોને આમંત્ર્યા હતા. તેઓ પણ પોતાના ૪૪૦૦ શિષ્યો સાથે ત્યાં આવ્યા હતા. એમને ક્યાં ખબર હતી કે ગઈ કાલે એક આત્માને પણ દીક્ષા આપી ન શકાઈ તેનો જાણે કે પૂરેપૂરો બદલો વાળી નાખવા ૪૪૦૦ ને દીક્ષિત બનાવવા માટે જ પ્રભુ અહીં પધાર્યા હતા.

આકાશમાંથી ઊતરીને વીરપ્રભુની દેશના સાંભળવા જતા દેવોને જોઈને ઇન્દ્રભૂતિ ગૌતમને તેમની મહામૂર્ખતા ઉપર ભારે આશ્ચર્ય થયું. એણે નગરજનોને પણ પોતાના યજ્ઞમંડપમાં ન આવતાં અન્યત્ર જતાં જોઈને ભારે આશ્ચર્ય થયું. જ્યારે તેને

સત્ય હકીકતની જાણ થઈ ત્યારે તેને ચિત્તમાં ભારે વ્યથા ઉત્પન્ન થઈ. તેનો અહં ભયંકર રીતે ઘવાયો. એણે તે જ પળે પ્રભુ વીર સાથે મુકાબલો કરી લઈને 'સાચો સર્વજ્ઞ કોણ છે?' તેનો નિશ્ચય કરી લેવાનો સંકલ્પ કરીને તૈયારીઓ શરૂ કરી.

ટૂંક સમયમાં જ ૫૦૦ શિષ્યો સાથે ઇન્દ્રભૂતિએ ભારે આડંબરપૂર્વક સમવસરણ તરફ પ્રયાણ કર્યું.

સમવસરણની સમૃદ્ધિ; વીરપ્રભુનું જોતાંની સાથે નામ (અને ગોત્ર) દઈને બોલાવવું અને પોતાના મનનો અતિ ગુપ્ત સંદેહ પ્રગટ કરીને તેનું તે જ વેદપંક્તિઓ દ્વારા સમાધાન કરી આપવું....આ પ્રત્યેક ઘટનાથી ઇન્દ્રભૂતિ વધુ ને વધુ મહાત થતો ગયો. એના અહંકારની કાળમીંઢ શિલાના ચૂરેચૂરા થઈ ગયા.

પ્રભુના ચરણોમાં પડી જઈને તેણે પોતાના સઘળા અપરાધો-ની ક્ષમા યાચી; અને દીક્ષા આપીને શિષ્ય કરવા વિનંતી કરી.

જગદ્‌ગુરુ પ્રભુ વીરે તેના ૫૦૦ શિષ્યો સહિત દીક્ષા આપી. ઇન્દ્રભૂતિને ચારિત્રનાં ઉપકરણો કુબેરે લાવીને આપ્યા અને ૫૦૦ શિષ્યો માટે દેવો ઉપકરણ લઈ આવ્યા.

ત્યાર બાદ ક્રમશઃ અગ્નિભૂતિ વગેરે વિપ્રો પણ પોતપોતાના શિષ્ય-પરિવાર સહિત ત્યાં આવ્યા. તે બધાય ઇન્દ્રભૂતિની જેમ પોતાને સર્વજ્ઞ માનતા હતા. તે બધાયને એકેકા વિષયમાં જ સંદેહ હતો.

પ્રત્યેકના સંદેહનું જગદ્‌ગુરુએ નિરાકરણ કર્યું અને સહુએ પોતાના શિષ્ય-પરિવાર સહિત દીક્ષા લીધી.

આમ અગિયાર મહાપંડિત, ચતુર્દશ વિદ્યાપારગામી વિપ્રોએ પોતાના કુલ ૪૪૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.

એ જ વખતે ચંદનબાળા પ્રભુ વીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાની રાહ જોતી; સંયમધર્મનો કૈવલ્યપ્રાપ્તિ બાદ સ્વીકાર કરવા તલસતી હતી. તેણે આકાશમાં દેવોના ગમનાગમનથી

પ્રભુનું કૈવલ્ય જાણ્યું. કોઈ દેવે તેને સ્વબળથી સમવસરણમાં લાવીને મૂકી દીધા. તેણે પણ ત્યાં અનેક રાજાઓ તથા અમાત્યો-ની પુત્રીઓ સાથે દીક્ષા લીધી. પ્રભુએ ચંદના સાધ્વીજીને મુખ્ય કર્યાં અને હજારો પુરુષો અને સ્ત્રીઓને શ્રાવકપણામાં સ્થાપિત કર્યાં.

આમ ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના થઈ. ત્યાર બાદ ત્રિલોક-ગુરુએ ઇન્દ્રભૂતિ આદિ અગિયાર મુખ્ય મુનિવરોને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની ત્રિપદી સંભળાવી. [ભગવં કિં તત્તં, એમ ૩ વાર તત્ત્વ પૂછ્યું. જગદ્ગુરુએ તેના ૩ ઉત્તરો આપ્યા : ઉપ્પન્નેઈ વા, વિગમેઈ વા ધુવેઈ વા–પદાર્થ ઉત્પન્ન થાય છે, વ્યય પામે છે, વચગાળામાં ધ્રુવ રહે છે.]

આ ત્રિપદી વડે તથા અપૂર્વ કોટિના ગુરુ વિનયાદિ વડે અગિયાર મુનિવરોને તે જ પળે એવો પ્રચંડ જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ થયો કે જાણે આત્મામાં જ્ઞાનનો પ્રકાશ પ્રકાશ થઈ ગયો. એથી તે જ પળે તેમણે આચારાંગ વગેરે બાર અંગોની રચના કરી. બારમા દૃષ્ટિવાદની અંદર ઉત્પાદ વગેરે ચૌદ પૂર્વો પણ રચ્યા.

પછી સમયજ્ઞ ઇન્દ્ર તે જ વખતે સુગંધી રત્નચૂર્ણથી ભરેલો થાળ લઈને જગદ્ગુરુની પાસે ઊભા રહ્યા. ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર મુનિવરો પોતાના ક્રમ પ્રમાણે પ્રભુની અનુજ્ઞા લેવા માટે મસ્તક નમાવીને ઊભા.

હવે પ્રભુ વાસક્ષેપ કરવારૂપે તે મુનિવરોને તીર્થની અનુજ્ઞા આપવાના છે એટલે ઇન્દ્રે કોલાહલ શાંત કરી દીધો. સહુની આંખો એ તરફ મંડાઈ ગઈ.

પરમાત્મા સિંહાસન ઉપરથી ઊભા થયા. ઇન્દ્રના રત્નચૂર્ણના થાળમાંથી ચૂર્ણ મૂઠીમાં લીધું અને 'દ્રવ્ય, ગુણ અને પર્યાયથી

તમને તીર્થની અનુજ્ઞા છે.' એમ કહીને ઇન્દ્રભૂતિ આદિ મુનિઓના મસ્તક ઉપર ક્રમશઃ તે ચૂર્ણ નાખ્યું, એ પળે દેવોએ અતિ આનંદમાં આવી જઈને તે મુનિવરો ઉપર ચૂર્ણ અને પુષ્પની વૃષ્ટિ કરી. આમ અગિયાર મુનિઓની ગણધર પદ ઉપર પ્રતિષ્ઠા કરી. ત્યાર બાદ પાંચમા ગણધર સુધર્માનું શેષ ગણધરોથી વધુ આયુષ્ય હોવાના કારણે તેમને સર્વ મુનિઓના અગ્રેસર પદે સ્થાપીને શાસનની ધુરા સંભાળવાની અનુજ્ઞા કરી.

ત્યાર બાદ સાધ્વી ચંદનબાળાજીને પ્રવર્તિની પદે સ્થાપિત કર્યાં.

ચારે બાજુ આનંદ આનંદ વ્યાપી ગયો. દેવો અને માનવો સહુ ભાવવિભોર બનીને નૃત્યાદિ કરવા લાગ્યા.

એક પછી એક દૃશ્ય અપૂર્વ હતું. સંજયની સંજયદૃષ્ટિ તો એ દૃશ્યોની આરપાર ઊતરી જઈને ઘણું તત્ત્વ લઈ આવતી.

પોતાના શિષ્ય અજયને દરેક વાત સમજાવતા. એની તમામ જિજ્ઞાસાને તે સંતોષતા.

'વત્સ! અજય!' સંજયે કહ્યું, 'આ ઇન્દ્રભૂતિનો અહંકાર પણ જોને કેવો લાભદાયી નીવડ્યો! પેલા કૌશિકે પ્રભુને બચકું ભર્યું તો તેનું ય કામ થઈ ગયું!'

શૂલપાણિ પણ મારીને ય ફાવી ગયો.

પ્રભુની કેવી કરુણા! મારે તે ય માલ મેળવે અને પ્રભુએ પણ કેવી કમાલ કરી! ચૌદ ચૌદ વિદ્યા ભણીગણીને એકદમ તૈયાર થઈ ગયેલા પંડિતોને જ ઝપાટામાં લીધા! એકડે એકથી ભણાવવાની તો જાણે પંચાત જ ન રહી. એક પેલું મિથ્યાત્વનું શલ્ય એમનામાં પેસી ગયું હતું તે ભારે હોશિયારીથી ખેંચી કાઢ્યું! બસ કામ પતી ગયું.

સમવસરણની બહાર નીકળતા અજયે પૂછ્યું, 'ગુરુજી! આ મિથ્યાત્વભાવ એટલે તો સંસારનાં સુખો પ્રત્યેનો કારમો રાગભાવ ને! એ રાગભાવ ઉપરે ય ભારે રાગ એ જ ને? એ શું ખૂબ ખતરનાક કહેવાય? અને એને દૂર કરી દેવામાં આવે તો બધી વિદ્યાઓ સમ્યક્ બની જાય! એની સાથેનું બધું નકામું? એનો અભાવ થતાં બધું કામનું?'

'હા, વત્સ! તું કહે છે તેમ જ છે.' સંજય બોલ્યા. 'સંસારનાં સુખો ઉપરનો રાગ એટલો ભયાનક નથી જેટલો ભયાનક એ રાગ ઉપરનો રાગ છે! એ રાગને સારો માનવો એ જ એ રાગ ઉપરનો રાગ કહેવાય! જ્યાં સુધી આ રાગનો રાગ મટતો નથી ત્યાં સુધી જીવ પાપ કરે કે ધર્મ કરે બધું ય લગભગ સરખું જ કહેવાય. ધર્મ પણ એ રાગને પોષવા કરે માટે સ્તો. એટલે જ જ્યાં સુધી જગત અને જીવના સ્વરૂપનું સમ્યગ્દર્શન થતું નથી ત્યાં સુધીના સમગ્ર સંસારકાળમાં ભમતો આત્મા માત્ર ગતિ કરે છે, પ્રગતિ નહિ.'

અજય અને સંજય વાતો કરતાં કરતાં આગળ વધી રહ્યા છે, ત્યાં એક માણસ આવ્યો. વિદ્વદ્ગોષ્ઠી કરતા સંજયના બે શબ્દ સાંભળીને જ તે ત્યાં આવ્યો હતો. એના મુખ ઉપરથી લાગતું હતું કે તેને કાંઈક પૂછવું છે. એકદમ પાસે આવી જઈને તે બોલ્યો, 'આજનો પ્રસંગ જોઈને મારું તો માથું જ કામ કરતું નથી. આ બધું બને જ શી રીતે? અમારો ઇન્દ્રભૂતિ એટલે કોણ! મહાસમર્થ! સર્વ શાસ્ત્રોનો પારગામી! કટ્ટર બ્રાહ્મણ! પેલા મહાવીરે; થોડી જ વારમાં એના અને બધા જ વિપ્રોનાં ગાત્ર ઢીલા કરી નાખ્યા! એને જોતાં જ કેવા નરમઘેંશ બની ગયા! જાણે બકરી બેં! આવા ભણેલાગણેલા કટ્ટર ધર્માંધ માણસો આ રીતે એકદમ જીવન-પરિવર્તન કરી નાખે એ વાત હજી મારા મગજમાં બેસતી જ નથી. હું તો ફરી ફરી આંખો ચોળી નિર્ણય કરવા મથું છું કે આ તે સ્વપ્ન છે કે સત્ય? પણ કાંઈ જ

સમજાતું નથી! પેલા મહાવીરમાં એવું તે શું હશે? કેવું હશે એની આંખોનું કામણ! વાણીનો જાદુ! કેવો હશે એની મુદ્રાનો પ્રભાવ! ખરો જાદુગર નીકળ્યો હોં!'

સ્મિત કરતાં સંજયે કહ્યું, 'વિપ્ર! આમાં કાંઈ જાદુ નથી અને કોઇ રમત નથી! આ બધો પ્રભાવ છે—આત્માના શુદ્ધીકરણનો!

ભગવાન મહાવીરદેવે સાડા બાર વર્ષની ઘોર સાધના કરી છે; શુદ્ધીકરણની! ઇન્દ્રભૂતિએ વર્ષોની ઘોર સાધના કરી છે ચોટી બાંધીને; પોથીઓની પોથીઓ ગોખી મારવાની! પણ અંતરના વિમલીકરણ એણે ક્યારે ય નથી કર્યા. જેનો આત્મા સાફ નથી તેના પહાડ જેટલા જ્ઞાન અને ધ્યાન બધાં ય નકામાં! જેનો આત્મા શુદ્ધ એનાં થોડાં ય જ્ઞાન ધ્યાન સફળ! અને એ થોડાંને પૂર્ણ થયે જ છૂટકો!

જોયું ને? ઇન્દ્રભૂતિનું તોફાન કેવું હતું? કેવા ધમપછાડા કરતો એ આવતો હતો? કેટલો અહં એના શ્વાસે શ્વાસે ઘૂંટાતો હતો! જ્ઞાનના અજીર્ણનું જ એ પરિણામ હતું! શુદ્ધિ ન હોય ત્યાં જ્ઞાનનું આવું અજીર્ણ જ થાય હોં!

અને ભગવાન મહાવીરદેવ! કેવી સૌમ્યતા! કેટલી ગંભીરતા! કશું ય બોલ્યા ન હતા. ત્યારે જ માત્ર મુખમુદ્રાનું દર્શન કરીને એ ઇન્દ્રભૂતિનો અહં ચૂર ચૂર થવા લાગ્યો હતો ને? જોયું'તું'ને એ વખતનું કરમાતું જતું એનું મુખ?

વિપ્રવર! એક વાત સમજી રાખજો કે જગતમાં હંમેશ માટે બળ તો પવિત્રતાનું જ હોય છે. જેમ જેમ પવિત્રતા વધતી જાય તેમ તેમ બાહ્ય ઘોંઘાટ, બાહ્ય પ્રયત્નો, બાહ્ય પ્રવૃત્તિઓ ઘટતાં જ જાય. દેખીતી રીતે એ પવિત્ર આત્માઓ કશું જ બાહ્ય કર્મ કરતાં ન લાગે પણ અંતરથી એમનું એ પાવિત્ર્ય અનંત

કર્મો કરતું જ રહે! એથી જ એવા મહાત્માઓ કર્મસંન્યાસી પણ ખરા અને કર્મયોગી પણ ખરા, વસ્તુતઃ! યોગના સિક્કાની એ બે બાજુ છે. બેયનું વસ્તુતઃ એક જ સ્વરૂપ છે.

આવા ઉત્કૃષ્ટ યોગીઓનો પ્રભાવ આજે જ જોયો ને? તમે જ કહ્યું ને કે કેવા જબ્બર ધર્મચુસ્ત હતા ઇન્દ્રભૂતિ! પરંતુ પળ બેપળમાં કેવા પાણી–પાણી થઈ ગયા? બસ, એ જ ભગવાન મહાવીરદેવના અંતરના વિમલીકરણનો ભવ્યતમ પ્રભાવ.

જેમ જેમ નિર્મળતા વધે છે તેમ તેમ બાહ્યકર્મ ઘટતું જાય અને ફળ વધતું જાય.

મેલા મનનો એક વક્તા, ધાંધલ કરતી સભાને શાંત કરવા વળી મોટું ધાંધલ કરશે. થોડી પવિત્રતાને પામેલો બીજો વક્તા મંચ ઉપર આવીને હાથ જ ઊંચો કરશે કે તરત સભા શાંત! જ્યારે અત્યન્ત પવિત્ર વક્તા તો મંચ ઉપર હાજર થાય એટલું જ બસ છે. હાથ પણ ઊંચા ન કરે તો ય એનાં દર્શનથી જ આખી સભા શાંત થઈ જાય.

સ્થૂલ કરતાં સૂક્ષ્મનું બળ ઘણું છે.

ભગવાન મહાવીરદેવનો આત્મા સૂક્ષ્મતમ બન્યો છે, પરમાત્મપદ પામ્યો છે; અને એ બળે જ વિપ્ર ઇન્દ્રભૂતિના ક્રોધની ધખધખતી આગ એક જ પળમાં ઠારી નાખી છે.

વળી ઇન્દ્રભૂતિની પણ પાત્રતા કાંઈ ઓછી વિકસી ન કહેવાય. જ્ઞાનીઓમાં ય આ જ વાતનું એક સુખ છે ને કે તેને જો બરોબર સમજાવનારો મળી જાય અને તેનો કાળ પણ તે વખતે પાકી ગયો હોય તો સત્યને પકડી લેતાં અને અસત્યને ફેંકી દેતાં તેને જરા ય વાર ન લાગે! મહાજ્ઞાનીઓમાં અને આપણા જેવા અર્ધદગ્ધોમાં તો ભારે અંતર! આપણે જે પકડયું તે તો બ્રહ્મા પણ હેઠા ઊતરીને ય છોડાવી ન શકે. વળી મહાવીરદેવની સમજાવવાની રીત કેવી? કેવો સમત્વવાદ? વેદની પંક્તિને પોતે જરા ય ન વખોડી એ જ વેદની પંક્તિઓથી બધા ય

વિપ્રોના મનનું સમાધાન કરી આપ્યું !'

સંજયની વાતો સાંભળતા વિપ્રને લાગ્યું કે પોતે જ ક્યાંક ગણિત કરવામાં ભૂલ્યો હતો ! હવે પછી આ રીતે મનઘડંત કલ્પનાઓ કરીને ઉતાવળા અભિપ્રાયો બાંધવા નહિ.

ચતુર્દશ વિદ્યાપારગામી ધર્મકટ્ટરતાથી ય ચાર ચાસણી ચડી જાય તેવી કટ્ટરતા ધરાવતા આ વિપ્રના અંતરના કોઈ એક ખંડમાં ભગવાન મહાવીરદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ ગઈ હોય તેવું તેના મુખ ઉપર ફૂણી પડેલી ચામડી ઉપરથી કલ્પી શકાતું હતું. અસ્તુ. હવે મૂળ વાત પર આવીએ.

જગદ્ગુરુએ વિશ્વમાત્રનું કલ્યાણ સાધવાનું સામર્થ્ય ધરાવતી શાસન નામની સંસ્થા સ્થાપી. તેનું સફળ સંચાલન કરવા માટે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ સ્થાપ્યો.

તેનું સંચાલન શી રીતે કરવું ? તેના બંધારણ સ્વરૂપ શાસ્ત્રાજ્ઞાઓ–નિયમાવલિ–દ્વાદશાંગી (ત્રિપદી દ્વારા) પ્રરૂપી.

આ 'શાસન'માં જોડાનાર આત્મા માટે ઉદ્દેશ બતાવ્યો કે ચાર ગતિમય સંસારનો પરિત્યાગ કરીને મોક્ષભાવને પ્રાપ્ત કરવો.

આ 'શાસન' નામની વિશ્વકલ્યાણકર સંસ્થા માટે જરૂરી સંપત્તિ તરીકે તીર્થો, જિનાલયોથી માંડીને નાનકડી ચરવળી, પૂંજણી સુધ્ધાં બની ગયાં.

કોઈ પણ સંસ્થા માટે આટલું તો ઓછામાં ઓછું જરૂરી છે. સંસ્થા (શાસન), સંચાલક (સંઘ), નિયમાવલિ (શાસ્ત્ર), ઉદ્દેશ (ધર્મ) અને સંપત્તિ (તીર્થાદિ).

વૈશાખ સુદ અગિયારસનો એ દિવસ મહામંગલકારી બની ગયો; એ દિવસે શાસન, સંઘ, દ્વાદશાંગીરૂપ શાસ્ત્રો, ધર્મ અને સંપત્તિ પ્રકાશમાં આવ્યાં.

જગદ્ગુરુની પૂર્વના ત્રીજા ભવની ભાવના કે મારું ચાલે તો સર્વ જીવોને હું સઘળાં દુઃખ અને સઘળાં પાપમાંથી સર્વથા અને સર્વદા છોડાવી દઉં....એ ભાવના હવે ફળીભૂત થઈ. ઘોર

સાધના દ્વારા એમણે રાગને હટાવ્યો; એ વીતરાગ થયા. વીતરાગ થતાં જ તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી થયા. સાચા સુખ અને દુઃખનાં કારણો તેમના જ્ઞાનપ્રકાશમાં સાવ છતાં થઈ ગયાં. ધર્મ અને અધર્મ સ્પષ્ટરૂપે જ્ઞાનપ્રકાશમાં દેખાવા લાગ્યા.

માટે જ પ્રભુએ સાધનાકાળનું મૌન છોડ્યું, કેમકે હવે બોલવામાં કોઈ જ ભૂલ થઈ જવાનો લેશ પણ સંભવ ન હતો. સ્વયં જ્ઞાનપ્રકાશમાં સઘળું જોઈ રહ્યા હોય; ગમે તે પદ્મસ્થની સલાહ કે સૂચના અથવા દોરવણી જેટલી પણ પરાવલંબિતા ન હોય, પછી ભૂલ થવાનો સંભવ જ ક્યાં રહ્યો? જેવો જે હોય વસ્તુનો સ્વભાવ; તેવું જ તેમણે નિરૂપણ કરવાનું. હા,....તેથી વિરુદ્ધ તો જગદ્ગુરુ પણ ન જઈ શકે. વસ્તુ સ્વભાવને આધીન રહીને જ તેઓ સકળ પદાર્થનું નિરુપણ કરે. નારકો સાત જ દેખાતી હોય તો તેઓથી પણ પાંચ કે આઠ ન જ કહી શકાય. જેવું જુએ તેવું જણાવે.

જે આ રીતે સર્વજ્ઞ ન થઈ શકે તેમણે તે સર્વજ્ઞ પરમાત્માઓને સંપૂર્ણપણે આધીન રહેવાનું અને તે કૃપાળુઓએ જે કહ્યું તે જ બોલવાનું. તેમાં કાના–માત્રાનો ય ફેરફાર કરવાનો અધિકાર નહિ. અસ્તુ.

જગદ્ગુરુના પાંચ કલ્યાણકો તો ખરેખર મહાન છે; પરંતુ સાપેક્ષ રીતે એમ કહી શકાય કે તેથી પણ મહાન છે શાસન-સ્થાપના. તેનો દિન વૈશાખ સુદ અગિયારસ.

શાસન દ્વારા ત્રિલોકગુરુ આપણું એકાંતિક અને આત્યંતિક હિત સાધી આપે છે માટે આપણી અતિ નજદીકમાં તો ઉપકારક તે શાસન જ છે.

જૈનં જયતિ શાસનમ્.

*

[૩]

# રાજા બિંબિસાર

કાળ ચાલ્યો જાય છે.

સહુનો સંસાર ચાલ્યો જાય છે.

સહુનાં જીવન-જળ વહ્યાં જાય છે.

એક દી મગધના રાજમાર્ગેથી સેંકડો લોકો ક્યાંક જઈ રહ્યા હતા. હજી તો પરોઢિયું જ થયું હતું.

રાજા બિંબિસાર પણ હાથી ઉપર આરૂઢ થઈને નીકળ્યા હતા. મહાશ્રાવિકા રાણી ચેલ્લણા પણ સાથે જ બેઠાં હતાં.

કુતૂહલપ્રિય લોકો જોડાતા ગયા.

અજયને પણ કુતૂહલ જાગ્યું. ક્યાં જાય છે? ચાલો જોઈએ તો ખરા! ગુરુજીને લઈને એ ય ચાલ્યો.

બધા પહોંચ્યા બાવાજીના એક મંદિરે!

કહેવાયું હતું કે કેટલાક વખત પહેલાં રાણી ચેલ્લણા સાથે રાજા બિંબિસારને વાતવાતમાં ટપાટપી થઈ ગઈ હતી! બે ય પોતપોતાના ધર્મગુરુની પવિત્રતાને સર્વોત્કૃષ્ટ સાબિત કરવા મથતા હતાં. રાણી ચેલ્લણાની તલવારની ધાર જેવી વાતોના પરિણામે રાજા બિંબિસારે મનમાં ગાંઠ વાળી. ઊભી બજારે જૈન સાધુની અપવિત્રતાને છતી કરીને એની ઠેકડી ઉડાડું ત્યારે જ જંપીને બેસું.

એક દિવસ આવી લાગ્યો. કોઈ મહાસંયમી જૈનસાધુએ બાવાજીના મંદિરમાં એકાકી રાતવાસ કર્યો! મંદિરના પૂજારીએ તુરત રાજા બિંબિસારને ખબર આપ્યા. વેશ્યાને મંદિરમાં છોડી મૂકી મંદિરના બાર બહારથી બંધ થઈ ગયા.

રાજા બિંબિસારને આજે અરમાન ઉતારવા હતા; રાણી

ચેલ્લણાના. એમને સાથે લઈને આજે એ જઈ રહ્યા હતા. મોટા મોટા મહાવીર ભક્તોને ય ફરમાનો મોકલાઈ ગયાં હતાં; વહેલી સવારે મંદિરે હાજર રહેવાનાં.

રાણી ચેલ્લણા સંપૂર્ણ સ્વસ્થ હતાં. એમને કોઈ ભીતિ ન હતી, કોઈ સંદેહ ન હતો; અઘટિત બનવાનો. મંદિરે લોકોની ઠઠ જામી હતી.

રાજા બિંબિસાર મૂછે વળ દઈને રાણી ચેલ્લણાને કંપાવવા નિષ્ફળ પ્રયત્નો કરી રહ્યા હતા.

રાણી ચેલ્લણાને પાકો નિશ્ચય હતો. "મારા સાધુમાં ભર-બપોરે ય કશું જોવા ન મળે. રાજા નાહકના બખાડા કરે છે. ક્યાંક પોતે જ ફસાઈ ન જાય! ખાડો ખોદે તે પડે. એ ઉક્તિમાં જો કોઈ તથ્ય હોય તો."

બે ય ધર્મના ભક્તોઅર સપરસ વાદમાં ઊતર્યા હતા. એકબીજા સાથે શરતો મારતા હતા અને જાતજાતની આગાહીઓ કરતા હતા.

ત્યાં રાજા બિંબિસારે હુકમ કર્યો, "પૂજારી બાર ઉઘાડી નાખો અને જગતને જોવા દો આજે જૈન સાધુડાના અનાચારના અખાડા!'

વાતાવરણ એકદમ શાંત થઈ ગયું! સહુની આંખો મંદિરના બારે ચોંટી ગઈ!

અને...બારણું ખૂલ્યું! આ શું! કહેતાં રાજા બિંબિસારની આંખો ફાટી ગઈ! એકદમ ડઘાઈ ગયા.

રાણી ચેલ્લણા ખડખડાટ હસી પડચાં

બાર ઉઘડતાંની સાથે જ "અલખ નિરંજન...." બોલતો, હાથમાં ચીપિયો લઈને એક બાવો નીકળી પડચો. એના આખા ય અંગે ભભૂતિ ચોળી હતી. સાથે વેશ્યા હતી.

મહાવીરભક્તોએ આનંદની કિકિયારીઓ પાડી. બીજાઓનાં મોં કરમાઈ ગયાં. ધરતી માર્ગ આપે તો અંદર ઊતરી જાય એટલા શરમિંદા બની ગયા. ભોંય ભારે પડી.

અજય તો પેટ પકડીને હસવા લાગ્યો. આ શું બન્યું ? વાત તો એવી સાંભળવા મળી હતી કે જૈન સાધુને અંદર પૂરવામાં આવ્યા છે અને આ કોણ નીકળ્યું ? કોથળામાંથી બિલાડું ?

"ગુરુજી ! ગુરુજી ! આ શું ? મને સમજાવો તો આ ભેદ !"

સંજય કહે, "વત્સ ! એ ભેદ એમ ઊકલે તેવો નથી. જરા પગ ઉપાડ. આપણે રાજા બિંબિસારના ગુપ્તખંડની બારીએ પહોંચી જઈએ."

બન્નેએ પગ ઉપાડયા. મગધરાજના રાજમહેલના વિવિધ ખંડોમાં એક ગુપ્ત મંત્રણાલય હતું. તેની પાછલી બારીએ બે ય પહોંચી ગયા. ભીંતે કાન દઈને ઊભા રહ્યા. ભારે ગુસ્સામાં મગધરાજ બોલતાં સંભળાતા હતા.

"પૂજારી ! આ બધું શું બફાયું ? તમે મને રાત્રે શા સમાચાર આપ્યા હતા ? સંન્યાસીને તમે જૈન સાધુ માની લીધો ? ભરમેદની વચ્ચે તમે મારા ધર્મની ઠેકડી ઉડાડી ! હવે એના પરિણામ માટે તૈયાર થઈ જાઓ !"

બાજુમાં જ ઊભેલી વેશ્યા થરથર ધ્રુજતી હતી. કંપતા સ્વરે તે બોલી, "મહારાજ ! એ દોષ પૂજારીનો નથી. એ જૈન સાધુ જ હતા. હું રાત્રે આપના આદેશથી એ મંદિરમાં ગઈ ત્યારે મેં પણ એ શ્વેત વસ્ત્રધારી જૈન સાધુને જ જોયા હતા."

"તો પેઠો જૈન સાધુડો અને નીકળ્યો બાવો ? શી રીતે બને ? કોને તું સમજાવે છે ?" રાજા બિંબિસારે ક્રોધથી લાલચોળ થઈ જતાં કહ્યું.

"રાજન્ ! અપરાધ માફ કરો. પણ જે હકીકત બની છે તેમાં મીનમેખ પણ ફેરફાર કરીને અમારે બોલવાનું શું પ્રયોજન છે ?" જરાક સ્વસ્થ થઈને વેશ્યાએ કહ્યું.

"દીનબંધો ! આપના આદેશ મુજબ એ જૈન સાધુને ચલાયમાન કરવા હું બધું જ કરી છૂટી. પણ આપને કહું કે

આ આખું ય વિશ્વ માખણ જેવું છે. એને પીગળાવી દેવું એ તો અમારે મન બચ્ચાના ખેલ છે. અમારા રૂપસૌન્દર્ય અને કામ-શાસ્ત્રોક્ત સિદ્ધ કરેલી અમારી કળા તો ભલભલાને પીગળાવી નાખે! એટલું તો અમને ગુમાન છે. વિશેષતઃ મને પરંતુ આજની રાત્રે મને સમજાયું કે જૈનસાધુ એ માખણ નથી પણ પૂર્ણ પાષાણ છે. એની એક કાંકરી પણ હલાવવાનું મારામાં તો નહિ, પણ સ્વર્ગલોકની ઉર્વશીને માટે પણ અશક્ય, સાવ જ અશક્ય છે.

"રાજાધિરાજ! આપ એમ માનો છો કે મેં મારા પ્રયત્નમાં કાંઈ ક્ચાશ રાખી હશે? રે! મેં મારું બધું જ સત્ત્વ આજની રાતે બતાવી દીધું છે! મારી બધી કળાઓ મેં ઉતારી દીધી હતી. અહા! શું એ દૃશ્યો હતાં! પથ્થર હોત તો તે ય પાણી પાણી થઈ જાત! અફ્સોસ કે એ સાધુને કાંઈ જ ન થયું! એક જ મરદ જોયો મેં આ દુનિયામાં, જે સ્ત્રીના હાથે ન જ રગદોળાયો! બાકી તો મરદો કેટલા નામર્દ હોય છે તે અમે ક્યાં નથી જાણતાં?"

"પણ તો સંન્યાસી શી રીતે બહાર નીકળ્યો? શું એણે સ્વધર્મબચાવ ખાતર આ વેશપરિવર્તન કર્યું?" રાજાએ પૂછ્યું.

"જી, હા, રાજન્! મારી અગ્નિપરીક્ષામાંથી અણિશુદ્ધ પાર ઊતરેલા એ સાધુના પગમાં હું પડી અને જ્યારે મેં તેની માફી માગી ત્યારે ઉદાર દિલે તે ક્ષમાશ્રમણે મને ક્ષમા આપી.

"એનો આત્મા તો સદા શુદ્ધ હતો છતાં સવારે લોકો શી કલ્પના કરશે? કે 'વેશ્યા સાથે જૈનમુનિ! થૂંકો થૂંકો એની ઉપર!' આવી ધર્મનિંદાની કલ્પનાએ એમને ધ્રુજાવી મૂક્યા. જેટલો આત્મા એટલો જ; રે! અપેક્ષાએ એથી પણ વધુ–બાહ્ય વ્યવહાર સાફ જોઈએ; નહિ તો ઊંધું વટાઈ જાય એવી તેમની માન્યતા હોવી જોઈએ.

"એથી જ એક પછી એક કપડા વગેરે તમામ વસ્તુ એમણે બળતી દીવેટની સહાય લઈને સળગાવી નાખી! લંગોટી પહેરવા જેટલું કાપડ બાદ રાખીને."

'હા....' રાજા સાશ્ચર્ય સાંભળી રહ્યો. 'પછી?'

"પછી તો એ કપડાની ભસ્મને શરીરે લગાડી દીધી. મંદિરમાં ખૂણે પડેલો ચીપિયો હાથમાં લઈ લીધો.... અને આપે સાંભળ્યું તેમ, બાર ખૂલતાં જ 'અલખ નિરંજન' કહેતાં એ સંત બહાર નીકળી પડ્યા.

"રાજન્! જેવો સ્વચ્છ એ મુનિનો આત્મા હતો એવી જ સ્વચ્છ અને સાબદી એમની બુદ્ધિ હતી. એ વિના આટલો ઝડપી સફળ ફટકો સામે શી રીતે મારી શકે?"

રાજા બિંબિસાર તો આ બધું સાંભળીને ત્યાં ને ત્યાં થીજી ગયા! ન બોલે કે ન ચાલે!

રાણી ચેલ્લણાનો આનંદ ઉરમાં માતો ન હતો.

બિંબિસારને જૈનધર્મ પ્રત્યે સન્માન જાગ્યું.

આ પ્રસંગ પછી ભગવાન મહાવીરદેવની તરફ તેનું મુખ વળી ગયું.

અજય અને સંજય ત્યાંથી ખસીને મગધના રાજમાર્ગ ઉપર ચાલવા લાગ્યા.

'જોયું ને? કેવી કમાલ કરી જૈનમુનિએ!' સંજય બોલ્યા.

"પણ ગુરુજી! આ રીતે વસ્ત્રો વગેરે સળગાવી શકાય? અગ્નિની હિંસા નહિ કરવાની ભીષ્મપ્રતિજ્ઞા લેનાર આટલી હિંસા કરી શકે ખરો? પવિત્ર વસ્ત્રો ય સળગાવી દેવાય?" જિજ્ઞાસુ ભાવથી અજયે પૂછ્યું.

"જો સાંભળ ત્યારે. જિનધર્મમાં આ બધાં પાપો કરતાં મોટામાં મોટું પાપ ધર્મનિન્દા (શાસનમાલિન્ય)નું જણાવવામાં આવ્યું છે.

"જાણીબૂજીને તો ઠીક પણ અજાણતાં ય કોઈ એવી પ્રવૃત્તિ

થઈ જાય કે જેથી ભારે ધર્મનિન્દા થાય તો ય તે આત્મા કાળાં ડીબાંગ કર્મોને બાંધે છે. ભયંકર સંસારમાં ભ્રમણ કરે છે. 'સર્વનાશે સમુત્પન્ને અર્થં ત્યજતિ પણ્ડિતા' એ ન્યાય અહીં લાગુ પડે છે. ધર્મનિન્દા થવાની શકયતાને નિવારવા માટે હૃદયની શુદ્ધિ સાથે અપવાદ માર્ગે આવું પણ થઈ શકે છે.

'ધર્મપ્રશંસા જેવો કોઈ ધર્મ નથી.'

"ધર્મનિન્દા જેવું કોઈ બીજું ઉત્કૃષ્ટ પાપ નથી, ધર્મનો પ્રભાવ વ્યાપે તેવી પ્રવૃત્તિ ન થાય તે હજુ ચાલે, પરંતુ ધર્મની નિન્દા થવા લાગે તેવી કોઈ સારી દેખાતી પણ પ્રવૃત્તિ થઈ શકે નહિ. આ છે; જિનધર્મની પ્રધાન માન્યતા. આ જ મુદ્દા ઉપર એ મહાત્માએ સાધુવેષ જતો કરીને ધર્મનિન્દા થતી અટકાવી દીધી!

"જે કાળ સુધી આવા મુનિવરો હશે ત્યાં સુધી ધર્મ વિજયવંતો રહેશે. એમાં કોઈ સંદેહ નથી.

"અને....એ સિદ્ધાન્તનો પ્રત્યક્ષ પરચો જોવા મળશે જ. રાજા બિંબિસાર જેવો કટ્ટર જિનધર્મદ્વેષી જિનધર્મની સન્મુખ થશે."

અજયને આ તત્ત્વજ્ઞાન ખૂબ જ અદ્ભુત જણાયું.

ગુરુજીની આંગળી પકડીને રાજમાર્ગ ઉપરથી પસાર થતા અજયના અંતરમાં કેટલા ય કલાકો સુધી આ તત્ત્વજ્ઞાન મગજમાં ઘોળાયા જ કર્યું.

*

[૪]

# શ્રેષ્ઠીપુત્ર અનાથી

સૂર્યનારાયણ હજી હમણાં જ પ્રગટ થયા હતા.

મગધરાજ અશ્વારૂઢ થઈને ફરવા નીકળ્યા હતા.

ફરતાં ફરતાં એક ઉદ્યાનમાં આવી ચડ્યા. એકાએક એમની નજર વૃક્ષ નીચે રહેલા એક ધ્યાનસ્થ મુનિ ઉપર પડી.

ભરયૌવનમાં પ્રવેશેલો માણસ સાધુ બની જાય ! કેવી તેજસ્વી મુખાકૃતિ ! કેવું ભવ્ય લલાટ ! નમણી આંખો ! અણિયાળું નાક ! માંસલ દેહ ! વિશાલ વક્ષ:સ્થળ !

કોઈ પ્રેમિકાએ દગો દીધો હશે ? વેપારમાં ફટકો પડ્યો હશે ? માતાપિતાએ તિરસ્કાર્યો હશે ? નક્કી, આને જગતમાં એવી કોઈ દુ:ખદ ઘટના પામી હશે જેના પરિણામે એણે સાધુ બનવાનું પસંદ કર્યું હોય ! મુનિની નજદીકમાં જ ઘોડાને ઊભો રાખી મગધરાજ એની મુખાકૃતિ જોતાં તરેહ તરેહની કલ્પનાના ઘોડાઓ દોડાવતા હતા.

ત્યાં ધ્યાનસ્થ મુનિની આંખો ઊઘડી ! મગધરાજે નમસ્કાર કર્યો. મુનિએ 'ધર્મલાભ' કહ્યો.

'મુનિવર !' મગધરાજ બોલ્યા, 'પૂછ્યા વિના નથી રહી શકતો કે ફાટફાટ યૌવનકાળમાં આપે સંસારનાં સુખો કેમ ત્યાગ્યાં ? આપની દેહલતાનું સૌષ્ઠવ કહે છે કે આપ કોઈ સામાન્ય જન તો ન જ હતા. તો પછી એવું તે કયું દુ:ખનું વાદળ તૂટી પડ્યું કે જેણે આપના સુખી સંસારને ખારો-ખાટો કરી નાખ્યો !'

આ જ વખતે અજય-સંજયની જોડલી ફરતી ફરતી ત્યાં આવી ચડી હતી. મગધરાજને જોઈને બે ય ત્યાં જ થંભી ગયા.

સ્મિત કરતાં મુનિવરે કહ્યું, 'રાજન! દુઃખ તો બીજી કોઈ વાતનું ન હતું પણ જગતમાં હું અનાથ છું એવું મને લાગ્યું. મારે કોઈનું શરણું ન હતું. અશરણ–અસહાય જગતમાં રહીને શું કરું? આધાર વિના નિરાધાર રહેવામાં કેટલાં જોખમ! માટે અનાથ એવો હું નીકળી ગયો એ લોભામણા જગતમાંથી."

મગધરાજ ખડખડાટ હસી પડતાં બોલ્યો: "મુનિરાજ! કેવી વાત કરો છો? જવા દો એ ભૂતકાળને! તમે અનાથ છો? લો ત્યારે હું તમારો નાથ થઈ જાઉં છું! બોલો, ચાલશો હવે મારા મહેલે?"

મગધરાજને જોરથી તમાચ પડી જાય તે રીતે તુરત જ મુનિએ વળતો ઉત્તર આપી દીધો, "મગધેશ્વર, તમે પોતે જ અનાથ છો! શું અનાથ મારો નાથ બનશે? અસંભવ, અસંભવ.

મગધપતિ! સાંભળો ત્યારે, મારી અનાથતાની કથા ટૂંકમાં કહી દઉં.'

અજ્યના તો કાન ઊંચા થઈ ગયા, કથાની વાત સાંભળીને.

"કૌશાંબીનગરી! મારાં માતાપિતા ધનવાન. હું ભારે વિલાસી પુત્ર! યૌવનના ઉંબરે મેં પગ મૂક્યો અને પિતાજીએ મારું લગ્ન કર્યું.

સ્વર્ગલોકની દેવ–દેવીનાં યુગલો પણ ઈર્ષ્યા કરે એવા ભોગ સુખ અમે ભોગવતા હતા. કોઈ વાતનું દુઃખ ન હતું. પણ એક દિવસ હું રોગોથી ઘેરાયો. એક બે નહિ – અનેક રોગોએ મારા દેહનો કબજો લીધો. ખૂબ ઝડપથી એ રોગોએ ભીષણ સ્વરૂપ પકડી લીધું. અંગઅંગમાં ભયંકર દાહ થવા લાગ્યો, રોમરોમમાં શૂળ ભોંકાવા લાગ્યાં; આંખોમાં તો એટલી ઉગ્ર પીડા થતી હતી કે બાળકની જેમ રાત ને દિવસ હું રડવા લાગ્યો. એક સાથે આટલી બધી જાતની વેદનાઓ! રે! એમાંની એકાદ વેદના પણ મારા માટે અસહ્ય હતી.

રાજવૈદ્યોને કાકલૂદીભરી વિનંતી કરી, 'ગમે તેમ કરીને મારા રોગો શાન્ત કરો.' આખો દિવસ મારી પાસે બેસી રહેતી મારી બહેનો અને મારી માવડીને મેં ખૂબ ઠપકો આપ્યો. માત્ર બેસી રહેવા બદ્દલ, માત્ર જોયા કરવા બદલ. કોઈ મારો રોગ લે નહિ, મારી વેદનાને થોડી પણ ઘટાડે નહિ! મારી પ્રિયતમાએ બધા રંગરાગ-વિલેપનો ત્યાગ્યા ! મેં કહ્યું, 'તેથી શું મારો રોગ દૂર થયો ?' તમે બધી મારા સુખની જ ભાગીદાર ! દુઃખમાં કાંઈ લેવા-દેવા નહિ ! કેવી સ્વાર્થમયી દુનિયા ! પિતાજીને કહ્યું, ધનના ભંડાર ખુલ્લા મૂકી દો. મારી વેદના શાન્ત કરો.

પણ રાજન ! સહુનો એક જ જવાબ હતો કે 'અમે બનતું બધુ જ કરી રહ્યા છીએ. પણ તારું કર્મ જ પ્રતિકૂળ છે; ત્યાં અમારાથી શું થાય ?

આવો નઘરોળ જવાબ સાંભળવા હું કાયર હતો. ત્યારે મારો ક્રોધ બેકાબૂ બની જતો. હું બેફામ બોલી નાખતો. પણ એ બધુંય તોફાન મારા દુઃખમાં વૃદ્ધિ જ કરતું.

તનના તાપ અને મનના સંતાપ !

રાજન ! એક રાત્રિની વાત કરું ! સહુ સ્વાર્થીજનો સૂઈ ગયા હતા. જાગતો હતો માત્ર હું !

મને એ વખતે લાગ્યું કે આ જગતમાં મારું કોઈ નથી ! હું સાવ અનાથ છું ! કર્મની ચુંગાલમાં ફસાયેલું ખૂબ જ દયાપાત્ર મગતરું છું ! કર્મરાજ ધારે તે પળે મને ચોળી નાખી શકે તેવી દયામણી દીન-દશામાં હું સબડું છું !

ઓહ ! માનવ જેવો માનવ અનાથ ! ધનાઢય શેઠનો પુત્ર અનાથ ! વત્સલમાતાનો દીકરો અનાથ ! કામણગારી પ્રિયતમાનો સ્વામી અનાથ ! અઢળક ઐશ્વર્યનો નેતા અનાથ !

મગધપતિ ! કલ્પી ન શકાય તેવો તિરસ્કાર મને આ સ્વાર્થીઓની દુનિયા ઉપર વછૂટયો !

એ રાત્રે મારા અંતરમાં એક કાવ્યની લીટી રમવા લાગી, 'અન્યથા શરણં નાસ્તિ' ત્વમેય શરણં મમ' રમતી રમતી આ લીટી મારા રોમરોમમાં પ્રવેશી. રોમેરોમ પુકારવા લાગ્યા. અંતર પણ એ જ પુકાર કરવા લાગ્યું ! હું જોરજોરથી આ લીટી રટવા લાગ્યો !

અને...કારમી અશાન્તિમાં મારું સમાધાન થયું. ત્રિલોક-મતિ પરમાત્માના પ્રિયતમ મુખારવિંદનું પુનઃ પુનઃ દર્શન થવા લાગ્યું.

એ વખતે મને આખું ય જગત દગાબાજ, વિશ્વાસઘાતી, દ્રોહી, પ્રપંચી, સ્વાર્થી દેખાવા લાગ્યું. મેં તે જ પળે સંકલ્પ કર્યો કે જો મને આ વેદનામાંથી શાન્તિ મળે તો બાકીનું જીવન ઓ પરમાત્મન ! તારા ચીંધ્યા સર્વસંગત્યાગના પંથે ચાલીને પસાર કરી દેવું !

મગધેશ્વર ! તમે કદાચ એ વાત નહિ માની શકો કે એ જ પળે દિવસોના દિવસો સુધી અણમીંચાયેલી મારી આંખો મીંચાઈ ગઈ. હું ઘસઘસાટ ઊંઘી ગયો.

મળસ્કું થયું. સ્વાર્થીજનો સહુ ઊઠ્યા. મને ઊંઘતો જોઈ સહુને શાન્તિ વળી. સર્વત્ર આનંદ વ્યાપી ગયો.

હું પણ ઊઠ્યો. પણ હવે સદા માટે ઊઠી ગયો હતો. મારું મન ઊઠી ગયું હતું; સંસારથી !

સહુને મેં ભેગાં કર્યાં !

રાતની સઘળી બીના જણાવી ! મારો સંકલ્પ જણાવ્યો ! પિતાજીને કહ્યું, 'મારા મહાભિનિષ્ક્રમણનો મહોત્સવ કરો !'

મગધેશ્વર ! મોહરાજના વફાદાર મારાં કુટુંબીજનોને એણે ખૂબ સતાવ્યાં, રડાવ્યાં, કકળાવ્યાં....બધું જ કર્યું. પણ હવે મૂર્ખ બને એ બીજા !

મેં સઘળું ય ત્યાગ્યું !

જાણીને મારી અનાથતા ? રાજન ! તમે ય અનાથ છો હોં ! સમજી ગયાને આ વાત ?

ઓ, મગધપતિ! સાથે સાથે બીજી પણ એક વાત સાંભળી લો. જે અનાથતાનું વર્ણન મેં કર્યું તેને ક્યાંય ટપી જાય તેવી એક બીજી અનાથતા પણ છે. આ જગતમાં નહિ હોં! પણ એ જગતના ત્યાગીમાં!

સર્વસંગનો ત્યાગ કરીને જે વેષધારી આત્માઓ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પોતાનું ભાન ભૂલી જાય છે; જેઓ કાયાની આળપંપાળમાં પડી જાય છે, એક દેહની પુષ્ટિ માટે ગુરુની સાથે જેઓ માયા-પ્રપંચ ખેલે છે; માનપાન ખાતર જેઓ દંભી જીવન જીવે છે, પરલોકને, કર્મને, પરમાત્માને, ગુરુને—સહુને જે વીસરી જાય છે, એના જેવો અનાથ બીજો કોઈ નથી. હું પણ તે વખતે તેવો અનાથ ન હતો. આવા નધણિયાતાઓની કર્મરાજ જે ભયંકર ખાનાખરાબી સર્જે છે તેવી તો કોઈની પણ અવદશા તે કરી શકતો નથી."

આ સાંભળીને મગધનો નાથ સ્તબ્ધ થઈ ગયો! તેનું મન બોલી ઊઠ્યું, "હું તે મગધનો નાથ કે કર્મનો ગુલામ!"

હવે ભગવાન મહાવીરદેવ તેના શ્વાસમાં ગુંજવા લાગ્યા! તેમના પ્રત્યેનો બહુમાનભાવ ખૂબ વધી ગયો.

અજય અને સંજય ત્યાંથી છૂટા પડ્યા. રસ્તે ચાલતાં સંજયે અજયને કહ્યું, "જાણ્યું ને સંકલ્પનું બળ? કાળાં ડીબાંગ કર્મોની ફોજની ફોજ ધસી આવતી હોય તો એને એક જ શુભ સંકલ્પના પડકારે, ત્યાં ને ત્યાં ઊભી રાખી દે!'

મહાત્માનો કેવો અપૂર્વ સંકલ્પ! કેવું અપૂર્વ પરમાત્મ-દર્શન! કેવું ભવ્ય અભિમાન!

'ભાવના ભવનાશિની' તે આનું જ નામ ને?"

શ્રેષ્ઠીપુત્ર અનાથીની ભવ્ય પુરુષાર્થગીતાનું ગુંજન અજયના અંતરમાં સદા ચાલતું રહ્યું. એના જીવનમાં વિરાગની જ્યોત વધુ ને વધુ જલાવતું રહ્યું. અનાથતાની સભાનતાએ એને ઘણો સાવધ કરી દીધો.

[૫]

## દેડકો ય દેવ થયો

[વીરનાં સ્મરણો]

મહારાજા શ્રેણિકના રાજમહેલના દ્વારપાળે જાણ્યું કે ત્રિલોક ગુરુ મહાવીરદેવ નગરની બહાર ઉદ્યાનમાં પધારી ગયા છે કે તરત તેણે પ્રભુની દેશના સાંભળવા જવાનો નિર્ણય કર્યો. વખાના માર્યો ભટકતા કોક બ્રાહ્મણ સાથે તેને તાજી જ મૈત્રી થઈ હતી. તેને દ્વારપાળ તરીકે બેસાડી દીધો અને કહ્યું કે, "પ્રભુ મહાવીરદેવની દેશના સાંભળીને હું ન આવું ત્યાં સુધી આ સ્થાનેથી જરાય ખસતો નહિ."

દ્વારપાળ દેશના સાંભળવા ગયો.

બ્રાહ્મણ ચોકીપહેરો ભરવા લાગ્યો. તેની બાજુમાં જ દુર્ગાદેવીનું મંદિર હતું. ત્યાં મૂકવામાં આવેલો પ્રસાદ જોઈને તે ખાવા માટે ખૂબ લલચાયો. અકરાંતિયાની જેમ તેણે પુષ્કળ ખાધું. પછી તેને તૃષા લાગી. એ ગ્રીષ્મઋતુ ચાલતી હતી એટલે તૃષાએ તો માઝા મૂકી. પાણીની પરબ કાંઈક વધુ દૂર હતી. ચોકીનું સ્થાન છોડીને તે ત્યાં જઈ શકે તેમ ન હતું. અંતે એ તૃષા મરણતોલ બની. તે વખતે તેને જલચર જીવો સૌથી વધુ પુણ્યશાળી લાગ્યા; કે જેમને પાણીમાં જ જીવન મળ્યું છે. 'પાણી પાણી' કરતો એ બ્રાહ્મણ ત્યાં જ ઢળી પડયો અને એ જ નગરની વાવના પાણીમાં જ દેડકો થયો! જેની જ્યાં લેશ્યા તેનો ત્યાં જન્મ !

એકદા પરમાત્મા મહાવીરદેવ પુનઃ તે નગરમાં પધાર્યા. પનિહારીઓ વાવનું પાણી ભરતાં ભરતાં પ્રભુની પધરામણી થયાની

વાતો કરવા લાગી. તે શબ્દો પેલા દેડકાના કાને પડયા. 'વીર! મહાવીર!' રે! આ શબ્દો તો મેં પૂર્વે ક્યાંય સાંભળ્યા છે! આવો ઊહાપોહ કરતાં તે દેડકાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વનો બ્રાહ્મણનો ભવ જાણ્યો.

હવે આ દેડકાને પણ વીરપ્રભુને વંદના કરવા જવાની ભાવના જાગી. કૂદતો કૂદતો તે જવા લાગ્યો. પણ અફસોસ! પ્રભુની દેશના સાંભળવા નીકળેલા મગધપતિ મહારાજા શ્રેણિકના ઘોડાની ખુર નીચે એ કમભાગી દેડકો દબાઈ ગયો! છતાં અંતે વીરનું રટણ કરતાં શુભ ભાવમાં મરીને દર્દુરાંક નામે દેવ થયો.

શુભ ભાવ રાખે તો દેડકો ય દેવ થાય અને અશુભ ભાવોમાં રમે તો તે માણસ પણ દેડકો થાય!

કશાય અનુષ્ઠાન વિના ભાવનામાત્રથી કેવું સુંદર ભવપરિવર્તન થઈ ગયું!

ધન્ય છે તે વીરના શાસનને જ્યાં પહેરેગીરોને પણ ધર્મ-દેશનાના શ્રવણની તલપ લાગે છે; જ્યાં દેડકો પણ દેવ બને છે!

કરુણાનાં આ બે આંસુથી નીતરતા ભગવાનનાં એ સર્વોત્તમ ધ્યાનચક્ષુ, આપણને ઇશારો કરે છે અને કહે છે: 'તોપનો લોખંડી ગોળો બળવાન નથી, પણ કમળની પાંદડી બળવાન છે. ક્રોધની આગ બળવાન નથી, ક્ષમાનાં આંસુ બળવાન છે. ધરતીનું રાજ્ય અને ઇન્દ્રસભા બળવાન નથી, પણ મુક્તાકાશમાં કેકારવ કરતા આત્મમયૂરનું એક સમૃદ્ધ પીંછું બળવાન છે.

[૬]

# મહાવીરભક્ત શ્રેણિક

ભગવાન મહાવીરના પરમભક્ત બની ગયેલા મગધપતિ શ્રેણિક એક વાર પરમાત્માની પાસે બેઠા હતા. વિનીત પુત્ર અભય બાજુમાં હતો. કાલસૌરિક કસાઈ પણ ત્યાં જ બેઠો હતો.

એ વખતે એક પુરુષ ત્યાં આવ્યો. પોતાના શરીરમાંથી નીકળતી રસી જાણે પરમાત્માને લગાડતો હોય તેવું કાંઈક કરતો દેખાતાં જ ભક્ત શ્રેણિક અંતરમાં સમસમી ઊઠયો. પણ અત્યારે બોલવાનો અવસર ન હતો. ત્યાં એકદમ છીંક આવી. તરત જ પેલા પુરુષે ભગવાનને કહ્યું, 'આપ મરો.' અભયને કહ્યું, 'જીવો કે મરો,'' કાલસૌરિકને કહ્યું, ''તું જીવીશ પણ નહિ, મરીશ પણ નહિ.' શ્રેણિકને કહ્યું, 'તું જીવતો જ રહે.' આમ કહીને એ પુરુષ એકદમ અલોપ થઈ ગયો!

શ્રેણિક સ્તબ્ધ થઈ ગયો. પરમાત્માએ કહ્યું ત્યારે જ ખબર પડી કે એ દુર્દુરાંક નામનો દેવ હતો.

'પ્રભો! કેવો મૂર્ખ! આપને કહે, મરો.'

'રાજન! એણે જે કહ્યું તે સમજીને કહ્યું છે. હું જ્યાં સુધી જીવતો રહું ત્યાં સુધી અનંતસુખનું ધામ મુક્તિપદ મારાથી છેટે જ રહે. એથી એ પદ પ્રાપ્ત કરવા માટે તેણે મને કહ્યું, 'મરો'!'

'એમ!' સાશ્ચર્ય શ્રેણિક બોલ્યા, 'તો પ્રભો! અમને બધાને જે કહ્યું તે ય એવું જ અર્થગંભીર કથન હતું?'

'હા, જરૂર. કુમાર અભય જીવે તો ય સુખી છે; અને

મૃત્યુ બાદ પણ દેવલોકમાં જનાર હોવાથી સુખી છે માટે તેમને કહ્યું, 'જીવો કે મરો.'

આ કાલસૌરિક જીવીને રોજ પાંચસો પાડા મારીને ઘોર પાપકર્મ ઉપાર્જે છે, અને મરીને ઘોર દુઃખોની જ્યાં આગ જ વરસે છે તે સાતમી નરકમાં જવાનો છે. માટે તેને કહ્યું, 'તું જીવ પણ નહિ, અને મરીશ પણ નહિ.'

'અને પ્રભો! મારા માટે શું?' પોતાનું ભાવિ જાણવાને એકદમ ઉત્સુક બની ગયેલા મગધનાથે પૂછ્યું.

'રાજન! તું જીવે છે તો રાજપદનું સુખ પામે છે. પણ મૃત્યુ બાદ તારે પહેલી નારકમાં જવાનું નિર્માણ થઈ ચૂક્યું છે. એટલે દેવે કહ્યું, 'તમે જીવતા રહો.'

'અરે! અરે! પ્રભો મારે પહેલી નારક! અસંભવ, અસંભવ. ભગવાન મહાવીરદેવનો અનન્ય ભક્ત પહેલી નારકે જાય? ના, ના. એ બને જ શી રીતે?' એકદમ અકળાઈ ગયેલા શ્રેણિક એકશ્વાસે બોલી ઊઠ્યા.

'રાજન! કર્મસત્તા કોઈને છોડતી નથી. સાંભળો. મારી સાથેના પરિચયમાં તમે આવ્યા તે પહેલાંની આ વાત છે. તમે એક વાર મૃગયા ખેલવા ગયા હતા. ત્યાં તમે સગર્ભા હરિણીને તીર માર્યું! ગર્ભ અને હિરણી બે ય એક જ તીરે ખતમ થઈ ગયાં! આ જોઈને તમે આનંદમાં આવી જઈને સાથે રહેલા મિત્રવૃંદને કહ્યું, કેવી તાકાત બતાવી આપી! એક જ તીરે બે ખતમ?'

રાજન! આ જ વખતે આયુષ્યનો નિકાચિત બંધ પડી ગયો! આવો હિંસકભાવ નારકનું જ આયુષ્ય બંધાવી દે.'

'પણ પ્રભો! કોઈ રસ્તો બતાડો. મહાવીરનો ભક્ત નારકે જશે તો ભગવાન મહાવીરની નિંદા થશે હોં!'

'રાજન ! કોઈ રસ્તો નથી. નિકાચિત કર્મ ભોગવવું જ પડે. પછી તે ચક્રવર્તી હોય કે તીર્થંકર હોય; તો તેને ય ભોગવ્યે જ છૂટકો થાય.'

'પરમાત્મન ! તો શું આપની ભક્તિના જળથી એ કર્મ હવે ધોવાઈ શકે જ નહિ ? મારા રોમેરોમમાં આજે આપ વસ્યા છો ! ચીરી નાખે કોઈ મારી છાતી. 'વીર' સિવાય બીજું કાંઈ એમાં જોવા મળે તો ગુલામ થઈ જાઉં એનો !' રાજાની આંખો અશ્રુભીની થઈ ગઈ !

'ઓ દયાસાગર ! નારક એટલે ? આપે એનું જે વર્ણન કર્યું છે તે બધું ય મારી આંખ સામે તરવરે છે. ઓહો ! કેવાં ભયાનક દુઃખો ? પરધામીના કેવા સીતમ ! એક પળનીય શાંતિ નહિ, તૃષા ન સહેવાય અને જીવ પાણીની માગણી કરે કે ધગધગતો સીસાનો રસ મોં ફાડીને ઠોકી દે, પેલા દુષ્ટ પરમાધામી દેવો ! ભૂલોકની કારમી તૃષા કરતાં અનંતગુણ ત્યાં તૃષા તે ય સમગ્ર જીવનકાળ સુધી ! અહીંના કોઈ પણ ભયાનકમાં ભયાનક–અસહ્ય દુઃખ કરતાં ય અનંતગણું ત્યાં નું કોઈ પણ દુઃખ ! મારપીટ ! આગના ભડકા ! વૈતરણીના ઉકાળા ! ચિચિયારીઓ, કિકિયારીઓ અને કરુણ કાકલૂદીઓ !

પ્રભો ! પ્રભો ! મારાથી ય નહિ ખમાય હોં ! એ દુઃખો તો લેશ પણ સહેવાય તેવાં નથી ! કોઈ રસ્તો કાઢો. મને બચાવો. શ્રેણિકની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે.

મગધરાજના મુખ પર કરુણ કાકલૂદીના ભાવો વ્યક્ત થાય છે.

વાઘ જેવો વાઘ બકરી બન્યો છે !<br>
સિંહ જેવો સિંહ ગાય બન્યો છે !

જેવા એને આંખ સામે ભગવાન મહાવીર દેખાય છે તેવું જ શ્રદ્ધાની આંખોથી એને નારકનું સ્વરૂપદર્શન થઈ રહ્યું છે.

મગધરાજ સમ્યગ્દર્શનનો સ્વામી છે. જીવ અને સકળ વિશ્વનું સાચું–જેવું હોય તેવું સંપૂર્ણ–શ્રદ્ધાની આંખે જે દર્શન થયું તે જ સમ્યગ્દર્શન!

'રાજન!' ધ્રુસકે રડતા મગધપતિને આશ્વાસન આપતા કરુણાપતિ પરમાત્મા બોલ્યા, 'હવે એ નિર્માણમાં કોઈ જ ફેરફાર થઈ શકે તેમ નથી. પણ તમે ક્ષાયિક સમ્યગ્દર્શનના સ્વામી છો, એટલે સમ્યગ્દર્શનની એ જ્યોત ત્યાં પણ જલતી રહેશે. એનો પ્રકાશ તમને ઠીક ઠીક સ્વસ્થતા અને શાન્તિ આપશે. અને એ જીવન પૂર્ણ થશે પછી તો તમે મારા જેવા જ–મારી જ ઉંમરના, મારી જ ઊંચાઈવાળા, ઘણી બાબતોમાં મારી સરખાઈવાળા પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશો. માટે જરા ય ખેદ કરશો નહિ. પ્રાપ્ત સંયોગોમાં સ્વસ્થતા પામો એ જ જરૂરી છે. પછી સંયોગ ગમે તેવો હોય.'

ગંગોત્રીનાં શીતળ જળ જેવી ભગવાનની વાણી સાંભળીને ભક્ત મગધપતિ શાન્ત થયો.

જે જેવું ધ્યાન કરે તે તેવો તો થાય જ પરંતુ અહીં તો તેવડો અને તેટલો પણ થયો! કેવો હશે એ ભક્ત! કેવી હશે; એ ભગવાનની કૃપા!

ભગવાનની ભાવિ ભેટ સ્વીકારીને ભક્ત ઊભો થયો. પાછલા પગે ચાલતો બહાર નીકળી ગયો; પીઠ કર્યા વિના ભગવાનનું દર્શન એટલો વધુ સમય મળવાનું સદ્ભાગ્ય પમાય એથીસ્તો.

કેવી અલબેલી એ ભક્ત–ભગવાનની જોડલી! રાગી–વીતરાગીના ય કેવા અપૂર્વ મેળ–મિલાપ! કેવી એમની વાતો!

છતાં ય રાગી તે રાગી અને વીતરાગી તે વીતરાગી.

*

[૭]

## શ્રેણિક : શ્રદ્ધાથી ઝળહળતું રત્ન

એકદા દેવેન્દ્ર લોકસભામાં મગધપતિ શ્રેણિકના સમ્યક્ત્વની —શ્રદ્ધાની—મુક્તકંઠે પ્રશંસા કરી. દેવેન્દ્રની પ્રશંસા કેટલી યથાર્થ છે તે જાણવા માટે એક દેવ મર્ત્યલોકમાં આવ્યો. તેણે માછીમાર એવા સાધુનું રૂપ લીધું; અને જ્યારે શ્રેણિક તે દિશામાંથી પસાર થવાના હતા તે વખતે તળાવે જાળ નાખીને માછલાં પકડવા બેઠો. મગધપતિએ જૈન સાધુને માછલાંની જાળ નાખીને બેઠેલા જોયા. તેઓ મનોમન બોલ્યા; જ્યાં ઘણા ઘઉં હોય ત્યાં કોક આવા કાંકરા પણ હોય. આમાં નવાઈ પામવા જેવું કશું નથી! એકના વાંકે આખા મુનિસંઘ ઉપર કદી તિરસ્કાર ન જ થાય; નહિ તો સૂકા ભેગું લીલું બળવાનો ઘાટ થાય.'

પણ હજી આ વિચારણા શમી નથી ત્યાં તો રસ્તેથી પસાર થતાં ગર્ભના પૂરા માસ થઈ ગયા હોય તેવાં સાધ્વીજીનું રૂપ વિકુર્વીને તે દેવાત્મા હાજર થયો. મગધપતિએ તે સાધ્વીજીને જોયાં, લેશ પણ વિકલ્પ કર્યા વિના મગધપતિ તે સાધ્વીજીને એકાંતવાસમાં લઈ ગયા અને ત્યાં જ પ્રસૂતિ પણ થઈ ગઈ. સ્વયં બધું કામ પતાવીને મગધપતિએ તે સાધ્વીજીને હિતવચનો કહ્યાં ત્યારે તાડૂકી ઊઠીને તે સાધ્વીજીએ મગધનરેશને કહ્યું, 'મને એકલીને શું હિતશિક્ષા આપો છો? સાધ્વી ચંદનબાળા અને સાધ્વી મૃગાવતી પણ આ પાપોથી મુક્ત નથી!'

અને....આ શબ્દો સાંભળતાં જ મગધનરેશ ઉગ્ર થઈ જઈને બોલ્યા; 'ઓ સાધ્વીજી! કાબૂમાં રાખો તમારી જીભડીને. તમે કરેલાં પાપ કરતાં ય મહા-શીલવંતા સાધ્વીજીઓના માથે આવું આળ ચડાવો છો તે ઘણું મોટું પાપ છે! ખબરદાર જો ફરી

આવી રીતે તેમની આશાતના કરી છે તો !'

એ જ વખતે મગધપતિના શ્રદ્ધા-બળ ઉપર આફરીન પુકારી ગયેલો દેવ પ્રગટ થયો. તેણે પ્રણામ કરીને કહ્યું, 'મગધ-નરેશ ! આપના સમ્યક્ત્વની દેવસભામાં દેવેન્દ્રે પ્રશંસા કરી હતી તેથી હું આપની કસોટી કરવા માટે માછીમાર સાધુ અને સગર્ભા સાધ્વીના સ્વરૂપે આવ્યો હતો. ખરેખર સમ્યક્ત્વ હોલવાઈ જતા દીપકની જ્યોત જેવું નથી, પણ સદાય ઝળહળતા રત્નના પ્રકાશ જેવું છે.'

ધન્ય છે; પ્રભુભક્ત શ્રેણિકને ! અચ્છા અચ્છા રૂસ્તમો (ધર્માત્માઓ)ની શ્રદ્ધા પણ આ કાળમાં તો જરાતરામાં-કોઈ વ્યક્તિના પ્રસંગનું નિમિત્ત પામીને ડગમગી જાય છે ત્યારે શ્રેણિકનું આ દૃષ્ટાંત ભારે બળ પૂરું પાડનારું બની રહેશે.

---

હે અનંત વીર્યવાન અરિહંત !

અમે આપનું શરણ લઈએ છીએ. એ આશાથી નહિ કે અમારે હવે પછી કશું કરવાનું જ ન રહે; પણ એ અભિલાષાથી કે આપના ચરણસ્પર્શના આહ્લાદથી અમારામાં જે વીરતા જાગ્રત થઈ છે તેના વડે અમે સંસારને પડકાર ફેંકી શકીએ.'

હે તારણહાર દેવાધિદેવ ! અમે આપનું શરણ લઈએ છીએ કારણ કે જ્યારે અમે આપની છત્રછાયામાં પ્રવેશ પામીએ છીએ ત્યારે દુઃખ એ દુઃખ નથી રહેતું, અને સુખ એ સુખ નથી રહેતું; રહે છે કેવળ આનંદ.

[૮]

## પ્રભુભક્ત મહાશતક

'ગૌતમ !'

'જી, ભગવાન !'

'જાઓ, મહાશતકને ત્યાં જઈને એમ કહો કે ક્રોધથી બોલાતું સત્યવચન પણ અસત્યવચન છે. તમારી પત્ની રેવતી પાસે એની માફી માગીને શુદ્ધ થઈ જાઓ.' દેવાધિદેવ ભગવાન મહાવીર બોલ્યા.

'તહત્તિ ભગવન !' કહેતાં જ વિનયમૂર્તિ ઇન્દ્રભૂતિ ગૌતમ ચાલવા લાગ્યા.

રાજમાર્ગ ઉપરથી પસાર થતા ગણધર ભગવંતને જોઈને અજય–સંજય તેમની પાછળ ચાલવા લાગ્યા; મહાપુરુષના પગલે પગલું દાબવાથી કશોક લાભ પામવાની આશાથી જ સ્તો.

ઇન્દ્રભૂતિજી મહાશતકની હવેલીએ આવી પહોંચ્યા. ગણધર-ભગવંત ગૌતમને જોતાં જ ભગવદ્ભક્ત મહાશતક દોડતા બહાર આવ્યા. ચરણોમાં આળોટી પડ્યા ! હર્ષથી ગદ્ગદ્ થઈ ગયા, 'પ્રભો ! પ્રભો ! પધારો, પધારો મારા આંગણે !'

'મહાશતક ! તમે આજે તમારી પત્ની રેવતી ઉપર ક્રોધ કર્યો; કેમ વારુ ? આવેશમાં આવી જઈને 'સાત દિવસ બાદ મૃત્યુ અને પ્રથમ નારકમાં તારું ગમન ! એ વાત તેને કહીને ?

'હા, ભંતે !' મહાશતક બોલ્યા.

તો ત્રિલોકપતિ પરમાત્માએ જણાવ્યું છે કે તેની ક્ષમાપના કરી લો. ઉપશમ પ્રાપ્ત કરો; ક્રોધને દૂર કરો. પ્રભુએ કહ્યું છે કે ક્રોધથી બોલાતું સત્યવચન પણ અસત્યવચન છે. શુદ્ધ થાઓ.

તમારા જેવા શ્રમણોપાસકને આ ન છાજે.'

પશ્ચાત્તાપનાં આંસુ પાડતા મહાશતક બોલ્યા, 'પરમાત્માએ મારી કેટલી કાળજી કરી! ભગવંત! ખરેખર મારી ભૂલ થઈ ગઈ હોં! એ સ્ત્રી ઉન્માર્ગગામિની હતી અને ઉપરથી મને ધર્મારાધનામાં અંતરાયભૂત થતી હતી. આજે સવારે યદ્વા તદ્વા બોલવા લાગી એટલે, એનું ભાવિ કેવું હશે એ જાણવા મેં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકચો અને સાત જ દિવસમાં અતિસારના વ્યાધિથી તેનું મૃત્યુ અને પછી પ્રથમ નારકગમન મેં જોયું.... હું કંપી ઊઠચો અને તરત જ મેં એને ક્રોધાવેશમાં આ બધું કહી દીધું! પ્રભુ! મારી ભૂલ થઈ ગઈ. સત્યકથન પણ ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી બોલાય તો તે અસત્ય બની જાય; શુદ્ધ પણ જલ ધૂળ પડતાં શુદ્ધ કહેવાતું નથી; ડહોળું ગંદુ પાણી જ કહેવાય છે. આ વાત ભગવંતે એક વાર દેશનામાં કહી જ હતી; પણ હું ભૂલી ગયો! હમણાં જ એ સ્ત્રી પાસે માફી માગી આવું છું!'

અજય તો આ બધું જોઈને સજ્જડ થઈ ગયો. પત્ની પાસે પતિ માફી માગે! મહાવીરદેવે નમ્રતાનું અને સમતાનું કેવું તત્ત્વ-જ્ઞાન શીખવી દીધું!

અને એ ય કેવું કે ભગવાન તો ભક્તની દૂર બેઠા ય કાળજી કરે! અહીં ભૂલ થઈ અને ત્યાં ભગવંતે ગૌતમ ગણધરને વાત કરી!

કેવી કરુણા ભગવંતની!

કેવી લઘુતા ભક્તોની!

મહાશતક રેવતીના પ્રાસાદે ગયા! ઇન્દ્રભૂતિજી પાછા ફર્યા.

સાચું–સાવ સાચું–પણ ક્રોધ વગેરેથી તો ન જ બોલાય. એ સાચું ય જૂઠું બની જાય. એ કોઈને ન ગમે.

લગડી સોનાની; પણ ધગધગતી! એને કોઈ ન અડે.

*

[૯]

## સાવધાન સદ્દાલકપુત્ર

પોલાસપુર નગરનાં મહાલયોને વિરાગની આંખોથી જોતાં સંજય રાજમાર્ગે આગળ વધી રહ્યા હતા. અજય તો એનો પડછાયો! ગદા સાથે જ હોય ને!

આગળ વધતાં વધતાં એક ભવ્ય મહાલય આવ્યું. વિશાળ એનું પ્રાંગણ હતું. એ પ્રાંગણામાં ઠીક ઠીક મોટી માનવમેદની જણાતી હતી. કોલાહલ પણ પુષ્કળ થતો હતો.

રે! આ કોનું મહાલય! હં, યાદ આવ્યું.' સંજયે સ્વગત બોલી નાખ્યું. આ તો કોરિપતિ કુંભકાર સદ્દાલકપુત્રનો મહાલય. તાજેતરમાં જ તીર્થેશ ભગવાન મહાવીરદેવનો એ પરમ-ભક્ત બન્યો છે; હા. તે જ સદ્દાલકપુત્ર!

પણ અહીં આ કોલાહલ શેનો?

'વત્સ અજય! ચાલ જરા અંદર જઈએ. જોઈએ તો ખરા કે ત્યાં શું બની રહ્યું છે? કાંઈક નવું જ તત્ત્વજ્ઞાન અને નવો જ વિરાગનો ચોલમજીઠ રંગ કદાચ પ્રાપ્ત થશે.'

મહાલયના પ્રવેશદ્વાર પાસે જ સદ્દાલક ઊભા હતા. મોટા ટોળાની આગેવાન વ્યક્તિ સાથે વાતચીત થતી હતી. સદ્દાલક તો મૌન હતા. ટોળામાં મુખ્યત્વે આજીવકમતના સાધુઓ વગેરે હતા.

સંજય ટોળાની નજદીક સરક્યા. ટોળાના આગેવાનને જોતાં જ ધીરેથી બોલી ઊઠયા, 'ઓહો! આ તો પેલો મંખલિપુત્ર ગોશાલક! એક વખતનો ભગવાન મહાવીરદેવનો શિષ્ય! આજનો કટ્ટર દ્વેષી!'

'ઓ! સદ્દાલક મારો પરમભક્ત! તું આ રીતે મહાવીરનો ભક્ત થવા નીકળ્યો!' ક્રોધથી ધમધમતા ગોશાલકના શબ્દો સંજયના કાને પડયા! એટલામાં તો એ સઘળી વાત પામી ગયા.

'સદ્દાલક ! જો સાંભળ ! આ મહાવીર તો ધૂર્ત છે, ધૂર્ત; સાચો તીર્થંકર તો હું જ છું. એની ખાતરી બીજી તો શી આપું ? પણ મારું સંખ્યાબળ જ જોઈ લે ને ? મહાવીરના અનુયાયી કરતાં મારા અનુયાયીની સંખ્યા ઘણી મોટી છે. લોકો મૂર્ખ નથી કે મારા અનુયાયી થાય. મારામાં એવી કેટલીક વિશિષ્ટતાઓ હશે, મારા સર્વજ્ઞત્વની એમને ખાતરી થતી હશે ત્યારે જ મારા અનુયાયી બનતા હશે ને ? "અને તું ય મારો અનુયાયી છે ને ? આ તો તને કોઈએ ઘેલો બનાવ્યો છે એટલું જ. બાકી એ આવતી કાલ દૂર નથી જેમાં હું તને મારા પગમાં પડતો, માફી માગતો જોઈશ.' એમ કહીને ગોશાલક ખડખડાટ હસી પડ્યો.

ટોળામાં ગણગણાટ ચાલુ જ હતો, દરેક સાધુ ક્ષમામૂર્તિ ભગવાન મહાવીરદેવની ભરપેટ નિંદા કરતો હતો અને ભગવાન ગોશાલકના નામની વચ્ચે વચ્ચે જય બોલાવતો હતો.

સદ્દાલકને સમજાવવાના મંખલિપુત્રના પ્રયત્નો ચાલુ જ હતા, પણ સદ્દાલક કેમે ય મચક આપતા ન હતા.

ક્યારેક નરમ થઈને તો ક્યારેક ગરમ બનીને ગોશાલકે ઘણું ઘણું કહી નાખ્યું પણ જાણે પથ્થર ઉપર પાણી વહી ગયું !

ગોશાલક બોલતો રહ્યો, સદ્દાલક સાંભળતો રહ્યો. કોઈ વાતનો કશો ખુલાસો નહિ, ઊંચું ય જોવાનું નહિ.

સદ્દાલકનું એ મૌન ગોલાશકને અકળાવી ગયું. એ ધૂંઆ-ફૂંઆ થઈ ગયો. ક્રોધથી એના દાંત કંપવા લાગ્યા. એનું અંગ ધ્રૂજવા લાગ્યું ! એનું મોં લાલપીળું થઈ ગયું ! 'ઓ મૂર્ખ ! મારી પાછળ રાત ને દી ભમનારો તું આજે મારી સામે પણ જોવા લાચાર બન્યો છે ! યાદ રાખ, ગુરુદ્રોહી ! તારા જીવનમાં હવે પછી તું સુખ અને શાન્તિ જોઈ શકનાર નથી.'

સદ્દાલકને બોલાવવા ગોશાલકે ઘણો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ! સદ્દાલકનું બોલાવાનું તો દૂર રહ્યું પણ એણે એક વાર પણ

ગોશાલકના સામે ય ન જોયું ! એની આ વર્તણૂક ગોશાલકના અંગ અંગમાં આગ લગાડી ગઈ !

ફરી ક્રોધથી ધમધમી ઊઠતાં તે બોલ્યા : 'ઓ અધમ પુરુષ ! સામે જોવાની ય તારા ભગવાને તને બાધા આપી છે ? સૌજન્યથી પણ ગયો !'

સદ્દાલકને લાગ્યું કે આ વાતનો ખુલાસો તો કરવો જ રહ્યો. રખે ! મારા પરમતારક માટે કોઈ ગેરસમજ ફેલાઈ જાય.

દૃષ્ટિને નીચી રાખીને જ સદ્દાલકે કહ્યું, 'મારા ભગવાન તો ભગવાન જ છે. ક્રોધ અને કલેશ તો તમને જ મુબારક હો ! એમના તો કોઈ આત્મપ્રદેશમાં રાગરોષનું નામ પણ નથી રહ્યું. માટેસ્તો મેં નકલનો ત્યાગ કરી અસલનો સ્વીકાર કર્યો છે. નકલીની નકલ ક્યાં સુધી છુપાયેલી રહે ! તમારી સાથે હું વાદ કરવા માગતો નથી; કેમકે મને સત્ય પ્રાપ્ત થયું છે. હવે સત્ય-અસત્યનો નિર્ણય કરવાની જરૂર જ નથી. વળી મારો એકેકો શબ્દ તમારા અંતરની આગ વધુ ને વધુ ભભુકાવે. મારા પરમાત્માએ આવા ક્રોધને સર્વદા ત્યાજ્ય કહ્યો છે, એટલે કોઈના પણ અંતરને સળગાવવામાં હું નિમિત્ત બનવા માગતો નથી.

'બીજું તમે કહો છો કે, 'સામું કેમ જોતો નથી ?' તેનો ઉત્તર એ છે કે મને ભય છે કે મારો તાજો નવો શ્રદ્ધાનો રંગ તમારા દર્શનથી કદાચ ઝાંખો પડી જાય. ભૂતકાળનો ભક્ત તમારી શરમમાં પડી જાય તો સત્ય પણ છોડી દેવાની એને કદાચ ફરજ પડે એવી સ્થિતિમાં એ મુકાઈ જાય. મને એ વાત પરવડે તેમ નથી. મારી તમને વિનંતી છે કે તમો ક્ષમા ધારણ કરો. પંથ વધારવાના કાવાદાવામાં ન પડો. પંથ જગતમાં એક જ છે; સત્યનો. જ્યાં સત્ય છે ત્યાં સહુ કોઈ સત્યનો ચાહક જઈ શકે. સત્ય ભગવાન મહાવીરદેવ પાસે જ છે. બધું જોયું છે. અંતે મને જે સત્ય સમજાયું તે મેં સ્વીકાર્યું છે. ભગવાન મહાવીર દેવને મેં શિર-સાવંદ્ય કર્યા હોય તો તે સત્યની અખંડ પ્રતિમા હોવાના કારણે

જ. તમને મેં છોડયા હોય તો નરદમ જૂઠના તમારા કટ્ટર પક્ષપાતને લીધે જ. બાકી તમારા સચ્ચિદાનંદસ્વરૂપ આત્માને તો હું એટલા જ ભાવથી નમું છું; જેટલા ભાવથી સચ્ચિદાનંદમૂર્તિ ભગવાન મહાવીરદેવને.”

કોલાહલ એકદમ વધી ગયો. ગોશાલક-પંથીઓ રાડો પાડીને બોલવા લાગ્યા. ગાળો પણ સંભળાવા લાગી. વાતાવરણ તોફાની બનતું લાગ્યું. સમયપારખુ સદ્દાલક મહાલયમાં ચાલી ગયા.

ધમપછાડા કરતો ગોશાલક રસ્તે પડ્યો.

અજય અને સંજય માર્ગે પડ્યા. રસ્તામાં સંજયે કહ્યું, ‘અજય! જોયું ને સદ્દાલક પુત્રનું સમ્યગ્દર્શન? જ્યાં અસત્ય છે: ત્યાં સામું પણ જોવાય પણ નહિ. પછી ત્યાં ખાનપાન આદિના વ્યવહારની તો વાત જ ક્યાં રહી? સત્યનો પક્ષપાતી આત્મા બાળ ભાવમાં પણ હોઈ શકે છે. ‘એમાં શું થઈ ગયું?’ એમ વિચારીને અસત્યનાં ધામોમાં જો એ જવા લાગે અને લોકો સાથે વાતો પણ કરવા લાગે તો એનો આત્મા ક્યારેક શંકાશીલ બની જાય. માટે જ્યાં સુધી સત્યનું પૂર્ણ જ્ઞાન થાય નહિ ત્યાં સુધી આવાં દુ:સાહસ થાય નહિ. એ રસ્તો ભારે પડી જાય.’

ગુરુજીની વાત સાંભળીને અજય બોલ્યો, ‘ગુરુજી! બહુ જ સમયસરની આપે મને વાત કરી. હું જરા મૂંઝવણમાં પડ્યો હતો; પણ હવે તદ્દન સ્વસ્થ થઈ ગયો છું. ગુરુજી! ગોશાલકની વાતોમાં ક્રોધ અને જૂઠની બદબૂ કેટલી આવતી હતી? કેમ? અને બોલવાની રીતભાત પણ કેટલી ક્ષુદ્રતાભરી લાગતી હતી!

અને સદ્દાલકનું મૌન! ભવ્યતાથી કેવું ઓપતું હતું! વળી જ્યારે એણે થોડા શબ્દો કહ્યા ત્યારે તેના અક્ષર–અક્ષરમાં કેવું ગાંભીર્ય નીતરતું હતું? કેવો હતો એકેકો વજનદાર શબ્દ!

એક જણાવતો હતો; જાતને તીર્થંકર! બીજો કહેતો હતો; પોતાને તીર્થંકરનો અદનો શિષ્ય!

શિષ્ય જેટલી ય પાત્રતા પેલા કહેવાતા તીર્થંકરમાં વિકસેલી દેખાતી નથી; છતાં તીર્થંકર કહેવડાવે છે!

વળી આ 'બહુમતી'નો વિચાર એ ય કેવું લોભામણું તૂત છે? બહુમતી તો સાધુ કરતાં સંસારી માનવોની છે, તેથી શું તમામ સાધુઓએ સંસારી ગૃહસ્થ થઈ જવું ? શ્રીમંતો કરતાં ગરીબો અને બુદ્ધિમાનો કરતાં અભણો હંમેશા બહુમતીમાં હોય છે; એટલે શું શ્રીમંતોએ ગરીબ થઈ જવું ? અને બુદ્ધિમાનોએ અભણ ?

વળી માનવો કરતાં ઢોરો બહુમતીમાં છે માટે શું ઢોર સારાં કહેવાય ?

અને નિગોદના જીવો તો બધા કરતાં બહુમતીમાં છે તો શું બધાએ નિગોદમાં જન્મ લેવાની પરમાત્મા પાસે પ્રાર્થના કરવી જોઈએ ? 'બહુમતીમાં સત્ય સમાયું છે' એ વિચાર તો અતિશય ભયાનક ઊથલપાથલો કરનારો અભિપ્રાય ગણાય.

આકાશમાં તારલા અસંખ્ય છે; ચન્દ્ર તો એક જ છે. વનમાં સિંહ કેટલા, શિયાળ કેટલાં અને ગાડર કેટલા ? બાવના ચંદનના વનમાં સાપ કેટલા અને મોરલા કેટલાં ? કૂતરીના કે સાપણનાં બચ્ચાં કેટલાં ? અને વીરમાતાનાં સિંહ જેવા સંતાન કેટલાં ?

ગુરુજી ! બહુમતી તો શું પણ અભણ, લુચ્ચા, અશિષ્ટ વગેરે કક્ષાના માણસોની સર્વાનુમતિ પણ આવકારદાયક નથી. માત્ર શિષ્ટમતિ અથવા શાસ્ત્રમતિ જ આવકાર્ય છે; પછી ત્યાં સંખ્યા ગમે તેટલી ઓછી જોડાતી હોય.

ગુરુજી ! આ ગોશાળો ય કમાલ નીકળ્યો. બિચારો કરે ય શું ? ગુણવત્તાનું તો એની પાસે ધોરણ જ ન હતું, એટલે સંખ્યાના બળને જ આગળ કરે ને ?'

અજયની તર્કભરપૂર અને દૃષ્ટાન્તપ્રચુર અસ્ખલિત વાગ્ધારા અને તેમાં છતો થતો સત્ય પ્રત્યેનો ગર્જનાભર્યો સ્પષ્ટ પક્ષપાત જોઈને ગુરુજી સંજયનું હૈયું હર્ષથી પુલકિત થઈ ગયું.

*

[૧૦]

## રાજર્ષિ પ્રસન્નચન્દ્ર

શાસનપતિ પરમાત્મા મહાવીરદેવની દેશના સાંભળવા અજય અને સંજય જઈ રહ્યા હતા. લાંબો હતો; પંથ, ધર્મની વાતો કરતાં કરતાં એ પંથ ટૂંકાવી રહ્યા હતા.

ત્યાં એકાએક દેવદુંદુભિઓ બજી. દેવો નીચે ઊતરતા દેખાયા.

સંજયે કહ્યું, 'વત્સ! નજદીકમાં ક્યાંય કોઈ મુનિરાજને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોવું જોઈએ'

થોડે આગળ ગયા. ત્યાં સંજયનું અનુમાન સાચું પડ્યું.

દેવરચિત સુવર્ણકમલ ઉપર કેવળજ્ઞાનની ભગવંત આરૂઢ થયા હતા. દેશનાની શરૂઆત થઈ હતી.

એ હતા રાજર્ષિ પ્રસન્નચન્દ્ર.

ગુરુ-શિષ્યની જોડલી...દેશના સાંભળવા ત્યાં જ બેસી ગઈ.

ભગવાન પ્રસન્નચન્દ્ર નિશ્ચય-વ્યવહારધર્મ સમજાવતા હતા.

તેમણે ફરમાવ્યું, 'નિશ્ચય મુખ્ય છે, તો વ્યવહાર પ્રથમ છે. આત્માની શુદ્ધિરૂપ નિશ્ચયધર્મ પામવો હોય તો તીર્થંકર ભગવંતોએ બતાવેલો બાહ્ય આચારરૂપ વ્યવહાર ધર્મ પાળવો જોઈએ. વ્યવહાર પામ્યા વિના નિશ્ચય પામી શકાય નહિ.

પ્રકાશ જોઈતો હોય તો દીપકને પકડવો જોઈએ.

ભોજન જોઈતું હોય તો રસોઈ બનાવવા કોલસામાં જ હાથ નંખાય છે.

હઠીલા દર્દવાળા દરદીને સ્વાસ્થ્ય માટે દૂધ જ ઉત્તમ ગણાય. છતાં દૂધ ન આપતાં કુશળ વૈદ્ય પ્રથમ તો મગનું પાણી જ પાય.

લક્ષ્ય દૂધ આપવાનું, છતાં પીવાનું તો મગનું જ પાણી.

'સોઽહં સોઽહં'ના એકલા જપ જપ્યા કરવાથી આત્માની શુદ્ધિ થઈ જતી નથી.

આંતરશુદ્ધિ તો બાહ્ય શુભ વ્યવહાર ઉપર જ મુખ્યત્વે અવલંબે છે.

જો બાહ્ય વ્યવહાર અશુભ હોય તો આંતરવૃત્તિઓ અશુભ થયા વિના રહે નહિ.

જેને અંતર શુદ્ધ કરવું છે એને અંતરની મલિનતાઓ જાણવી પડશે. બાહ્ય આચાર વિના એ મલિનતાઓ જલદી પ્રગટ થતી નથી. ખાબોચિયાનું જલ ઉપર ઉપરથી શુદ્ધ જ દેખાય છે પણ જ્યારે કોઈ માણસ તેમાં પથ્થર નાખે છે ત્યારે જ તેની નીચે દબાઈ રહેલો કચરો ઉપર દેખાઈ આવે છે. આ જ રીતે નિમિત્ત પામવાથી મલિનતાઓ પ્રગટ થાય છે.

જો અંતરમાં ક્રોધ–મળ–રહેલો હોય તો ઉપવાસ કરવાથી બહાર નીકળી આવે; જો અંતરમાં અરુચિભાવ હોય તો ક્રિયા કરવાથી તે પ્રગટ થઈ જાય.

આમ તમામ બાહ્ય વ્યવહારો અંદરના ગુપ્ત દોષોને જ કરી આપે છે. પછીથી મુમુક્ષુ આત્માની ફરજ તો એ દોષને પ્રગટ કરવાની રહે છે.

દોષ પ્રકટ કરતાં વ્યવહારને....ફગાવી દેવાની માન્યતા યોગ્ય નથી. ઉપવાસથી ક્રોધ વ્યક્ત થતાં ઉપવાસને તિરસ્કારવો વાજબી નથી. ઉપવાસ તો ઉપકારી છે કે જેણે એક ગુપ્ત દોષને પ્રગટ કરી આપ્યો.

જ્યારે મુખ ઉપરનો ડાઘ આરસી બતાવે છે તે વખતે ડાઘ જ દૂર કરવામાં આવે છે; આરસીને તો ઉપકારી માનવામાં આવે છે. ડાઘ બતાવનારી આરસીને દંડથી કોઈ ભાંગી નાખતું નથી. ટૂંકમાં, આંતરશુદ્ધિ કરવી હોય તો અશુદ્ધિઓ જાણવી જોઈએ. અશુદ્ધિઓને પ્રગટ કરવા માટે તે બાહ્ય શુભ આચારોનું પાલન અનિવાર્ય છે.

વળી જે કદી પણ આંખેથી દેવાંગનાને જોતો નથી એના મનમાં કદી પણ દેવાંગનાનો વિચાર પણ જાગતો નથી, જે કદી પણ માંસ ખાતો નથી, એને સ્વપ્નમાં પણ માંસાહાર કર્યાનું

દેખાતું નથી. બહારનો ત્યાગનો આચાર જ્યારે અભ્યાસથી સિદ્ધ બને છે ત્યારે તેની ભવ્ય અસરો મન ઉપર પડે છે એટલે મનને વધુમાં વધુ શાંત, સ્વસ્થ અને નિર્મળ રાખવું હોય તેણે વધુમાં વધુ બાહ્ય આચારની અપેક્ષા રાખવી જ રહી. વધુમાં વધુ અશુભ નિમિત્તોનો ત્યાગ એટલે વધુમાં વધુ મનની શાન્તિ, સ્વસ્થતા અને નિર્મળતાની સિદ્ધિ.

ઉચ્ચતમ સાધના માટેનો સરળતમ ઉપાય આ જ છે. એથી જ દરેક ભવ્યાત્માએ બાહ્ય વ્યવહારોને મહત્ત્વ આપવું જ રહ્યું.

જેને અશુભ વ્યવહારની આંતરમન ઉપર વિકૃત અસરો થતી હોય તેને–ત્યાં સુધી શુભ વ્યવહારની આંતરમન ઉપરની સારી અસરોની વાત અવશ્ય સ્વીકારવી રહી. સ્ત્રીના ચિત્રથી જેનું મન વિકૃત થતું હોય તેના મન ઉપર પરમેષ્ઠીની પ્રતિમાની શુભ અસરો પણ થવાની જ.

ભવ્યાત્માઓ! બાહ્ય વ્યવહારધર્મ તો બાળજીવો માટે અનિવાર્ય છે. ઉચ્ચકક્ષાના નિશ્ચય શુદ્ધ ધર્મને તો લક્ષ્યમાં જ રાખવાનો.

વળી ધર્મના બાલ્યકાળમાં વ્યવહાર જ બળવાન છે. જેટલો બળવાન ધર્મના પ્રૌઢકાળમાં નિશ્ચય ગણાય છે. બે ય પોતપોતાના સ્થાને તુલ્યબળી છે. સરોવરમાં જેમ મગર જ બળવાન, ધરતી ઉપર જેમ હસ્તી જ બળવાન.

મારા પોતાના જીવનની વાત કરું. એમાં પણ તમને જોવા મળશે કે ચિત્ત ઉપર વ્યવહાર કેટલી બધી શુભાશુભ અસરો ઉત્પન્ન કરી શકે છે.

હું જ્યારે ધ્યાનસ્થ હતો ત્યારે આ માર્ગેથી બે માણસો પસાર થતા હતા. અને તેમણે મારા સંસાર પર્યાયના પુત્રની થયેલી કફોડી સ્થિતિની વાતો કરી! મારો ધ્યાનભંગ થયો અને એ વાતો મારા કાને પડી ગઈ! શબ્દ જડ છે, શબ્દપુદ્ગલોથી થતો વ્યવહાર પણ જડ છે; છતાં એણે મારા આત્મા ઉપર ઘા કર્યો! બાહ્ય વ્યવહારે મારી નિશ્ચયધારાને તોડી નાંખી! મારો શુદ્ધાત્મા

ક્રોધના અશુદ્ધ પર્યાયને પામી ગયો. મનમાં ને મનમાં જ મેં એ બાળકની અવદશા કરનાર મંત્રીગણ સાથે ભયાનક શસ્ત્રયુદ્ધ આરંભી દીધું !

મારી પાસે શસ્ત્રો ખૂટી ગયાં ! કાળી કૃષ્ણલેશ્યાથી ખરડાઈ ચૂકેલા મારા આત્માએ સાતમી નારકના તેત્રીસ સાગરોપમના આયુષ્યનાં અનંત દળિયાં ભેગાં કરી લીધાં ! ત્યાં શસ્ત્રો ખૂટતાં, 'હાજર તે હથિયાર' એમ વિચારીને મેં માથાનો મુગટ ઊંચકીને ઝીંકવા માટે માથે હાથ મૂક્યો. બસ........ત્યાં જ મને ભાન આવ્યું. મારું માથું લુંચિત હતું. ભયંકર વેગે ધમધમતા લેશ્યાનાં અવળાં ચક્રો એકદમ આંચકો ખાઈ ગયાં. પશ્ચાત્તાપનો મહાનલ પ્રગટ્યો. એટલા જ વેગથી સવળી ગતિએ ચક્રો દોડવા લાગ્યાં. સાતમી નારકના દલિકો વિખરાતાં ગયાં. બધાં જ વિખરાઈ ગયાં. એટલું જ નહિ પણ શુભધ્યાનધારામાં ઉપર ઉપરના દેવલોક-ગમનનું નિર્માણ થતું ગયું. સર્વાર્થસિદ્ધવિમાનનું ય નિર્માણ થયું. પણ હવે એ ધ્યાનધારાનો મહાનલ માઝા મૂકી ચૂક્યો હતો. પાપ અને પુણ્યનાં તમામ લાકડાં કે ચંદનના ભાર એને સળગાવી નાખવા હતા. તમામ ઘાતીકર્મોની રાખ થઈ. મારા અંતરમાં કૈવલ્યનો અનંત પ્રકાશ ઊભરાઈ ગયો !

ભવ્યાત્માઓ ! માથે લુંચન કરવાનો બાહ્યવ્યવહાર મેં ન પાળ્યો હોત તો ? મુગટ માથે રાખીને અંતરથી ન્યારો રહીને હું રાજમહેલમાં જ રહ્યો હોત તો ? શું આ ભવ્ય પરિવર્તન શક્ય હતું ? નહિ જ.

દૂતોની વાણીના બાહ્ય વ્યવહારે મારું પતન કર્યું !

લુંચનના બાહ્ય વ્યવહારે મને અનંતપ્રકાશનું દાન કર્યું !

જીવનમાં જો તમે આંતરશુદ્ધિને ચાહતા હો તો તમારે તમારી વ્યવહારશુદ્ધિ પાળવી જ જોઈએ. વેશ્યાને ત્યાં રહીને બ્રહ્મચર્ય પાળવું સુદુષ્કર છે. બેશક, કદાચ, કોઈક તે રીતે પણ બ્રહ્મચર્ય પાળી શકે પરંતુ સરળતાથી, ખૂબ જ સહેલાઈથી બ્રહ્મ-

ચર્યની સિદ્ધિ તો વેશ્યાના મંદિરમાં નહિ પરંતુ બ્રહ્મચર્યની નવ વાડોના પાલનથી જ શક્ય છે.'

તીર્થંકર ભગવંતોએ આને જ રાજમાર્ગ કહ્યો છે.

રાજમાર્ગે ચાલવામાં જ સંપૂર્ણ સલામતી છે.

રાજર્ષિ ભગવાન પ્રસન્નચન્દ્રની દેશના સાંભળીને અજય અને સંજય તો મુગ્ધ થઈ ગયા. નિશ્ચયની પ્રાપ્તિ માટે તો વ્યવહાર સેવવો જ જોઈએ, વાત એમને બરોબર ઠસી ગઈ. 'જેઓ આત્માની શુદ્ધિની કોરી વાત કરે છે; ત્યાગ, તપ અને ક્રિયા વગેરેના વ્યવહારને જેઓ ઉત્થાપે છે, તેઓનાં અંતરમાં વધુ પડતી વાસનાઓથી ખદબદતાં હોવાનું જ સંભવિત છે એવું કેમ કલ્પી ન શકાય?' સંજયનું અંતર બોલી ઊઠયું!

અંતરની શુદ્ધિની વાતો કરનારને છદ્મસ્થ શી રીતે પકડી શકે? કોણ જાણે છે, એના અંતરની વાત! પણ જો બાહ્ય વ્યવહારનાં નિયમનો હોય તો ઉન્માર્ગે જતી વ્યક્તિનો હાથ તરત જ પકડી શકાય; એને અટકાવી શકાય; માથું ફેરવે તો સંઘમાંથી બરતરફ પણ કરી શકાય.

તીર્થાધિપતિનું શાસન પણ વ્યવહારધર્મ ઉપર જ છે ને? જેટલો વ્યવહાર સુંદર એટલો પરાર્થ સુંદર! ગમે તેમ વર્તતા ઉપદેશકની અસર કેટલી થાય છે?

વ્યવહાર શુભ હોય તો પરની ઉપર સારી અસર પડે એ સાથે સારો વ્યવહાર પાળનારનું મન ખરાબ હોય તો ય અંતે સારું થઈ જાય.

નિશ્ચય મેલો હોય તે હજી ચાલે. કેમકે તે તો જાતને ડુબાડે; પરંતુ મેલો વ્યવહાર તો જાત અને જગત–બેય ને ડુબાડે. માટે જ કહ્યું છે ને કે, 'આચારઃ પ્રથમો ધર્મઃ'

ભગવંતને વંદના કરીને પોતાના ઘર તરફ પગલાં માંડતાં ગુરુજી સંજયના મનમાં ઘણું ચિંતન પ્રગટી ગયું.

*

[૧૧]

## અનાસક્તયોગી શાલિભદ્ર

મગધના પ્રજાજનો એક અતિ ભવ્ય દીક્ષા-મહોત્સવની વાતો કરી રહ્યા હતા. ગોભદ્રશ્રેષ્ઠીનો પુત્ર શાલિભદ્ર ટૂંક સમયમાં જ એના દિવ્યસંસારનો ત્યાગ કરે છે એ વાત જે જે પ્રજાજન સાંભળતો ગયો તે ત્યાં ને ત્યાં સ્થિર થઈ ગયો!

શાલિભદ્ર! સંસારત્યાગ! શી રીતે બને? જેના પિતા સ્વર્લોકમાંથી રોજ ૯૯ પેટીઓ ભરીને ભોગસુખની તમામ સામગ્રી મોકલી આપે છે એ શાલિભદ્ર અણગાર બને છે!!! જેની પત્નીઓ સવા લાખ સોનૈયાની રત્નકંબલના કટકા કરીને પગલૂછણિયાં બનાવીને એક જ વાર પગ લૂંછીને એ રત્નકંબલો ફેંકી દે છે એ શાલિભદ્ર સંસારત્યાગી બને છે!!!

'શ્રેણિક' એ મગધનો અધિપ છે એવું પણ જે જાણતો ન હતો અને તેથી જ કરિયાણાની કોઈ વસ્તુ સમજીને જેણે પોતાની માને વખારમાં નાંખી દેવા વિનંતી કરી હતી તે શાલિભદ્ર ત્યાગી બને છે! જેના પગનાં તળિયાં માખણથી ય ધવલ ને કોમળ છે! આટલા સુકુમાર તે શાલિભદ્રને સંસારનાં સુખો કડવાં લાગ્યાં છે!

ન કોઈ ક્લેશ, ન કોઈ કંકાસ! ન કોઈ તાપ, ન કોઈ સંતાપ! પછી શા માટે એ સંસાર ત્યાગે છે? મગધનો પ્રત્યેક પ્રજાજન ટોળે વળીને શાલિભદ્રના ગૃહત્યાગની વાતો કરે છે! કેટલાયના મગજમાં આ વાત ઝટ બેસતી નથી.

લોકોમાં એક વાત વહેતી થઈ છે કે જ્યારે મગધરાજ શાલિભદ્રનું ઐશ્વર્ય જોવા ગયા હતા ત્યારે માતા ભદ્રાએ સાતમી હવેલીએ ભોગસુખોની ઊછળતી છોળો વચ્ચે રહેલા શાલિભદ્રને નીચે બોલાવતાં કહ્યું, "બેટા, નીચે આવ. આપણા સ્વામી આવ્યા

છે!" કહે છે કે આ 'સ્વામી' શબ્દે શાલિભદ્રને ચમકાવી મૂક્યા!

એનો આત્મા એકદમ અકળાઈ ગયો! 'મારે માથે ય સ્વામી! હું કોઈનો સેવક! મારે માથે તો મારા નાથ દેવાધિદેવ ભગવાન મહાવીરદેવ જ હોય! મારે ન ખપે; તે સંસારનાં દૈવી સુખો! જો કોઈના સેવક બનીને ભોગવવાનાં હોય તો!' બસ, આટલી વાતમાં શાલિભદ્રને વિરાગ થઈ ગયો.

મગધના પ્રજાજનોમાં જે કોઈ વાત સાંભળે તેના મગજમાં ઝટ બેસતી નહિ. 'આટલામાં આટલું શી રીતે બને? આપણને તો પત્ની લાત મારે તો ય આપણે ખસતા નથી; ઊલટા એના પગ ચાટીએ છીએ અને આને 'સ્વામી' શબ્દથી વિરાગ! અસંભવ–અસંભવ.'

અજય અને સંજય પણ મગધના પ્રજાજનોની આ વાત સાંભળી ચૂક્યા હતા. સહુની જેમ એમને ય ભારે અચરજ થયું હતું.

એવામાં માતા ભદ્રા ચાર અશ્વોની ગાડીમાં બેસીને મગધ-રાજના રાજમહેલના માર્ગે જઈ રહેલા સહુના જોવામાં આવ્યાં. માતા ભદ્રાને કોણ ન ઓળખે?

પ્રત્યેક પ્રજાજન એમને નમસ્કાર કરતો ગયો. 'ધન્ય માતા! તું રત્નકુક્ષી બની!' સહુનાં અંતર બોલી ઊઠતાં.

સંજયે અજયને કહ્યું, "વત્સ! જરા પગ ઉપાડ. મગધ-પતિનાં દર્શને માતા ભદ્રા જઈ રહ્યાં છે. ચાલ, આપણે પણ ત્યાં પહોંચીએ. વિરાગી પુત્રની માતા પોતાના બેટા માટે જરૂર બે શબ્દ કહેશે, અને મગધરાજનો પોતાનો અભિપ્રાય પણ જાણવા મળશે. ભગવાન મહાવીરદેવના આ બે ય અનન્ય ભક્તો છે. એમના ઉદ્‌ગારો સાચે જ મહામંગળકારી હોય. આપણે જરૂર સાંભળવા જવું જોઈએ."

ગુરુ–શિષ્યે પગ ઉપાડ્યા. રોજ પ્રાતઃકાળે રાજમહેલના પ્રાંગણમાં આવીને મગધરાજ બેસતા. એ સમયમાં કોઈ પણ પ્રજાજન એમનો સીધો સંપર્ક સાધી શકતો. પ્રજાનાં સુખદુઃખની

વાતો સાંભળવા મગધરાજ સદા ઉત્સુક હતા.

માતા ભદ્રા એ જ અવસરે પહોંચી ગયાં. અજય અને સંજય પણ થોડીવારમાં ત્યાં આવીને થોડે દૂર ઊભા રહી ગયા.

માતા ભદ્રાએ વાત ઉપાડી. "રાજન! અંતર તો આનંદથી છલોછલ ઊભરાઈ ગયું છે; પરંતુ મોહરાજ થોડો સતાવી પણ રહ્યો છે. આપને ખબર તો મળી જ ગઈ હશે કે મારે ત્યાં આપનાં પુણ્ય પધરામણાં થયાં ત્યાર પછી મારો શાલિભદ્ર સાવ બદલાઈ ગયો છે! એને સંસારનાં સુખો તરફ સૂગ પેદા થઈ છે. દેવાધિદેવ પરમાત્મા મહાવીરનું શિષ્યપદ સ્વીકારવા એ તલપાપડ થઈ ગયો છે. મારે ઘેર બત્રીસ વહુ છે. આજે સહુ રડી રહી છે. કોઈની આંખે આંસુ સુકાતાં નથી. મેં અને વહુઓએ મારા શાલિભદ્રને સમજાવવામાં કશી કમીના રાખી નથી. પરંતુ મગધરાજ! શાલિનું દિલ હવે ઊઠી ગયું છે. હવે કેમે ય એ સમજવા તૈયાર નથી. કર્મરાજની ગુલામી–એની નજરકેદ–એને પરવડતી નથી. એ કહે છે કે આજ સુધી ભૂલો પડચો–ભાન ભૂલ્યો–નજરકેદના સુખમાં રાચ્યો. પણ હવે જાગ્યો છે માંહ્યલો, વિરાટના દર્શને તલસ્યો છે; આતમ! હવે મને આ કેદમાં કોઈ જ જકડી શકે તેમ નથી. ના, કોઈ જ નહિ. એક ક્ષણ પણ નહિ."

શાલિભદ્રની વાતો જાણીને મગધરાજ તો શરમિંદા બની ગયા. ક્યાં હું? સર્વ વાતે પૂરો છતાં વાસનાથી અધૂરો! સદા અતૃપ્ત! મગધ જેવડાં બીજાં અનેક રાજ્ય ખરીદી શકે એટલી સંપત્તિનો સ્વામી શાલિભદ્ર બધું ય ત્યાગી દે છે! ખરો ભોગી કોણ? ભોગનો ગુલામ : હું! ભોગી–ભોગનો સ્વામી–તે કે જે ફાવે ત્યારે ભોગોને ફગાવી દે! મરજી આવે ત્યાં સુધી ભોગવે અને મન પડે કે તરત જ ભોગોને લાત મારી શકે!

"માતા! મહોત્સવ તો હું કરીશ. તમારે કશી જ તૈયારી કરવાની નથી. ભોગનો કીડો જ ભોગના સ્વામીનો મહોત્સ કરશે; તમે જાઓ. બધું બરાબર થઈ જશે." મગધના નાથે કહ્યું.

ભદ્રા ગયાં. મગધરાજને શરમિંદા કરતાં ગયાં. વિચાર કરતા મૂકતાં ગયાં.

રાજા શ્રેણિકના અંતરમાં આનંદ સમાતો નથી, પણ મગજમાં વિચારો માતા નથી. રાજસભા સમેટી લીધી. એનું ચિત્ત વિચારે ચડી ગયું હતું. એક મહાસુખી આત્મા આ રીતે ભોગોને ફેંકી દે એ વાતનું એને ખૂબ જ આશ્ચર્ય થયું હતું. કેમકે એ પોતાની ભોગભૂખી જાતથી જરાય અજાણ ન હતો. બેય ભગવાન મહાવીરદેવના ભક્ત હતા. છતાં એક અનાસક્તિની પરાકાષ્ટાને પામવા સજ્જ થયો હતો, બીજો આસક્તિને બૂરી માનવા છતાં જ્યાં ને ત્યાં વારંવાર આસક્ત થઈ જતો હતો.

પણ...આસક્તિના દાસ બની જવા છતાં એને મગધેશ્વર કદી સારી માનતા નહિ. સારું તો તે જ કે જેને ભગવંતે ઉપાદેય કહ્યું હોય. વિરતિના જ તે પ્રેમી હતા. અવિરતિ તો એની અણમાનીતી રાણી હતી. એટલે જ વિરતિના રંગે રંગાતા શાલિભદ્રનો મહિમા કરવાનો મગધેશ્વરને ઉમળકો જાગ્યો હતો. અવિરતિના ઘરમાં રહીને ય જે વિરતિ ન પામી શકવા બદ્દલ રોતો, કકળતો રહે તે જ વિરતિનાં ગીતો ગવડાવી શકે! અને વિરતિના રસિયાને નવડાવી ય શકે!

બીજે દિવસે સવારે મગધેશ્વરે જાતે જઈને વિરાગી શાલિભદ્રને ખૂબ પ્રેમથી નવડાવ્યા. જાતે જ એમની પીઠી ચોળી! પોતાના એક અદના કહી શકાય તેવા પ્રજાજનની પીઠી મગધનો નાથ ચોળે એમાં જ મગધપતિના સમ્યગ્દર્શનનાં સ્વચ્છ દર્શન નથી થતાં શું!

પીઠી ચોળવાનો લહાવો લૂંટતા મગધેશ્વર બોલ્યા, "પ્રિય શાલિભદ્ર! ખરેખર તું મહાન છે. તને મારા ખૂબ ખૂબ ધન્યવાદ! ઓ કૃતપુણ્ય! તું જ ખરો ઐશ્વર્યનો ભોગી કહેવાય. અમે તો પામર છીએ! તું તરી ગયો. શાલિ! અમને ય તારજે કો'ક દી હોં!" હર્ષનાં આંસુ સાથે ગદ્‌ગદ્‌ થઈ જતા મગધના નાથ બોલ્યા.

સ્નાનવિધિ પૂર્ણ થઈ. મગધેશ્વરે જાતે શાલિભદ્રનું ડિલ

લૂછયું. જાતે અલંકાર સજાવ્યા. જાતે ટેકો દઈને પાલખીમાં બેસાડયા. 'બધું હું જ કરું!' એવી મગધપતિની ભાવના હતી.

રે! શાલિભદ્રના છડીદાર પણ મગધના નાથ જ બન્યા. અનેક છડીદારોનો સ્વામી પોતે છડીદાર બન્યો!

આ જ તો ખૂબી છે સમ્યગ્દર્શનની. એ સંસારમાં રહીને ય સુખી ન હોય! એનું અંતર સદા બળતું-જલતું હોય વિરતિના વિરહાગ્નિથી! એથીસ્તો એ વિરતિના સ્વપ્ને ય નાચી ઊઠે. રે! કોઈ વિરતિ લેતો હોય તો પણ એ આનંદવિભોર બની જાય. એનો દાસ બનીને એની સેવા કરવા લાગી જાય.

છડીદાર મગધરાજ વિચારે છે, 'અહો! કેવો અંતરમાં આનંદનો સાગર ઊછળ્યો છે! મગધના રાજ્ય-સિંહાસને બેસતાં જે આનંદ નથી અનુભવ્યો, તે આનંદ આજે મારા પ્રિય શાલિભદ્રનો છડીદાર બનીને અનુભવી રહ્યો છું. કેવું ગૌરવવંતુ આજનું પદ મને લાગે છે!'

અજય અને સંજય રે! મગધનો પ્રત્યેક પ્રજાજન મગધેશ્વર મહારાજા શ્રેણિકને શાલિભદ્રના છડીદાર તરીકે જોઈને દિઙ્મૂઢ થઈ ગયા. આંખો ચોળીને, ચૂંટી ખણીને સ્વપ્ન કે સત્યનો નિર્ણય કરવા લાગ્યા! મગધનો નાથ! મગધના પ્રજાજન એવા શાલિભદ્રનો છડીદાર!

ના, ના. પણ આ વાત બરોબર જ છે. વિરતિનો પ્રેમી! વિરતિના પ્રેમીનો પણ પ્રેમી. આમાં કશું જ આશ્ચર્ય નથી. મગધના નાથનું જીવન-નાવડું ભલે સંસારના સાગરમાં તરે છે, પણ સાગરનાં એ વાસનાં નીર એમના નાવડામાં નથી પેઠાં! કોઈ પ્રજાજન બોલ્યો. "એ સંસારરૂપી ઉદધિમાં રહ્યા છે, પણ રમ્યા નથી હોં!" બીજો પ્રજાજન બોલ્યો, "ભવોદધૌ ન રમતે!"નો જેને એ અજપાજપ ચાલતો હોય તેને માટે આમાંનું કશું ય

વિસ્મયજનક નથી. ત્રીજો પ્રજાજન કહે, "રે! મગધેશ્વરની તો રાત્રિઓ અવિરતિના પનારે પડયા બદલના કરુણ કલ્પાંતમાં પસાર થાય છે!" મહાવીરભક્ત માટે આ જ બધું સંભવિત છે."

તરેહ તરેહની આ બધી વાતો સાંભળીને સહુના અંતર મગધેશ્વરને પણ નમી પડતા હતા.

ભવ્ય રીતે દીક્ષા–મહોત્સવ ઊજવાઈ ગયો.

સહુએ ત્યાગના મહિમા ગાયા! ભગવાન મહાવીરદેવના શાસનની સહુ મુક્તમને પ્રશંસા કરવા લાગ્યા.

ભોગી શાલિભદ્ર; યોગી શાલિભદ્ર બન્યા.

માતા ભદ્રા પોતાની બત્રીસ વધૂઓ સાથે પાછા ફર્યાં.

અજય અને સંજય પણ પાછા વળ્યા. રસ્તામાં અજયે સંજયને પૂછ્યું, "ગુરુજી! આ શો ચમત્કાર! આવા વૈભવી પુરુષને વિરાગ શી રીતે જાગે?"

"વત્સ! એ મહિમા પુણ્યાનુંબંધી પુણ્ય કર્મનો છે. દેવાધિદેવે ચાર પ્રકારનાં કર્મ કહ્યાં છે – પાપાનુબંધી પાપકર્મ, પાપાનુબંધી પુણ્યકર્મ, પુણ્યાનુબંધી પુણ્યકર્મ" અને પુણ્યાનુબંધી પાપકર્મ.

શ્રીવીતરાગપ્રજ્ઞપ્ત ધર્મની આરાધના જે કોઈ કરે તે અવશ્ય પુણ્યકર્મ બાંધે. પછી તે ધર્મ સાંસારિક કામના માટે કર્યો હોય કે તેવી કામના શુદ્ધ ભાવથી કર્યો હોય.

આમાં જે ઉક્ત સકામ ધર્મ છે એનાથી જે પુણ્યકર્મ બંધાય તે જ્યારે ઉદયમાં આવે ત્યારે મતિને બગાડી નાખે. અનેક પાપો કરવાની મતિ જગાડે. એટલે આવા પુણ્યકર્મને પાપાનુબંધી પુણ્યકર્મ કહેવાય છે.

જ્યારે નિષ્કામભાવથી કરાયેલા ધર્મથી જે પુણ્યકર્મ બંધાય, તેનાથી જે સાંસારિક સુખોનો વૈભવ મળે, તે વૈભવની વચ્ચે

રહેલા આત્માની મતિ બગડે નહિ. બલકે તેવી ભોગસામગ્રી વચ્ચે પણ તે વિરક્ત બની શકે.

શાલિભદ્રજીના પ્રસંગમાં જે કાંઈ આશ્ચર્યજનક બન્યું તે બધું ય આ પુણ્યાનુબંધી પુણ્યકર્મના ઉદયને લીધે જ બની ગયું.

હવે પાપાનુબંધી અને પુણ્યાનુબંધી પાપકર્મનો વિચાર કરીએ. પાપકર્મના ઉદયકાળમાં જો ફરી પાપવાસનાઓ જ જાગે તો તે પાપાનુબંધી પાપકર્મ કહેવાય; અને જો ધર્મ કરવાની વૃત્તિઓ જાગે તો તે પુણ્યાનુબંધી પાપકર્મ કહેવાય.

વત્સ! તને મગધના જ નાગરિકોનાં દૃષ્ટાંત આપું. આ શાલિભદ્રજીને પુણ્યાનુબંધી પુણ્યકર્મનો ઉદય કહેવાય. મગધના અતિ ધનાઢ્ય મમ્મણ શેઠને પાપાનુબંધી પુણ્યકર્મનો ઉદય કહેવાય. અને પેલો કાલસૌરિક કસાઈ છે ને? તેને પાપાનુબંધી પાપકર્મનો ઉદય કહેવાય. જ્યારે મગધના સંતોષીજન પુણિયા શ્રાવકને પુણ્યાનુબંધી પાપકર્મનો ઉદય કહેવાય."

"ગુરુજી! આવું પુણ્યાનુબંધી પુણ્યકર્મ શાલિભદ્રજીએ બાંધ્યું શાથી?" અજયે પૂછ્યું.

"વત્સ! જ્ઞાનીઓ પાસેથી મને એવું જાણવા મળ્યું છે કે શાલિભદ્રજીનો જીવ પૂર્વ ભવે અત્યંત ગરીબ રબારણ માતાનો સંગમક નામનો પુત્ર હતો. એક વાર તેણે ખીર ખાવાની ઇચ્છાથી માતા પાસે રોકકળ કરી. ગરીબ બિચારી માના નસીબમાં ખીર તો હતી જ ક્યાં? પણ દયાર્દ્ર બનેલા પડોશીઓએ ભેગા થઈને ખીરની સામગ્રી ભેગી કરી આપી. માએ મોટી થાળી ભરીને દીકરાને ખીર ખાવા આપી. મા તળાવે કપડાં ધોવા ગઈ.

ખીર ખાવા તલપી ઊઠેલો સંગમક ઊની ખીર ઠારે છે, તે વખતે માસક્ષપણના ઘોર તપવાળા મુનિ પારણા માટે નીકળ્યા હતા. શાલિના ઉજ્જવળ ભાવિનાં બીજ અહીં પડવાનાં હતાં.

સંગમકને થયું, 'આ ખીર મુનિને વહેરાવું તો મને ખૂબ આનંદ આવશે. આવા મહાત્મા જેવું સુપાત્ર મારા નસીબે ક્યાંથી? અને આવો ત્યાગનો ભાવ પણ મારા નસીબે ક્યાંથી! આ તો અદ્ભુત ત્રિવેણીસંગમ થયો!'

પળનો ય વિલંબ કર્યા વગર સંગમકે મુનિને વિનંતી કરી. મુનિ પણ પધાર્યા. ઊછળતી જતી ભાવની ધારા સાથે સંગમકે બધી ખીર વહોરાવી દીધી! મુનિ ચાલ્યા ગયા.

થાળીમાં રહી સહી ખીર સંગમક ચાટવા લાગ્યો. મા આવી. આટલો ખાઉધરો! થાળી ભરીને ખીર ખાઈ ગયા પછી હજી થાળી ચાટે છે! માએ બીજી ખીર બનાવી આપી. ખૂબ ખાધી! અજીર્ણ થયું. રાત્રે શુભ ભાવમાં સંગમકનું મૃત્યુ થઈ ગયું. સંગમક શાલિભદ્ર બન્યો!"

"હેં! ગુરુજી! ખીર વહોરાવવા માત્રથી સંગમક, શું શાલિભદ્ર બની ગયા?" અજયે એકદમ પૂછ્યું.

સ્મિત કરતા ગુરુજી બોલ્યા, 'ના, ના. ખીરથી જ જો શાલિભદ્ર બનાય તો દૂધપાક–બાસૂદી વહોરાવનારા તો મહાશાલિભદ્ર જ બને! એમને ત્યાં તો ૯૯ ને બદલે ૯૯૯ પેટી જ ઊતરે! પણ હકીકતમાં તેમ બનતું નથી. દૂધપાક–બાસૂદીનું સુપાત્રદાન કરનારને ત્યાં ૯૯ પેટીનાં સડેલાં પાટિયાં પણ ઊતરતા નથી હોં!

અજયે પૂછ્યું, 'તો કયા હેતુથી સંગમક શાલિભદ્ર બન્યા?"

'વત્સ! ખીરનું દાન દેતા એકધારી વધતી જતી શુભ ભાવની ધારાથી સ્તો.

સામે પાત્ર ઉત્તમ હતું; માસક્ષપણી મુનિરાજ!

દાનની વસ્તુ ઉત્તમ હતી ક્ષીર.

અને દાન દેનારનો ભાવ તો વળી અત્યુત્તમ હતો.

ત્રણે ય ઉત્તમનો સંગમ થયો અને રબારી સંગમક વેપારી શાલિભદ્ર બન્યો.

નિષ્કામભાવથી દીધેલા આ દાને પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ કરાવ્યો. એ કર્મના ઉદયકાળમાં પાપમતિઓ તો ન જાગે. પરંતુ અનાસક્તિનો યોગ થાય.

માટે જ શાલિભદ્ર અનાસક્તયોગી હતા. લાગ મળતાં જ એણે ભોગોની સામગ્રીને લાત મારી. પેલા વજ્રબાહુએ લગ્નના દિવસે જ મુનિનું દર્શન કરીને વિરાગી બની અણપ્રીછ્યા ભોગોને લાત મારી હતી તેમ.

હવે સમજ્યોને અજય! શાલિભદ્રના જીવન-પરિવર્તનનું રહસ્ય?' સંજયે પૂછ્યું.

'જરૂર, જરૂર, ગુરુજી.' અજયે ઉત્તર આપ્યો.

મગધના રાજમાર્ગે બે ય આગળ વધવા લાગ્યા.

*

[૧૨]

## સાળા-બનેવીની જોડલી

'મારો ભાઈ શાલિભદ્ર દીક્ષા લેવા માટે રોજ એક એક પત્નીનો ત્યાગ કરી રહ્યો છે.' આંખમાં ઊભરાઈ ગયેલાં આંસુ સાથે શાલિભદ્રની સૌથી નાની બહેન સુભદ્રાએ પોતાના પતિ ધન્યકુમારને સ્નાન કરાવતાં વાત કરી. સુભદ્રાની સાત શોક્યો પણ ધન્યને સ્નાન કરાવી રહી હતી.

'છટ્, બાયલો; તારો ભાઈ.

બીકણ શિયાળ જેવો.

સાવ સત્ત્વહીન!

આ તે કાંઈ દીક્ષા લેવાનાં લક્ષણ કહેવાય?

એ તો માર્યો ઘા અને થયા સંસારના બે કટકા....એનું નામ દીક્ષા...દીક્ષા લેવામાં વળી આવા ચાળા શા?'

સુભદ્રાના માટે તો આ અણધાર્યો જ વળતો ફટકો હતો! પોતાના ભાઈના આવા ચરિત્ર-ચિત્રણથી એ એકદમ સડક જ થઈ ગઈ.

પણ શોક્યો એની મદદે આવી. તેમણે ધન્યકુમારને વળતો જોરદાર ઘા દઈ દીધો! નારીની જબાનની તીખાશ અને જડબા-તોડ જવાબ દેવાની તાકાતનાં એમાં દર્શન થતાં હતાં. તેમણે કહ્યું, સ્વામીનાથ! જો દીક્ષા લેવી એ કોઈ બચ્ચાના ખેલ જેવી વાત હોય તો તમે જ કેમ એ માર્ગે મંગલ પ્રયાણ આદરતા નથી?' પણ અમે જ ક્યાં આપના વિશિષ્ટ (!) સત્ત્વથી અજાણ છીએ? બોલવામાં તો બૈરા ય શૂરા હોય! આચરી બતાવો તો ખરા! આપને તો દીક્ષા લેવી જ નથી, પણ કોઈ એ કાંટાળા

પંથે ડગ ભરતો હોય તો તેની અનુમોદનાના ય ફાંફાં છે.'

શોકયોના વીજળિક આક્રમણને જોઈને સુભદ્રા પણ આનંદમાં આવી ગઈ.

પણ આ શું બની ગયું? સ્નાનઘરમાં અભૂતપૂર્વ ઇતિહાસ એકાએક રચાઈ ગયો! પળ બેપળમાં જ પરિસ્થિતિએ ગજબનાક વળાંક લઈ લીધો!

જે કાર્ય ઝટ ઝટ ધર્મદેશના ખંડમાં નથી બની જતું તે આજે ધન્યકુમારના સ્નાનઘરમાં બની ગયું.

હળવી પળોનું રમૂજ કરતાં એક મોટો ઠક્કો થઈ ગયો.

ટુવાલ પહેરીને ઊભેલા ધન્યકુમારે ગંભીર મુખમુદ્રા સાથે આઠે ય સ્ત્રીઓ તરફ નજર કરી. તેમણે કહ્યું, 'તમે મને એમ પૂછ્યું ને કે, 'તમે જ કેમ વ્રત લઈ લેતા નથી?'

તો સાંભળો. તમારા જ કારણે હું વ્રત લેતાં અચકાતો હતો. રખેને તમે મારા મંગલ-પ્રયાણમાં રોકકળ કરી મૂકીને વિઘ્નભૂત થાઓ. પણ જ્યારે હવે તમે જ મને એ વીરપ્રભુના એકાંત કલ્યાણકર માર્ગે સંચરવાની પ્રેરણા કરીને મારા ભવોભવની ઉપકારી કલ્યાણમિત્રો બનો છો, ત્યારે તમને લાખ લાખ ધન્યવાદ! હું આ ચાલ્યો; દીક્ષાના એ મંગલ માર્ગે!'

અણધાર્યો આ ધડાકો સાંભળીને રોકકળ મચી ગઈ. પરંતુ ધન્નો નિજવચનથી દૃઢમતિ હતો. આવા નિર્ણયને ફેરવવો એ એના સ્વભાવમાં ન હતું.

અંતે ધન્નાના માર્ગે પ્રયાણ કરવાનો આઠે ય સુશીલાઓએ નિર્ણય લીધો. જે સારા માર્ગે પતિ તે માર્ગે પત્ની! આર્યાવર્તની આ અવિચલ પવિત્ર પ્રણાલી હતી.

શાલિભદ્રનો એ બનેવી સીધો શાલિના પ્રાસાદ નીચે આવી ઊભો. 'રે શાલિ! તારે દીક્ષા લેવી છે? તો દીક્ષા લેવાની આ કાયર રીતિનો પરિત્યાગ કર. ચાલ, મારી સાથે....મેં એકી સાથે

મારી તમામ પત્નીઓનો ત્યાગ કર્યો છે! તારા જેવા વીરપુરુષ માટે પણ આ જ ઉચિત છે!'

વૈભારગિરિ ઉપર તાજેતરમાં જ સમવસરેલા પરમપિતા પરમાત્મા મહાવીરદેવ પાસે ધન્નાએ સપરિવાર વ્રત ગ્રહણ કર્યું. શાલિનો પણ અંતરાત્મા એની વીર હાકથી જાગ્રત થયો હતો. તેણે પણ એ જ પરમકૃપાળુ પાસે વ્રતનો સ્વીકાર કર્યો.

રાજગૃહીના એ બન્ને અબજોપતિ હતા! બન્નેયનો સંસાર-ત્યાગ એ મદાંધ બનેલા મોહરાજને ગાલ ઉપર પડેલી બે લાલચોળ લપડાકો હતી. રાજગૃહીના લાખો લોકો આ અચરજને સત્ય માનવા ઝટ તૈયાર ન હતા. પરમપિતા મહાવીરદેવના આત્મતત્ત્વની આ પરમ વિશુદ્ધિમાંથી સર્જાયેલા ચમત્કારથી આખું રાજગૃહી દિવસો અને મહિનાઓ સુધી ડઘાઈ ગયું હતું.

વળી ગયેલી કળમાંથી બિચારો મોહરાજ! માંડ વળી બેઠો થયો હતો!

અનેક રૂપરમણીઓના વર હવે મુનિવર બન્યા. અલબેલી સોહાગણ નારીઓના કંથ હવે મુક્તિપંથના સંત બન્યા.

સંત બનીને તમામ આત્મ-પ્રદેશોમાંથી કર્મસત્તાનો અંત લાવી દેવા માટે એમણે જંગ આરંભી દીધો. બન્ને ય બહુશ્રુત થયા; ઘોર તપસ્વી થયા. માંસ અને રુધિર ક્યારનાં સૂકાઈ ગયાં! દેખાતું હતું. તેમનું કલેવર; માત્ર ચામડાની ધમણ જેવું; જેમાં કશું જ શેષ સર્યું ન હતું; અશેષ નામશેષ થઈ ગયું હતું.

એકવાર પ્રભુ વીરની સાથે બન્ને મહાત્માઓ પોતાની જન્મભૂમિ રાજગૃહીમાં પધાર્યા. ભિક્ષાર્થે નીકળતાં શાલિભદ્ર-મુનિને પ્રભુ વીરે કહ્યું, 'આજે તમારી માતાના હાથે તમને ભિક્ષા મળશે.'

હા... તેમ જ બન્યું. પરંતુ તે માતા મુનિવર શાલિભદ્રજીના આ ભવની માતા ભદ્રાને બદલે પૂર્વ ભવની–સંગમકના ભવની–

રબારણ માતા–એ લાભ લેઈ ગઈ. દહીં વેચવા નીકળેલી આહીર –માતાને મુનિવર શાલિભદ્રજીને જોતાં પુત્ર વાત્સલ્ય ઊભરાયું; સ્તનમાંથી દૂધની ધારા વછૂટી અને ભારે ભક્તિ અને આદરથી તેણે દહીં વહોરાવ્યું.

મુનિવરોને પ્રભુ પાસેથી જ આ ખુલાસો મળ્યો. આ તેમનું છેલ્લું પારણું હતું. દહીં વાપરીને મુનિવરો વૈભારગિરિની શિલાઓ ઉપર આજીવન અનશનવ્રત કરવા માટે ચાલ્યા ગયા.

શિલા ઉપર પાદપોપગમન અનશન કર્યું. પાદપ એટલે વૃક્ષ....તેની જેમ સાવ સ્થિર થઈ જઈને ધ્યાનસ્થ થઈ ગયા!

શાલિભદ્રજીની આ ભવની માતા ભદ્રા ભારેમાં ભારે ઉમળકા સાથે પ્રભુવીરના વંદનાદિ માટે અને સુપુત્ર મુનિવર શાલિભદ્રજીને ઘણાં વર્ષે જોવા માટે થોડી જ વારમાં મગધપતિ શ્રેણિકની સાથે આવ્યાં. પણ અફસોસ! તેઓ થોડાં જ મોડાં પડી ગયાં હતાં. વળી તેમણે જ્યારે એ જાણ્યું કે તેમને જ ઘેર ભિક્ષાર્થે આવેલા તે મુનિવરોને તેમની અતિ કૃશતા અને પોતાની કાર્યવ્યસ્તતાના કારણે ઓળખ ન પડતાં પાછા ફરવું પડ્યું અને પછી માર્ગમાં પૂર્વ ભવની આહીર માતાએ એ લાભ લઈ લેતાં તેઓ ત્યાંથી જ પાછા ફર્યા; અને છેલ્લું પારણું કરીને વૈભારગિરિ ઉપર આજીવન અનશન સ્વીકારી ચૂકયા છે; ત્યારે તો માતા ભદ્રના આઘાતનો કોઈ આરોવારો ન રહ્યો!

ખૂબ વેગથી તેઓ મગધપતિની સાથે વૈભાવગિરિ ઉપર પહોંચ્યાં. લાકડાની જેમ નિશ્ચેષ્ટ અવસ્થામાં રહેલા બે ય મુનિવરોને જોઈને ભદ્રા સ્તબ્ધ થઈ ગયાં.

ભદ્રાએ વિનંતી કરી; 'મુનિવર શાલિભદ્ર! એકવાર મને ધર્મલાભ આપો, મારી સામે જુઓ....તમારી માતા તમારી પાસે આટલી કાકલૂદીપૂર્વક યાચના કરે છે!'

પણ અનશન એટલે અનશન! પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા!

વિરાટ જલબંધ તૂટે અને જે ભયાનક આપત્તિઓ સર્જાય

તેથી કેટલી ય વધુ આપત્તિઓ એક સાધુનું વ્રત તૂટતાં સર્જાય!

કાળમીંઢ પાણાઓ તૂટી જાય તેવું છાતીફાટ રુદન માતા ભદ્રા કરવા લાગ્યાં. ભિક્ષાર્થે આવેલા સ્વપુત્રને માતા જેવી હું માતા પણ ઓળખી ન શકી તે બદલ પોતાની જાતને લાખ લાખ વાર ધિક્કારવા લાગ્યાં. શિલા પાસે પડી પડીને તેની ક્ષમા માગવા લાગ્યાં.

માળામાં બેઠેલાં પંખીઓ પણ આ દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયાં! કાળઝાળ રુદનના આર્તસ્વરથી કરુણાભાવે પ્રેરાઈને ત્યાં આવી ઊભેલાં હરણીઆંની આંખોમાંથી પણ ફફક ફફક આંસુ પડવા લાગ્યાં!

ઘરઆંગણે આવી ઊભેલા પુત્રને છેલ્લી ભિક્ષા પોતાના હાથે જે માતા ન આપી શકી; એ માતાને એનો આઘાત કેવો હોય? એ તો એ માતા જ જાણે. એનું વર્ણન એ ય ન કરી શકે; તો બીજા કોઈ લેખકની તો શી હેસિયત!

છેવટે, મગધપતિ મહારાજા શ્રેણિકે એમને આશ્વાસન આપ્યું. આવા ધીર, વીર અને નિરીહ પુત્રની મા બનીને તમે જ જગતની માતાઓમાં સાચી રત્નકુક્ષિ માતાનું સ્થાન પામ્યાં છો એ વાત ફેરવી ફેરવીને જ્યારે સમજાવી ત્યારે માતા ભદ્રા કાંઈક શાંત થયાં અને ભાવવિભોર બનીને મુનિવરોને ભાવભર્યું વંદન કર્યું.

ઢસડાતે, લથડાતે પગલે અને અકળાતે-દુભાતે હૈયે સહુ સ્વસ્થાને પાછા ફર્યા.

મહામુનિઓ કાળધર્મ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવાત્મા થયા.

ધન્ય છે; સાળા-બનેવીની એ અનુપમ જોડલીને!

સંસારનાં સગપણ થવા જ હોય તો આવાં થજો; મોક્ષમાર્ગે ઊર્ધ્વીકરણ કરતાં; એ કઠોર પથ ઉપર પરસ્પર સહાયક બનતાં!

*

## [૧૩]
## રાજકુમાર મેઘ

'પ્રભુ પાસે જઈને અનુજ્ઞા માગી લઉં.' મેઘમુનિ સ્વગત બોલ્યા.

ગઈ કાલે જ મહોત્સવપૂર્વક સંસારનો ત્યાગ કરનાર મગધ-પતિપુત્ર મેઘ આજે ઘેર જવા ઇચ્છે છે! મુનિ મેઘ પરમાત્માની પાસે ગયા.

સર્વજ્ઞ–સર્વદર્શી પ્રભુ નૂતન મેઘમુનિને જોતાં જ બોલ્યા, 'મુનિ! ખૂબ અઘટિત વિચાર કર્યો! યાદ કરો તમારા એ હાથીના જીવનને કે જ્યાં એક સસલાની દયા ખાતર તમે પ્રાણ-ત્યાગ કર્યો હતો! અને વિચારો તમારા વર્તમાન જીવનને કે જેમાં મહાસંયમી મુનિઓના ચરણની રજ પણ તમને ખૂંચવા લાગી!'

સૂક્ષ્મબલી પરમાત્માના આટલા જ બોલ બસ હતા. મેઘ-મુનિની આંખમાંથી અશ્રુની ધારા ચાલી. પૂર્વ જાતિનું સ્મરણ થયું. હાથીના એ દયામય ભવનું દર્શન કર્યું! પ્રભુના ચરણોમાં આળોટી જતા મેઘમુનિએ દુષ્ટ ચિંતનનું પ્રાયશ્ચિત્ત માગ્યું.

વાત્સલ્યમૂર્તિ માતા મહાવીરદેવે મેઘમુનિને સાંત્વન આપ્યું. મહાત્માઓ પડે તે પણ, વધુ ઊંચે જવા માટે હશે શું?

રબરનો દડો નીચે પટકાઈને વધુ ઊંચે જાય છે તેમ.

'પ્રભો! બે આંખો છોડીને આખો દેહ મહાસંયમીઓની સેવામાં ઘસી નાખવાની પ્રતિજ્ઞા આપો.'

જીવદયા પાળવા માટે જ આ આંખો બાદ.

મગધેશ્વરની પ્રિયતમા રાણી ધારિણીનો આ પુત્ર! માતાને કેવી કેવી રીતે મનાવી હતી? અને મહાત્યાગના પંથે પ્રયાણ

કરવાની અનુમતિ મેળવી હતી? હજી તો એ બધી ગઈ કાલની જ બીનાઓ હતી.

અને એક જ કાળી રાતે ચિત્તમાં કાલિમા ફેલાવી દીધી! અશુભ વિચારની એક શ્યામલ વાદળી ચિત્તના પ્રદેશોમાં કાજળ વરસાવી ગઈ. લઘુશંકાર્થે જતા આવતા મુનિવરોના ચરણે ચોંટતી ધૂલીકણો મુનિમેઘના સંથારામાં ભેગી થતી ગઈ. સુકુમાર શરીરને એ ખૂંચી ગઈ.

કેવો જબ્બર વિનિપાત! મગધેશ્વરનો લાડીલો કુમાર મેઘ, વેષત્યાગ કરીને ઘેર આવે તો? કેવી ધર્મનિંદા થાય? ભગવાન મહાવીરદેવ માટે લોકો કેવા કેવા અભિપ્રાયો બાંધે? માતા ધારિણીને કેવો આઘાત પહોંચે?

પરંતુ જેણે વેષનો યોગ આપ્યો તેણે આપેલાનું રક્ષણ (ક્ષેમ) પણ કરવું જ રહ્યું. યોગ સહેલ છે, ક્ષેમ જ દુર્લભ છે.

ત્યાગની વિષમ વાટે ચડાવી દઈને રખડતો મૂકી દેનાર હિતૈષી નથી.

હિતૈષી તો તે છે કે જે વિષમ વાટે સાથે જ રહે. વિઘ્નોને વિદારતો રહે, ચંચળતા આવે તો નિશ્ચલ બનાવે, અસ્થિર થાય તો સ્થિર કરે, જરાય ધીરજ ખોયા વિના આશ્રયે આવેલાની સંપૂર્ણ માવજત કરતો રહે. જે એ માવજતથી કંટાળે છે તે તો માનવતાથી પણ દૂર ફેંકાય છે. સાધુતાની તો વાત જ શી કરવી? ભગવાન મહાવીરદેવ મેઘના ધર્મસારથિ બન્યા, વસમી વાટના ભોમિયા બન્યા. ચંચળ મેઘની મા બન્યા.

સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ પરમાત્મા વાત્સલ્યની કેવી અલબેલી પ્રતિમા હશે? આપણે તો એની કલ્પના જ કરવી રહી. કહ્યું છે કે એમના તનમાં જે લોહી હતું તે દૂધ જેવું શ્વેત હતું. આ વાત ખૂબ જ સમુચિત છે.

જો જગતની એક માતા પોતાના એક બાળકની ઉપરના વાત્સલ્યના કારણે સ્તનનું લોહી દૂધ બની જાય તો સમગ્ર વિશ્વના સર્વ જંતુની માતા તીર્થંકરના દેહનું સઘળું ય રુધિર શ્વેત હોય તેમાં કશી નવાઈ નથી.

બિચારા ચંડકૌશિકને આ વાતની ખબર નહિ એટલે જ એ સફેદ વર્ણનું લોહી નીકળેલું જોઈને ભારે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો હતો.

મુનિવર મેઘ મહામુનિ મેઘ બની ગયા !

જેને ધર્મસારથિ ખુદ પરમાત્મા મળ્યા એનો રથ મુક્તિમાર્ગે સડસડાટ ચાલ્યો જ જાય ને ?

જીવનરથની લગામ પરમેષ્ઠી ભગવંતોને સોંપી દેવાય તો કેટલી સલામતી ! અને ભાવિના પરિણામની સફળતા અંગે કેટલી બધી નિશ્ચિંતતા રહે !

લાખ લાખ વંદન હો ધર્મસારથિ ભગવાન મહાવીરદેવને !

*

[૧૪]

# ધન્ના અણગાર

'ભગવન! ચૌદ હજાર મહાસંયમી શ્રમણોમાં ઉત્કૃષ્ટ શ્રમણ કોણ?' મગધેશ્વરે મહાવીરદેવને પૂછ્યું.

'રાજન! ધન્ના અણગાર.'

અને........ત્રિલોકપતિના શ્રીમુખે ચડેલા પુણ્યનામધેય ધન્ના અણગારનાં દર્શન માટે સહુનાં અંતર ઉત્કૃષ્ટ થયાં!

મગધરાજ દર્શન કરીને કૃતાર્થ થયા!

મગધના પ્રજાજનોએ પણ એ મહાસત્ત્વશાલીઓનાં દર્શન જીતવાનું સાફલ્ય માણ્યું.

અજય અને સંજય પણ મહાસંયમીના દર્શને વનમાં ગયા.

એક વૃક્ષ નીચે સૂકલકડી કાયાનું ખોખું ઊભેલું જોયું. હાડકાંનો માળો જ જોઈ લો! આંખો તો સાવ ઊંડી ગયેલી! માંસનું તો નામ જ ન હતું. પેટ ગાગરડી અને પગ દાતરડી! નસ તો એક એક ગણી શકાય તેવી!લો હીનો તો ક્યાંય છાંટો ય જોવા ન મળે! પગ શી રીતે ઊભા રહી શક્યા હશે એ જ એક આશ્ચર્ય હતું.

મહાતપસ્વી મુનિનાં દર્શન કરતાં જ અજય તો સિસકારો નાખી ગયો! આવી દૂબળી કાયા! આમાં ય આત્મા હોઈ શકે ખરો?

'અજય, છટ્ઠને પારણે આયંબિલ! આ અણગાર આવો ઘોર તપ મહિનાઓથી કરે છે. આયંબિલમાં પણ સાવ રૂક્ષ વાલ અને ચણા! તે ય માંડ મૂઠી જેટલા જ!

'શી રીતે બને?' એ પ્રશ્ન જ કરીશ નહિ. વિરાટ જ્યારે

જાગે છે ત્યારે કશું જ અસાધ્ય રહેતું નથી. પછી તો 'શું ન બની શકે?' એ જ પ્રશ્ન બની રહે છે.

આટલો ઘોર તપ એ જ આ મહામુનિની વિશેષતા નથી; પરંતુ આવા તપમાં પણ તેઓ મહાક્ષમા, સહિષ્ણુતા અને મહા-સંતોષના સ્વામી બન્યા છે એ તો એમની જબ્બરદસ્ત વિશેષતા છે. પરમાત્માએ પોતે તે દિવસે મગધેશ્વરને કહ્યું હતું કે, 'ધન્ના નિત્ય ચડતે પરિણામે વર્તે છે. એમની શુભ ભાવધારાઓ નિત્ય વૃદ્ધિ પામતી જાય છે.'

ભગવંતના શિષ્યો તો હજારો! તેમાં ય મહાસંયમી ચૌદ હજાર! એ ચૌદ હજારમાં ય મૂર્ધન્યસ્થાન પામેલા આ ધન્ના અણગાર! અહા! આવા શ્રમણ શિરોમણિના તો દર્શનમાત્રથી આપણાં પાપો સળગી ઊઠે!'

'ગુરુજી! મારી તો અક્કલ જ કામ કરતી નથી. બીજી બધી ધન વગેરેની મમતા ત્યાગી શકાય, એ તો સમજ્યા. પરંતુ જેની સાથે આત્મા એકરસ થઈ ગયો છે એ દેહનાં મમત્વ તો મોક્ષ મહારથીઓથી પણ દૂર થઈ ન શકે તેવાં છે તો આ દૂબળાપાતળા મુનિ શી રીતે એનું મમત્વ ત્યાગી શક્યા?' અજયે પૂછ્યું.

સ્મિત કરતાં સંજય ગંભીરભાવે બોલ્યા, 'વત્સ! કોઈની જોડે કુસ્તી કરવા માટે બળવાન દેહની જરૂર પડે, અને કોઈ મગધ જેવું રાજ્ય ચલાવવા માટે ભારે બુદ્ધિની જરૂર પડે પરંતુ આત્માના વિકાસ માટે તો બળવાન દેહ કે ભારે બુદ્ધિની કશી જરૂર નથી. દૂબળો ય આત્મવિકાસ પામી શકે. શરત માત્ર છે; સ્વચ્છ–શુદ્ધ બુદ્ધિની. ભલે પછી તે અત્યલ્પ હોય!'

'ગુરુજી! એ કઈ શુદ્ધબુદ્ધિ?' અજયે પૂછ્યું.

'વત્સ! આત્મા અને દેહ ભિન્ન છે એ શુદ્ધબુદ્ધિ. જેને

આ ભેદજ્ઞાન પ્રાપ્ત થાય છે એને બીજા કશા ય જ્ઞાનનો ભાર ઉપાડવાની ઝાઝી જરૂર રહેતી નથી.'

'તો શું દેહ અને આત્માના અભેદજ્ઞાને જ આ અનંત સંસારનું પરિભ્રમણ ઊભું થાય છે? અને એના ભેદજ્ઞાને જ અનંતનો પણ શીઘ્ર અંત આવી જાય છે?' અજયે પ્રશ્ન કર્યો.

'હાસ્તો વળી.'

ભવભ્રમણ કરતાં જીવોની મનોદશાને જરા વિચારમાં લાવ, તો એની સમગ્ર જીવનચર્યામાં એ કોની પૂજા કરતો દેખાય છે? શરીરને જ એ સુવડાવે, ઉઠાડે, નવરાવે, ખવડાવે, પિવડાવે. શરીરના સુખ માટે જ એ વેપાર કરે, લગ્ન કરે, અભ્યાસ કરે, પરદેશમાં ભમે. 'હું એટલે શરીર' એ વિચારના મધ્યબિંદુને અનુલક્ષીને જ એના જીવનનાં તમામ વ્યવહાર.વર્તુળો દોરાય છે; અને એના જ ઉપર તે પોતાના મનમાં વિરાટ પહાડો જેટલા ચિંતનનાં સર્જન અને વિસર્જન કરતો રહે છે.

કેવી અફસોસની વાત છે કે જગતના ઘણા પુરુષોએ અને જગતની બધી જ સ્ત્રીઓએ પોતાનું જીવન દેહાત્માના અભેદ. જ્ઞાનની પાછળ હોમી નાખ્યું છે.

જેમનો માંહ્યલો જાગવાનો હોય તેમને જ આ ભેદજ્ઞાન જાગે છે. કર્મની વિષમતાઓ, અણધારી આપત્તિઓ, અણચિંતવ્યા પ્રસંગો બનતા જતા જોઈને કેટલાક જીવોને પોતાના દેહના આત્મભાનમાં શંકા જાગે છે! કોઈ અગમ્ય સત્તાના અસ્તિત્વની કે જે આ બધી ઊથલપાથલો મચાવે છે તેની કલ્પના આવે છે. અને ત્યારે જ એક પ્રશ્ન તેમના લમણે ઝીંકાય છે કે હું કોણ? કોઽહં........આ સ્વયંભૂ જિજ્ઞાસા એમને ખૂબ ગૂંગળાવે છે અને અંતે એ પરમ સત્યની નજદીક લઈ જતો અંતરમાંથી એક અવાજ ઊઠે છે. તું શરીર વગેરે કાંઈ નહિ. 'નાહમ્'

આટલું થયા બાદ ફરી ચિંતનનાં ચક્રો જોરશોરથી ગતિમાન થાય છે. 'ત્યારે તું કોણ?' એ પ્રશ્નનો જવાબ ઘણી મથામણો બાદ મળે છે કે, 'તે જ હું-સોઽહં.'

આમ જે આત્મા પોતાને શરીરથી ભિન્ન માનવાનું અને પોતાના પરમાત્મસ્વરૂપનું એમ બે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે, એનામાં એક અભૂતપૂર્વ કૌવત ઉપન્ન થાય છે.

અજય! નાળિયેરનું ઉપરનું પડ જુદું છે, અંદરનું કોચલું જુદું છે. ફણસની ઉપરની છાલ કાંટાળી છે. અંદરના ગર્ભની મીઠાશ જુદી છે. આ જ રીતે ઉપરનો દેહનો પોપડો જુદો છે, અંદરનો આત્મા જુદો છે. આ પૃથ્વીક્કરણ તો આધ્યાત્મિક ક્ષેત્રમાં જ નહિ પરંતુ જગતના કોઈ પણ ભૌતિક, નૈતિક સ્તરોમાં કરવું પડશે, હૃદયથી સ્વીકારવું પડશે.

દેહાત્માના ભેદજ્ઞાન વિનાનું બાળક ગમે તેટલું ભણી ગણી જાય પણ એના જીવનમાં એ અંધાધૂંધી જ મચાવશે; ભેદજ્ઞાન વિનાનો ધનપતિ પોતાના ઐશ્વર્યનો દુરુપયોગ જ કરશે; ભેદજ્ઞાન વિનાનો સત્તાધીશ પુરુષ સત્તાના જોરે અનેકોનાં જીવનને ગૂંગળાવશે.

'હું એ જ દેહ' એના જેવું કુશિક્ષણ બીજું કોઈ નથી. આ માન્યતા જ્યાં જ્યાં ઘર કરી ગઈ ત્યાં ત્યાં જે કોઈ રૂપ, સૌન્દર્ય, ઐશ્વર્ય હોય તે બધા ય આ વિશ્વ ઉપર વિનિપાત જ સર્જે.

જે ખરેખર હું છે તે ત્રિભુવનવિહારી છે. એ અપરિવર્તનશીલ છે. શાશ્વત છે, સંપૂર્ણ છે, સચ્ચિદાનંદ-સ્વરૂપ છે. નીરોગી છે, સ્વચ્છ છે. આમાંનું કાંઈ પણ દેહમાં નથી. આટલો સ્પષ્ટ ભેદ હુંમાં અને દેહમાં છે, પરંતુ બિચારો કર્માપરાધી જીવ એ ભેદને કલ્પી પણ શકતો નથી.

પરિણામ? પરિણામમાં ભયંકર વિનિપાત! અસહ્ય યાતનાઓ! અણધારી આફતો સિવાય કાંઈ જ નહિ. જે પોતાનું સ્વત્વ જ

જાણતો નથી એના જેવો અજ્ઞાની કોઈ નથી. 'સ્વ'ને જાણી લીધો એને કશું ય જાણવાનું બાકી રહેતું નથી.

બકરીના ટોળામાં ઊછરેલું સિંહનું બચ્ચું સ્વભાવથી બકરી જેવું બની ગયું. એ ય ઘાસ ખાવા લાગ્યું; ઠેકડા મારવા લાગ્યું; બકરીની જેમ ભયનું માર્યું જ્યાં ત્યાં નાસભાગ કરવા લાગ્યું. કૂતરાના બચ્ચાને જોઈને ય ગભરાઈ જવા લાગ્યું. પરંતુ જ્યારે એકાદા એક સિંહ આવ્યો અને એણે સિંહનાદ કર્યો ત્યારે જ પોતાની જાતનું એને ભાન થયું.

અને....એ ગયું આભ ચીરી નાંખે તેવી ત્રાડ પાડતું-બકરીના ટોળામાંથી ફાળ ભરતું ચાલ્યું ગયું!

શું આત્માનું પણ વનવિહારી-કેસરીપણાની પોતાની જાતનું ભાન ખોવાનું જ આ પરિણામ નથી?

અજય આ મહાસંયમી ધન્ના અણગારને જાતનું ભાન જાગી ગયું છે. એનું જ આ પરિણામ છે. વાંસલીથી કોઈ છોલી નાખો જડપુદ્ગલસ્વરૂપ દેહને, કે ચંદનથી લેપી નાખે...પણ એમના માંહ્યલાને કશું જ ન થાય. રાગ પણ નહિ, રોષ પણ નહિ.

એમના અંતરમાં એક જ વાત રમતી હશે કે દેહની આળ-પંપાળે જ સર્વ દુઃખો અને બધાં ય પાપોનો જન્મ થયો છે. હવે એ બધાં ય દુઃખો અને પાપોનો વિનાશ કરવો હોય તો પાળી પોષીને તગડા કરેલા એ દેહને જ કચડી નાખવો જોઈએ. જરા ય દયા રાખ્યા વગર. 'દેહદુઃખં મહાફલમ્'.

'પણ ગુરુજી! આટલી બધી નિર્દયતા બતાવવા જતાં મૃત્યુ ન થઈ જાય?' અજયે પૂછ્યું.

સંજયે કહ્યું, 'ભૂલ્યો. મૃત્યુ કોનું? આત્મા તો અમર છે. જે મરે છે તે હું નથી અને 'હું' કાંઈ આજકાલમાં મરી જાય એવો નબળો ય નથી હોં!'

'જો આ મુનિવરની મુખાકૃતિ જો! અલમસ્ત કાયાવાળા આત્માના મુખ ઉપર જે તેજ દેખાતું નથી તે અહીં દેખાય છે! રે! નર્યો તેજનો પ્રકાશ ઊભરાયો છે.

જગતમાં જે શાંતિ ક્યાં ય નથી મળતી તે અત્યારે આ મુનિરાજના સાંનિધ્યમાં જ આપણે નથી અનુભવતા શું?'

અજયે કહ્યું, 'ગુરુજી! તદ્દન સાચી વાત છે. જાણે કોઈ હિમ-પર્વતના કૈલાસ શિખિર ઉપર આપણે આવી બેઠા હોઈએ તેટલી ઠંડક અહીં અનુભવાય છે!'

'બસ, અજય! એ જ છે, વિશુદ્ધાત્માના વિવિધ ચમકારા! એને જે સમજી શકે છે તે જ સમજી શકે છે.'

મહાસંયમી ધન્ના અણગારને પુનઃ પુનઃ વંદના કરતા ગુરુ-શિષ્ય, સમય થઈ જવાથી ઢસડાતે પગલે ઘર તરફ પાછા વળ્યા.

અજયના મનમાં એક જ વાત ઘૂમતી હતી....અવિનાશી આત્મા છે, દેહ તો વિનાશી છે.

એ તદ્દન જુદા છે.

અવિનાશીના સુખનો ભોગ લઈને વિનાશીનો મોહ કેમ થઈ શકે?

*

[૧૫]

## એક કઠિયારો

ગણધર ભગવંત સુધર્માસ્વામીજીએ પ્રાતઃકાળે એકાએક રાજગૃહીનગરીમાંથી વિહારની તૈયારી કરી.

'મુનિઓ! જે દેશમાં મુનિ પ્રત્યે અનાદર થાય ત્યાં મુનિથી રહેવાય નહિ. ગઈ કાલે આપણે એક ભવ્યાત્મા કઠિયારાને દીક્ષા આપી. લોકો તેની નિંદા કરે છે. લોકો કહેતા સંભળાયા છે કે, 'અમે આટલો ધર્મ પામેલાઓ સાધુ ન થયા, અને આજકાલનો અબૂઝ સાધુ થઈ જાય! શું છે આ તોફાન?'

'નિર્ગ્રન્થો! જે લક્ષ્મી એક પુરુષાર્થી પિતા, વર્ષોના પુરુષાર્થે પણ મેળવી શકતો નથી, તે લક્ષ્મી તેનો પુણ્યશાળી દીકરો મેળવી લે છે. વયનો ત્યાં કોઈ સંબંધ નથી, ખેર, આપણે વાદમાં ઊતરવું નથી. સજ્જ થાઓ. અત્યારે આપણે મગધ છોડી જઈએ.'

ત્યાં જ બુદ્ધિનિધાન મંત્રીશ્વર અભયકુમાર, ભગવાન સુધર્માસ્વામીજીને વંદન કરવા માટે આવ્યા. પરિસ્થિતિ જોઈને જરાક ચમક્યા. આ શું? ભગવંતનો વિહાર શાથી?

'પ્રભુ! કેમ આમ?' મંત્રીશ્વરે હાથ જોડીને પૂછ્યું.

'અભય! જ્યાં પ્રીતનો ભંગ થાય ત્યાં રહેવું યોગ્ય નથી.'

'પણ શું બન્યું મારા પ્રભુ!'

ભગવાન સુધર્માસ્વામીએ સઘળી વાત કરી. હાથ જોડીને અભય તુરત બોલ્યા, 'પ્રભો! મારી ખાતર બે દિવસ આપ રોકાઈ જાઓ. હું બધું જ ઠીક કરી દઉં છું. આખું ય વાતાવરણ સુધરી જશે.'

*

રાજગૃહીનાં બજારોનો એ ચોક હતો.

હજી તો પ્હો પણ ફાટ્યો ન હતો ત્યાં એ ચોકમાં એક માણસ ઊભો રહીને મોટેથી બૂમો પાડવા લાગ્યો; 'એ, કોઈ લઈ જાઓ; આ સુવર્ણના ત્રણ ઢગલા. મંત્રીશ્વર અભયકુમાર મફતમાં આપી દે છે! કોઈ લઈ જાઓ રે! લઈ જાઓ.'

ધનના ઢગલા દેખીને – તેમાં ય મફતમાં મળતા જાણીને – કોણ દોડી ન આવે! સહુ દોડી આવ્યા. બધાને દૂર ઊભા રાખીને પેલો માણસ બોલ્યો, 'જરા થોભી જાઓ. મારી વાત સાંભળી લો. આ ત્રણેય ઢગલા મફતમાં – સાવ મફતમાં આપી દેવાના છે. પણ એક શરત છે કે સુવર્ણ લેનારા માણસે જીવનભર અગ્નિ, પાણી અને મૈથુનનું સેવન કરવાનું નથી. આ શરત જેને મંજૂર હોય તે મફત – સાવ મફતમાં લઈ જાઓ.'

પણ આ શરત સાંભળતાં જ સહુ છીંકવા લાગ્યા. હાં....છીં, હાં...છીં, બધાં ય બે કદમ પીછેહઠ કરી ગયા.

હજારો માણસોની એ ઠઠ જામી હતી. એક પણ મરદ આગળ ન આવ્યો. એ જોઈને મંત્રીશ્વર અભય એક ખૂણામાંથી બહાર નીકળી આવ્યા. મેદનીની સામે ઘોડો ઊભો રાખીને બોલ્યા, 'ઓ મગધના પ્રજાજનો! જે કાંઈ બોલો તે વિચારીને બોલતા શીખો. ઉતાવળથી અપાઈ જતા અભિપ્રાયો ક્યારેક ઘણું મોટું નુકસાન કરી દે છે.

સોનામહોરના આ ત્રણેય ઢગલા સાવ મફતમાં આપી દેવાની જાહેરાત છતાં તમારામાંથી એક પણ મરદ આગળ ન આવ્યો એમ ને?' ટોળામાં કાંઈક ગણગણાટ શરૂ થઈ ગયો.

'શાંત રહો. મને ખબર છે કે તમને મારી શરત પરવડતી નથી. શું અગ્નિ – પાણીનું સેવન ન કરવું અને મૈથુનને ન સેવવું એ એટલી બધી કઠિન બાબત તમને લાગે છે? આટલી બધી

સોનામહોરો મળે તો પણ તમે અગ્નિ, પાણી અને મૈથુનનો સ્પર્શ છોડવામાં કાયર છો ?'

ખામોશ. પ્રજાજનો ! તો પછી એક આત્માએ ગઈ કાલે આ ત્રણે ય ચીજોનો સદાના માટે ત્યાગ કરી દીધો એની તમે પ્રશંસા કેમ ન કરી ? શા માટે તમે પેટ ભરીને નિંદા કરી ? યાદ રાખો કે સુવર્ણમહોરોનો સાચો અધિકારી તો તે કઠિયારો છે જેની તમે વગોવણી કરી છે; છતાં એ સાચો અધિકારી સુવર્ણ લેવા આવ્યો નથી અને તમે ભિક્ષુકની જેમ દોડી આવ્યા છો. સમજી રાખો કે અગ્નિ, પાણી અને મૈથુનનો ત્યાગ કરવો એ જરા ય સહેલ કામ નથી. જે એ ત્યાગ કરવાનો પુરુષાર્થ કરે છે, એને નમતાં શીખો. હવે તમારી ગઈ કાલની એ ભૂલની તમારે માફી માંગવી જોઈએ. જાઓ ! સત્વર ભગવાન સુધર્માસ્વામી પાસે જાઓ. એમના ચરણોમાં પડીને ક્ષમા માંગો.'

રાજગૃહીના પ્રજાજનના હાડેહાડમાં સોંસરી ઊતરી ગઈ; મંત્રીશ્વરની વાત. સહુને પોતાની ભૂલ સમજાણી. નતમસ્તકે, ધીમે પગલે સહુ ચાલવા લાગ્યા ભગવાન સુધર્માસ્વામીજીના નિવાસસ્થાન તરફ. થયેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા માટેસ્તો.

[૧૯]

## મહાત્મા નંદિષેણ

'મુનિરાજ! આ તો વેશ્યાનું ઘર છે. વેશ્યાને તો અર્થલાભ જોઈશે. તમારા ધર્મલાભની એને કશી જરૂર નથી. અર્થત્યાગીઓમાં અર્થલાભની આશિષ આપવાની તો હિંમત જ કયાંથી હોય. કેમ મુનિવર? છે, તાકાત અર્થલાભ આપવાની? અરે! ભૂલી, પ્રશ્ન જ અસ્થાને છે.' ગોચરી માટે ભૂલથી પ્રવેશી ગયેલા મુનિ નંદિષેણને કામલતા વેશ્યાએ કહ્યું.

પણ યુવાન મુનિનું લોહી ઊકળી ગયું. 'અમે મુનિ એટલે શું નામર્દ! અમારામાં બીજી કોઈ તાકાત જ નહિ? એક સ્ત્રી-જાતિની નજરમાં જૈન મુનિ એટલે બિચારી ગરીબ બકરી જ?

'ઓ. કામલતા, તારું મોં સંભાળીને બોલ. લે જો અમારું સત્ત્વ.' એમ કહીને જમીન ઉપર પડેલું તણખલું મુનિએ ઉપાડયું. એના બે કટકા કરતાંની સાથે જ ત્યાં ને ત્યાં સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઈ.

કામલતા તો સન્ન થઈ ગઈ! એનું તો મગજ કામ કરતું નથી.

'ધ્યાન રાખજે. હવે કદી જૈન મુનિની નિર્બળતાની વાતો કરીશ નહિ.' એટલું કહીને મુનિ બારણા તરફ વળી ગયા. જ્યાં પગ ઉપાડે છે ત્યાં ચાલાક કામલતા આડી આવી. પગમાં પડી. પગ પકડી લીધા.

કામરાજે શરસંધાન કર્યું! કામ નીતરતી વાણીનો ધનુષ્ટંકાર થયો. કટાક્ષ તીર છૂટી ગયાં; એક પછી એક!

વીંધાઈ ગયો મુનિનો આત્મા!

'મુનિવર!' પગ પકડીને કામલતા બોલી, 'આ અર્થલાભ

તો આપ્યો પણ એ અર્થના ઢગલાનો ભોક્તા કોણ? આનાથી તો આખી જિંદગી ચાલે તેટલાં કામસુખો ભોગવી શકાય, હવે કામલાભ પણ તમારે જ આપવો પડશે. આ બારણાની બહાર નહિ જવા દઉં. કદાપિ નહિ જવા દઉં.'

કામરાજના વિવિધ શરસંધાન થતાં જતાં હતાં.

કામરાજનો વિજય થયો! મહાત્મા નિંદષેણનો તપોમય દેહ ઢળી પડ્યો. હાડમાંસના દેહને ઊભો રાખીને.

મુનિજીવન ગયું! ગંદાં કપડાં ગયાં! કરણો (ઇન્દ્રિયો) તો ઊભાં રહ્યાં પણ ઉપકરણોએ વિદાય લીધી! પોટલું બાંધીને માળિયે મૂક્યું!

'કામલતા! કાયર બન્યો છું! તારી વાતે અને મારું ભોગાવલિ કર્મ નિકાચિત છે, એની યાદે. પણ અંતરમાં વિરતિનો જે પ્રેમ વસ્યો છે તે તો એવો ને એવો જ છે હો! ભલે આજે હું પડ્યો. પણ પ્રતિજ્ઞા કરું છું કે રોજ દસ સંસારી જીવને ઊભા કરીને વિરતિના પંથે મોકલીશ પછી જ મોંમાં અન્ન-પાણી નાખીશ.'

ખડખડ હસતી કામલતા બોલી, 'પણ કોઈ દહાડો દસ તૈયાર ન થયા! નવ જ થયા તો શું કરશો? ઉપવાસ કરશો?'

'ના, જે દિવસે દસમો કોઈ નહિ તે દિવસે દસમો હું પોતે! બોલ હવે કાંઈ કહેવું છે?'

'ઓહો! ખરો તમારો વિરતિનો પ્રેમ! મારી ઉપર પણ આટલો પ્રેમ તો નહિ જ રાખો કેમ?' ગાલે એક ટપલી મારતી કામલતા બોલી.

'એમાં પૂછવાનું શું? વિરતિના પ્રેમથી તો બધા ય પ્રેમ હેઠ! તારા પ્રત્યેનો પણ....'

'ભલે...ભલે. મૂકો એ બધી વાત! એ તો બધું હું જોઈ લઈશ. તમારી પ્રેમિકા વિરતિ એ મારી તો શત્રુ! એને તો તગેડી મૂકીને જ જંપીશ. અમારા માટે એ તો બચ્ચાનો

ખેલ છે. ચાલો, હવે એક અપૂર્વ નૃત્ય બતાવું મારા સ્વામીનાથ! જોશો ને?' એમ કહીને વેષ સજવા કામલતા બાજુના ખંડમાં ચાલી ગઈ

દિવસો ઝપાટાબંધ જવા લાગ્યા. એક દિ નંદિષેણ વિચારમાં પડયો. 'અહો! આ મેં શું કર્યું? એક જીવનમાં ત્રણ ત્રણ ભવ! કોણ હું? મગધેશ્વરનો લાડીલો લાલ નંદિષેણ. ભગવાન મહાવીરદેવના ઉપદેશથી એક વાર વિરતિના રંગે રંગાયો! બેશક, દેવોએ મને વાર્યો હતો; વિરતિના પંથે જતાં. એમ કહીને કે 'તારું ભોગાવલિ કર્મ નિકાચિત છે. ગૃહવાસ ફરી સેવવો પડશે.' પણ મારા ઉત્કટ વિરાગે એ વાતોને એક જ ધડાકે ઊંચકીને ફગાવી દીધી હતી. મેં કહ્યું હતું, 'મર્દ છું, મર્દનો બચ્ચો છું, ભગવાન મહાવીરદેવનો શિષ્ય થાઉં છું. કર્મો તો મારી પાસે બિચારાં છે, બિચારાં! કરમ-કરમ ગોખવાનું કામ તો મગધની ડોશીઓને સોંપ્યું! મારી પાસે તો પુરુષાર્થની વાતો! કર્મ-સંગ્રામ તો તાતા-પુરુષાર્થે જ ભેદી શકાય! કરમની કઠિનાઈની વાતો મારી પાસે લાવશો નહિ.'

મૌન રહેલા પરમાત્માએ મને વિરતિ આપી. દિનપ્રતિદિન મારો ઉલ્લાસ વધતો ગયો. ભીષણ પુરુષાર્થની ભયાનક વેગથી ધમધમતી ચક્કીમાં કર્મોનાં માથાં ઊડવા લાગ્યાં! કર્મરાજની સભામાં વારંવાર સોપો પડી જવા લાગ્યો.

ઘોર તપ, અપૂર્વ સ્વાધ્યાય, ભગવદ્ભક્તિ વગેરે મારા શસ્ત્રાસ્ત્રો હતાં.

પણ....કોણ જાણે એકાએક એક વાર શું થઈ ગયું! કશું ય ન હતું અને છતાં મારા મનમાં ઉદ્વેગ પેદા થયો. ધીમે ધીમે એ વધતો જ ચાલ્યો. કેમ જાણે આ ભીષણ સંગ્રામમાં દેહને થાક ન લાગ્યો હોય! મારું યુદ્ધ કાંઈક મંદ પડયું. ખેદ-ઉદ્વેગ-પ્રમાદ પેસતો ગયો! પછી તો મને કામવિકારો પજવવા લાગ્યા. અને દિવસે દિવસે વધતા ચાલ્યા.

મેં કડક નિશ્ચય કરી લીધો કે પર્વતના શિખરેથી ઝંપાપાત કરવો. ઉજ્જવળ આ દેહ અભડાય એ પહેલાં જ એમાંથી નીકળી જવું; ભગવંતે કહેલી પેલી પંક્તિ મને યાદ આવી; વરં વાહી વરં મચ્ચુ....બસ. પરમોપકારીની પણ એ જ આજ્ઞા છે. વિકારોને આધીન થવા કરતાં મોતને ભેટવું સારું !

અને......હું પર્વતના શિખરે પહોંચી ગયો ! પણ અફ્સોસ ! કે જ્યાં નીચે પડવા સજ્જ થયો ત્યાં જ આકાશવાણી થઈ. 'સબૂર ! મોત એટલું સસ્તું નથી. ભોગાવલિ કર્મ ભોગવ્યે જ તારો છૂટકો છે. માટે થોભી જા.' હતભાગી મને આ દેવવાણીએ કાયર કરી નાખ્યો. હું થોભી ગયો. પાછો ફર્યો ! પણ.... વિકારોનાં ભૂતડાં તો મારી પાછળ પડયાં જ હતાં. કેમે ય મારો કેડો મૂકતાં નહિ. સ્વાધ્યાયમાં પણ ચિત્ત ચોંટતું નહિ, ધ્યાનમાં ય એ જ સામે આવતાં ! શું કરું ? ઘોર તપ તપ્યો એ દુષ્ટ ભૂતડાંઓને જેર કરવા....પણ નિષ્ફળ !

એમાં એક દિવસ આ કામલતાના ઘરમાં ભૂલો પડ્યો. પેલા મોહરાજે મને અહીં જ ધક્કો મારી દીધો. આ એક ભૂલ કરીને ન અટક્યો. કામલતાની વાતોથી જ્યારે જાણ્યું કે આ ઘર વેશ્યાનું છે કે તરત જ મારે પાછા ફરી જવું જરૂરી હતું. પણ મારો ભયાનક વિનિપાત નિશ્ચિત હતો; એટલે જ જાણે હું એની વાતો સાંભળવામાં રહી ગયો. પછી બીજી ભૂલ. અમે એટલે માત્ર સાધક ! અમારી પાસે કોઈ ચમત્કાર નહિ ! હમણાં જ બતાવી દઉં અને...મેં બતાવી દીધું ! પછી પણ તુરત ચાલ્યા જવાની જરૂર હતી, પણ પર્વતના શિખરેથી ગબડેલો ક્યાં અટકે ? એ તો ગબડતો જ જાયને ? કામલતાએ મારા પગ પકડ્યા ! અને અંતે....આ પતન થયું !' નંદિષેણની આંખ સામેથી આખું જીવન ઝપાટાબંધ પસાર થઈ ગયું !

વિચારમગ્ન નંદિષેણને ખબર પણ ન હતી કે કામલતા પાછળથી આવીને ક્યારની ઊભી હતી. નંદિષેણની બે ય આંખો

ઉપર હાથ દાબી દેતી તે મૌન રહી.

'બીજું કોણ હોય? જેણે મારા જીવનને પર્વત ઉપરથી નીચે પછાડયું તે જ તો!' નંદિષેણ બોલ્યા.

નંદિષેણના શબ્દોથી છંછેડાયેલી કામલતા એકદમ સામે આવીને ઊભી રહી. 'તો શું કરવા સોનૈયા વરસાવ્યા? ભૂલ તમારી છે કે મારી?' બાજી ફેરવતી ચાલાક કામલતા બોલી, 'પ્રિયતમ! હવે ભૂતકાળ ભૂલી જાઓ. જુઓ આ તમારી સામે કેટલો ભવ્ય વર્તમાન પડયો છે? આ વિલાસભવન તો જુઓ? આ અંગ-અંગમાં સૌન્દર્ય નિતારતી સુંદરીઓના ચિત્રો તો જુઓ? જુઓ? અને આ સુરાનો....'

'ખબરદાર! કામલતા...' અધવચ અટકાવી દેતાં નંદિષેણ બોલ્યા. 'સુરાની ગંધ પણ મને આવશે તે પળે હું તારા ભવનમાં નહિ હોઉં એટલું નિશ્ચિત સમજી લેજે. અને સુંદરી! તારા જેવી બીજી કોઈનો સ્વપ્ને પણ હું વિચાર કરી શકું તેમ નથી. સુરા અને સુંદરીની ઘેલી વાતો મારા મનને વધુમાં વધુ દુઃખી કરશે એ વાત કદી ભૂલીશ નહિ.'

કામલતાને થયું, 'આ ખરો યોગી મળ્યો! પણ હવે એને ય વશ કરું તો જ હું કામલતા! હજી હમણાં જ સાધુવેશ મૂકયો છે એટલે એ જીવનના ઊંડા ઊતરી ગયેલા સંસ્કાર એકદમ શેં જતા રહે? એ સંસ્કારો જ એને બોલાવે છે ને! પણ ધીરે ધીરે બધું ય ઠેકાણે લાવી દઈશ હું તો તેને મંજૂર છું જ ને? બહુ થઈ ગયું! મરદ બીજે બધે મરદ હશે, સ્ત્રીની સામે વાતો કરવામાં ય મરદ હશે પણ હકીકતમાં અમારી પાસે કેટલો નામર્દ હોય છે એ તો અમે સ્ત્રીઓ જ જાણીએ. અમારા ખંડની ચાર દીવાલો જ જાણે...ઠીક ઠીક. એ તો સૌ સારાં-વાનાં થશે.'

કશું ય બોલ્યા વિના વિનીતભાવે પગમાં પડીને, ક્ષમા માંગીને કામલતાએ નૃત્યની તૈયારી કરી દીધી.

રાત્રિના દસ વાગ્યા હતા. નૃત્ય-ખંડમાં ચોમેર દીપકો ઝળહળતા હતા. ધૂપસળીઓ પોતાની સુગંધ છૂટથી બહેકાવી રહી હતી. ઢોલકો વગેરે ગોઠવાઈ ગયા હતા. કુમાર નંદિષેણ તકિયાને ટેકો દઈને ગાદી ઉપર બેઠો હતો.

નૃત્યનો આરંભ થયો.

કુમાર નંદિષેણને રીઝવવાનો – પાણી પાણી કરી નાખવાનો – વેશ્યા દૃઢ સંકલ્પ કરી ચૂકી હતી. આ પાર કે પેલે પારનો એ મરણિયો ખેલ હતો.

કુમાર નંદિષેણ સામે કામલતાનું એ પ્રથમ નૃત્ય હતું. ના, ના. એના જીવનનું પણ એ પ્રથમ જ નૃત્ય હતું. ઘણા આવ્યા અને ઘણા ગયા, ખિસ્સાં ખાલી કરીને, પણ કોઈને ય માટે એણે આ રીતે તન નિચોવ્યું ન હતું.

રાત વધતી ચાલી. કામલતાનું નૃત્યનૈપુણ્ય સોળે કળાએ ખીલતું ગયું. નૃત્ય–ચન્દ્ર પૂર્ણ બન્યો. પૂનમનો ચાંદ બન્યો. ઢોલક પણ ચકિત થઈ ગયો. ગાયિકા પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. અદ્‌ભુત નૃત્ય!

કામલતા આજે માનવલોકની કામલતા જ રહી ન હતી. એ તો કોઈ દેવાંગના હઠે ચડી હતી; પ્રિયતમ દેવેન્દ્રને રીઝવવા. જાણે એના પગ જમીનને અડતા જ ન હતા; એની આંખો એક પણ મટકું મારતી ન હતી. કુમાર નંદિષેણના તેજસ્વી તન ઉપર એ ચોંટી ગઈ હતી. એના સૌન્દર્યામૃતનું જ એ પાન કરતી હતી. એને ન હતી તૃષા, ન હતો થાક; કાંઈ જ ન હતું. સાચા અર્થમાં એ નૃત્યાંગના દેવાંગના બની હતી.

તકિયે અઢેલીને બેઠેલો કુમાર નંદિષેણ એ નૃત્યમાં ઝાઝો રસ દાખવતો ન હોય એવું કામલતાને પ્રથમ તો જણાયું. પરંતુ એથી એ હતાશ બની જાય એમ ન હતી. 'બાર બાર વર્ષના તપ તપી ચૂકેલો યોગી એકદમ ભોગી જગતમાં ન ગોઠવાઈ જાય એમાં નવાઈ ન હતી. અને એ જવાબદારી તો મારી જ છે ને?

મેં જ બીડું ઝડપ્યું છે; યોગીના યોગના વાઘા ઉતારી નાખવાનું! કાયાથી જ નહિ; મનથી પણ.'

માટે જ કામલતા નૃત્યકળાની પરાકાષ્ઠાએ પહોંચી હતી, 'મારું ગમે તે થઈ જાઓ; પરંતુ મારા પ્રિયતમને તો પાણી પાણી કરીને જ જંપુ. એના અંતરના ખંડખંડમાં બિરાજેલી વિરતિની બધી પ્રતિમાઓને ખંડિત કરી નાખું અને એ અંતરના કોઈ અવાવર ખંડમાં જ એનો ઢગલો કરું.

નહિ તો? નહિ તો મારું નામ કામલતા નહિ. રે! નિષ્ફળ જાઉં તો....તો કદાચ આ વિષ પાયેલો હીરો જ ચૂસી લઉં....પછી જીવનનો અર્થ જ શો છે?' કામલતા નૃત્ય કરતી હતી. એનું મન વિચારે ચડયું હતું. કામરાજે પાંચે ય શરસંધાન કર્યાં હતાં.

એકાએક....તકિયે અઢેલીને બેઠેલો કુમાર નંદિષેણ ટટ્ટાર થઈને બેસી ગયો. કામલતાના અંગ અંગ તરફ તાકીને જાણે જોતો રહ્યો. અને....કામલતાનું અંતર પણ નાચી ઊઠયું. 'દાવ સફળ થતો લાગે છે! પાસા પોબાર!' એનું મન બોલી ઊઠયું. 'જોજે, હવે કશી કમીના ન રાખીશ. રાખીશ તો પસ્તાઈશ.' અંતરે ચૂંટી ખણીને ચેતવણી આપી.

કામલતાએ કુમાર ઉપર ત્રાટક કર્યું જ હતું. હવે વળતું ત્રાટક જાણે કુમારે કામલતા ઉપર કર્યું.

કુમારે કામલતાની દેહલતાનું રૂપ જોયું! રૂપની ચામડી જોઈ. ચામડીની અંદર એના આત્માના પ્રદેશો આંખ અને નાક ચડાવીને પહોંચ્યા. ત્યાં માંસ જોઈને આંખો મીંચી નાખી. ચરબી અને લોહી જોઈને આત્મા પરમાણુ અકળાઈ ગયા. રે! અહીં અમે ક્યાંથી આવ્યા? છતાં એ પરમાણુ ઘૂમતા ઘૂમતા આગળ વધ્યા. એમને આજે આ બધો ય પ્રદેશ તપાસી નાખવો હતો. એ આગળ વધ્યા. કર્કશ હાડકાંઓને અથડાયા! તો ય બીજેથી માર્ગ કાઢીને આગળ વધ્યા. ત્યાં ભયાનક બદબૂ આવવા લાગી.

આંખે જોયું તો એકલી વિષ્ટા પડી હતી. અજગર જેવા બાવીસ ફૂટના લાંબા ગૂંચળાનાં પડેલાં આંતરડામાં ગંદો પદાર્થ પડ્યો હતો! આત્માના પરમાણુઓ ત્રાસી ઊઠ્યા! તો ય આગળ વધ્યા! પેશાબની કોથળીઓ જોઈ! બસ....બસ હવે કાંઈ જોવું નથી. આંખો મીંચાઈ ગઈ. બદબૂને ન ખમી શકતું નાક બંધ થઈ ગયું. આ શું? ભયંકર વિશ્વાસઘાત! દગો! ફટકો રે! કર્મરાજ, તું અનંતા આત્માઓ સાથે દગો રમ્યો! ચામડીમાં જ રૂપ-રંગ ભરી દીધાં! મુગ્ધ આત્માઓને આકર્ષ્યા! ઠગી લીધા! પકડી લીધા! સદા માટે તારે ત્યાં બંદી તરીકે પૂરી દીધા! તેં કોઈને ય એ વાત ન કરી, સહુથી એ વાત છુપાવી રાખી કે આ રૂપ-રંગની અંદર તો દુનિયાની બધી ગંદકી ઊભરાઈ છે! રે! મને ય ભુલાવામાં નાખી દીધો!' નંદિષેણનો આત્મા અકળાઈ ગયો!

'જ્યાં મોટા મોટા બ્રહ્મા-વિષ્ણુ ભૂલ્યા; જ્યાં મોટા જટાધારી ઋષિઓ લપસ્યા, ત્યાં તારા જેવા મગતરા તો શી વિસાતમાં?' એમ તું કહેવા માગે છે! તો ખામોશ! કર્મરાજ! અશુચિમય કામલતાને ત્યાં રહેશે કદાચ, તો મારું આ તન જ રહેશે. મન તો સદા તારી સાથેનો હિસાબ પૂરો કરી દેવા ખૂનખાર યુદ્ધ ખેલતું જ રહેશે.

નંદિષેણ કામલતાને જોતો હતો....હા, એણે કામલતાના સંપૂર્ણ સ્વરૂપને જોઈ લીધું હતું. કામલતાના દેહની આરપાર ઊતરી ગયેલા એના આત્માના પરમાણુઓ ઘૂમી ઘૂમીને સખેદ પાછા ફર્યા.

નંદિષેણે નિસાસો નાખી દીધો ત્યારે જ કામલતાને ખબર પડી કે કંઈક બીજું જ બફાઈ ગયું લાગે છે. એ હતાશ થઈ ગઈ, ઢગલો થઈને નંદિષેણના પગમાં પડી.

ખિન્નવદનાએ માથું ઊંચું કર્યું. પૂછ્યું, 'પ્રિયતમ! આપને કશો જ આનંદ ન આવ્યો?'

'કામલતા! તારા દેહમાંથી કેટલી દુર્ગંધીઓ વછૂટી રહી છે? શેના આનંદની તું વાત કરે છે?'

'અરે કુમાર ! સુંદરીના આ રૂપરંગમાં તો સુરાની પ્યાલીઓને ય ભુલાવી દે એવો નશો પડ્યો છે. તમારા જેવા કેટલાય યુવાનોને મેં આ નશામાં પાગલ બનાવીને મારા પગ ચાટતા કરી નાખ્યા છે. મારા ગાલના એક તલને સ્પર્શવા ખાતર તો તેમણે મારી પાસે ધનના ઢગલા કરી નાખ્યા છે, મારા પગની મોજડીને ય મસ્તકે મૂકવામાં તેમણે પોતાના સૌભાગ્યની પૂર્ણ પરાકાષ્ઠા માની છે! મારા પ્રેમ ખાતર તો એવા કેટલાય યુવાનોએ પોતાની પ્રિયતમાઓને છેહ દીધા છે. કુમાર! એક તમે જ કેમ આવા નીકળ્યા કે જેને મારામાં કશું જ આકર્ષણ દેખાતું નથી?'

સ્મિત કરતાં નંદિષેણે કહ્યું, 'કેમકે એ બધા ય મહાવીરના સેવકો ન હતા! અને હું? ભગવાન મહાવીરદેવનો સેવક છું. હા, આજે પણ. જે એને સ્વામી તરીકે દિલથી સ્વીકારી લે છે એના અંતરમાં બીજું કોઈ પણ, સ્વામી બનવાનું પદ પામી શકતું જ નથી. એ કોઈનો દાસ બનતો નથી. બની શકતો જ નથી.'

'પણ મારે ક્યાં તમને મારા દાસ બનાવવા છે? તમારી તો હું દાસી જ બનવા માગું છું! તમારું સ્વામીપદ ભલે ભગવાન મહાવીરને મળે, પણ દાસીપદ તો હજી કોઈને નથી આપ્યું ને? તે તો મને આપો. આ અબળા તમારું દાસીપદ જ માગે છે. એ એને મળી જાય તો ત્રિભુવનનું સ્વામીપદ એને ખપતું નથી. એને પણ એ થૂ કરે છે.' કામલતાએ કહ્યું.

નંદિષેણે કહ્યું કે, 'રે! લુચ્ચી! શું કરવા મારી સાથે દગાબાજી ખેલે છે? હજી તેં મને ઓળખ્યો નથી. ફરી મને આ રીતે જ તું ઓળખી લે કે હું આજે પણ ભગવાન મહાવીરદેવનો શિષ્ય છું. એ માતાની હિતશિક્ષાનાં દૂધ પીને બળવાન બનેલો નરવીર છું, મોહની કપટ નીતિઓથી તો હું પૂરો વાકેફ છું. કહે; તેં હમણાં જ ન કહ્યું કે આજ સુધીમાં તેં કેટલાય યુવાનોને તારા સૌન્દર્યની સુરા પાઈને પાગલ બનાવ્યા છે? અને તારા ચરણને ચૂમતા દાસ કરી દીધા છે! મને કહે જોઉં! આ બધાયની તું

તો દાસી જ હતી ને? અરે, ભૂલ્યો, દાસી જ કહેવડાવતી હતી ને? એટલે એ વાત હવે છતી થઈ છે ને કે તારા દાસીપદમાં જ તને તારું ભ્રાન્ત સ્વામિનીપદ દેખાય છે. તું સ્વામિની=તું દાસી! ખરેખર છે ને આ ગણિત? જેમ અમારી આધ્યાત્મિક દુનિયાનું એક ગણિત છે કે પૂર્ણ=સંસારથી શૂન્ય.'

ઝંખવાણી પડી ગયેલી કામલતાને મનમાં થઈ ગયું કે આ કોઈ વિચિત્ર જ માયા છે. શિકાર હાથમાં તો આવ્યો, પણ હવે છટકી ન જાય તો સારું. અને ખરો પ્રિયતમ આ જ કહેવાય જે પ્રિયતમાને દૂર ફગાવતો રહે! અને પ્રેમનો આનંદ પણ તરછોડવામાં જ વધુ મણાય છે ને? મારે તો આવો જ પ્રેમી જોઈએ, જે મને તરછોડે. બસ, બસ. હવે મારું કાર્યક્ષેત્ર મારે સમજી લેવાનું, મારી યોજનાનું માળખું મારે જ તૈયાર કરવાનું.

પગે લાગીને કામલતા વિદાય થઈ ગઈ. દિવસો ઉપર દિવસો જાય છે; મહિના ઉપર મહિનો બેસતો જાય છે; વર્ષની પાછળ વર્ષ ચાલ્યું આવે છે.

કુમાર નંદિષેણનો નિત્ય કાર્યક્રમ બને છે. સવાર પડતાં પડતાં પ્રતિક્રમણ કરીને પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા. પછી એ રસ્તેથી પસાર થતાં દસ ભવ્યાત્માઓને પ્રતિબોધ કરવાનું કાર્ય, પછી ભોજન, પછી આરામ, પછી હળવો વાર્તા-વિનોદ! પછી શાસ્ત્રસ્વાધ્યાય, પ્રતિક્રમણ અને બાર ભાવનાઓનું ચિંતન કરતાં કરતાં નિદ્રા.

કામલતા વેશ્યા મટીને હવે નંદિષેણની પ્રિયતમા બની છે. એના અંતરમાં હવે કોઈને વસવાનો અધિકાર એણે રાખ્યો નથી.

મગધના પ્રજાજનોમાં વાતો ચાલે છે. 'મગધેશ્વરનો પુત્ર નંદિષેણ બાર વર્ષના ઉગ્ર તપ-સંયમ પાળીને પતન પામ્યો. વેશ્યાને ત્યાં રહ્યો છે. પણ એક આશ્ચર્યની વાત છે કે વેશ્યાને ત્યાં રહીને એ રોજ દસ આત્માઓને વિરતિના પંથે ચડાવીને જ

ભોજન કરે છે! આથી સવાલ થાય છે કે એના અંતરમાં કોણ વસ્યું છે? કામલતા કે ભગવાન મહાવીર!'

બધા ય એકબીજાને પૂછે છે, 'નંદિષેણ ભોગાત્મા કહેવાય કે યોગાત્મા?' ડાહ્યા માણસો જવાબ આપે છે. એની સમગ્ર દિનચર્યા વિચારતાં એમ કહી શકાય કે એનું તન વેશ્યાના મંદિરમાં પડયું છે માટે તો તે ભોગાત્મા કહેવાય; પરંતુ એનું મન તો ભગવાન મહાવીરદેવની આસપાસ જ ભમ્યા કરે છે માટે એ યોગાત્મા કહેવાય, પણ નહિ. એમ નહિ, એ તો યોગાત્મા જ કહેવાય; ભોગાત્મા ન કહેવાય. ભોગમાં રહેવા છતાં એ ભોગમાં રમતો જ નથી પછી ભોગી શેનો? જ્યાં ચિત્ત યોગમાં રમતું રહે છે ત્યાં કલેવર ભલે ને વેશ્યાના મંદિરે પડયું હોય પણ એ તો પ્રાણવિહોણું જ ને? એને મડદું જ કહો ને? આવી સ્થિતિવાળો આત્મા તો અનાસક્ત યોગી કહેવાય; યોગાત્મા જ કહેવાય.

એથીસ્તો એ રોજ દસ ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડી શકે છે. મુનિવેષમાં રહીને કોઈ સંસારી આત્માને બોધ પમાડવાની રીત કરતાં વેશ્યાને ત્યાં રહીને વિરતિની વાતો કરીને રોજ દસ આત્માઓને સંસારથી વિરક્ત બનાવવાની એ રીત તો ભારે વિરાગ માગે છે. નહિ તો ધડ દઈને સામો પ્રશ્ન ન કરી દે કે, 'તો તમે શા માટે વેશ્યાના ઘરમાં બેઠા છો?' પણ કોઈની એ પૂછવાની હિંમત જ નથી ચાલી. 'કેવી અનોખી રીત હશે વિરાગની વાતો કરવાની!'

ટોળે મળીને વાતો કરતાં લોકોમાં સંજય પણ હતો. તે બોલી ઊઠયો, 'મેં તો મારી સગી આંખે જોયા છે કુમાર નંદિષેણને પ્રતિબોધ પમાડતા! એક ભવ્યાત્માને તે ઉપદેશ આપતા હતા ત્યારે હું ત્યાં જઈ ચડયો હતો. એમણે માનવ જીવનની દુર્લભતાને સમજાવી છે; કાંઈ! સોંસરી હૃદયમાં ઊતરી જાય! પછી કર્મરાજની

કુટિલતા, પાપકર્મોના ઘોર વિપાકો સમજાવ્યા ! નારકગતિનાં દુઃખોનું જ્યારે વર્ણન કર્યું ત્યારે તો ભાઈ, ભલભલા કમ્પી ઊઠે હોં !' અને પછી પોતાની જીવનકથા કહી.

'અહા ! શું વાત કરું ? કામલતાએ એમને ફસાવ્યાની જે વાતો એમણે કરી ત્યારે તો એ કેટલીયે વાર નિસાસો નાખતા. અને પછી પોતાનાં દુષ્કૃત્યોની એ ગર્હા કરતા, ત્યારે તો આંખમાંથી દડદડ આંસુ ચાલ્યાં જતાં. અંતર ભારે વ્યથા અનુભવતું. સાંભળનારને દયા આવી જાય. પછી નારીના સ્વરૂપનું કુરૂપ દર્શન કરાવતા, ધનલોભથી થતી જીવની સ્વાર્થાન્ધ મનોદશાનું નિરૂપણ કરતા. ટૂંકમાં, એ જે વાત કરતાં એનું તાદૃશ્ય ચિત્ર ખડું કરતા. મિત્રો ! એમની પાસે હૃદયની જ ભાષા છે. હૃદય જ એમનું બોલે છે. એમની પાસે હૃદય જ છે. આપણા જેવી કુટિલ બુદ્ધિનું તો ત્યાં નામનિશાન નથી.'

સંજયની વાતો સાંભળતાં જ વૃદ્ધો બોલી ઊઠયા, 'તમે કહ્યું તે તદ્દન સાચું છે. અમે પણ આવી જ જાતની આછી-પાતળી કલ્પના કરી હતી.' મગધના પાળાઓમાં વારવાર કુમાર નંદિષેણની વાતો ચાલતી. સહુ એમના જીવનને ઝૂકી ઝૂકીને ભાવથી પ્રણામ કરતા.

બાર વર્ષનાં વહાણાં વાયાં.

એક દિવસ ઊગ્યો. સાથે જ કુમાર માટે તો એ સુવર્ણ દિન હતો.

નિત્યક્રમ મુજબ કુમાર ભવ્યાત્માઓને પ્રતિબોધ પમાડતા ગયા. નવ ભવ્યાત્માઓએ તો સંસાર ત્યાગી દીધો. દસમો કાંઈક જડ નીકળ્યો. બધી વાતના છેડે એનો એક જ પ્રશ્ન હતો કે, 'તો પછી....તમે કેમ અહીં બેઠા છો ?'

'ભાઈ, અકર્મી છું, અભાગિયો છું....શું કરું ?' નંદિષેણ દુઃખિત હૃદયે જવાબ દેતા, પણ ખરો અકર્મી તો પેલો જ હતો જેને આ જવાબથી સંતોષ થતો નહિ.

બાર વાગ્યા. કામલતા આવી, 'હવે તો ઊઠો? રસવંતી ઠંડી થવા લાગી.'

'આ દસમો પ્રતિબોધ પામે એટલી જ વાર. આજનું કામ કાઠું દેખાય છે, એટલે વાર તો લાગશે.' નંદિષેણ બોલ્યા.

'તો કાંઈ નહિ, એમ કરો! તમે તો નિત્યના પ્રતિબુદ્ધ જ છો ને? આજે તમે જ દસમા!' મશ્કરી કરતાં વિનોદમાં કામલતા બોલી ગઈ.

આટલું સાંભળતાં જ કુમાર નંદિષેણ ગંભીર થઈ ગયા. પેલા જડને પડતો મૂક્યો. તરત ઊભા થઈ ગયા. 'કામલતા! લે ત્યારે આજે એમ જ કરું. દસમો કોઈ ન મળે તો હું તૈયાર જ છું.'

'પણ... પણ, આ તો મશ્કરી....'

'મશ્કરી-બશ્કરી કાંઈ નહિ. તું કહે છે તે જ બરોબર છે. સમજુ સ્ત્રીની મશ્કરી પણ સાચી જ હોય.

કામલતા! જાઉં છું. જીવનને ઉજાળજે. અનેકોનાં જીવનોને ઝળકાવજે. ભોગી નંદિષેણ તારો ઉપકાર માને છે. તેં મને ચાનક મારીને જગાડ્યો. કદી નહિ વીસરું એ ઉપકારને.'

બાર વર્ષની ધૂળ ખાઈને આરામ લેતું માળીયે ક્યાંક પડેલું મુનિવેષનું પોટલું નંદિષેણે નીચે ઉતાર્યું; એક પછી એક વસ્ત્ર પહેરતા ગયા. પાગલ જેવી બની ગયેલી કામલતા ડૂસકાં ખાતી રુદન કરે છે પણ નંદિષેણનો આત્મા સાંભળતો નથી. આત્માને કાન હોતા જ નથી.

'ધર્મલાભ' કહીને મહાત્મા નંદિષેણ ગંભીર પગલે જઈ રહ્યા છે. કામલતા દેખાય ત્યાં સુધી એમની પીઠ તરફ જોતી જ રહી.

એ જ વખતે કામલતાના ભવનમાં ટીંગાયેલા સુવર્ણ પિંજરનું બાર ખૂલી ગયું અને મુક્ત ગગનનો મીઠો આનંદ માણવા માટે પોપટ ઊડી ગયો.

*

## [૧૭]
## કુમાર અતિમુક્તક

અજય અને સંજય એક વાર રાજગૃહના રાજમાર્ગથી પસાર થઈ રહ્યા હતા.

સામેથી ગણધર ભગવાન ગૌતમ મુનિ પરિવાર સાથે આવી રહ્યા હતા. તેમની સાથે એક તેજસ્વી બાળમુનિને જોતાં જ આનંદમાં આવી ગયેલો અજય બોલ્યો. 'ગુરુજી ! ગુરુજી ! કેવા તેજસ્વી બાળમુનિ છે? કેવી એમની ગંભીર ચાલ છે? કેવું ગોળમટોળ મોઢું ?'

'વત્સ ! આ મુનિના બાહ્ય સૌન્દર્યનું જ તેં તો દર્શન કર્યું ! પણ મને ખબર છે કે આ મુનિ દેખાવથી જ બાળ છે, બાકી તો વિશ્વવંદ્ય કેવળજ્ઞાની ભગવંત અતિમુક્તક છે !'

'હેં, હેં, શું આમને કેવળજ્ઞાન થઈ ગયું છે? આટલી બધી નાની વયમાં કેવળજ્ઞાન ! હજી ગણધર ભગવાન ગૌતમ સ્વામીજીને કેવળજ્ઞાન થયું નથી અને આ બાળમુનિને કેવળજ્ઞાન !' આશ્ચર્યમુગ્ધ અજય બોલી ગયો.

'વત્સ ! વિચિત્ર છે; કર્મપરિણતિ ! જેને કાળનો પરિપાક વગેરે થઈ જાય તેનાં ઘાતીકર્મો સાફ થઈ જાય ! પછી તે બાળ હોય કે વૃદ્ધ હોય!

બધા વૃદ્ધ થઈને જ થોડા મૃત્યુ પામે છે? બાપ જીવતો હોય અને બેટો મરી નથી જતો ?'

'પણ ગુરુજી ! આ મુનિને કૈવલ્ય થયું શી રીતે ?'

'વત્સ ! પાપભયથી.

સાધનાની સફળતાનું ઊગમસ્થાન આ જ પાપનો ભય છે. જે પાપથી ફફડે છે તે જ સાધનામાર્ગનો અધિકારી છે. માત્ર જ્ઞાની નહિ, માત્ર તપસ્વી નહિ, માત્ર ક્રિયાકાંડી પણ નહિ.

આ બાળકેવલી મુનિના સંબંધમાં મેં જે વાતો સાંભળી

છે તે તને કહું છું. ધ્યાન દઈને સાંભળ.

આ રાજગૃહીના એક ધનાઢ્ય શ્રેષ્ઠીના આ પુત્ર હતા. માતા મહાશ્રાવિકા હતાં. ગણધર ભગવાન ગૌતમસ્વામીજી એક વખત એ જ પાળામાં પધાર્યાં, જ્યાં બાળ અતિમુક્તક ક્રીડા કરતા હતા. ભગવંતને જોતાં જ રમત પડતી મૂકીને એમની પાસે દોડી ગયા. ઘરે વહોરવવા લઈ ગયા, પછી પાછા ફરતા ભગવંતની આંગળી પકડી લીધી. રસ્તામાં ભગવંતે વાતો કરતાં કરતાં 'સંસારમાં એકલું પાપ ભર્યું છે.' એ વાત ઠસાવી દીધી ! બાળ કહે, 'તો મારે અહીં રહેવું જ નથી. કેમ કે પાપ તો આપણાથી થાય જ નહિ, એમ માતા વારંવાર મને સમજાવે છે.'

માત્ર છ વર્ષની વયના એ નાનકડા બાળકે માતા પાસે જઈને રજા માગી, પાપમય સંસાર છોડવાની. સંસ્કારી માતાએ વિના વિલંબે રજા આપી. બાળ અતિમુક્તક, મુનિ અતિમુક્તક બન્યા.

એક વાર બીજા મુનિઓ સાથે આ બાળમુનિ સ્થંડિલ ગયા. પોતે જરા વહેલા આવી જઈને નદી પાસે ઊભા, ત્યાં જરાક કુતૂહલ થયું. કાચલી નદીમાં તરતી મૂકીને તાળી પાડતા બોલવા લાગ્યા, 'એ જુઓ જાય મારી નાવડી !'

મુનિઓએ એ દૃશ્ય જોયું ! સચિત્ત પાણીની વિરાધના જોઈને એમનું દયાર્દ્ર હૈયું કમ્પી ઊઠ્યું ! બાળમુનિને ઠપકો આપતાં કહ્યું, 'આ કેવું મોટું પાપ કર્યું ?

આટલા જ શબ્દે બાળમુનિ ચમકી ગયા. 'મેં પાપ કર્યું ? અરરર....હવે શું થશે ? પાપ નહિ કરવા માટે તો મેં સંસાર ત્યાગ્યો. 'પાપ નહિ કરું' એવી ખાતરી માતાને આપીને મેં આશિષ મેળવી. છતાં આજે મેં પાપ કર્યું, હવે શું થશે ?' અંતરનો એ કકળાટ વધતો રહ્યો. અને....એક દિ' શાસ્ત્રોના પારગામી બનેલા એ બાળ મુનિવર નવ વર્ષની વયે વીતરાગદશા અને કૈવલ્યને પામ્યા.

અજય ! સાધના તો બાળ ખૂબ સુંદર રીતે કરી શકે,

કેમકે એનું મન તો કોરી પાટી જેવું! જેવું સુંદર સંસ્કારનું ચિત્રામણ કરવું હોય તેવું થાય. અને બાળવયના એ સંસ્કારોનાં મૂળ તો ખૂબ ઉંડાં જતાં રહે!' સામાન્ય રીતે જગતમાં ય એવું જોવા મળે છે કે બાળવયમાં જે સંસ્કાર પડ્યા હોય છે તે ખૂબ જ મજબૂત હોય છે. છેલ્લી જિંદગીમાં પણ તેનાં મૂળ હચમચતાં નથી. જ્યારે પાકી ઉંમરમાં પડતા સંસ્કારો તો સ્થિર પડતા જ નથી. બાળકને કેટલું યાદ રહી જાય છે અને પ્રૌઢને કેટલું યાદ રહે છે તે આપણે ક્યાં નથી જાણતા?

હા, ક્યારેક એવું પણ બની જાય કે કેટલીકવાર એ બાળ મોટું થયા પછી એનામાં વિષયવાસનાના પૂર્વજન્મોના સંસ્કારોનું ઉદ્બોધન થઈ જાય. પરંતુ આવું તો પાંચસો બાળકોમાંથી પાંચમાં જ બને. બાકી સામાન્ય રીતે તો શુભ વાતાવરણમાં ઉછરતા બાળકમાં અશુભની અસરોનું ઉત્થાન થતું જ નથી. દુનિયાના બાળકોની જ વાત લો ને? એમનું જે રીતનું વિષમ ઘડતર એક વાર થઈ જાય છે પછી એમને ગમે તેટલું સમજાવવામાં આવે તો ય કાંઈ વળે છે? પથ્થર ઉપર પાણી જ ને? બસ, એ જ ન્યાય અહીં પણ લાગુ થાય છે કે શુભનું ઘડતર થઈ ગયા પછી અશુભનુ ઉત્થાન પ્રાયઃ થતું જ નથી. અપવાદ તો બે ય વાતમાં સંભવી શકે છે.

જગતમાં જે મહાપુરુષો થયા તેમાંના લગભગ ઘણા ખરા બાળવયથી સંસ્કારિત થયેલા આત્માઓ જોવા મળશે.

પણ સબૂર! આવી બાળદીક્ષાની ભવ્ય સફળતાનો ઘણો મોટો આધાર તેના વિશિષ્ટ ગુરુ અને તેના સુવિહિત ગચ્છ ઉપર અવલંબે છે. સારણા વગેરે ન કરતાં ગુરુઓને તો બાળદીક્ષા આપવાનો અધિકાર જ નથી.'

એટલામાં કેવળજ્ઞાની ભગવંત અતિમુક્તક નજદીકમાં આવી ગયા. વાત અટકી પડી. અજય અને સંજયે ભાવપૂર્વક એમને વંદના કરી.

[૧૮]

# ક્રોધાંધ ગોશાલક

'અય નિર્ગ્રન્થ આનંદ! આમ આવ. તારા જ્ઞાતપુત્રને આટલા સમાચાર આપજે : તીર્થંકર ગોશાલક જણાવે છે કે દુનિયાના ભોળા લોકોને ઠગવાનું જે ધતિંગ ચલાવ્યું છે તે સત્વર બંધ કરી દે! અને ભગવાન ગોશાલકને મંખલિપુત્ર ગોશાળો કહીને ઉતારી પાડવાનો જે ધંધો ચાલુ કર્યો છે તે પણ સત્વર બંધ કરી દે; નહિ તો પછી તેનાં કટુ પરિણામો માટે તૈયાર રહે.'

નિર્ગ્રન્થ મુનિ આનંદ ગોશાલકની આ આગઝરતી વાણી સાંભળીને ડઘાઈ ગયા. ઝટ પહોંચી ગયા પરમાત્માની પાસે. સઘળી વાત કરી.

સર્વજ્ઞ સર્વદર્શી કરુણાનિધિ ભગવંત બોલ્યા, 'આનંદ! આજે ગોશાલક અહીં આવશે. ગમે તેવી ભાષામાં તે બોલશે. તમે કોઈ અકળાશો નહિ. ક્ષમા એ તો નિર્ગ્રન્થનું ભૂષણ છે. તમે બધા આ વર્તુળની અંદર જ રહેજો; નહિ તો તે તમારું અહિત કરી બેસશે. ગૌતમાદિ સઘળા મુનિઓને તમે આ વાત જણાવી દો.'

થોડી જ વારમાં ગોશાલક ધમધમતો આવ્યો. એની પાછળ એના નગ્ન સાધુઓનું ટોળું હતું. જાણે કે ગમે તે રીતે કિન્નાખોરી કરીને લડાઈ કરવા જ એ ટોળું આવ્યું હોય તેવું દૃશ્ય દેખાતું હતું.

ટોળા સાથે જઈ રહેલા ગોશાલકને જોઈને અજય-સંજય પણ સાથે જોડાઈ ગયા.

ગોશાલકે આવતાવેંત જ ધડાકો કર્યો. ઉદ્ધતાભરી ભાષામાં પરમાત્મા મહાવીરદેવને જેમ તેમ બોલવા લાગ્યો. ભગવંતે ખૂબ

જ સ્વસ્થતાથી દરેક વાતનું સમાધાન કર્યું ! પણ એ સમાધાન ગોશાલકને વધુ અકળાવનારું બનતું ચાલ્યું. ક્રોધનો અગ્નિ ભભૂકયો ! ક્ષમાનાં નીર એની સામે ઉછળવા લાગ્યાં ! પણ અગ્નિએ માઝા મૂકી દીધી.

સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર નામના બે મુનિઓ ગોશાલકના કટુ શબ્દોની આ આગઝાળને ન ખમી શકયા. ક્રમશઃ વર્તુળની બહાર નીકળી ગયા. કઠોર શબ્દમાં ગોશાલકને શિખામણ આપી.

ત્યાં જ....ગોશાલકે તેજોલેશ્યા છૂટી મૂકી દીધી. આંખમાંથી આગ વરસી....આગળ વધી અને એ બે ય મુનિને ક્રમશઃ ફરી વળી. એમને ભરખી ગઈ.

આખા નિર્ગ્રન્થગણમાં સન્નાટો બોલાઈ ગયો !

બન્યું એવું કે એ બે પ્રભુભક્તો પ્રભુનું અપમાન ખમી ન શકયા. પ્રભુ પ્રત્યેના સીમાતીત રાગભાવે પ્રભુની ભલામણ વીસરાવી દીધી. વર્તુળની બહાર નીકળી ગયા. શુભ ભાવે મૃત્યુ પામી બારમા દેવલોકે ગયા.

ભેગા થઈ ગયેલા પ્રજાજનોમાં એક સોપો પડી ગયો. ક્રોધાંધ ગોશાલક બીજું તો કાંઈ કરી નહિ બેસે ને ?

અને એમ જ થયું. બે નિર્ગ્રન્થોનો વિનાશ કરીને સઘળી બાજી પોતાના તરફ પલટાયેલી કલ્પીને એ ગોશાળો વિજયાંધ બન્યો. એના ક્રોધે ફરી માઝા મૂકી.

હવે વિશ્વવત્સલ પરમાત્મા મહાવીરદેવ ઉપર એણે હુમલો કર્યો ! આગ વરસાવતી તેજોલેશ્યા આગળ વધી ! સહુના મોંમાંથી ચીસ નીકળી ગઈ, 'ભૈયારી!'

ગોશાલક ખડખડ હસી રહ્યો હતો. એ હાસ્યે એની ભયાનકતામાં ખૂબ વધારો કરી દીધો.

પરમપિતા તો સંપૂર્ણ સ્વસ્થ હતા ! મન ઉપર ગ્લાનિની કોઈ અસર ન હતી; મુખ ઉપર ભય ન હતો ! મોહવિજેતાને અસર કેવી ! ગ્લાનિ અને ભય તો હોય જ શાનાં ?

પ્રભુને પ્રદક્ષિણા દઈ ને તેજોલેશ્યા પાછી ચાલી ગઈ. ત્રિલોકપતિના શરીરમાં પ્રવેશી ન શકી. હવે કયાં પ્રવેશે ?

ગોશાલક ગભરાઈ ગયો ! એકદમ બેબાકળો બની ગયો. પળ બે પળમાં તો એ આગ એને ફરી વળી. એના શરીરમાં ઊતરી પણ ગઈ.,

ધમપછાડા કરતા જવા લાગેલા ગોશાલકે પ્રભુ વીરને કહ્યું કે, 'મારી આ આગથી તું હાલ ભલે ઊગરી ગયો છે પણ તો ય છ માસમાં જ તારું મોત લાવીને જંપશે.'

પરમાકૃપાળુ પરમાત્મા બોલ્યા, 'ગોશાલક! મારું આયુષ્વ તો હજી સોળ વર્ષનું બાકી છે. એને લેશ પણ ધક્કો લાગી શકે તેમ નથી. પણ તારું આયુષ્ય હવે ફક્ત સાત દિવસનું બાકી છે, તેની તું નોંધ લે અને તારા આત્માનું આવું અકલ્યાણ ન કરી બેસ.'

ગોશાલકના આખા શરીરમાં લહાય ઊઠી ચૂકી હતી. દાહની અસહ્ય પીડાથી એ ત્યાં જ ઢળી પડયો. એ વખતે મુનિઓ વડે નિર્ભર્ત્સના પામતો, ઊંડા નિસાસા નાખતો, હાથ-પગ પછાડતો, ચીસો પાડતો માંડ ઊઠીને ત્યાંથી નીકળ્યો. હલાહલા નામની પોતાની ભક્તા-કુંભારણના ઘર સુધી માંડ પહોંચ્યો અને ત્યાં જ ફસડાઈ પડયો. પરમાત્માએ શિષ્યવૃંદને કહ્યું; 'ગોશાલકની તેજોલેશ્યામાં સોળ મોટા દેશોને બાળી ખાખ કરી નાખવાની શક્તિ હતી." આ જાણીને ગૌતમાદિ મુનિઓના અંતર બોલી ઊઠયાં, "હે વીરપ્રભુ ! તો ય તેવા પાપીઆરા ઉપર આપની કેવી અસીમ કરુણા !"

ભક્તગણ ગોશાલકના દર્શન માટે ટોળે વળીને આવે છે. પણ કોણ દર્શન દે ! શિષ્યવૃંદ જૂઠી વાતો કરીને લોકોને પાછા વાળે છે. ભયાનક વેદનાનો ભોગ બની ગયો હતો; ગોશાલો.

છ છ દિવસ પસાર થયા. નારકની વેદનાની વાનગી જેવી વેદના ભોગવી. સાતમો દિવસ ઊગ્યો. આજે ગોશાલકના જીવનનો

અસ્ત થવાનો હતો, દિવસ અસ્ત પામે તે પહેલાં જ.

ભયંકર ચીસો પાડતાં ગોશાલકનો અંતરાત્મા એ દિવસે જાગ્યો. પોતાનો કાળો ઇતિહાસ યાદ કર્યો! હવે અંતર પણ પાપના પશ્ચાતાપના અગ્નિથી ભડકે બળવા લાગ્યું.

ગોશાલકને પશ્ચાત્તાપ! શી રીતે બને? પરિવર્તન શી રીતે સંભવે? કલ્પના જ કરવી હોય તો એમ કહી શકાય કે જે તેજોલેશ્યાની આગ દેવાધિદેવના દેહને વીંટળાઈ હતી તે આગમાં દેવાધિદેવના દેહમાંથી સતત છૂટતાં પવિત્રતમ પરમાણુઓ પેસી ગયા. પછી તો આગ સાથે એ પરમાણુઓ ય ગોશાલકના દેહમાં પ્રવેશી ગયા! બસ...એ પવિત્ર પરમાણુઓએ જ એના અંતરને હલબલાવી દીધું!

કમાલ....કમાલ ઓ વીર! તારી કરુણાને! તારા અપાર વાત્સલ્યને! શત્રુને ય તેં સમક્તિ દીધું! ગજબ કરી નાખ્યો.

ગોશાલકની આંખોમાંથી દડદડ આંસુ ચાલ્યા જાય છે. ભક્તગણને ભેગો કર્યો. તૂટતા સ્વરોમાં ગોશાલકે કહ્યું, "મારા વિનીત શિષ્યો! આજ સુધી અંતરમાં છુપાવેલી કથા કહું છું. યાદ રાખો, સાચા ભગવાન તો મહાવીરદેવ જ છે. હું દંભી ગોશાળો છું. મંખલિપુત્ર ગોશાલક છું. હું તો એ પરમાત્માનો એક વખત શિષ્ય હતો. મેં ગુરુદ્રોહ કર્યો! મારી નામના ખાતર મેં આજીવક–પંથ ચલાવ્યો! મારી ગંભીર ભૂલ થઈ છે. હવે હું વિદાય થવાની તૈયારીમાં છું. દેવાધિદેવ પરમાત્મા ભગવાન મહાવીરદેવને આ મહાપાપીની અનંતશઃ વંદના કહેજો."

આ વાત સાંભળીને આશ્ચર્યમુગ્ધ બનેલો ભક્તગણ તો એવો ડઘાઈને સ્થિર થઈ ગયો કે કોઈ કાપે તો ય લોહી ન નીકળે એના તો જાણે હોશકોશ ઊડી ગયા.

"અને એક બીજી વાત!" તૂટતા અવાજે ગોશાલક બોલ્યો; "બોલો; હું કહું તેનો અમલ કરશોને? મને વચન આપો. મારી અંતિમ ઇચ્છાને નહિ અવગણવાનું મારે વચન જોઈએ છે."

મુખ્ય શિષ્યે કહ્યું, "ભન્તે! વચન છે! આપની જે ઇચ્છા હશે તે અમે પાર ઉતારીશું."

"તો મારા મૃત્યુ પછી મારા શબના બે ય પગને દોરડું બાંધજો. આ શ્રાવસ્તી નગરના તમામ રસ્તા ઉપર મારું શબ દોરડું ખેંચીને ઢસડજો. એની ઉપર થૂંકજો, અને બોલજો, 'આ ગુરુદ્રોહી પાપાત્મા મંખલિપુત્ર ગોશાલક છે.' એ સાચો જિન નથી; સાચા જિન તો ત્રિભુવનપતિ પરમાત્મા મહાવીરદેવ જ છે.' આટલું બોલતાં જ નાના બાળકની જેમ ગોશાલક ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

પાપના પશ્ચાત્તાપની શુભલેશ્યામાં જ એના પ્રાણ નીકળી ગયા. છેલ્લે છેલ્લે કરેલી પાપની કબૂલાતના ધર્મે એને ધર્મ-મહાસત્તાએ સમ્યગ્દર્શનની અદ્ભુત ભેટ આપી અને બારમા દેવલોકનો દેવાત્મા બનાવ્યો !

ભક્તોએ ગોશાલકને આપેલું વચન પાળ્યું. પોતાના સ્થાનમાં જ શ્રાવસ્તી નગરી દોરી, એના રસ્તા દોર્યા. ત્યાં જ ગોશાલકનું મડદું ફેરવ્યું. જે બોલવાનું હતું તે ધીમા સ્વરે બોલી દીધું. મનથી સંતોષ માની લીધો. ભક્તોને ય પોતાની કારમી માનસંજ્ઞા અને મિથ્યાત્વ સતાવી રહ્યાં હતા.

અધર્મનો પ્રણેતા પાપનો એકરાર કરી જાય, ઉન્માર્ગ ત્યજી દે પણ એના જડસુ અનુયાયી એ જ ગાણું ગાયા કરે, પકડયું. ગદ્ધાપુચ્છ ન છોડે તે ન જ છોડે. કર્મની ગતિ કેવી વિચિત્ર હોય છે!.... ગોશાલકનું ભાવિ સંજય જણાવે છે.

આ બાજુ પરમાત્મા મહાવીરદેવને લાગેલી આગઝાળને કારણે લોહીના ઝાડા થવા લાગ્યા. ભક્તોને જાણ થઈ. ત્રિલોકપતિનો દેહ શોષાતો ચાલ્યો. કેમે ય ઝાડા બંધ થાય નહિ. સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પરમાત્માને માટે આ બીના આશ્ચર્યરૂપ હતી. જે જે ભક્તને આ વાતની જાણ થઈ તે તે ભક્ત ઉદાસ થયો. રે ! મગધના બધા જ પ્રજાજનોનાં દિલ દુભાઈ ગયાં !

સમગ્ર વિશ્વની માતાના દુઃખમાં કયું બાળક દુઃખી ન હોય ! કોનું અંતર રડતું ન હોય!

રાજગૃહીના લોકો આપસઆપસમાં વાતો કરવા લાગ્યા, "પેલા ગોશાલકની ભવિષ્યવાણી–છ માસમાં પરમાત્માના મૃત્યુને કહેતી—સાચી તો નહિ પડે ને ? નક્કી ભગવંત છ માસમાં આપણી વચ્ચેથી ચાલ્યા જશે. આપણે નિરાધાર બનીશું. ઓહ!"

એકદા અજય અને સંજય વનમાર્ગેથી જઈ રહ્યા હતા. ત્યાં એક વૃક્ષ નીચે ધ્રુસકે ધ્રુસકે રડતા નિર્ગ્રન્થ મુનિને જોયા. બે ય આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

મુનિને આવું છાતીફાટ રુદન સંભવે ! શું કોઈ ભૂતકાળના સંસારનું સ્મરણ થયું હશે ? શું કોઈ સ્વજનના મૃત્યુની વાત સાંભળી હશે ? શું શરીરમાં કોઈ વેદના થતી હશે ? પણ આમાનું ગમે તે હોય, મુનિને ભૂતકાળના સંસારની સ્મૃતિ તો હોય જ શેની ? સ્વજનો શાથે એમને સ્નાનસૂતક શાં ? વેદના હસતે મોંએ સહવી જ રહી !

'ચાલ અજય ! જરા પૂછીએ તો ખરા કે શું દુઃખે છે ?' બે ય મુનિ તરફ ચાલવા લાગ્યા.

"મુનિવર કેમ આમ ? આટલું બધું રુદન શેનું ? શું કોઈ ઉપરના રાગનું આ પરિણામ છે ?" ધીરે રહીને સંજયે પૂછ્યું. કાંઈ અવળું બફાઈ જવાના ભયની કલ્પના કરીને તે મૌન થઈ ગયા.

મુનિ બોલ્યા, "હા ભાઈ! રાગનું જ નહિ, મહારાગનું આ પરિણામ છે."

"હેં ! મહારાગ, મુનિને રાગ ન હોય ત્યાં મહારાગની વાત ! આપ શું કહો છો ?' સંજયે ચકિત થઈને પૂછ્યુ.

"હા ભાઈ, હા, મહારાગ. હું જે બોલું છું તે સભાન અવસ્થામાં જ બોલું છું."

"પણ શેનો મહારાગ ? કાંઈ સમજાતું નથી. અમે તો

જાણ્યું છે કે વીતરાગ બનવા માટે રાગ તો ત્યાગવો જ પડે."

"હું કહું છું કે વીતરાગ બનવા માટે તો મહારાગી બનવું પડે. ભાઈ, તારી વાત સાચી, એમ મારી વાત પણ સાચી છે. રમા–રામા વગેરેના રાગ છોડવા જોઈએ, દેવ–ગુરુ પ્રત્યે તો મહારાગ કરવો જ રહ્યો; નહિ તો પેલો અશુભ રાગ ફરી પેસી જાય. ઘણાંયનાં જીવન આ રીતે એણે બરબાદ કરી નાખ્યા છે. ચિત્તને રાગ વિના ચેન પડે તેમ નથી. પ્રશ્ન છે માત્ર રાગ ક્યાં કરવો કે જેથી આત્માનું હિત થાય ?"

"તો પ્રભુ ! એ મહારાગથી રાગ જાય પણ એ મહારાગ શેનાથી જાય ? મહારાગ ન જાય, અને આતમમાં ઘર કરી જાય તો ભલે ને એ મહારાગ દેવ-ગુરુ ધર્મનો હોય તો ય આત્માનો મોક્ષ તો જ થાય ને ?" અજયે પૂછ્યું.

હા, 'જરૂર મોક્ષ ન થાય. પરંતુ એ મહારાગ એરંડિયા જેવો છે. એરંડિયું પેટના મળ કાઢી નાખે અને પછી પોતે તો જાતે જ નીકળી જાય ને ? એને કાઢવા માટે વળી કોઈ વસ્તુ પેટમાં લેવાની જરૂર જ ન રહે.

ભાઈ ! મારો મહારાગ દેવાધિદેવ ભગવાન મહાવીરદેવ ઉપર સ્થિર થયો છે. એથી જ જગતના બધા રાગો મારા અંતરમાંથી નાબૂદ થયા છે. 'વીર' 'વીર' સિવાય મારું મન બીજું કાંઈ જ રટતું નથી. 'વીર'ના જપ સિવાય મને કંઈ ગમતું ય નથી.

આજે આ માર્ગેથી પસાર થતાં બે માણસોની વાત મેં અહીં સાંભળી કે મારા નાથને લોહીના ઝાડા થયા છે. શરીર શોષાતું જાય છે. સંભવ છે કે ગોશાલકની છ માસ શેષજીવનની આગાહી સાચી પડે !" આટલી વાત કરતાં તો ફરી આંખે આંસુ ઊભરાયાં. પછી તો મુનિ જોરથી રુદન કરવા લાગ્યા.

અજય અને સંજયને આવા મુનિ માટે અવળું વિચારી નાખ્યા બદલ ખૂબ પશ્ચાતાપ થયો. થોડો સમય પસાર થયો ત્યાં બે નિર્ગ્રન્થ મુનિઓ આવ્યા. રુદન કરતા મુનિને સંબોધીને

કહ્યું, સિંહ અણગાર! દેવાધિદેવ પરમકૃપાળુ પરમાત્માએ અમને આપની પાસે મોકલ્યા છે. આપ પધારો. પરમકૃપાળુ પરમાત્મા આપને યાદ કરે છે.”

આગંતુક મુનિને પરમકૃપાળુના ખબર અંતર પૂછવા સાથે સિંહ અણગાર રુદન કરતા જ રહ્યા. એ જ સ્થિતિમાં નગરીમાં પહોંચ્યા. પ્રભુના વસતિસ્થાને પહોંચ્યા. અત્યંત કૃશ થઈ ગયેલા પ્રભુના દેહને જોતાં જ એક મોટી પોક મૂકી દીધી!

“સિંહ! મારી પાસે આવો. તમે નિરર્થક રુદન કરો છો. મારા આયુષ્ય અંગે તમે ચિંતા ન કરો. હજી મારા જીવનનાં સોળ વર્ષ બાકી છે.” પરમાત્મા બોલ્યા.

“પ્રભો! પણ આ દેહ કેટલો કૃશ થઈ ગયો છે? મારાથી તો જોયું જાતું નથી.” આટલું કહીને વળી રડવા લાગ્યા.

“સિંહ! કર્મનાં ફળ તો સહુને ભોગવવાં પડે.”

“જી, પ્રભો! પરંતુ કાંઈ ઔષધ વગેરે નિમિત્તોથી એ કર્મો ખસે પણ ખરાં? જો અનિકાચિત હોય તો?”

“હા, જરૂર”

“તો પ્રભો! આપ ઔષધ સ્વીકારો!” પરમકૃપાળુના પગ પકડીને બાળકની જેમ રડતા અણગાર સિંહે કહ્યું....મારા પ્રભુ ઔષધ લેતા નથી માટે તો નગરની નારીઓએ બાળકોને ધવડાવવાનું છોડી દેવાનું નક્કી કર્યું છે.” સિંહ બોલ્યા.

“સારું, ત્યારે એમ કરો. જાઓ; રેવતીશ્રાવિકાને ત્યાં. એને ત્યાં બે પાક છે. એક બીજોરાપાક અને બીજો કોળાપાક. તેમાં જે બીજોરાપાક છે તે લેતા આવજો. પણ કોળાપાક ખાસ મારા માટે બનાવેલો છે માટે તે ન લેવાય એટલે તે લાવશો નહિ.”

સિંહ અણગારે તેમ જ કર્યું. ઔષધસેવનથી ત્રિલોકપતિ રોગમુક્ત થયા.

અનંતકાળે આવું આશ્ચર્ય બન્યું કે તીર્થંકરદેવના તારક આત્માને તીર્થંકર નામકર્મનો વિપાક ઉદય થયા બાદ આ રીતે

અશાતાનો ઉદય ભોગવવો પડે.

આ પ્રસંગમાં અજયને એક વાતનું ખૂબ આશ્ચર્ય થયું. જે વીતરાગ બન્યા છે એમને પણ પોતાના માટે બનાવેલું શું ન લેવાય? શું એમના માટે પણ આવો કાયદો હોઈ શકે? શું પોતાના માટે બનાવેલું લેવાથી વીતરાગતા જતી રહેતી હશે?' જો ના, તો પછી આમ કેમ? આ બધો વ્યવહાર-ધર્મ તો સાધનાની ભૂમિકામાં જ હોય ને? સિદ્ધિ પ્રાપ્ત થયા પછી એ વ્યવહાર-ધર્મ પાળવાની શી જરૂર?

પોતાના મનની ગૂંચ એણે ગુરુજીની સમક્ષ રજૂ કરી.

ગુરુજીએ કહ્યું, 'વત્સ! બહુ જ સુંદર પ્રશ્ન છે. લે ત્યારે સાંભળ એનો બહુ સુંદર જવાબ.

ઘરના માણસો રસવંતી જમી લે પછી પણ કોલસા બળતા રહે અને રસવતી તૈયાર થતી રહે, તેવું કોઈ પણ સંયોગમાં બને ખરું? બોલ અજય, રસવંતી જમ્યા પહેલાં રસવતી બને તે તો બરોબર; પણ રસવતી જમ્યા પછી પણ તે બનતી રહે ખરી?'

'ગુરુજી! જો કોઈ મહેમાન આવી ગયા હોય તો પછી પણ રસવતી બને.'

'શાબાશ, અજય! એ જ ન્યાય અહીં લાગુ પડે છે. જ્યાં સુધી વીતરાગપદ મળે નહિ ત્યાં સુધીનો વ્યવહાર–ધર્મ મુખ્યત્વે જાત માટે હોય છે અને ત્યાર પછીનો વ્યવહાર–ધર્મ મુખ્યત્વે જગતને માટે બની જતો હોય છે. કદાચ ભગવંતો સ્ત્રીને અડે, પડખે બેસાડે, તો શું તેમની વીતરાગતા જતી રહે? આવેલી વીતરાગતા કદાપિ જતી નથી; તો પછી શા માટે તેમ ન કરાય?

તેનો એક ઉત્તર તો આ જ છે કે પરમ પુરુષો જો તેમ કરે તો જગત પણ તેમના ચીલે જ ચાલે. જગતના લોકો પણ એમ કહે કે, 'અમેય અંતરથી નિર્લેપ છીએ.' તો એક મહાદંભ જ વ્યાપી જાય ને? અજય! પોતાને કાંઈ નિસબત ન હોય છતાં બીજા માટે

ય કેટલુંક કરવું પડે છે. માને બાળકની ધૂલક્રીડામાં રસ ન હોવા છતાં બાળકોની ખાતર તે પણ ધૂલક્રીડા કરે છે ને?" દીકરાને ચાલતા શિખવાડવામાં મા પણ ચાલણગાડીથી ચાલે છે ને?

ટૂંકમાં, (૧) જગતમાં દંભ ન વ્યાપે એ સહજ કરુણાથી, (૨) જગતના જીવોને વીતરાગ બનાવવા માટે જરૂરી જે હિતવચન આપવાનું છે તે પ્રથમ જાતમાં અમલી હોવું જ જોઈએ; અન્યથા બાળ જીવો બોધ પામી શકે જ નહિ એ હકીકતથી અને (૩) સાહજિકતાથી મહાપંથને પામેલ પુરુષો પણ વ્યવહાર-ધર્મનું સેવન કરે જ છે.

એથીસ્તો સહજ રીતે કુમાર વર્ધમાને ગૃહત્યાગ કરી દીધો ને? શું રાજમહેલના શયનખંડમાં ય એમને કેવળજ્ઞાન ન જ થાત? પણ એ પ્રશ્ન જ અસ્થાને છે. જગતનું કલ્યાણ જેના રોમરોમમાં વસ્યું છે, એ માટે જ જેઓ તીર્થંકર બનવાના છે તે આત્માઓ માટે રાજમહેલમાં કૈવલ્યની પ્રાપ્તિ સદા માટે અસંભવિત છે.

રાજા ભરતને અરીસાભવનમાં કૈવલ્યપ્રાપ્તિ થઈ શકે પણ તીર્થંકરના આત્માને તેવું કદાપિ બની શકે નહિ. કેમકે જગત ઘરબાર ત્યાગવાની વાત કરવાની જવાબદારી સાચા અર્થમાં અદા કરવા માટે જાતે ઘરબાર ત્યાગવા જ પડે.

જડના રાગને દૂર કરવા, જડ પ્રત્યેનો વિરાગભાવ ટકાવવા દેવ-ગુર્વાદિ પ્રત્યે મહારાગ અનિવાર્ય છે એ વાત અજયને આજે બહુ સારી રીતે સમજાઈ. એની સાથે વ્યવહાર-ધર્મની સર્વ અવસ્થામાં ભારે ઉપયોગિતા પણ જણાઈ.

ખૂબ જ મહત્ત્વની બે ય વાતો!'

કોઈને ક્રોડ સોનૈયા મળે અને જેટલો આનંદ થાય તેથી પણ વધુ આનંદ અજયને આ બે ચિંતનો મળ્યાં બદલ આજે થઈ રહ્યો હતો.

*

[૧૯]

## ગોશાલકનું ભાવી

ઘણા ગહન શાસ્ત્રીય પદાર્થ ઉપર ચિંતન કરતા કરતા અજય અને સંજય માર્ગ કાપતા આગળ વધી રહ્યા હતા. અચાનક અજયના મનમાં એક કુતૂહલ ઉત્પન્ન થયું કે ગોશાલકનું ભાવી શું હશે?

તરત જ તેણે ગુરુજી સંજયને પોતાનું કુતૂહલ પ્રગટ કર્યું. સંજયે તેને આ પ્રમાણે ગોશાલકનો ભાવી વૃત્તાન્ત કહ્યો.

તેણે કહ્યું, 'અજય! તેં જે પ્રશ્ન મને પૂછ્યો તે જ પ્રશ્ન ગણધર ભગવંત ગૌતમસ્વામીજીએ શાસનપતિ પરમાત્મા મહાવીર-દેવને પૂછ્યો હતો. તેના ઉત્તરમાં તે પરમ પિતાએ જણાવ્યું હતું કે, પશ્ચાત્તાપની પાવક જ્વાળાઓમાં પાપકર્મોની અનંત રાશિને જલાવતો ગોશાલક સમ્યગ્દર્શન પામી ગયો અને જીવનની છેલ્લી પુનિત પળોમાં તેણે બારમા દેવલોકનું આયુષ્ય કર્મ નિકાચિત કર્યું. આથી મૃત્યુ પામીને તે બારમા દેવલોકે ગયો. પણ ત્યાર બાદ વીતરાગ દશા અને કૈવલ્ય પ્રાપ્ત કરતા પહેલાં તે અનંતકાળ સુધી દુઃખમય સંસારમાં તે ખૂબ પીડાશે.

દેવગતિમાં નીકળીને તે વિમલવાહન નામે રાજા થશે. ત્યાં ય તેના ગુરુદ્રોહના ભયાનક સંસ્કારો ઉત્તેજિત થશે. એથી સુમંગલ નામના ધ્યાનસ્થ મુદ્રામાં ઊભા રહેલા અણગાર ઉપર બે બે વાર પોતાનો રથ ચલાવીને તેમને પછાડશે. તે વખતે જ્ઞાની એવા તે મુનિ એ આત્માનો ગોશાલક તરીકેનો પૂર્વભવ જાણશે અને તેને કહેશે કે, 'ઓ ભૂતપૂર્વ ગોશાલક! આ જગતમાં બધા જ કાંઈ મહાવીરદેવ જેવા કરુણાર્ત્ત હોતા નથી. માટે જો હવે ફરી કાંઈ કરીશ તો મારે તને સખત શિક્ષા કરવી પડશે.'

મુનિની આ ચેતવણીની અવગણના કરીને તે વિમલવાહન

ફરીથી જ્યારે મુનિ ઉપર રથ ચલાવશે અને મુનિને ધરતી ઉપર પાડી દેશે ત્યારે તે મુનિ તેની ઉપર તેજોલેશ્યા છોડી દેશે. આથી ક્ષણમાં જ તે બળીને ખાખ થઈ જશે.

સુમંગલ મુનિ તે કર્મની આલેચના કરીને વિશુદ્ધ ચારિત્રના પ્રભાવે સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં જશે. પણ ગોશાલકનો આત્મા મહાદુઃખમય ભવોની ભયાનક પરંપરામાં પ્રવેશ કરશે.

તેજોલેશ્યાથી બળીને તે સાતમી નરકે જશે. પછી ક્રમશઃ સાતે ય નરકમાં બે બે વાર; ત્યાર બાદ તિર્યંચની જાતિઓમાં વારંવાર ઉત્પન્ન થશે. દરેક ભવમાં શસ્ત્રથી અથવા અગ્નિથી તે મૃત્યુ પામતો જશે.'

એ વખતે આશ્ચર્યમુગ્ધ બનીને સાંભળતો અજય બોલી ઊઠ્યો, 'કેવી કર્મરાજાની કમાલ છે કે ગોશાલકના અને વિમલવાહનના ભવમાં એ આત્માએ બીજાના ઘાત માટે અગ્નિનો અને શસ્ત્રનો (રથરૂપી શસ્ત્રનો) ઉપયોગ કર્યો; તો આગામી ભવોમાં એ જ બે વસ્તુથી એ પોતે હણાવા લાગ્યો!

આપણે જે બીજા ઉપર આચરીએ તે આપણી ઉપર જ બૂમરેંગની જેમ પાછું આવે એ સત્ય ગુરુજી! આમાંથી ફલિત થયું છે એમ ન કહેવાય?'

સંજયે કહ્યું, 'હા, વત્સ અજય! એમ જરૂર કહી શકાય. હવે તને ગોશાલકનાં આત્માની આગળની ભવપરંપરા કહું.

અનંતકાળ સુધી પૃથ્વીકાય આદિ જીવોના ભેદોમાં જન્મ લઈને છેવટે એક વાર રાજગૃહ નગરની બહાર વેશ્યા થશે. ત્યાં તેને કોઈ કામાંધ પુરુષ તેનું દેહસુખ મેળવ્યા બાદ તેનાં આભૂષણોનો કબજો લેવાના લોભે તેને મારી નાખશે.

પુનઃ તે આત્મા તે જ નગરમાં વેશ્યા થશે. ત્યાર બાદ વિપ્રકન્યા તરીકે જન્મ લેશે. ત્યાર બાદ મનુષ્ય થઈને વિરાધનાભરપૂર જીવન જીવતો સાધુ થશે અને દેવગતિ પામશે. એમ કરતાં છેવટે એક વાર મનુષ્યભવમાં નિરતિચાર સાધુપણું પાળીને સાત

વાર તેવું માનવજીવન પામશે. તેમાં વચ્ચે વચ્ચે ઊંચી ને ઊંચી દેવગતિ પામતો છેવટે મુનિજીવનમાં વીતરાગ દશા અને કેવલ્ય પ્રાપ્ત કરશે.

'ગૌતમાદિ મુનિવરો!' પરમપિતાએ કહ્યું, 'કેવલ્ય પામેલો તે ગોશાલકનો આત્મા જે દેશના આપશે તેમાં પોતાના ગોશાલકના ભવ વગેરેનું વર્ણન કરશે અને દેશનાનો ઉપસંહાર કરતાં ભવ્ય જીવોને તે કહેશે કે, તમે કદી કોઈ પણ ધર્માચાર્યની નિંદા કરશો નહિ. એવી નિંદા કરવાથી જ મારો સંસાર અનંત બન્યો.'

અજય! પરમાત્મા મહાવીરદેવે ગૌતમ પ્રભુને ગોશાલકના આત્માના જેમ આગામી ભવો કહ્યા તેમ તેના ઈશ્વર તરીકેના પૂર્વભવનું પણ વર્ણન કર્યું હતું. આ ભવમાં પણ તે આત્મા ગુરુદ્રોહની વાસનાથી ખૂબ જ રંગાયેલો હતો. એ જ વાસના પરમાત્મા મહાવીરદેવની સામે પણ ઉત્તેજિત થઈ અને પછીના ભવોમાં પણ એણે માઝા મૂકી! સમ્યગ્દર્શન પામ્યા પછીના કાળમાં પણ એ આત્મા મિથ્યાત્વથી વાસિત થઈને વિમલવાહન રાજાના ભવમાં વળી પાછો એ વાસનાનો શિકાર બની ગયો. એ ઉપરથી સમજાશે કે વાસના બની જતો કોઈ પણ સંસ્કાર કેટલો ભયાનક ઉલ્કાપાત સર્જી શકે છે? અને જીવનની ઊર્ધ્વગતિને પણ કેવું રમણભમણ કરી નાખે છે?

અજય! કોઈ પણ વિચાર વિકાર ન બને; પછી વારંવાર દોહરાઈને સંસ્કાર ન બને અને છેલ્લે સહજ વાસનારૂપ ન બને તેની ખૂબ કાળજી લેજે; નહિ તો વિકાસનાં સોપાનો ઉપર ધીમે ધીમે આરૂઢ થતા તારા આત્માને એકાએક પટકી નાખતા તેને કાચી ઘડીની પણ વાર લાગશે નહિ.' આટલું કહીને ગુરુજી સંજય મૌન થયા.

નિઃસ્તબ્ધભાવે ગુરુજીની આ પ્રેરણાને સાંભળતો અજય ચિત્તની ધરતી ઉપર ખેલાતા આટાપાટાની બાજીઓને આંખોઆંખ નિહાળતો યંત્રવત્ ડગ માંડતો પંથ કાપવા લાગ્યો.

[૨૦]

## સાધ્વી મૃગાવતી

'અજય! વત્સ! તને ખબર મળ્યા કે છેલ્લી રાત્રિએ મહાસતી મૃગાવતીજી અને ચંદનબાળાજીના અંતરમાં કેવળજ્ઞાનનો પ્રકાશ પથરાયો?'

'હેં! બે ય ગુરુ-શિષ્યને? એક સાથે-એક જ રાતે!' અજયે સાશ્ચર્ય પૂછ્યું.

'હા, એક જ રાતે! તેમાં ય ખૂબીની વાત તો એ બની કે પહેલું કેવળજ્ઞાન શિષ્યા મૃગાવતીને થયું અને પછી ગુરુણી ચંદનબાળાજીને થયું. તે ય પાછું મૃગાવતીના જ નિમિત્તે!' સંજયે કહ્યું.

'વાત એમ બની ગઈ કે કાલે પરમકૃપાળુ પરમાત્માની દેશના સાંભળવા સૂર્ય-ચંદ્ર દેવો પોતાના મૂળ વિમાન સાથે નીચે આવ્યા હતા. સૂર્યાસ્તનો સમય થઈ જવા છતાં વિમાન ત્યાં જ હતું એટલે તેના પ્રકાશને લીધે દેશના સાંભળવા આવેલાં મૃગાવતીજી ઊઠી ગયાં નહિ. જ્યારે વિમાન ગયું કે તરત અંધારું થઈ ગયું! મહાસતીજી ગભરાઈ ગયાં! હાંફળાં-ફાંફળા એ પહોંચ્યાં એમની વસતિમાં!

શ્રમણસંઘની નાયિકા ચંદનબાળાજીએ આવો પ્રમાદ સેવવા અંગે હળવો ઠપકો આપતાં કહ્યું, 'આર્યે! તમારા જેવી ખાનદાન સાધ્વીને આ રીતે આચરણ કરવાનું ઉચિત ન ગણાય.'

બસ, આટલું કહીને ગુરુણીજી તો નિદ્રાધીન થઈ ગયાં. પરંતુ મૃગાવતીજીના માથે આભ જ તૂટી પડ્યું હતું. પોતાની ભૂલનો એમને ભારે પશ્ચાત્તાપ થયો. ગુરુણીજીને ચિંતા કરાવી! મારા પ્રાણસમા મારા ગુરુણીજીના અંતરને મેં દુભાવ્યું! અરરર.... કયા જન્મારે આ પાપથી છૂટીશ? મેં કેવી ભૂલ કરી નાખી?....

એમનું અંતર કલ્પાન્ત કરવા લાગ્યું.

અને.......અજય! તું નહિ માની શકે, પણ પછી તો એ વાત બની ગઈ કે મૃગાવતીજીના એ પશ્ચાત્તાપે ઘનઘાતી કર્મોના ભુક્કા ઉડાવી દીધા. મહાસતીજી કેવળજ્ઞાન પામ્યાં.'

'શું કહો છો, ગુરુજી! કેવળજ્ઞાન આટલું સસ્તું બની ગયું એમને?' અજય બોલ્યો.

'તું સાંભળ તો ખરો? પછી મૃગાવતીજી તો ગુરુણીજીની પાસે જ બેઠાં હતાં. રાત અંધિયારી હતી. ત્યાં રાત્રિના રંગ જેવો જ કાળો ભમ્મર નાગ ત્યાંથી નીકળ્યો. આર્યા ચંદનબાળાજીનો હાથ એના રસ્તે આડો આવતો હતો.

ભગવતી મૃગાવતીજીને તો હવે રાત ને દિવસ બેય સરખા હતા. નજદીકમાં નાગ આવતાં જ ગુરુજીનો હાથ ઉપાડીને બાજુએ મૂક્યો. ચંદનબાળાજી એકદમ જાગી ગયાં.

'શું છે?' એમણે પૂછ્યું.

'કાંઈ નહિ, એ તો નાગ અહીંથી પસાર થતો હતો એટલે હાથ ખસેડ્યો.'

'કજ્જલશ્યામ રાત્રિમાં નાગ જોયો શી રીતે?' આશ્ચર્યમુગ્ધ ચંદનબાળાજીએ પૂછ્યું.

'આપની કૃપાથી.' શિષ્યાએ ઉત્તર વાળ્યો.

'પણ કૃપાએ કયું જ્ઞાન મળ્યું? પ્રતિપાતી કે અપ્રતિપાતી?' શંકાશીલ બનીને સફાળાં બેઠાં થઈ ગયેલાં ચંદનબાળાજીએ પૂછ્યું.

'અપ્રતિપાતી' ટૂંકો ઉત્તર મળ્યો.

અને......આર્યા ચંદના સઘળી પરિસ્થિતિ પામી ગયાં. ક્યારે જ્ઞાન થયું હશે? ઠપકો આપ્યા પહેલાં? તો તો...... કેવળજ્ઞાની ભગવંતની મેં આશાતના કરી? અરરર........! પશ્ચાત્તાપનો મહાનલ પ્રગટ્યો. ઘનઘાતીનાં ઈંધનો સળગી ઊઠ્યાં, ચંદનબાળાજી પણ કેવળજ્ઞાન પામ્યાં.'

અજય બોલ્યો, 'અદ્ભુત ગુરુજી! અદ્ભુત! કેવી આશ્ચર્યજનક બીના? એક દીપકે બીજા દીપકને જલાવ્યો!'

'અજય! ભગવાન મહાવીરદેવના શ્રમણ–શ્રમણી સંઘમાં ગુરુવિનયને સૌથી મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

ગુરુવિનયથી જે ગુરૂકૃપા મળે છે તે જ શ્રમણજીવનમાં સ્થિરતા આપે છે. તે જ મોહનીયકર્મોના ભુક્કા બોલાવે છે, તે જ જ્ઞાનાદિ અભ્યંતરસંપત્તિનો અને પુણ્યજનિત માનપાનાદિની બાહ્ય સંપત્તિનો કેફ ચડવા દેતી નથી.

જે ગુરુકૃપા મેળવતો નથી તે શ્રમણનો પોતાની જ શક્તિ-ઓથી ઘાત થાય છે. ગમે તે પળે ગમે તે પાપનો તે ભોગ બની જાય છે. અને જે ગુરુકૃપા મેળવે છે તેને પછી જે કાંઈ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે તે તેના જીવનમાં પચી જાય છે. તેનું લેશ પણ અજીર્ણ થતું નથી.

કદાચ કર્મવશાત્ જ્ઞાનાદિશક્તિનું વિશિષ્ટ ઐશ્વર્ય પ્રાપ્ત ન થાય તો પણ સીધો જ ઘનઘાતીનો નાશ થાય છે અને મહાપ્રકાશની પ્રાપ્તિ થઈ જાય છે.

જેવી ભક્તિ પરમાત્મા ઉપર તેવી જ ભક્તિ ગુરુ ઉપર હોવી જોઈએ. ભગવંતે પોતે એક વાર કહ્યું છે કે, '(ગીતાર્થ) ગુરૂને જે માને છે તે જ હકીકતમાં મને માને છે.'

જેને ગુરુ ઉપર પરાભક્તિ છે, તે જ આત્માને શાસ્ત્રોના સઘળા અર્થોનો પ્રકાશ થાય છે અને તે પ્રકાશથી જ તે આત્મા સ્વની સઘળી પાપવાસનાઓનો વિનાશ કરી શકે છે.

ગુરુકૃપાવિહોણો મહાવિદ્વાન, અત્યંત ખ્યાતનામ સાધુ પણ આ શાસનમાં દયાપાત્ર ગણાય છે; રે! એ તો લાગ પડે જિન-શાસનનો વૈરી પણ બને છે.

ગુરૂકૃપાન્વિત મહાત્મા તો અત્યંત સન્માનનીય ગણાય છે,

આપણી સામે જ જોને, ગુરુ વિનયના કેવાં બે આદર્શ દૃષ્ટાન્તો છે!

એક આર્યા મૃગાવતીજીનું!

બીજું ગણધર ભગવંત ગૌતમસ્વામીજીનું!

[૨૧]

## પ્રભુભક્તા સુલસા

સવા શેર માટીથી પત્નીનો ખોળો ન ભરાતાં એક દિ' પતિ અત્યંત વ્યથિત થઈ ગયો.

પત્ની હતી; સુલસા.

પતિ હતો; નાગ રથિક.

ભારે વ્યથાથી સંતપ્ત થઈ ગયેલા નાથ રથિકે એક દી સુલસાને પેટ છૂટી વાત કરી દીધી. એને સુલસાનો જ પુત્ર ખપતો હતો. સુલસાના જ પુત્રના પિતા બનવા તે ઇચ્છતો હતો; તેમ ન થાય તો તે વ્યથામાં ઝૂરી ઝૂરીને મરી જવા તે તૈયાર હતો.

'સુલસા! તું ગમે તે કર....કોઈ દેવ–દેવીની બાધા રાખ; પણ મને તારા પુત્રનું દર્શન કરાવ.' નાગ રથિકે કહ્યું.

'સ્વામીનાથ! 'અરિહંત' આપણા દેવ. એ સિવાય આપણા માથે કોઈ ધણી નહિ. આપણાથી કોઈની બાધા રખાય પણ નહિ.

આપનું આ અકારું દુઃખ મારાથી જોયું જાતું નથી. આર્ત-ધ્યાનની આ તીવ્ર પીડામાંથી મારે આપને મુક્ત કરવા જોઈએ. હવે એ ખાતર જ મારી ઇચ્છા કે અનિચ્છાના સવાલને બાજુ ઉપર મૂકીને લાચાર બનીને મારે કોઈ આરાધના કરવી પડશે. હા....આરાધના જ આપણું સર્વ કાંઈ ઇચ્છિત સિદ્ધ કરી આપશે. પણ સ્વામીનાથ! અરિહંત પરમાત્માની આરાધના સિવાય તો આપણે બીજું કાંઈ જ ન ખપે હોં! એ તો નક્કી!

ન છૂટકે ય માગવું જ પડે તો આપણા માલિકની પાસે જ

માગવું. જીવવું ય એના ચરણે; અને મરવુ ય એના ચરણે...

હાય ! બીજે ક્યાંક હાથ લંબાવવો; યાચના કરવી; તે ય સંસારની પાપી એવી સુખ સામગ્રીની ? ના....ના....એ કરતાં તો મોંએ વિષકટોરો લગાડી દેવો સારો કે ગિરિશિખરેથી ઝંપાપાત કરવો સારો.

સ્વામીનાથ ! આપ ચિંતામુક્ત થાઓ. આપના આ તીવ્ર આર્તધ્યાનના નિવારણ માટે હું હવે સવિશેષ અરિહંતભક્તિ અને તપત્યાગની આરાધનાનો યજ્ઞ માંડીશ. હું જાણું છું કે જો આપણી આરાધના અમૃત અનુષ્ઠાનસ્વરૂપ બની જાય; તેવા ઉલ્લાસિત વિશુદ્ધ પરિણામથી ભરાઈને ઊભરાઈ જાય તો એવું ય ઉગ્ર પુણ્યકર્મ કદાચ બંધાઈ જાય કે આ જ ભવે ઉદયમાં આવી જાય અને ઇષ્ટસિદ્ધિ પગે આવીને પડે.'

સુલસાના પ્રત્યેક શબ્દોમાંથી નીતરતી આશ્વાસનની અમીધારાએ નાગ રથિકને અપાર આશ્વાસન બક્ષ્યું.

તપ, જપ અને ભક્તિના ત્રિવેણી સંગમમાં સુલસા પરિપ્લાવિત થવા લાગી.

અને એક દિ' આવી ઊગ્યો. કારણવશાત્ પ્રસન્ન થયેલા કો દેવાત્માએ સુલસાની ભીડ ભાંગી ! અને બત્રીસ બત્રીસ પુત્રોની માતા બનાવી.

પણ સદાય કાળ કોનો સરખો ચાલ્યો છે ? મગધના મહારાજા શ્રેણિક અંગરક્ષક તરીકેની કામગીરી બજાવતાં; ઝપાઝપીમાં એક દી બત્રીસે ય પુત્રો મૃત્યુ પામી ગયા !

સુલસાના માથે એ વજ્રપાત હતો. નાગ રથિકના માથે તો એ જીવનનો પૂર્ણવિરામ લાવી દેતી, મરણતોલ આઘાતની ઘટના હતી.

પણ મહામેધાવી અને અત્યંત ગંભીર એવા મગધપતિના

યુવરાજ કુમાર અભયના સમયસરના અનુપમ પ્રતિબોધથી તે બે ય આશ્વાસન પામ્યાં.

કાળમીંઢ દીવાલોને પણ પાણી કરી મૂકે તેવા તે દંપતીના કરુણ કલ્પાન્ત ક્ષણિક નીવડયા.

નાગ રથિક સ્વસ્થ થયો. સુલસા સવિશેષ ધર્મસ્થ થઈ. એણે એનો રાહ નક્કી કરી લીધો. હવે એને રાહબર દેખાયા; પરમાત્મા મહાવીરદેવ. હવે એને સમવસરણની દેશનાનો પ્રત્યેક શબ્દ અમૂલખ જણાયો. હવે એને પરમપિતાએ ઉપદેશેલી પુદ્-ગલની ક્ષણભંગુરતા, સ્વજનોની અશરણતા અને આત્માનું આ જગતમાં એકત્વ આંખ સામે રમવા લાગ્યું. હવે એને સમજાયું કે પરમપિતા શા માટે આ જગતને અસાર કહેતા હતા? કયાં ય રાગભાવે ચિત્તને ઠરવાનો નિષેધ શા માટે કરતા હતા? હવે એને કર્મની પરવશતા સાલવા લાગી; 'પુણ્યકર્મ પણ અંતે તો સોનાની બેડી છે!' એ વીરવાણી હાડોહાડ જચવા લાગી.

વીરના પથ ઉપર ડગ માંડતી સુલસાએ વેગ હવે વધારી મૂકયો.

પુત્રોના સ્નેહને એણે પરમપિતા તરફ સવિશેષ વાળ્યો. પુત્રોનું સ્મરણ કરતા ચિત્તને એણે વીરના ચરણે મૂકી દીધું.

અને....સુલસા ભક્ત બની ગઈ; ભગવાન વીરની.

સુલસા પુત્રોની રાગી મટીને મહારાગી થઈ ગઈ; મહાવીર-દેવની. સુલસા માતા મટીને મહાશ્રાવિકા બની ગઈ; મહામાહણ મહાવીરદેવની.

એણે વાઘા સજ્યા ભક્તિના.

એણે અલંકાર બનાવ્યા, ભક્તિના.

એણે તનમાં તેલ અને તંબોલ પૂર્યાં; ભક્તિનાં.

એ ભક્તા બની; ભક્તિ બની; ભગવાનમય બનીને ભગવતી બની.

જીવનમાં આવી પડેલો એકી સાથે તમામ પુત્રોના વિરહનો જે આઘાત સુલસાનું મોત લઈને જ પાછો વળવાનો હતો એ જ આઘાતને સુલસાએ નવું, અને સાવ અનોખું જીવન દેનારો બનાવી દીધો!

વળી ગયેલી કળમાંથી બીજી જ પળે બેઠી થઈ જઈને આઘાતનો પુત્રવિરહના વિષનો પ્યાલો એ પૂરી સ્વસ્થતાથી ગટગટાવી ગઈ. જીવનના અદ્‌ભુત પરિવર્તનનું અમૃત એ વિષ બની ગયું.

અહો! કેવી કમાલ! જ્યાં કાચોપોચો પળમાં જ ડગીને ડરી જાય; ડરીને મરી જાય; ત્યાં આર્યાવર્તની એક નારી, ના... એક ધર્મપ્રિયા સ્ત્રી; ના....પરમપિતા મહાવીરદેવે પ્રબોધેલા તત્ત્વની વિદુષી, પોતાની જાતને કેવી રીતે સમાલી ગઈ અને સ્વસ્થ બનાવી ગઈ, એ સવાલ આજે ય ઉકલતો નથી.

પરમપિતાના મહામંગલકારી પ્રભાવ વિના; એના અનુગ્રહ વિના; એની અસીમ કૃપા વિના આ અચરજ આ જગતમાં પેદા જ થઈ ન શકે.

રાત ને દી સુલસા વીર....વીર....વીર....કરતી વીરમય બની. દુ:ખે અદીન બની. એના જ પ્રત્યાઘાતરૂપે હવે ભોગસુખે-પતિસુખે વિશેષ અલીન પણ બની.

વીર....વીર....નું અહર્નિશ રટણ કરતી સુલસાને આપણે થોડીક પળો માટે બાજુ ઉપર મૂકીને પ્રભુવીરના સમવસરણમાં પહોંચીએ. ત્યાં પ્રભુ અંબડ નામના અભિનવ ધર્માત્માને કાંઈક કહી રહ્યા છે તે સાંભળીએ.

'પરિવ્રાજક અંબડ! તું હવે રાજગૃહી તરફ પ્રયાણ કરે

છે તો ત્યાં નાગ નામના રથિકની ધર્મપત્ની શ્રાવિકા સુલસા રહે છે. તેને મારા ધર્મલાભ કહેજે.' પ્રભુએ કહ્યું.

'અવશ્ય પ્રભો!' કહીને અંબડ ચાલતો થયો.

'એવી તે કેવી સુલસા હશે જેને યાદ કરીને ભગવાન મહાવીરદેવ પોતે ધર્મલાભ કહેવડાવે કેવી ભક્તિ વસી હશે એના અંતરમાં! શ્રદ્ધાની કેવી લતા ઊગીને ફૂલીફાલી હશે એના જીવન–ઉપવનમાં! લાવ ને હું થોડી પરીક્ષા કરી લઉં અને પછી જ પ્રભુનો સંદેશ પહોંચાડું.' અંબડે મનોમન વિચારી લીધું.

'રાજગૃહીના પૂર્વના દરવાજે ભગવાન બ્રહ્મા પધાર્યા છે.' એવી કર્ણોપકર્ણ વાત સાંભળી આખું ય નગર ઊમટયું. કોઈ બાકી રહ્યું નહિ હોય. બાકી રહી હતી; માત્ર સુલસા.

બ્રહ્મા-રૂપધારી અંબડે ચોમેર નજર ફેરવી. જેને એ શોધતો હતો તે સુલસા જ ન મળી. ખેર.

બીજા દરવાજે વિષ્ણુનું બીજું રૂપ! ત્રીજા દરવાજે શંકરનું ત્રીજું રૂપ! પરંતુ ક્યાંય સુલસા ન જ આવ.

'કશો વાંધો નહિ, હવે તીર્થંકરનું જ રૂપ લઉં; પછી તે કેમ નથી આવતી તે જોઉં છું.' અંબડ મનોમન બોલ્યો.

અંબડે તીર્થંકરનું રૂપ લીધું. જાણે કે આબેહૂબ તીર્થંકર! શહેરમાં વાયુવેગે વાત ફેલાઈ ગઈ. 'પચ્ચીસમા તીર્થંકર પધાર્યા છે.' સહુ દોડયા! થોડો ખળભળાટ થયો ખરો. વૃદ્ધો કહે, 'તીર્થંકર તો ચોવીસ જ હોય છે. એક અવસર્પિણી કે ઉત્સર્પિણીમાં પચ્ચીસ તીર્થંકર હોતા જ નથી. પણ તો પછી આ કોણ? તીર્થંકરના લક્ષણ તો બધા ય દેખાય છે. અરે! ભાઈ કદાચ દસ અચ્છેરા જેવું આ ય એક અચ્છેરું (આશ્ચર્ય) જ હશે. ચાલો જલદી....નહિ તો રહી જશું.' સહુ દોડયા. કોક વળી સુલસાને ત્યાં ગયું. 'અરે! સુલસા દેવી! આ તો પચ્ચીસમા

તીર્થંકર પધાર્યા છે, તમે નહિ આવો તો તમારું સમકિત જશે હોં!'

સુલસાએ વાત સાંભળી લીધી. મારા નાથ, મારા તરણતારણહાર મહાવીરદેવ. આ અવસર્પિણીના છેલ્લા–ચોવીસમા જિન! હવે કોઈ જિન થઈ શકે જ નહિ. પ્રભુનું વચન છે. મારે કાંઈ જવું નથી. કો'ક ઇન્દ્રજાલિક આવ્યો લાગે છે. આખા નગરને ભરમાવી રહ્યો છે; નાહકનો.

સહુ ગયા; સુલસા ન જ ગઈ.

હવે તો અંબડ પરિવ્રાજક થાકયો. જ્યારે તાપસના રૂપે એણે ભિક્ષા પણ ન આપી અને બ્રહ્મા વગેરેના રૂપે એ લગીરે ચલિત ન થઈ ત્યારે એણે ઇન્દ્રજાળ સમેટી લીધી. તે સુલસાને ઘેર આવ્યો. પ્રભુ વીરના ધર્મલાભની પાછળ પડેલી સુલસાની અવિહડ શ્રદ્ધાવિન્ત ભક્તિની ભૂમિકાનો તેને સાક્ષાત્કાર થયો.

'મહાશ્રાવિકા! આપને અંતરના ભાવભર્યા નમસ્કાર! ભગવાન મહાવીરે પોતાના શ્રીમુખેથી આપને 'ધર્મલાભ' કહેવડાવ્યા છે.' અંબડે પ્રભુ વીરનો સંદેશ જણાવ્યો.

'અહા! ધન્ય દિવસ! ધન્ય શ્રવણ! આજે હું કૃતપુણ્યા બની! શ્રાવિકાઓમાં અગ્રણી બની! પરમકૃપાળુ પરમાત્માએ મને 'ધર્મલાભ' કહેવડાવ્યો.' એક જ પળમાં સુલસા આનંદવિભોર બની ગઈ. એ આગંતુક શ્રાવકને વધાવવા સામે ગઈ. ભક્તિરસે ઓળઘોળ બની ગઈ. સુલસાને જીવનની અબજો પળોમાં એ શિરમોર પળ હતી, જ્યારે પ્રભુ વીરે એને 'ધર્મલાભ' જણાવ્યો. એ પળે એની સાડા ત્રણ ક્રોડ રોમરાજિયો વિકસ્વર થઈ હતી! એના અસંખ્ય આત્મપ્રદેશો ઉપર ભક્તિ–નૃત્યના અનિર્વાચ્ય આનંદના ઓઘ ઊભરાતા હતા.

પરિવ્રાજક અંબડે કહ્યું, 'મહાશ્રાવિકા! ભગવાન મહાવીર-દેવના સંદેશનો પૂરો તાગ પામવા માટે મેં જ વિવિધ સ્વરૂપો

ધારણ કર્યાં હતાં. આપ આકર્ષાઈને–મન મનાવીને પણ આવો છો કે નહિ તે મારે જોવું હતું. પરંતુ ભગવતી! આપ અડોલ રહ્યાં છો. આપના ઉરમાં ઊભરાયેલી પરમાત્મા મહાવીર પ્રત્યેની આપની ભક્તિ સાચે જ અજોડ છે. મારી આપને પુનઃ પુનઃ વંદના!'

આનંદવિભોર બનેલાં મહાશ્રાવિકા સુલસા બોલ્યા, 'અંબડ! મારા તો રોમે રોમે વીર વસ્યા છે. મારા અંતરના ખંડે ખંડે વીર બેઠા છે! રાત ને દિ'હું મારા વીરને જ યાદ કરું છું. એની જ હું આરતી ઉતારું છું. બત્રીસ પુત્રોના વિરહની મારે અગનઝાળ આપત્તિઓ આવી ત્યારે ય મારા વીરે જ મને શાંતિ આપી. જો મને પ્રભુ વીર ન મળ્યા હોત તો કદાચ એ પળે હું પગલી બનીને શેરીએ શેરીએ ભટકતી હોત. અને એ આર્તધ્યાન-માં જ તરફડીને રસ્તા ઉપર મરી હોત. ગીધડાંઓએ મારા દેહની જ્યારે મિજબાની ઉડાવી હોત ત્યારે હું દુર્ગતિના દ્વાર ખખડાતી હોત! પણ મારા પ્રભુએ જ મને આ કારમી હોનારતમાંથી ઉગારી લીધી! ઓ વીર! ઓ વીર! મારો વીર જ મારો પ્રિયતમ.

વીરની ભક્તિએ જ મારી બુદ્ધિને સ્વચ્છ કરી, મારા કર્મને નિષ્કામ કર્યું. મારાં અહં અને આસક્તિને ચૂર ચૂર કરી નાખ્યા. મારા અનિષ્ટ રાગનું ઇષ્ટ મહારાગમાં રૂપાન્તર કર્યું.

ભાઈ અંબડ! બીજું બધું ય હોય કે ન હોય– એ ચાલે; પણ વીરની ભક્તિ વિના તો મારે પળ પણ ન ચાલે હોં!'

ભક્તિઘેલી સુલસાને પુનઃ નમસ્કાર કરીને અંબડ ચાલતો થયો.

જ્ઞાન, ધ્યાન, તપ અને ભક્તિ–આ બધા ય યોગમાં સુંદર તો ભક્તિયોગ! સલામતી પણ ભક્તિયોગમાં! સરળમાં સરળ પણ ભક્તિયોગ!

જીવનનું નાવડું તો ભક્તિના પાણીમાં જ સડસડાટ વહ્યું જાય. માત્ર જ્ઞાન, ધ્યાન ને કર્મની પથરાળ ભૂમિએ તો એને ખેંચતા હાંજા જ ગગડી જાય.

અગનઝાળ દુ:ખોની વચ્ચે ય સીમલાની ધરતી શી પરમ શીતળતા આ ભક્તિ જ બક્ષી શકે ને? અંતરના મેલને ય ભક્તિનાં આ પાણી જ ધૂવે ને? હા, એની સાથે જ્ઞાન-ધ્યાન વગેરેના ખાર કે અરીઠાં ભળે તો બહુ સારી વાત. પરંતુ એકલો ખાર ઘસવાથી કે એકલાં અરીઠાં ઘસઘસ કરવાથી કાંઈ થોડો જ મેલ નીકળી જાય છે? પાણી વિનાનો ખાર નકામો; અરીઠાં ય નકામાં !!

*

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

ખંડ-૪

[ નિર્વાણ ]

[૧]

## કદાગ્રહી જમાલિ

ગ્રામાનુગ્રામ વિહાર કરીને લાખો ભવ્યાત્માઓને પ્રતિબોધતા મહાકરુણાશાળી જગદ્ગુરુ એકદા ક્ષત્રિયકુંડ ગામમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. ત્રિલોકગુરુ પરમાત્માના સંસારીપણે મોટાભાઈ નંદિવર્ધન, જમાઈ અને ભાણેજ જમાલિ, પુત્રી પ્રિયદર્શના પણ દેશના સાંભળવા માટે આવ્યાં હતાં.

પરમાત્માની દેશનાની ચોટદાર અસલ જમાલિ અને પ્રિયદર્શના ઉપર થઈ. માતા-પિતાની અનુજ્ઞા મેળવીને; પરમાત્માએ પણ આવા સારા કામમાં વિલંબ નહિ કરવાનું જણાવતાં ૫૦૦ રાજકુમારો અને એક હજાર સ્ત્રીઓ સાથે તે દંપતીએ દીક્ષા લીધી.

અહીં સવાલ થશે કે, સર્વજ્ઞ પ્રભુ જમાલિ મુનિનું ભાવિમાં પતન જાણતા હતા છતાં 'મા પડિબંધ કુણહ–વિલંબ ન કરવો.' એમ કેમ કહ્યું હશે? પતનની વાત કરીને દીક્ષા નહિ લેવાની સૂચના કેમ નહિ કરી?

આનું સમાધાન એ છે કે, જમાલિના ભાવિ પતનની તો ભાવિમાં વાત હતી. પરંતુ જે ઉત્સાહ અને ઉમંગથી આજે દીક્ષા લેવાશે; વર્ષો સુધી જે વિશિષ્ટ કોટિની સાધના થશે તે તો અનંતી કર્મરાશિનો કચ્ચરઘાણ બોલાવી જ દેશે.

રે! કદાચ સાતમા ગુણસ્થાન સુધી સ્પર્શનાઓ કરાવી દઈને આત્માનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તના કાળથી વધુ ચાલતો સર્વથા અટકાવી દેશે. ક્યારેક એ આત્માનું પતન થાય અને મિથ્યાત્વમાં આવીને આ જગતનાં ઘોરાતિઘોર પાપો પણ કદાચ કરી બેસે તો ય ઉપરોક્ત કાળથી વધુ સંસારભ્રમણ તો તેનું કદાપિ સંભવિત નહિ જ બને.

વિશુદ્ધભાવથી કરાતો ધર્મ, દુર્ભાગ્યે તૂટી પણ પડે તો ય તે ફૂટી ગયેલા સોનાના ઘડા જેવો છે; જેનું મૂલ્ય પૂરેપૂરું ઉપજવાનું છે. અસ્તુ.

જમાલિ મુનિ અગિયાર અંગના પાઠી થયા; ઘોર તપસ્વી થયા. તેમને એક હજાર ક્ષત્રિય મુનિઓના આચાર્ય તરીકે સ્થાપિત કરવામાં આવ્યા.

પણ પરમ–દુર્ભાગ્યની એક પળ જમાલિ મુનિના જીવનમાં આવી ગઈ. શારીરિક અસ્વસ્થતા અને મિથ્યાત્વ મોહનીયકર્મનો પ્રબળ ઉદય–બે ભેગા થયા અને જમાલિ મુનિએ એક વિષયમાં શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરી નાંખી. એટલું જ નહિ; પરંતુ ત્યાં સુધી તેમણે પ્રલાપ કર્યો કે 'આ બાબતમાં તો પોતાને સર્વજ્ઞ કહેવડાવતા મહાવીર પણ ભૂલ્યા છે.'

આ સાંભળીને તેમના સ્થાવિર શિષ્યો બેચેન બની ગયા. 'ત્રિલોકગુરુ ભૂલ્યા છે' એવું કહેનાર જમાલિ મુનિ ઉપર પોતાના ગુરુ હોવા છતાં તેમને અસદ્ભાવ થયો. તેમ છતાં તેમને અનેક યુક્તિઓથી સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો. એટલે સુધી તેમણે જમાલિ મુનિને કહ્યું કે, 'જો જગદ્ગુરુ પણ આવી ભૂલ કરવાના સ્વભાવવાળા હોય તો તમે તેમની પાસે દીક્ષા લઈને તેમના શિષ્ય કેમ થયા? ખેર....હવે આ ઉત્સૂત્ર ભાષણનું પ્રાયશ્ચિત્ત કરી લો અને શુદ્ધ થઈ જાઓ. અન્યથા એકાદ પણ વચનની અશ્રદ્ધા એ મિથ્યાત્વના ઉદયની સૂચક બની જ રહેશે.'

પણ જમાલિ મુનિ હઠે ચડયા હતા. તેમણે પોતાનો કુ-મત ન ત્યાગ્યો. તેનું પરિણામ એ આવ્યું કે તે જ દિવસે તેમના અનેક શિષ્યો તેમને ત્યાગીને ત્રિલોકગુરુ પરમાત્મા પાસે ચાલી ચાલી

પ્રિયદર્શના સાધ્વીની એક બાજુએ સંસારીપણાના પિતાજી પરમાત્મા હતા, બીજી બાજુએ પતિ જમાલિ મુનિ હતા. દુર્ભાગ્ય-વશાત્, મોહવશાત્ અને પૂર્વભવીય સ્નેહવશાત્ તેણીએ પિતાજીનો

પક્ષ ત્યાગીને પતિનો પક્ષ સ્વીકાર્યો.

કમાલ છે ને કર્મરાજાની? સાક્ષાત્ દેવાધિદેવની પુત્રી પણ દેવાધિદેવના પક્ષનો મોહાદિના કારણે ત્યાગ કરી બેસે!

પણ છેવટે એનો તો 'ટર્નિંગ-પોઈંટ' આવી ગયો. એક કુંભારે એના જીવનને અને ચિત્તને નાનકડો ટૂચકો કરીને ઠેકાણે લાવી મૂક્યું.

ઢંગ નામનો કુંભાર પરમાત્માનો પરમ ભક્ત હતો; તત્ત્વનો અચ્છો જાણકાર હતો. જે ઘટના બની ગઈ તેનાથી ખૂબ વ્યથિત હતો. શી રીતે મોહપાશમાંથી બચાવાય તેટલાને બચાવી લેવા? તે કરુણાથી તેને કેટલીક વાર રાતે નિંદર પણ આવતી ન હતી.

પણ તેની આ કરુણા જ પ્રિયદર્શના-સાધ્વીને સપરિવાર તેના ઘેર ખેંચી લાવી. એક હજાર સાધ્વીજી સાથે તેણે ઢંકના ઘેર ઉતારો કર્યો.

મહાવિચક્ષણ અને તત્ત્વજ્ઞાની કુંભારે હવે તક ઝડપી લીધી. નિભાડામાં કામ કરતાં કરતાં હાથે કરીને એક તણખો પ્રિયદર્શના સાધ્વીના ખોળામાં નાખી દીધો! કપડું બળવા લાગ્યું અને સાધ્વીજી રાડ પાડીને બોલી ઊઠયાં, 'એ ઢંક! તારા પ્રમાદે મારું કપડું બળી ગયું!'

અને ઊડેલો તણખો ખરેખર પ્રિયદર્શના સાધ્વીના મિથ્યાત્વના ગંધાઈ ઊઠેલા ઉકરડાને જલાવી દેનારો તણખો બની ગયો! ભડકો હોલવી નાંખવામાં આવ્યો. તે પછી 'કપડું બળી ગયું કે હજી તો બળવા લાગ્યું છે?' આ પ્રશ્ન ઉપર ચર્ચા ચાલી અને એમાંથી કુંભારે પ્રિયદર્શના સાધ્વીજીને વીરપ્રભુનું સત્ય બરોબર સમજાવ્યું. એક હજાર શિષ્યાઓ સાથે સાધ્વીજીએ જમાલિ મુનિના જૂઠા મતનો ત્યાગ કર્યો અને ત્રિલોકગુરુની પાસે જઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

એક હજાર અને એક આત્માઓને ઉન્માર્ગેથી સન્માર્ગે ચડાવવામાં નિમિત્ત બનવાનું ભાગ્ય પોતાને મળતાં ઢંકનો આનંદ

નિરવધિ બન્યો હતો. પછી તો તેનો આત્મવિશ્વાસ ખૂબ વધી ગયો. તેણે જમાલિ મુનિની સાથે રહેલા ભાવુક શિષ્યો સાથે પણ તત્ત્વની ઊંડી ચર્ચા કરીને સમજાવ્યા. એક પછી એક જે સાચું તત્ત્વ સમજતા ગયા તે પરમાત્માની શરણે જઈને પાપશુદ્ધિ કરતા ગયા. બધા ય શિષ્યો શુદ્ધ થયા. કમાલ કરી એક કુંભારે.... કેટલાયને એણે ઉન્માર્ગથી અને દુર્ગતિના ખાડામાંથી બચાવી લીધા! રહી ગયે એક માત્ર જમાલિ મુનિ કે જે મરીને થયા હલકી કક્ષાના કિલ્બિષિક દેવ! ઘોર તપશ્ચર્યાઓ કરી તો ય.... એક વાત સિવાયની બધી વાતોમાં પરમાત્માની સાથે એક મત હતા તો ય....

રે! પરમાત્માની પાસે જઈને પરમાત્માને જે આત્મા ધૃષ્ટ થઈને કહે કે, 'હું સાચો સર્વજ્ઞ અને સર્વદર્શી છું.' એવા મિથ્યાભિમાની, અત્યંત કદાગ્રહીની મૃત્યુ બાદ હલકી દશા થાય તેમાં શી નવાઈ?'

કેવા હતા; અનોખા ભગવાન! જેની સાથે ૫૦૦ રાજકુમારોએ અને એક હજાર સ્ત્રીઓએ દીક્ષા લીધી હતી! જે સંસારીપણાના બે બે સંબંધો–જમાઈ અને ભાણેજ ધરાવતા હતા; જેઓ મુનિજીવનમાં એક હજાર ક્ષત્રિય મુનિઓના આચાર્યપદે વિભૂષિત થઈ ચૂકયા હતા; જેમની સંસારી-પત્ની અને પોતાની સંસારી-પુત્રી પ્રિયદર્શનાની ભારેથી ભારે લાગવગ લાગવાની પૂરી શકયતાઓ હતી છતાં....

ઓ વીર! આપ તેમની શેહશરમમાં ન આવ્યા. વગ કે લાગવગમાં ન અંજાયા. ઊલટું આપના શ્રીસંઘે તે જમાલિ મુનિને સંઘ બહાર મૂકી દીધો!

આ જ આપના વીતરાગપણાની ખુલ્લંખુલ્લા સાબિતી છે.

કોટિ કોટિ વંદન; એ જગદ્‌વંદનીય વીરપ્રભુને!

*

[૨]

## પરમાત્માના પ્રભાવે ઝડપાતો

## રાજા ચંડપ્રદ્યોત

કૌશાંબીનરેશ શતાનિક ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતના સાઢુ થતા હતા. કર્મની કેવી વિચિત્ર વિષમતા હોય છે કે પોતાની સાળી–રાજા શતાનિકની રાણી–મૃગાવતી ઉપર સ્ત્રીલોલુપી ચંડપ્રદ્યોતની નજર બગડી. તેણે તે માટે ઘણા પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફળ ગયા. અંતે કૌસાંબી ઉપર યુદ્ધ લઈ જવાનો તેણે નિર્ણય કર્યો. પોતાના તાબાના કે મિત્રો જેવા ૧૪ મુકુટબદ્ધ રાજાઓને પોતાની વાસના જણાવીને સૈન્યની સહાય માંગી. તેઓ પણ તેમાં સંમત થયા !

કેવી નવાઈની વાત છે કે એક પણ રાજાએ આ અકાર્યથી પાછા વળવાની સાચી સલાહ પણ પ્રદ્યોતને ન આપી !

વિરાટ સૈન્ય લઈને પ્રદ્યોત કૌસાંબી ઉપર જ્યાં ત્રાટકે છે ત્યાં જ ભયથી વિહ્વળ થઈ ગયેલા રાજા શતાનિકને ઝાડા છૂટી ગયા અને તેમાં જ તેનું મૃત્યુ થઈ ગયું.

હવે તો પ્રદ્યોત યુદ્ધભૂમિથી પાછો ફરે ! ના.... એણે લજ્જા મૂકી દીધી હતી, લજ્જાહીનને મર્યાદાનું પાલન શેનું ? વ્યવહારનું રક્ષણ શેનું ? એ તો 'કાંટો ગયો' એમ માનીને મૃગાવતીને મેળવવા માટે વધુ તલસ્યો. રાણી મૃગાવતી ખૂબ જ વિચક્ષણ હતાં. ગમે તે ભોગે શીલરક્ષા કરી લેવાનો તેમનો અફર નિર્ણય હતો. રાજકીય દાવ ખેલવામાં પણ તે પૂરા કાબેલ હતાં. ખરેખર તેમણે અદ્ભુત દાવ ખેલ્યો. મરદ જેવા મરદ ચંડપ્રદ્યોતને એ બાઈએ આબાદ ઉલ્લુ બનાવી દીધો.

મૃગાવતીએ તેને જણાવી દીધું કે તે તેની વાસનાને તૃપ્ત

કરવા માટે તૈયાર છે; પરંતુ એકવાર એના બાળકુમાર ઉદયનના ભાવિ જીવનની રક્ષા તે કરી આપે. તે માટે કૌશાંબીનો મરામત માંગતો કિલ્લો વ્યવસ્થિત રીતે ચણી આપે અને પછી કિલ્લાના અનાજના ભંડારોને ભરપૂર કરી આપે.

ચંડપ્રદ્યોત માટે તો આ વાત બચ્ચાના ખેલ જેવી આસાન હતી. ચૌદેય રાજાઓના સૈન્યને અને પોતાના સૈનિકગણને–તમામને કિલ્લાના બાંધકામના મજૂર બનાવી દીધા! બિચારા લડવૈયા!

એક માણસની દુષ્ટ વાસનાની પૂર્તિ માટે કિલ્લાના ઘડવૈયા બન્યા!

'કામીને આંખ ન હોય!', 'ગરજવાનને અક્કલ ન હોય!' અને 'દબાયેલાને સત્ત્વ ન હોય!' એ કહેવતો કેટલી બધી યથાર્થ છે!

એક બાજુ કિલ્લાનું ચણતર પૂરું થયું. બીજી બાજુ અનાજના ભંડારો ભરાઈ ગયા કે તરત મૃગાવતીએ કિલ્લાના દ્વાર બંધ કરીને તેની ઉપર ચોમેર સૈન્ય ગોઠવી દીધું.

અણધારી આ વ્યૂહનીતિથી ચંડપ્રદ્યોત ડઘાઈ ગયો. નગરીની બહાર તે સૈન્ય સહિત પડી રહ્યો.

આ બાજુ સંસારથી વિરક્ત થયેલી મૃગાવતી પરમાત્મા વીરનું સતત સ્મરણ કરવા લાગી. એક જ વાત, 'પ્રભુ! અહીં પધારો; મારે દીક્ષા લેવી છે; મારો ઉદ્ધાર કરો.'

સર્વજ્ઞ ભગવંત મહાવીરદેવ તત્કાળ કૌશાંબીમાં પધારી ગયા. નગર બહાર રચાયેલા જે સમવસરણમાં ચંડપ્રદ્યોત તે જ સમવસરણમાં મૃગાવતી! રે! એમાં નવાઈ પણ શી છે? વાઘ અને બકરી પણ ત્યાં સાથે બેસી શકતાં હોય ત્યાં! આ તો બેય મૃગાવતી અને પ્રદ્યોત પ્રભુના ભક્ત હતાં.

ભરસભામાં ઊઠીને મૃગાવતીએ દીક્ષાનો પ્રસ્તાવ રજૂ કર્યો. ચંડપ્રદ્યોતની પાસે જઈને મૃગાવતીએ કહ્યું, 'હવે મારો બાળ કુમાર ઉદયન મેં તમને સોંપી દીધો! હું દીક્ષા લઈને મારું આત્મકલ્યાણ સાધવા માગું છું. તમે સંમત છો ને?'

આ શબ્દો સાંભળતાં ચંડપ્રદ્યોતને લજ્જા આવી ગઈ. પરમાત્માના પ્રભાવથી તેનું વેર અને વાસના બે ય શમી ગયા! મૃગાવતીને દીક્ષાની આજ્ઞા આપી. ઉદયનને કૌસાંબીના રાજા તરીકે જાહેર કર્યો.

કેવો હશે; પરમાત્માનો પ્રભાવ! કામીનો કામ શાન્ત થઈ જાય; વેરીના વેર મટી જાય; અને મુમુક્ષુની મોટી મોટી ભાવના ફળી જાય.

સાવ બેશરમ બનેલો ચંડપ્રદ્યોત શરમિંદો બની ગયો!

'વીર! આ તરફ પધારો!' મૃગાવતીએ આ મનોમન મોકલેલ સંદેશાએ વીરપ્રભુ તરત પધારી ગયા!

અને કાર્યસિદ્ધિ પૂર્ણ થઈ!

ક્યાં જોવા મળશે; આવું શાસન! આવા ભગવાન! આવો પ્રભાવ!

❋

[૩]

## હાલિક ખેડૂત

પ્રભુ વીરના આત્માએ ત્રિપુષ્ટ વાસુદેવના ભવમાં એક સિંહને ઊભો ને ઊભો જડબાથી ફાડી નાંખ્યો હતો. તે વખતે વાસુદેવના સારથિએ તે મરતા સિંહને આશ્વાસન આપતા કહ્યું હતું કે, 'હે સિંહ! તું ચિંતા ન કર; કેમ કે તું માનવ-સિંહના હાથે જ મૃત્યુ પામી રહ્યો છે.' મરતા એ સિંહને વાસુદેવ પ્રત્યે નફરત થઈ; સારથિ પ્રત્યે અનુરાગ થયો.

નાનકડી આ વાત આગળ વધી. એ સિંહનો જીવ એક વાર સુદંષ્ટ્ર નામનો નાગકુમાર દેવ થયો. પોતાના શત્રુ વાસુદેવના આત્માને ભગવાન મહાવીરદેવ તરીકે સાધના કરતા જોયા. જ્યારે પરમાત્મા એક વાર નાવમાં બેઠા ત્યારે એણે પૂર્વનું વેર વાળવા માટે પ્રભુ ઉપર ઉપસર્ગ કર્યો.

એ જ દેવ ત્યાંથી ચ્યવીને હાલિક નામનો ખેડૂત થયો. જ્યારે કેવળજ્ઞાની પ્રભુ એના ખેતરની નજીકના ગામમાં પધાર્યા ત્યારે તેમણે અપાર કરુણાથી એ આત્માના કલ્યાણ માટે પ્રથમ ગણધર ગૌતમસ્વામીજીને એની પાસે મોકલ્યા.

ગણધર ભગવંતે તેના ખેતરે જઈને તેને ખેતીની ઘોર હિંસા સમજાવી; સંસારવાસની અસારતા સમજાવી; આથી તે પ્રતિબુદ્ધ થયેલા ખેડૂતે ત્યાં જ દીક્ષા ગ્રહણ કરી.

ગણધર ભગવંતે તેને કહ્યું, 'હવે હું તને મારા ગુરુ પાસે લઈ જાઉં.'

'રે! આપના માથે ય ગુરુ? આપ જ તો ગુરુના સર્વગુણોથી સુશોભિત છો!' નૂતન મુનિએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું.

તે વખતે ગણધર ભગવંતે જગદ્‌ગુરુ પરમાત્માના બાહ્ય

અભ્યંતર સ્વરૂપનું જે વર્ણન કર્યું તે સાંભળતાં જ નૂતન મુનિને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. પણ અફસોસ ! જ્યારે તેણે સાક્ષાત્ પ્રભુ વીરનું દર્શન કર્યું ત્યારે તે વિહ્વળ થઈ ગયો. તેણે ગણધર ભગવંતને પૂછ્યું, 'શું આ જ તમારા ગુરુ છે? જો આ જ તમારા ગુરુ હોય તો મારે તમારી સાથે ય રહેવું નથી; અને આ દીક્ષા ય પાળવી નથી.' આટલું બોલીને રજોહરણ વગેરે ત્યાં જ મૂકીને હાલિક ત્યાંથી નાસી ગયો !

પૂર્વભવનું પ્રભુ વીર સાથે બંધાયેલું હાલિકના આત્માનું વેર આગળ આવી ગયું ! એને પરમાત્મા પણ ન ગમ્યા.

પણ કેવી કમાલ કરી છે, કરુણાસાગર પરમાત્માએ? કે આ બધી ઊથલપાથલને કેવળ જ્ઞાનના પ્રકાશમાં તે કૃપાળુ જોતા હતા છતાં ગણધર ભગવંત ગૌતમસ્વામીજીને તેના પ્રતિબોધ માટે મોકલ્યા.

દીક્ષાથી પતન તો થયું જ; પણ પડે કોણ? જે ચડ્યો હોય તે જ ને? પ્રભુએ એને સમ્યગદર્શન પ્રાપ્ત કરાવી દઈને એક વાર પણ કેટલો ઊંચો ચડાવી દીધો? હવે ભલે કદાચ પડ્યો પણ તો ય એ આત્માનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્ત્તકાળની અંદર તો નિશ્ચિતપણે થઈ જ ગયો ને?

વાહ....પ્રભુની કેવી વ્યૂહાત્મક સહજ કરુણા!

અને પેલો હાલિક પણ કેવો નીકળ્યો? પ્રભુના સ્વરૂપનું પરોક્ષ રીતે વર્ણન સાંભળતાં સમ્યક્ત્વ કમાઈ ગયો; અને તે સ્વરૂપે પ્રભુને પ્રત્યક્ષ જોતાં સર્વવિરતિ ગુમાવી બેઠો.

'કર્મની પરિણતિઓ ખૂબ વિચિત્ર હોય છે.' તે શાસ્ત્રવચન અહીં કેટલું બધું યથાર્થ સ્વરૂપે પ્રત્યક્ષ થાય છે?

*

[૪]

## રાજા દશાર્ણભદ્ર

ચંપાનગરીથી વિહાર કરીને ત્રિલોકગુરુ એકદા દશાર્ણ દેશમાં પધાર્યા. દશાર્ણ દેશના રાજા દશાર્ણભદ્ર ત્રિલોકગુરુના પરમ ભક્ત હતા.

ભક્તને ભગવાન પધારી રહ્યાના સમાચાર મળ્યા. 'આવતી કાલે જ પ્રભુ દશાર્ણનગરની બહાર ઉદ્યાનમાં પધારશે.' રાજદૂતે રાજા દશાર્ણભદ્રને જણાવ્યું. રાજાએ સભાને જણાવ્યું કે, 'જ્યારે પરમાત્મા પધારે છે ત્યારે હું પણ એવી અદ્‌ભુત–કોઈએ ન કરી હોય કે ન દાખવી હોય તેવી—સમૃદ્ધિથી પરમાત્માને વંદના કરવા જઈશ કે આખી દુનિયા, અરે! દેવગણો પણ સ્તબ્ધ થઈને મોંમાં આંગળાં નાંખી દે.'

અને ખરેખર....રાજા દશાર્ણભદ્ર પોતાની તમામ બુદ્ધિ, શક્તિ, સંપત્તિ અને સામગ્રી એની પાછળ લગાવી દીધી અને બીજે દિવસે સવારે અતિભવ્ય રીતે રાજા સમવસરણમાં આવ્યો.

સમવસરણનાં પગથિયાં ઉપર એના જે પગ પડતા હતા; તેમાં ય તેનો ગર્વ વ્યક્ત થતો હતો; તેનું મસ્તક પણ ગર્વથી એકદમ ઉન્નત હતું; તેની આંખોમાં પણ ગર્વ ઘોળાતો સ્પષ્ટ દેખાતો હતો. તેની ભૃકુટિ અને તેનું લલાટ પણ ગર્વની તેજ-રેખાઓથી અંકાયેલા સ્પષ્ટ જણાતાં હતાં. સમવસરણમાં પોતાને યોગ્ય સ્થાને બેસતી વખતે; બેસવાની રીતમાં પણ તેનો ગર્વ અછતો રહ્યો ન હતો.

ભારે ઠાઠ કરીને જગતને પોતાની સમૃદ્ધિ દેખાડી દેવાના રાજા દશાર્ણભદ્રના ઓરતા દેવલોકમાં ઇન્દ્રની નજરમાં આવી ગયા હતા. પરમાત્માના ભક્તની આ દશા થાય તે બીજા પરમાત્મા-

ભક્તથી કેમ સહેવાય? દેવેન્દ્રે નિશ્ચય કર્યો કે, દશાર્ણભદ્રની સાન મારે ઠેકાણે લાવી દેવી.

દેવેન્દ્ર પાસે જે દૈવી સમૃદ્ધિ હતી; જે વૈક્રિય શક્તિ હતી તેની પાસે તો દશાર્ણભદ્રની માનવીય શક્તિ અને સમૃદ્ધિ તો બેશક વામણી પુરવાર થઈ જાય તેમ હતુ.

ખરેખર તેમ જ થયું. પોતાની વૈક્રિય શક્તિથી જલમય વિમાન તૈયાર કરીને દેવેન્દ્ર તેમાં બેઠો. અદ્ભુત હતું; એ વિમાન. અનોખા હતા; એનાં કમળો, જાજરમાન હતાં; એના રત્નો અને મણિ વગેરેનો ચળકાટ. વિમાન દ્વારા મર્ત્યલોકમાં અવતરેલો દેવેન્દ્ર હવે ઐરાવત હાથી ઉપર આરૂઢ થઈને સમવસરણ પ્રતિ જવા લાગ્યો.

એ હાથીની સમૃદ્ધિ તો કોઈ ઓર જ થતી, કલમ એનું વર્ણન ન કરી શકે; કવિ એને કવિતામાં ન ઉતારી શકે. સ્વપ્નની સૃષ્ટિમાં ય એ કદી ન અવતરી શકે.

દેવેન્દ્રના એ વૈભવપૂર્વકના આગમનને જોઈને દશાર્ણભદ્રનું મુખકમલ કરમાઈ ગયું. એને પોતાની ગર્વિષ્ઠ જાત ઉપર ધિક્કાર વછૂટી ગયો. એક બાજુ એણે સાગર જોયો; એની સાથે વિશાળતાની સ્પર્ધામાં ચડેલું ખાબોચિયું જોયું! એનું અંતર શરમાઈ ગયું! એ મનોમન બોલી ઊઠયો; 'ક્યાં હું કૂવાનો દેડકો! ક્યારે ય મેં જોઈ નથી, આવી સાગરની સમૃદ્ધિ!'

દશાર્ણભદ્ર પોતાના ગર્વના પોતાની જાતે, એકરારના અને પશ્ચાત્તાપના મુદ્ગરથી ચૂરેચૂરા કરવા લાગ્યો.

એ આત્મા આમ તો લઘુકર્મી હતો; જરાક આડા રવાડે ચડી ગયો'તો એટલું જ....

એટલે અભિમાન ગળવા લાગ્યું અને વિરાગની આગ ભભૂકવા લાગી. ભોગ-રાગના આલિશાન ખંડો એમાં ભસ્મીભૂત થવા લાગ્યા. ત્યાગનો સૂર્ય ક્ષિતિજમાં પ્રગટ થયો. તે જ ક્ષણે દશાર્ણભદ્ર પોતાની દોમદમામ સમૃદ્ધિમાં જીવંત પુરાવારૂપ આભૂષણો

ઉતારવા લાગ્યા.

દેવેન્દ્ર તો એ દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા. એ મનોમન બોલી ઊઠ્યા, 'દશાર્ણભદ્ર શું કરી રહ્યા છે? શું સર્વવિરતિધર મુનિરાજ બનવાની તૈયારી કરે છે? અરે! અરે! ગર્વ ચુરાયો! અને શર્મ ઊભરાયો! અદ્‌ભુત! અદ્‌ભુત!'

પણ ત્યાં તો દશાર્ણભદ્રે પાંચ મૂઠીમાં જ વાળનો લોચ કરી દીધો! અને ગણધર ભગવંતની પાસે આવીને મુનિવેષ પહેરી લીધો!

ચિત્રમાં ચીતરેલો દેવેન્દ્ર જેવો દેવેન્દ્ર બની ગયો!

મુનિ પર્ષદામાં જઈને બેઠેલા નૂતન મુનિવર દશાર્ણભદ્રની પાસે જઈને દેવેન્દ્રે પોતાનું મસ્તક ઝુકાવી દીધું! ગદ્‌ગદ્ કંઠે દેવેન્દ્ર બોલ્યો, 'હું હાર્યો! તમે જીત્યા! મેં રાજા દશાર્ણભદ્રને હરાવ્યા'તા, પણ મુનિ દશાર્ણભદ્રે મને હરાવી દીધો! સત્તા, સંપત્તિ કે સમૃદ્ધિની ટોચ અમારી દેવોની દુનિયા પાસે છે, પણ સર્વવિરતિની ટોચ તો તમારી જ પાસે! ત્યાં તો અમે ડગ પણ માંડીએ શકીએ નહિ.

મુનિવર! આપનો ગર્વ હું ઉતારવા ગયો; પણ આપે મારો ગર્વ ગાળી નાખ્યો! મને ક્ષમા કરો. આપના મહાન આત્માની મેં આશાતના કરી છે!'

કેવી કમાલ છે; વીરશાસનના શ્રામણ્યભાવની! સત્તા, સંપત્તિ અને સમૃદ્ધિના ફાટફાટ વૈભવોમાં મહાલતા મહાલયોના સ્વામીઓને પણ જેના ચરણોમાં દાસ થઈને બેસી જવું પડે!

હા...તેથી જ જ્યાં શ્રામણ્યભાવની સ્પર્શના થઈ શકે છે તે માનવગતિ જ મહાન છેઃ પછી ચાહે તેટલી વિપત્તિઓ; ગંદકીઓ વગેરેથી તે ભરેલી કાં ન હોય?

જ્યાં એ શ્રામણ્યભાવથી સ્પર્શના નથી તે દેવગતિ તુચ્છ છે; નગણ્ય છે; પછી ચાહે તેટલા વૈભવોના ડુંગરો ત્યા ખડકાયા કાં ન હોય?

આથી જ મર્ત્યલોકના ડાહ્યા માનવો તે દેવગતિમાં જન્મ લેવાનું કદી ઇચ્છતા નથી; અને દેવગતિના ડાહ્યા દેવો માનવ-ગતિમાં જન્મ લેવા માટે સતત ઇંતેજાર રહે છે! ઓ કમનસીબ માનવ! છતાં ય તું ભાન ભૂલ્યો છે, મર્ત્યલોકની અશુચિભરી માનુનીમાં; અશરણ સ્વજનોના, અનિત્ય દેહમાં અને દુર્ગતિપ્રદ અર્થપુરુષાર્થમાં!

જાગ....જાગ...ઓ, માનવ! જાગ. યાદ રાખ; લાખો દાનેશ્વરી-ઓના પુણ્ય કરતાં એક જ શીલવાન કે સામાયિકવાનનું પુણ્ય બળ ઘણું મહાન છે.

લાખો શ્રાવકોના લાખો શીલ અને સામાયિક કરતાં એક જ નિર્ગ્રંથની એક જ પળની સર્વવિરતિધર્મની સ્પર્શના એ ઘણી મહાન સાધના છે.

નીચેની કક્ષાના જે લાખો ન કરી શકે તે ઉપરની કક્ષાનો એક જ કરી જાય. નીચે ક્ષેત્ર વિરાટ; પણ પરિણામ સૂક્ષ્મ. ઉપર ક્ષેત્ર સૂક્ષ્મ, પણ પરિણામ વિરાટ. ગૃહસ્થજીવનની ગમે તેટલી ધાર્મિક પણ મોટાઈ; મુનિજીવનની નાનામાં નાની સાધના પાસે ય વામણી બની રહે છે. દશાર્ણભદ્રનો ઇન્દ્રને મળેલો વળતો ફટકો આપણા સહુના જીવનને પ્રબોધનારો બની રહો.

સહુ સમજી રાખજો કે સ્થૂલ જગતનાં સ્થૂલતમ તોફાનો ઉપર આપણે વિજય મેળવવો હશે તો તે વિરતિધર્મની શુદ્ધ આરાધનાઓની સૂક્ષ્મ તાકાત વડે જ મેળવી શકાશે.

ના....'માઇક, 'ફ્લાઇટ' કે નિરર્થક 'ફાઇટ'થી તો આપણે જ ક્યાંક અટવાઈ જશું; ફેંકાઈ જશું કે હોમાઈ જશું.

*

[૫]

## રૌહિણેય ચોર

ત્રિલોકગુરુ ધરતીનો ખોળો ખૂંદતા હતા. વધુ ને વધુ ભવ્ય જીવો પામે તે માટે નગરોમાં જ વિહાર ન કરતા; કસબાઓમાં, રે ! ભયાનક ખીણ-પ્રદેશોનાં ગામડાંઓમાં; ખેડૂત પ્રજાના વસવાટોમાં (દ્રોણમુખમાં)પણ વિહાર કરીને પહોંચતા; અને તે તે પ્રજાને તેમની કક્ષા મુજબનો ઉપદેશ દેતા. આથી જ મિથ્યાદૃષ્ટિ લોકોમાં ભારે સન્નાટો ફેલાઈ ગયો હતો. રે ! તેમના ઘરમાં પેસી જઈને કોક ઘર લૂંટી જતું હોય તેવો તેમને આભાસ થતો હતો. સરળ પરિણામી જીવોની વાત જુદી; અને કઠોર પરિણતિવાળા આત્માઓની વાત જુદી.

એ સમયે રાજગૃહીનગરી પાસે આવેલા વૈભારગિરિની એક ગુફામાં લોહખુર નામનો–જેનું નામ લેતાં રોતાં બાળકો શાન્ત થઈ જાય એવો નામચીન ચોર હતો.

મરતી વખતે એણે પિતૃભક્ત રૌહિણેય નામના પોતાના પુત્રને પ્રતિજ્ઞા કરાવી હતી કે ભૂલેચૂકે પણ મહાવીરનું વચન તેણે સાંભળવું નહિ !

હાય ! જ્યારે આ ધરતી ઉપર પ્રભુ સાક્ષાત્–સદેહે–વિદ્યમાન હતા ત્યારે આવા માવતરો જો પાકયા હોય તો આ હડહડતા કળિયુગમાં તો તેવી ઘટનાનું શું આશ્ચર્ય થાય ?

પણ કર્મનાં ગણિત અકાટય છે. એમાં એક મીંડાની ય ભૂલ કયારેય આવી નથી. એ જ ભવમાં જે રૌહિણેય પરમાત્મા મહાવીરદેવનો શિષ્ય બનીને ઘોર તપસ્વી થઈને સ્વર્ગે સંચરવાનું કર્મના ચોપડે જડબેસલાક લખાઈ ચૂકયું હતું તેને વળી આ પ્રતિજ્ઞા !

રૌહિણેયનો જવા–આવવાનો જે રસ્તો હતો ત્યાં જ પ્રભુના સમવસરણની રચના થઈ હતી. રોજ ત્યાંથી પસાર થતો એ ચોર

કાન ઉપર સજ્જડ રીતે હાથ મૂકીને દોડતો દોડતો પસાર થઈ જતો. પણ એને બાપડાને ક્યાં ખબર હતી કે આ દોડવાની ક્રિયા જ તારા કાનમાં પ્રભુની દેશનાના શબ્દો પેસાડી દેવાનું અને જીવન પરિવર્તન લાવી મૂકવાનું કામ કરવામાં મુખ્ય ભાગ ભજવવાની છે?

એક દી' એ રીતે દોડતાં એના પગે કાંટો વાગ્યો. જોરદાર રીતે પગમાં ખૂંપી ગયો. બેસીને કાઢ્યા વિના કોઈ ઉપાય ન હતો. અન્યથા હવે ચાલી શકાય તેમ ન હતું.

નિરુપાયે ચોર બેઠો. હાથેથી કાઢવામાં વાર તો લાગે જ? તે વખતે જ તેના કાનમાં પરમાત્માની દેશનાના દેવોના સ્વરૂપ અંગેના કેટલાક શબ્દો તેના કાને પડી ગયા. જેમાં પ્રભુએ કહ્યું હતું કે, 'દેવોની આંખ મટકું મારતી નથી; તેઓ ધરતીથી ચાર આંગળ અદ્ધર ચાલતા હોય છે, ગળામાં પડેલી પુષ્પની માળા જીવનકાળમાં કરમાતી નથી' વગેરે.

પિતાની પ્રતિજ્ઞાનો આ રીતે ભંગ થવાથી રૌહિણેયને ઘણું દુઃખ થયું પણ તે લાચાર હતો.

એક દી' તે મગધના મહામંત્રી અભયકુમારના છટકામાં સપડાઈ ગયો. તેની પાસે ચોર તરીકેની કબૂલાત કરવામાં જ્યારે અભય બધી રીતે નિષ્ફળ ગયા ત્યારે તેને ઊંઘાડી દઈને ચારે બાજુ દેવલોકનું વાતાવરણ સર્જ્યું. દેવાંગના જેવી કુમારિકાઓને સજી.

તે ઊઠ્યો ત્યારે જાણે કે તેનો તાજો જ દેવલોકમાં જન્મ થયો હોય તેમ તેને દેવાંગનાનો પાઠ ભજવતી સ્ત્રીઓએ વધાવ્યો. પછી તેમણે તેને પૂછ્યું કે, 'તમે શાથી અમારા સ્વર્ગમાં જન્મ લીધો? તમે કરેલાં સુકૃત્યો અને દુષ્કૃત્યોનું વર્ણન કરો.'

રૌહિણેયને આ નાટકમાં ભારે શંકા પડી ગઈ હતી, તે વખતે તે સ્ત્રીઓ વગેરે ખરેખર દેવાંગના છે? તે જાણવા પરમાત્માનાં વચનોને કામે લગાડ્યાં. 'રે! આ સ્ત્રીઓની આંખો તો મટકાં મારે છે; વળી તે ધરતી ઉપર જ ઊભી છે....રે! કોઈ કલમ અહીં તો લાગુ થતી નથી!' રૌહિણેય મનોમન બોલી ઊઠ્યો. તે એકદમ સાવધ થઈ ગયો. પછી તો નાટકમાં તે ય ભળ્યો અને બધાને

આબાદ ઉલ્લુ બનાવ્યા. છેવટે લાચાર થઈને અભયકુમારે તેને છોડી મૂક્યો.

પછી રૌહિણેયને પરમાત્મા મહાવીરદેવ ઉપર ભારેથી ભારે સદ્‌ભાવ જાગી ગયો. પેલી પ્રતિજ્ઞા ઉપર અને તેના દાતા-પિતા ઉપર તેને તિરસ્કાર વછૂટયો! 'આવા હાજરાહજૂર પરમાત્મા જગતમાં હોવા છતાં મેં ક્યારેય દેશના–શ્રવણ ન કર્યું, જીવન સમર્પણ ન કર્યું', એ વિચારથી એને ખૂબ અફસોસ થયો.

'હજી કશું બગડી ગયું નથી. હારની બાજી તો મોડેમોડે પણ જીતમાં પલટી શકાય છે, જો સત્ત્વ હોય તો....' એમ વિચારીને પરમાત્મા પાસે પહોંચ્યો. સઘળાં દુષ્કૃત્યોનું પ્રાયશ્ચિત્ત કર્યું.

દેશનામાં પધારેલા મહારાજા શ્રેણિક અને અભયમંત્રીની સમક્ષ સ્વરૂપ પ્રગટ કરીને ચોરીનો તમામ માલ દેખાડી દીધો.

પરમાત્માને તેણે પૂછયું કે, 'મુનિજીવન માટે તે યોગ્ય છે કે નહિ?' પરમાત્માએ હકારમાં ઉત્તર આપતાં તે દીક્ષા લેવા સજ્જ થયો.

મગધપતિએ રૌહિણેયનો દીક્ષા-મહોત્સવ કર્યો.

'જે કમ્મે શૂરા તે ધમ્મે શૂરા' એ કહેતી તેણે સાર્થક કરી ઘોર તપ કરીને કાયાને કૃશ કરી નાખી, છેવટે પ્રભુની અનુજ્ઞા લઈને વૈભારપર્વત ઉપર પાદપોગમન અનશન કર્યું. શુભ લેશ્યામાં કાળધર્મ પામીને રૌહિણેય મુનિ સ્વર્ગે ગયા.

હે વીર! રૌહિણેય જેવા ચોર–લૂંટારાના પણ આપ તારક બન્યા! ચંડકૌશિક જેવા ઝેરી નાગનો–આપને મારવા નીકળેલાનો પણ આપે ઉદ્ધાર કર્યો! ગોશાલક જેવા અધમાત્માને પણ આપે અંતરાત્મા બનાવ્યો અને અમને જ આપ ભૂલી ગયા? ઓ, નાથ! ખેર....હવે તો અમને સંસાર સાગરથી તારજો; અમારે તરવું છે; તરવાની તીવ્ર તાલાવેલી છે. ના...ના...રૌહિણેય, ચંડ-કૌશિક કે ગોશાલકના ભૂતકાળ જેટલો ભયંકર તો અમારો ભૂતકાળ પણ ન હતો અને વર્તમાનકાળ પણ નથી. તારો! ઓ, તરણ-તારણહાર! અમને ઉગારો.

[૯]

# મંત્રીશ્વર અભયકુમાર

એ વૃન્દમાં અજય અને સંજય પણ હતા. તેમણે સમગ્ર ઘટના જોઈ. મંત્રીશ્વર અભયકુમારની કાર્ય કરવાની ચાતુરી અને અવસરોચિત કરડાકી જોઈને અજય તો સ્તબ્ધ થઈ ગયો હતો; પરંતુ સાથોસાથ અભય ઉપર આફરીન પુકારી ગયો હતો.'

રાજગૃહીના પ્રજાજનો સમક્ષ એણે વિરતિધર્મનું જ ગૌરવ કર્યું એ જોઈને તો એની અક્કલ કામ કરતી ન હતી. હે! કેવું આ જિનશાસન; કે જેને પામેલા કોટિપતિઓ અને સત્તાના સ્વામીઓ પણ ભિક્ષુના સર્વવિરતિધર્મ માટે કેટલું બધું અપાર બહુમાન ધરાવતા હોય છે?

અજયે ગુરુજી સંજયને પૂછ્યું, 'ગુરુજી! જે અભય મંત્રીના હૈયે સર્વવિરતિ ધર્મ જ રમી રહ્યો જણાય છે, તે સ્વયં પણ શું એ જ માર્ગે પ્રયાણ કરશે ખરા?'

'વત્સ! અજય! જ્યારે મંત્રીશ્વર અભય આપની સમક્ષ કઠિયારા–મુનિના સર્વવિરતિધર્મના અંગીકારની વાત કરતા હતા ત્યારે તેં ધ્યાન દઈને તેમની સામે જોયું હોત તો તને એમનાં ચક્ષુઓ આંસુભીનાં થઈ ગયેલાં દેખાયાં હોત. પોતે એ પરમ-પાવનકારી જીવનના પથ ઉપર હજી ડગ ભર્યો નથી તેનો ખેદ અશ્રુસ્વરૂપે બહાર આવ્યો હતો.

અજય! જિનશાસનનો સાચો શ્રાવક કે સાચી શ્રાવિકા તે જ કહેવાય કે જે સર્વવિરતિધર્મ મેળવવા માટે તલસતા હોય; એ ધર્મ ન મળે ત્યાં સુધી ભરપૂર ભોગ-સુખોની વચ્ચે રહેવા છતાં પાણી વિનાની માછલીની જેમ તરફડતા હોય. આવા આત્મા-

ઓને કદાચ કારણવશાત્ સંસારમાં રહેવું પડે તો તે રહે ખરા, પણ તેમાં રમે તો નહિ જ.

મંત્રીશ્વર અભયના ભાવિની વાત તેં મને પૂછી તો હવે મેં જે કાંઈ જ્ઞાની ભગવંત પાસેથી જાણ્યું છે તે તને કહું.

વાત એમ છે કે, 'હું ક્યારે જિનશાસનના શણગાર જેવો અણગાર બનીશ?' એવી સતત ચિંતા સેવતા અભયને એક વાર તેમના પિતા મગધપતિ શ્રેણિકે રાજ્યનો કારભાર સ્વીકારી લેવા જણાવ્યું. અભયને થયું કે રાજ્યની ધૂરા વહન કર્યા બાદ હું તેમાં જ ફસાઈ જાઉં કે કાળ દરમિયાન જ મારું મૃત્યુ થઈ જાય તો મારી દીક્ષાનું શું થાય? એટલે એક વાર પરમાત્મા મહાવીર-દેવની પાસે જઈને સઘળી હકીકત મારે જાણી લેવી જોઈએ. પિતાજી તો પરમાત્માના પરમભક્ત હતા એટલે એમણે પણ અભયને પરમપિતા પ્રભુ મહાવીરદેવ પાસે જઈને સઘળી વિગત વિચારી લેવાની સંમતિ આપી.

અભય પ્રભુજીની પાસે ગયા. વિનીતભાવે એક જ પ્રશ્ન પૂછ્યો કે, 'હે ત્રિલોકગુરુ તરણ-તારણહાર દેવાધિદેવ! છેલ્લા રાજર્ષિ કોણ?' અર્થાત્ રાજા થયા બાદ દીક્ષા લે તેવા છેલ્લા રાજા કોણ થશે?'

પરમપિતાએ જણાવ્યું, 'અભય! થોડા જ સમય પૂર્વે જે ઉદયન રાજાને મેં દીક્ષા આપી છે તે જ છેલ્લા રાજર્ષિ છે. હવે પછી રાજા થનારો કોઈ આત્મા મારા શાસનકાળમાં દીક્ષિત થશે નહિ.'

અભયને પોતાના સવાલનો જવાબ જડી ગયો. જો પોતે રાજા થાય તો દીક્ષા થવાનું અસંભવિત બની જાય-એ વાત નિશ્ચિત થઈ ગઈ.

અજય! મગધના રાજા થવા કરતાં અભયને મહાવીરદેવના શાસનના રંક થવું હતું. આ શાસનનું ભિક્ષુપણું યે મગધના રાજવી-

પણા કરતાં એને મન ઘણું કીમતી હતું. રાજવીપણાના વૈભવો તો વીરશાસનના ભિક્ષુપણાના વિરાટ વૈભવ પાસે ખૂબ વામણા અને અત્યંત તુચ્છ લાગતા હતા.

અભયે મનોમન ગાંઠ વાળી દીધી કે હવે રાજનો સ્વીકાર તો ન જ કરવો અને .. અજય ! અભય માટે સોનાનો એક દી' ઊગી જશે જ્યારે સર્વવિરતિધર્મના પંથે પિતાજીની સહર્ષ આજ્ઞા લઈને મંત્રીશ્વર અભય ડગ માંડી દેશે.

અજય ! કમાલ, કમાલ છે આ જિનશાસનની; કે જેના ધનાઢ્યો; સત્તાપત્તિઓ, નમણી નજાકત કન્યાઓ, રૂપસુંદરી અને ગર્ભશ્રીમંત યુવાનો, અભિનવ પરિણીત યુગલો સર્વવિરતિ-ધર્મના કાંટાળા કઠોર પંથે ડગ માંડી દે છે. રે ! જે જિનશાસન પ્રતિ મહાપંડિત અને જ્ઞાન ગવિષ્ઠ વિપ્રો પણ ઘણી મોટી સંખ્યામાં ખેંચાયા, તો જૈન કુળોમાં જ જન્મ પામેલા અભયો, શાલિભદ્રો કે ચંદનબાળાઓ તે મહામંગલકારી જિનશાસનને પોતાનું જીવન સમર્પણ કરે; તન, મન અને ધન કુરબાન કરે તેમાં શી નવાઈ ?

અજયની આ અમૂલખ કર્મ નિર્જરા કરતી પવિત્ર વિચાર-ધારા એકાએક અટકી પડી; કેમકે વૃન્દ ગણધર ભગવંત શ્રી સુધર્મા-સ્વામીજીની વસતિ પાસે આવી પહોંચ્યું હતું. સહુએ ગગનભેદી નાદે શાસનપતિ ત્રિલોકગુરુ, પરમાત્મા મહાવીરદેવની જય પોકારી હતી; ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીજીની જય બોલાવી હતી.

*

[૭]

## ઇતિહાસનો સૌથી મોટો ખૂનખાર જંગ

નાનકડી એક વાતમાં આ અવસર્પિણીના ઇતિહાસનું સૌથી મોટું યુદ્ધ ખેલાઈ ગયું, જેમાં બે ય પક્ષના મળીને એક ક્રોડ અને એંસી લાખ માનવોનો સંહાર થઈ ગયો.

મગધનરેશ; પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત મગધનરેશ મહારાજા શ્રેણિકના પુત્ર કુણિકને પદ્માવતી નામે પટ્ટરાણી હતી. તેણીને પોતાના દિયરો હલ્લ અને વિહલ્લને પિતાએ ભેટ આપેલા. દિવ્ય વસ્ત્ર, હાર, કુંડળ અને સેચનક હાથી મેળવવાની ઇચ્છા થઈ. તેણે પોતાના પતિ કુણિકને આ વાત કરી. પત્ની પ્રત્યેના અથાગ મોહને કારણે ઘણી આનાકાની પછી કુણિકે તે વસ્તુઓ નાના ભાઈઓ પાસેથી મેળવી આપવાની પદ્માવતીને ખાતરી આપી.

પણ અફસોસ! હલ્લ અને વિહલ્લે મોટા ભાઈ કુણિકને તે વસ્તુઓ આપવાનો નનૈયો ભણી દીધો અને બધી વસ્તુઓ લઈને એકાએક મામા ચેટક મહારાજા પાસે વૈશાલીમાં ચાલ્યા ગયા.

આટલી વાતમાં પોતાના મામા મહારાજા ચેટક સાથે કુણિકનું યુદ્ધ છેડાઈ ગયું.

કુણિકના કાલ, મહાકાલ વગેરે દસે ય ભાઈઓ સૈન્યનું સેનાધિપતિપદ પામીને ક્રમશઃ ચેટક મહારાજાના એકેકા બાણથી હણાયા. દૈવી શક્તિ અને સલાહ પ્રાપ્ત કરીને કુણિકે ઘોર રણસંગ્રામ ખેલ્યો. બન્ને પક્ષના એક ક્રોડ અને એંસી લાખ માનવો હણાઈ ગયા. આર્તધ્યાન આદિમાં મૃત્યુ પામીને નારક કે તિર્યંચની ગતિમાં ગયા.

પણ તો ય કુણિકનો કષાય શાંત ન પડ્યો; પાછો ન

વર્ચ્યો. અનેક દાવપેચ કરીને અંતે તેણે વૈશાલી ઉપર વિજય મેળવ્યો.

મહારાજા ચેટક અનશન કરીને મૃત્યુ પામ્યા. હલ્લ અને વિહલ્લ દૈવી સહાયથી પ્રભુ વીર પાસે પહોંચી ગયા અને વૈરાગ્યથી વાસિત થઈને તેમણે દીક્ષા લીધી. અરણ્યના એકાંતમાં રહીને ઘોર તપ કરતાં કુલવાળુક મુનિની વિજય પામવામાં સહાય લેવા માટે કુણિકે તે સાધુનું વેશ્યા મોકલીને પતન કરાવ્યું. તેના દ્વારા જ વૈશાલીની રક્ષા કરતા મુનિસુવ્રતસ્વામીજીની પ્રતિમાવાળા સ્તૂપને કાવાદાવાથી તોડાવીને ખેદાન-મેદાન કરી નાખવામાં આવ્યો.

ન જાણે આવો તો કેટલો ય વિનાશ થયો; કેટલી ય રમતો રમાઈ! અત્યંત કાળા અક્ષરે આ આખો ઇતિહાસ લખાયો.

સવાલ એક જ છે કે પ્રભુ મહાવીરદેવ તે કાળમાં આ ધરતી ઉપર સદેહે વિચરતા હતા, તો તેઓ કાંઈ જ કરી ન શક્યા? કુણિકને આ અઘોર સંહાર કરતા અટકાવી ન શક્યા? કુણિકે તો એ પરમકૃપાળુ પરમપિતાના અદ્ભુત અને અજોડ નગર-પ્રવેશ મહોત્સવો કરાવ્યા હતા! તો શું પ્રભુએ તેને કેમ સમજાવ્યો નહિ?

બસ....એનું જ નામ ભવિતવ્યતા. પરમપિતા પોતાના જ્ઞાનપ્રકાશમાં આ અઘોર સંહારનું નિશ્ચિત નિર્માણ જોતા હતા... જે નિશ્ચિત નિર્માણ છે તેને કોઈ જ મિથ્યા કરી શકતું નથી. ના....ખુદ પરમપિતા પરમાત્મા પણ નહિ.

ઓ, પદ્માવતી! તારા જ પાપે આ અઘોર સંહાર થયો ને?

ઓ, જડ પુદ્ગલ! તારા પ્રત્યેના રાગે જ પદ્માવતીની બુદ્ધિ બગડી ને?

ઓ, જીદ! તારા સંકજામાં આવીને જ કુણિકે આ કામ કર્યું ને?

'ઓ, ભવિતવ્યતા! તેંજ પ્રભુ વીરની ઉપસ્થિતિમાં ય આવો

કાળો કેર વર્તાવી દીધો ને?

ઓ દૈવી બળો! કોક પુણ્યશાળીના પુણ્યના કારણે જ તમે લાચાર બનીને કુણિકની દુષ્ટતાને આધીન બન્યા અને એ મહા-સંહારમાં માર્ગદર્શક બન્યા ને?

ધિક્કાર છે આ સંસારને! જ્યાં આવું આવું તો ન જાણે કેટલું ય રોજ બને! દર કલાકે બને છે! દર મિનિટે અને દર સેકંડે બને છે!

અઘોર સંહારનો સર્જક આત્મા કેવો ક્રૂર હશે કે જેને પ્રભુએ–ચક્રવર્તી ન હોવાથી–છઠ્ઠી નરકમાં ગમન જણાવ્યું ત્યારે સાતમી નરકે જવા માટે ચક્રવર્તી બનવાના નિષ્ફળ પ્રયત્નો શરૂ કરી દીધા હતા!

૦

[૮]

## નરકેસરી મગધરાજ

અંધિયારી એ રાત હતી. એ રાત્રિના અંધકારના ગાઢ થરોને પણ ચીરી નાંખીને, ઓતરાદી દિશાના પવન સાથે ભળીને કોઈના પોકાર રાજગૃહીના નગર તરફ દોડ્યા આવતા હતા. ભારે કરુણતા એમાં હતી. જીવતા લોહીને થીજાવી નાખે તેવા એના સ્વરો હતા. રાજગૃહીના નાગરિકોની રાત્રિઓ દર્દભરી પસાર થતી હતી.

સહુ જાણતું હતું એ પોકારો ક્યાંથી આવે છે! મગધરાજ શ્રેણિકે કેદીઓને સતાવવા માટેની બનાવેલી લોખંડી ચાર દીવાલની અંદર પુરાયેલા એ જ મગધરાજના એ સિસકારા હતા. પોતે જ પોતાનામાં પુરાયા હતા. એ સૂરજ હવે અસ્તાચલને ભેદી ચૂક્યો હતો. પણ કોની મજાલ હતી કે ઊગતા સૂરજ (રાજા કુણિક)ની સામે કોઈ માથું ઊંચું કરી શકે? ઊંચું કરે તો ધડ ઉપરથી માથું જુદું થઈ ગયા વિના ન જ રહે.

પિંજરે પુરાયેલા વનકેસરીની જેમ મગધરાજ આડા પડ્યા હતા. એમના દેહ ઉપર ચામડાનો લાંબો ઝભ્ભો હતો. મોં પર પ્રતાપ તો એનો એ જ હતો.

પડખેની એક દીવાલે લોખંડી સળિયાવાળી એક નાનકડી બારી હતી. આછો પ્રકાશ તેમાંથી આવી રહ્યો હતો.

અજય-સંજય ત્યાં આવી ચૂક્યા હતા. મગધરાજના એકલી કરુણતાભર્યા સીસકારાઓ સાંભળીનેસ્તો.

મગધરાજ ધીમા અવાજે બોલી રહ્યા હતા.

'પરમકૃપાળુ પરમાત્માનો હું અનન્ય ભક્ત! છતાં મોહરાજ-

નો ય ગુલામ! મન સોંપ્યું મેં પરમાત્માને, તન આપ્યું મોહરાજને!'

આ તન પણ પરમાત્માને ખોળે મૂકી દીધું હોત તો આ દુઃખના દિવસો જોવાના આવત ખરા? દુઃખ તો ઠીક, એને હું કદી રડયો નથી. આજે પણ રડવાનો નથી. મૃત્યુની પળે પણ દીન બને એ બીજા, આ મગધરાજ નહિ.

પણ....સુખોની પળોમાં ય મેં આ તન મોહરાજને સોંપીને કેટલું બાફી નાંખ્યું? કેવાં કેવાં પાપ કરી નાંખ્યાં. મારી મત્તાભૂખે મેં કેટલાંયનાં માથાં રણમાં રગદોળી નાંખ્યાં? અને મારી વાસના? હાય! કેટલી ભયાનક, કેવી ભૂખારડી એ કાળી નાગણ! માગતી જ રહી ભક્ષ્ય અને આપતો જ રહ્યો આ મગધરાજ એનું મનમાન્યું!

પેલી ચંપાની કળી સમી કોમળ સુનંદા! લગ્ન કરીને એક જ રાતમાં મેં એને મૂકી દીધી. કેવો વિશ્વાસઘાત કર્યો?

અને આજે પણ જેની હૈયાફાટ રુદન કરતી મને ઠપકો દેતી આંખો મારી સામે તરવરે છે તે સુલસા! એનાં જીવનનું બત્રીસે ય પુત્રનું સુખ મેં હણી નાંખ્યું! મારા કામાગ્નિમાં એ સુખને ભડકે બાળી મૂક્યું!

સુજ્યેષ્ઠાને મેળવવા ગયો, સુલસાના બત્રીસે ય પુત્રો મારા અંગરક્ષક તરીકે સાથે હતા. સુજ્યેષ્ઠાને બદલે ચેલ્લાણને ઉપાડી લાવ્યો અને....મારો પીછો પકડેલા ચેડામહારાજાના સૈનિકોની સાથે લડતાં લડતાં એ બત્રીસે ય ખપી ગયા, બધા ય મૃત્યુ પામ્યા. હું ચેલ્લણાને પામ્યો.

મહાશ્રાવિકા સુલસાના બત્રીસ પુત્રો ભોગ દઈને! કેવો કર્મચંડાળ!

અને પેલી નર્તકી આમ્રપાલી! જેના અંગ અંગમાંથી નર્યું રૂપ નીતરતું! રૂપનો જ એ સાગર હતી. એમાં ય મેં ડૂબકી મારી. ઘણી ડૂબકીઓ લગાવી, પણ....મુજ પાપીની ત્યાં ય તૃષા ન છીપી. મારી કામતૃષા તો વધતી જ ચાલી.

હું ઘરડો થયો, મારી તૃષા વધુ ને વધુ યુવતી બનતી ગઈ, બાળ બનતી ગઈ, ચંચળ થતી ગઈ.

એથીસ્તો મેં પેલી દુર્ગંધાને જોઈ ત્યારે મારું મન વિકારોથી ખદબદી ઊઠ્યું ને? છોકરી સાવ નાનકડી, હું સાવ બુઢ્ઢો! છતાં મને બુઢ્ઢાને જરા ય લાજ ન આવી. સત્તાના જોરે મેં એને મારા અંતઃપુરમાં બેસાડી દીધી અને એક જ રાતનું સુખ મેળવીને મેં એને ય રઝળતી કરી મૂકી.

મારું અંતઃપુર એટલે અબળાઓનો કારાવાસ! સેંકડો અબળાઓને મેં પૂરી દીધી! એમનાં અરમાનોને પણ એમાં જ દાટી દીધાં!

હું એક! અબળાઓ અનેક! કેટલીને સંતોષું? કેટલી મન મારીને જીવતી છતાં મોતની રાહ જોતી જીવતી હશે? કેટલી યે વળી મનપસંદ મેળવીને મનને મનાવી લીધા હશે?

નારી તો વાસનામૂર્તિ! ધસમસતા વાસનાના જળનો માર્ગ બંધ થાય તો તે ઝનૂની બનીને મારફાડ કરીને ય બીજો રસ્તો કાઢી લઈને જ જંપે!

હાય! નર જેવો નર, મગધરાજ વાસના કાબૂમાં રાખી ન શક્યો; તો નારીની તો બિચારીની શી મજાલ? એક વાર ભગવાન મહાવીરદેવે કહ્યું હતું, 'નર કરતાં નારીની વાસના અષ્ટગુણ હોય છે.'

પરમકૃપાળુ પરમાત્માએ જેને મહાસતી કહી તે ચેટકપુત્રી ચેલ્લાને કપાળે કલંકની કાળી ટીલી લગાડતાં મને જરા ય લાજ ન આવી. મારા સિવાય કશું ન જોતીને ય મેં એકદંડિયા મહેલમાં જીવતી સળગાવી મારવા મોકલી આપી.

ઓહો! કેટકેટલાનાં જીવનોને મેં રેંસી પીસી નાખ્યાં! મગધનો ન્યાય કરનારનો ય કર્મરાજને ત્યાં શું ન્યાય નહિ થાય! ત્યાં હું શું જવાબ આપીશ?

દેવાધિદેવ ભગવાન મહાવીરદેવનો હું અનન્ય ભક્ત કહેવાયો, છતાં મારા આ હાલ કર્મરાજે કર્યા!!! મારાં બાળકો વાસના-

વિજેતા બન્યા! મેઘ મહામુનિ બન્યો. નંદિષેણ પર્વતથી અધ-વચથી પડીને ઊભો થઈ જઈને પર્વતની ટોચે પહોંચ્યો. અભય પણ આ સંસારથી ભયભીત બનીને મને મૂકીને ચાલી નીકળ્યો. રહ્યો માત્ર હું! એમનો અભાગિયો બાપ! ના, ભાગ્યને શા માટે દોષ દઉં? એમનો વાસનાભૂખ્યો બાપ! એમ જ કહેવું જોઈએ.

કર્મરાજને તો જે ન્યાય તોળવો હશે તે તોળશે પણ મગધરાજે કેવો ભયાનક અન્યાય કરી નાખ્યો! કેવી રમત રમી નાંખી અગણિત અબળાઓ સાથે! જાત સાથે!'

અજય અને સંજય કાન દઈને સાંભળી રહ્યા હતા.

'મગધરાજ' મગધપતિ પોતે જ પોતાને સંબોધતા હતા.

'જે મગધ માટે તમે લોહીનાં પાણી કરી નાંખ્યા એ ય તમારું નહિ રહે હોં! તૈયાર થાઓ. હવે મગધમાંથી આઘા ચાલ્યા જવાની પળો ઝાઝી દૂર નથી હોં! મગધનો એક પણ પ્રજાજન તમારા મૃત્યુ ઉપર બે આંસુ પાડે તે ય શક્ય નથી. તમારી વિદાય ઉપર તો કદાચ સહુ આશ્વાસનનો એક શ્વાસ ખેંચશે.

'મગધરાજ! ભાવિની આ આગાહીમાં જરાય શંકા કરશો નહિ. તમારા જ દીકરા કુણિકે ભરસભામાં તમને મુશ્કેટાટ બાંધી લીધા હતા કે નહિ? કહો, ક્યા સેનાપતિએ કુણિકની સામે બંડ પોકાર્યું? કઈ પ્રજાએ બળવો કર્યો? કારાગારની દીવાલો તરફ તમે ચાલ્યા જતા હતા તે વખતે તમારા હાથ અને પગમાં લોખંડી સાંકળો હતી, તમે કેદીનો ઝભ્ભો પહેર્યો હતો. આ દૃશ્ય જોઈને રાજસભામાં બેઠેલા એક પણ માણસનો નિસાસો તમે સાંભળ્યો હતો? તમારી યાતના ઉપર કોઈનું ય રુદન સંભળાયું ન હતું? નહિ જ ને? તો જે જીવતા મુઆ જેવી તમારી દશા ઉપર રડ્યું નથી એ માણસ મુએલા તમારી દશા ઉપર રડશે? મગધરાજ! આશા રાખશો મા!'

થોડીક પળો પસાર થઈ. અંતર ફરી બોલવા લાગ્યું. 'ખેર.... ગમે તે થઈ જાઓ. મગધરાજ પોતાના સિંહાસન ઉપર જેટલો સ્વસ્થ

હતો, રણસંગ્રામમાં અશ્વ ઉપર બેઠેલો એ જેટલો નીડર હતો, એટલો જ આજે પણ સ્વસ્થ નીડર છે. ફેર એટલો જ કે ત્યાં એ પોતાના પુણ્યથી એ સ્વસ્થા અને નીડરતા પામ્યો હતો, આજે પરમાત્મા મહાવીરદેવનાં વચનામૃતોની સ્મૃતિની એ સિદ્ધિ પામ્યો છે, આવો મગધના પ્રજાજનો! તમે સહુ આવો, મગધરાજ આજે પણ સિંહ છે. હવે એને કશાની ભૂખ નથી. એ તદ્દન શાન્ત પડી રહેવાનો છે. તમે આવો, ગમે તે કરી જાઓ, એ જરાય અકળાશે નહિ!

બેટા અજાત! તું ય આવ. તારે જે કરવું હોય તે કરી લે. તારો અને મારો હિસાબ હવે ચોખ્ખો કરી નાંખવો છે. તારું લેણું જે નીકળતું હોય તે મારે બધુંય ચૂકવી દેવું છે.

બેટા! તું તો મારો વધુમાં વધુ ઉપકારી બન્યો! ભગવાન મહાવીરદેવ રાજમહેલમાં મને જે ન શીખવી શકયા એ તેં મને આજે જેલમાં શિખવાડી દીધું. થોડી જ વારમાં જગતની વિનાશિતા, કર્મની વિચિત્રતા, મોહરાજની મેલી ભયાનકતા વગેરે વગેરે બધું ય તત્ત્વજ્ઞાન તું જ મને આપી પ્રયો. મારો તો તું સૌથી વધુ ઉપકારી! તું મારા માટે જે કરે છે તે મારા હિત માટે જ બની રહ્યું છે. બેટા! જગત ભલે કાલે તને કહે કે તેં તારા પિતાને જેલમાં પૂર્યા! પણ હું તને કહું છું કે, તું એ વાત જરા ય ન માનીશ. તેં મને જેલમાં પૂર્યો જ નથી. હું તારો બાપ જાતે જ કહું છું કે તેં મને તત્ત્વજ્ઞાનના પ્રકાશની ભવ્ય દુનિયામાં મૂકયો છે. જો! મારી ચોમેર એ પ્રકાશ પથરાયો છે, અંતરમાં પણ એ જ ઊભરાઈને ઊછળી રહ્યો છે. બેટા, અહીં કયાંય અંધારું નથી. અહીં તો માત્ર પ્રકાશ! સાચી સૂઝનો પવિત્ર પ્રકાશ!'

મગધરાજ ઊભા થયા. આમતેમ ચાલવા લાગ્યા! એમના પગનો અવાજ સાંભળીને ચોકીદાર જરાક સ્વસ્થ થયો. ઊઠીને તાળું તપાસ્યું. કેદી અંદર જ છે ને? બીજું કાંઈ કરતો નથી ને? એની

ખાતરી કરી લીધી! સાથેના સહાયકને કહ્યું, 'ભાઈ ધ્યાન રાખજે હોં! આ રાજકેદી છે! જરાક ગફલતમાં રહ્યો તો છટકી જતાં એને વાર લાગે તેમ નથી.'

એ ચોકીદારની વાત સાંભળીને મગધરાજ ખડખડાટ હસી પડ્યા. સ્વગત બોલવા લાગ્યા, 'કેમ મગધરાજ! સાંભળ્યું ને? શો દમ છે કે હવે તમે છૂટી શકો? અરે! છૂટવું હોત તો ક્યારનો ય છૂટી ગયો હોત. પરમકૃપાળુ પરમાત્માએ વિરાગની ઓછી વર્ષા વરસાવી હતી? મુશળધાર! પણ છૂટવું જ કોને હતું? અને હવે આજે....નાસી છૂટું? સંત્રી બિચારો છે! બુદ્ધિહીન છે! એને ખબર જ નથી કે મગધરાજને તો બંધન જ ગમ્યાં છે. બંધનમાં જ એ જન્મ્યા છે, બંધનમાં જ જીવ્યા છે; હવે તો બંધનમાં જ એમને મરવું છે. છૂટવાની ભાવનાવાળા તો ગમે તે રીતે છૂટી જાય છે. મગધરાજને છૂટવું જ છે ક્યાં? સંત્રી તું નિશ્ચિંત રહે ભાઈ.

કેવો કંગાળ! ભગવાન જેવા ભગવાન મળ્યા અને હું ભિખારડો જ રહ્યો. મોક્ષ મારી હથેલીમાં જ હતો છતાં હું કારાવાસમાં પુરાયેલો જ રહ્યો; કોણ હશે મારા જેવો અભાગિયો! અભાગિયાઓની જમાતમાં હું અભાગ્યશેખર!'

અજય અને સંજય સ્તબ્ધ બનીને મગધરાજના અવાજના પડછંદાને સાંભળી રહ્યા હતા.

એટલામાં કારાગૃહનું દ્વાર કિચૂડ કિચૂડ કરતું ખૂલ્યું. યમના ભાઈ જેવી વિકરાળ આકૃતિએ પ્રવેશ કર્યો! પૂરી છ ફૂટની એની ઊંચાઈ! મગધરાજ જેવા એ મગધરાજને બગલમાં ઊંચકીને ચાર માઈલ ચાલી નાંખે એવો પડછંદ દેહ! જેને જોતાં જ રોતાં બાળકો રડતાં બંધ થઈ જાય એવી ભીષણ મુખાકૃતિ!

'મગધરાજ! ઉતારી નાખો ચામડાનો ઝભ્ભો! અને આવી જાઓ ઓરડાની વચમાં! મારું કામ પતાવી નાખું.' પહેરેગીર બોલ્યો.

ઝભ્ભો ઉતારતાં મગધરાજ બોલ્યા, 'હા, ભાઈ, તારું કામ પતાવી લે. તારા જેટલી જ ઉત્સુકતા મને ય મારું કામ આટોપી લેવાની હવે જાગી છે.' ઓરડાની વચ્ચે આવીને ઊભા રહેલા મગધરાજ બોલ્યા, 'ચલાવ કોરડો! રાજા અજાતનો આદેશ બજાવી લે.

સંજય મગધેશ્વરની નિર્ભયતા જોઈને મોંમાં આંગળી નાખી ગયો. કેવો ભયંકર દેખાતો હતો; એ પહેરેગીર! ગૂંચળું વાળેલો કોરડો એણે ખુલ્લો કર્યો! મીઠાના પાણીમાં પલાળવા લાગ્યો! મગધરાજનું ખુલ્લું શરીર જોતાં અજયના અંતરમાં એક તીણી ચીસ પડી ગઈ! બરડા ઉપર કોરડાના સોળ ઊઠયા હતા! એની ઉપર લોહીના પડ જામ્યા હતા! આ જોઈને જ રાજા કુણિકે પિતાને ચામડાનો ઝભ્ભો બક્ષિસ (!) કર્યો હતો. માખીઓ પેલા સોળને ખુલ્લો ન કરી નાંખે તે માટેસ્તો!

આ સોળ ઉપર મીઠાના પાણી પાયેલો કોરડો ઝીંકાશે? અને....મગધરાજ એને ખમી શકશે?

'ગુરુજી! આ રૌરવ નારકનાં દશ્યો હું જોઈ નહિ શકું!' કોરડો હાથમાં લઈને ફટકારવા સજ્જ બનેલા પહેરેગીરને જોઈને અજયે આંખો મીંચી દીધી.

સનનનન....સનનન....સનનનન.

'ફટકાર ફટકાર, પહેરેગીર! બહુ મજા આવે છે.' સનનન.... ઓહ! મગધરાજે સિસકારો નાંખી દીધો. એ કોરડો પેલા લોહી જામેલા સોળ ઉપર જ ઝીંકાઈ ગયો હતો!

'કાંઈ વાંધો નહિ. એ તો આ દેહ સિસકારો નાંખી દે છે હોં! મારા પરમાત્માની ખીલા ખેંચાતી વખતની ચીસની જેમ. મગધરાજ તો ખૂબ આનંદમાં છે! કેમ મગધરાજ!' મગધરાજે પોતાને જ પૂછ્યું. 'બરોબર છે ને મારી વાત?'

ફટકાર! પહેરેગીર! ફટકાર! તું મારતાં થાકીશ પણ હું માર ખાતાં થાકું તેમ નથી. આ તો કાંઈ નથી. આંખ મીંચું

એટલી જ વાર છે. શબ અહીં પડ્યું હશે અને મગધરાજ પહેલી નારકના પરમાધામીની મૂઠીમાં ચોળાતો ચિચિયારીઓ પાડતો હશે.

પહેરેગીર! આના કરતાં ય અનંતગુણ દુઃખો મારે ૮૪–૮૪ હજાર વર્ષ સુધી લગાતાર ભોગવવાનાં છે. ભગવાન મહાવીરદેવનો ભક્ત ઘોર યાતનાઓની આગમાં....ના. ના. ભૂલ્યો મહાવીરદેવ-દ્રોહી–એની આજ્ઞાનો વિરાધક....અબળાઓનાં સુખો લૂંટનારો, અત્યાચારી, સત્તાલોલુપી મગધરાજને કુત્તાથી ય બદતર જીવનની બક્ષિસ મળવાની છે. એ જ બરોબર છે. મારા જેવા પાપાત્માઓ માટે એ જ બરોબર છે.' બોલતાં બોલતાં હાંફી જતા મગધરાજ બોલ્યા.

જરા થોભીને આગળ બોલવા લાગ્યા, 'એટલે પ્રિય પહેરે-ગીર! તું તો માત્ર એ દુઃખોની વાનગી ચખાડી રહ્યો છે. એ નારકોમાં કાળું કલ્પાંત કરીને કાળા પાપ હું ન બાંધી દઉં એ માટે જ તું મને અત્યારથી–અહીં જ–એ મારનું શિક્ષણ આપી રહ્યો છે ને? ભાઈ! લગાવ, લગાવ,

મગધરાજ! આજ સુધી માલ ખાવામાં પાછું વાળીને જોયું નથી તો હવે માર ખાવામાં ય પાછું વાળીને જોશો નહિ.' મગધરાજ પોતાની જાતને ચૂંટી ખણીને સ્વસ્થ રાખવાના પ્રયત્નો કરતા હતા.

સોળ ઉપર પડેલા ફટકાએ ઘાની ચીરાડો ફરી લોહી દૂઝતી કરી નાખી હતી! એકેકા ફટકાએ મગધરાજનો દેહ ધ્રુજતો હતો! કેમ ન ધ્રુજે! છક્કીના ધાવણ છોડી નાખે એવા એ ફટકા હતા.

મગધેશ્વરને ભગવાન મહાવીરદેવ ન મળ્યા હોત તો આ સ્થિતિમાં એ પુત્ર અજાતને ગાળો દેતા હોત, પાગલ બની ગયા હોત. ચિચિયારીઓ પાડતાં હોત.

પરમકૃપાળુ પરમાત્મા પોતાના શરણે આવેલા ભક્તને અદૃશ્ય રીતે ખૂબ આશ્વાસન આપી રહ્યા હતા, જાણે એનો વાંસો પંપા-

બીને કર્મનું તત્ત્વજ્ઞાન ન સમજાવતા હોય! મા બનીને વેદના સહી લેવા કહેતા હતા....નવું કર્મ ન બંધાઈ જાય તે માટેની તમામ કાળજી કરતા હતા.

બેશક, રાણી ચેલ્લણા પણ પોતાના સ્વામીનાથની કાળજી કરતાં. પણ એ બધું ય બાહ્ય હતું. મગધરાજને તો અત્યારે બાહ્યની કોઈ પરવાહ જ ન હતી. એને તો અંતરની કાળજી કરનાર મા જોઈતી હતી. અને એ માત્ર ભગવાન મહાવીરદેવ હતા.

કોરડાનો માર મારીને પહેરેગીર થાકી ગયો. જરા આરામ લેવા બેઠો. એનું ય અંતર તો રડી જ રહ્યું હતું, 'જેને ત્યાં આખી જિંદગી વીતાવી, જે મગધરાજના પ્રતાપે છોકરાંના ય છોકરાં માર્ગે પડ્યા. પરણીને ઠેકાણે પડ્યા....એ જ મગધરાજને કોરડાના માર મારવાનું હીણભાગીપણું પોતાને જ કપાળે અંકાયું! એ પહેલાં જ આ કપાળ ફૂટી કેમ ન ગયું? અરે! જીવનનો અંત કેમ ન આવી ગયો? ધિક્કાર છે આ જીવતરને કે માત્ર પેટના સ્વાર્થ ખાતર સ્વામીને કોરડાનો માર મારવો પડે છે.' પહેરેગીરનો આત્મા આમ કકળી ઊઠ્યો. પણ શું કરે?

થાકી જતાં પહેરેગીરને જોઈને મગધરાજ ખડખડાટ હસી પડતાં એને કહેતાં, 'અલ્યા ભાઈ, તું થાકી ગયો? માર ખાનારો હું નથી થાક્યો ને તું થાકી ગયો? પણ બરોબર છે. મારી પાસે તો ત્રિલોકપતિની દયાનું વિરાટ બળ છે. તારી પાસે માનવલોકના તો નહિ, પણ માત્ર આ નાનકડા મગધના સ્વામી અજાતશત્રુની જ કૃપા છે! માત્ર પેટનો ખાડો પૂરી શકતી! તું ક્યાંથી મારા જેટલો બળવાન અને ભાગ્યવાન હોય!'

મગધરાજની નીડરતાને સંજય પુનઃ પુનઃ વંદન કરી રહ્યો.

થાકેલો પહેરેગીર અધૂરું કામ મૂકીને ચાલ્યો ગયો.

રાણી ચેલ્લણાએ આવીને રડતી આંખે મગધરાજની શુશ્રુષા કરી.

*

એક દિવસ ઊગ્યો. પુત્રના મૂત્રના છાંટાથી ખરડાયેલું ભોજન કરતાં અજાતશત્રુએ માતા ચેલ્લણાને કહ્યું, 'હશે કોઈ અજાત જેવો પુત્રવત્સલ પિતા !'

દુઃખિયારી ચેલ્લણા બોલી, 'બેટા, તારા પિતાની પુત્રવત્સલતા પાસે તારું આ વાત્સલ્ય વામણું છે હોં ! ક્યાં એ વાત્સલ્યનો સાગર અને ક્યાં આ ખાબોચિયું ? તુલના કરનાર બેવકૂફ હશે !'

ત્યારે જ અજાતશત્રુએ સઘળી વાત જાણી કે પરૂ ઝરતી આંગળીની વેદનાએ ચીસો પાડતાં મને શાન્ત કરવા પિતાએ પોતાના મોંમાં આંગળી રાખી મૂકી હતી !

'ઓ ! મા, તું શું કહે ? હું કેવો નીચ, પિતૃ-હત્યારો, અધમાધમ પુત્ર ! હમણાં જ જાઉં છું, મારા પૂજ્ય પિતાજીને કારાવાસમાંથી મુક્ત કરવા. પગમાં પડીને માફી માગું છું; મારા પાપોની !'

રાજા અજાત દોડયો. આનંદિત આંખોથી ચેલ્લણા એની પીઠ જોતી રહી.

કોઈ ન મળ્યો, પહેરેગીર ! સહુ આડાઅવળા થયા હશે ! અજાતે જાતે કુહાડી લીધી. કારાગૃહનું તાળું એક જ ધડાકે તોડી નાખીશ.

મગધરાજે અજાતને કુહાડી લઈને આવતો જોયો. ઓહ, પિતૃહત્યા કરવા આવ્યો છે ? નહિ, નહિ, મરીશ તે કબૂલ; પણ મારા અજાતને પિતૃઘાતક તો નહિ જ બનવા દઉં. નાદાન છે, એ ભલે ગમે તે કરવા ઇચ્છે, પણ મારે એને જગતની સમક્ષ 'પિતૃઘાતી' તરીકે કલંકિત કરવો નથી.

આવ, બેટા અજાત ! સહુની ક્ષમા માગું છું. સૌને ક્ષમા આપું છું, વિશેષતઃ તારી ક્ષમા માગું છું. મારે કોઈ સાથે વેર નથી.

અરિહંત–સિદ્ધ–સાધુ–ભગવંતનું અને સર્વજ્ઞભાષિત–ધર્મનું હું શરણું સ્વીકારું છું.

'વીર........વીર........વીર........વીર........'

મગધરાજે વિષ પાયેલી હીરાકણી ચૂસી લીધી! એક જ પળમાં દેહ ઢળી પડ્યો. પ્રાણપંખેરું ઊડી ગયું!

કારાવાસનું તાળું પૂરા બળથી કુહાડી મારીને તોડી નાંખ્યું. લોખંડી દ્વારો ખૂલ્યાં. કિચૂડ....કિચૂડ....

'પિતાજી! પિતાજી! મને માફ કરો....માફ કરો....' બોલતો રાજા અજાત દોડી આવ્યો. મગધરાજના દેહને ખૂબ ઢંઢોળ્યો!

પણ હવે કોણ બોલે? કોણ જાગે? બોલનારો અને જાગનારો તો છેલ્લી પળે અશુભ લેશ્યામાં ચડી જઈને પહેલી નરકમાં ચાલ્યો ગયો હતો!

ભયંકર ચિત્કાર કરતો અજાત ધરણી ઉપર ઢળી પડ્યો. મૂર્ચ્છિત થઈ ગયો!

રાજમાતા ચેલ્લણા આવ્યાં! એક કરુણ ચીસ નાંખીને એ ય મૂર્ચ્છિત થઈ ગયાં!

અજય અને સંજય પણ આ દૃશ્ય જોઈ ન શકતાં કારાગારની લોખંડી દીવાલોની પાછળ પછડાઈ ગયા.

શું બની ગયું? શી રીતે બની ગયું? એ સઘળું જાણતા હતા. એક તો ત્રિલોકપતિ ભગવાન મહાવીરદેવ અને બીજી કારાગૃહની લોખંડી દીવાલો! સઘળી ઘટનાની સાક્ષી તરીકે એ જ મૂંગી ઊભી હતી.

*

[૯]

# વિનયમૂર્તિ ગૌતમસ્વામી

**(ત્રણ પ્રસંગો)**

[૧] મતિ, શ્રુત અને અવધિ—ત્રણ ત્રણ જ્ઞાનથી યુક્ત છતાં; ચતુર્દશ વિદ્યાઓના પારગામી છતાં; દ્વાદશાંગીના સ્વયં રચયિતા હોવા છતાં; જ્ઞાનનો ઉપયોગ મૂકે તો ઘણાં ખરા સંદેહોનું નિરાકરણ આપમેળે થઈ જવાની પૂરેપૂરી શકયતા હોવા છતાં તેમ નહિ કરતા પ્રથમ ગણધર ભગવંત ગૌતમસ્વામીજી તો કોઈ પણ પ્રશ્ન જાગે કે તરત જ પ્રભુ વીરની પાસે પહોંચી જાય; અત્યંત ઉત્કૃષ્ટ વિનયભાવે પ્રભુ વીરને પોતાનો સંદેહ પૂછે.

'વીર' એમના આરાધ્યદેવ હતા, 'વીર' 'વીર'નું રટણ એમને આજપાજપ થઈ ગયું હતું. આ જન્મનો તો ગુરુશિષ્ય ભાવે સ્નેહ હતો જ; પરંતુ એ સ્નેહીની રેશમ દોરી તો પૂર્વના ભાવોથી જ બંધાઈ ચૂકી હતી. આથી જ ભગવંત ઉપર ગણધર ગૌતમસ્વામીજીને માત્ર ભક્તિરાગ ન હતો; સ્નેહરાગ પણ હતો. આ સ્નેહરાગ જ તેમને વીતરાગ થતા અટકાવી રહ્યો હતો. જો તે સ્નેહરાગ ન હોત તો તેમનો પ્રભુ પ્રત્યેનો ભક્તિરાગ તો ક્યારનો વીતરાગ-પદની બક્ષિસ કરી ચૂકયો હોત.

જ્યારે તેઓ પ્રભુ વીરને પ્રશ્ન પૂછતા ત્યારે તેમની સાડાત્રણ ક્રોડ રોમરાજિમાં આનંદ છાઈ જતો; પણ જ્યારે પ્રભુ વીર ઉત્તર દેવાની શરૂઆત કરતા 'ગોયમા !' 'હે ગૌતમ !' એમ કહેતા ત્યારે તો એ ગૌતમની સાડાત્રણ ક્રોડ રોમરાજિઓમાંથી અપાર

હર્ષની ઝણઝણાટી પસાર થઈ જતી અને એ રોમરાજિ ખડી થઈ જતી! તે અપાર ધન્યતાનો અનુભવ કરતા.

જ્યારે વીરપ્રભુ સંદેહનું નિરાકરણ કરી આપતા; ત્યારે પોતાની વિશેષ સ્પષ્ટતા માટે અને બીજા અનેક શ્રોતાઓને વધુ સારી સમજણ પડે તે માટે વળી ગણધર ભગવંત, પ્રભુને પૂછતા કે 'હે પ્રભુ! આ વાત આપ કૃપાળુ દેવાધિદેવ આમ શા માટે કહો છો? સે કેણટ્ઠેણં ભંતે એવં વુચ્છઈ?'

બે હાથ જોડીને; ઊભડક પગે ટટ્ટાર કમરે, વિસ્ફારિત આંખોએ; જાણવાની ભારે સમુત્સુકતાને દર્શાવતી ત્રિવલિવાળા લલાટે પૂછતાં ગૌતમનું શિષ્યત્વ એ વખતે પુરબહારમાં ખીલી ઊઠતું. વળી પાછા પ્રભુવીર 'ગોયમા! હે ગૌતમ!'કહીને એ જ વાત વધુ સ્પષ્ટ કરતા. એટલે પછી બે હાથ જોડીને; મસ્તક નમાવીને, લલાટે અંજલિ અડાડીને ગણધર ભગવંત પ્રભુ વીરને કહેતા, 'હા....મારા નાથ, આપે, જે કહ્યું તે તેમ જ છે. મેં તે જ ભાવે સંપૂર્ણ સ્વીકાર્યું છે.'–'સે એવં ભંતે.' હશે એ પળો જ્યારે પ્રભુ વીર 'ગોયમા!' બોલતા હશે?

કેવી હશે એ પળો જ્યારે ગણધર ગૌતમ 'સે કેણટ્ઠેણં ભંતે! એવં વુચ્ચઈ' અથવા તો 'સે એવં ભંતે!' બોલતા હશે?

હે ગૌતમ! આપને ય ધન્ય છે કે આપ લાખો વાર પ્રભુ વીરના મુખે ચડયા!

અદ્ભુત આપની નમ્રતા!

અદ્ભુત આપની ગુરુભક્ત :

અદ્ભુત આપની વિનીતતા

[૨] ગણધર ગૌતમસ્વામીજીની પાસે આ પણ એક લબ્ધિ હતી કે જે તેમના શિષ્ય થાય તેને કેવળજ્ઞાન પ્રાપ્ય થાય. આમ

૫૦ હજાર કેવળજ્ઞાનીઓના તે ગુરુ બન્યા; પણ અફસોસ! તેમને હજી કેવળજ્ઞાન થતું ન હતું. આનો તેમને રંજ પણ રહેતો હતો.

એકવાર તો ગજબ થઈ ગયો. પ્રભુવીરની આજ્ઞાથી ગણધર ભગવંત દીક્ષિત થયેલા મામા મહારાજ સાલમુનિ અને તેમના પુત્ર મહાસાલમુનિને લઈને તેમના ભાણેજ ગાગલી રાજાને પ્રતિબોધ કરવા માટે ચંપાનગરીમાં પધાર્યા. દેશના સાંભળીને સંસારથી વિરક્ત થયેલા ગાગલી રાજાએ પોતાના પુત્રને રાજ્યભાર સોંપીને પોતાનાં માતા-પિતા સાથે દીક્ષા લીધી. પાંચે ય મુનિવરોની સાથે જ્યારે ગણધર ભગવંત પ્રભુ વીરની પાસે જઈ રહ્યા હતા ત્યાં રસ્તામાં જ શુભભાવનાથી તે પાંચે ય મુનિઓને કેવળજ્ઞાન થઈ ગયું.

સહુ ચંપાપુરીમાં આવ્યા. તે પાંચ મુનિઓએ પ્રભુને પ્રદક્ષિણા કરી; ગણધર ભગવંતને પ્રણામ કર્યા અને પછી કેવલિની પર્ષદામાં જઈને બેસી ગયા.

તરત ગણધર ભગવંતે તેમને કહ્યું, 'પ્રભુને વંદના કરો.'

પરમાત્માએ કહ્યું, 'ગૌતમ! કેવલજ્ઞાનીઓની આશાતના ન કરો. તેમને પાંચે યને રસ્તામાં જ કૈવલ્ય પ્રગટ થયું છે!'

આ સાંભળીને ગણધર ભગવંતે તેમની સાથે ક્ષમાપાન કરી. પણ હવે એમના મનમાં ભારે ઘમસાણ ચાલ્યું કે, 'શું મને કૈવલ્ય નહિ જ થાય? આ જ ભવે મારો મોક્ષ નહિ થાય?'

આ વાત વિચારતાં જ તેમને દેવોએ કહેલી વાત સ્મરણમાં આવી .દેવોએ એકદા ગૌતમ ગણધર ભગવંતને કહ્યું હતું કે, 'એક વાર ત્રિલોકગુરુએ દેશનામાં ફરમાવ્યું હતું કે જે આત્મા પોતાની લબ્ધિથી અષ્ટાપદ તીર્થની યાત્રા કરે અને ત્યાં એક રાત્રિ રહે તે આત્મા તે જ ભવે મોક્ષ પામે.'

દેવોની આ વાતની સ્મૃતિ થઈ એટલે પ્રભુ પાસે તેમણે અષ્ટાપદની યાત્રા માટે જવાની ઇચ્છા વ્યક્ત કરીને આજ્ઞા મેળવી. ત્યાં જઈને સ્વલબ્ધિથી થોડી જ વારમાં અષ્ટાપદ ઉપર ચડી ગયા ! ત્યાં યાત્રા કરી, પુંડરીક અધ્યયનની પ્રરૂપણા કરી. પાછા ફરીને નીચે આવતાં પંદરસો તાપસોએ તેમની પાસે દીક્ષા લીધી. તેમને લઈને પ્રભુ વીર પાસે જવા નીકળ્યા. માર્ગમાં તે તાપસ શિષ્યો માટે ભિક્ષા લેવા નીકળતાં તેમને ગણધર ભગવંતે પૂછ્યું કે, 'તમારા માટે શું લાવું ?' તેઓએ કહ્યું; 'ખીર લાવજો.'

ગણધર ભગવંત થોડીક ખીર લાવ્યા અને અક્ષીણ મહાનસ લબ્ધિ વડે દેખાતી તેટલી જ ખીરમાં પંદરસો ય તાપસ મુનિઓને પારણું કરાવ્યું. તેમાં પાંચસો તાપસોને તો ખીર વાપરતાં જ 'પ્રભુ વીર જેવા જગદ્ગુરુ આપણને મળ્યા; કેવું આપણું પરમોચ્ચ સદ્ભાગ્ય! એવી ભાવના જાગી અને તેમાંથી અત્યંત લઘુકર્મી તે તાપસોએ ક્ષપકશ્રેણિ માંડીને કૈવલ્ય મેળવી લીધું.

બીજા ૫૦૦ તાપસ–મુનિઓને પ્રભુના અષ્ટ પ્રાતિહાર્યોનું દૂરથી દર્શન થતાં જ કૈવલ્ય પ્રગટ થયું અને શેષ ૫૦૦ તાપસ મુનિઓને દૂરથી પ્રભુનું દર્શન થતાં જ કૈવલ્ય થયું.

આથી તે પંદરસો કેવલજ્ઞાનીઓ પ્રભુને માત્ર પ્રદક્ષિણા કરીને કેવલિ પર્ષદામાં જઈને બેઠા. ગણધર ભગવંત ગૌતમસ્વામીજીએ તેમને પ્રભુને વંદના કરવા જણાવ્યું. ત્યારે પરમાત્માએ સાચી હકીકત જણાવી.

તે વખતે ગણધર ભગવંતને આ ભવમાં જ પોતાને કૈવલ્ય થવાની વાતમાં પુનઃ શંકા પડી ગઈ. પરંતુ પ્રભુએ તેમને તેવી શંકા ન કરવા કહ્યું અને જણાવ્યું કે તમારો મારી સાથેનો પૂર્વ-ભવીય સ્નેહરાગ જ તમને કૈવલ્ય પામતાં રોકી રહ્યો છે. પણ

આમ અધીરતા રાખો નહિ. તમને આ જ ભવમાં કૈવલ્યની પ્રાપ્તિ થશે.

ત્યારે ગણધર ભગવંતને શાન્તિ થઈ! કેવો હશે ગૌતમસ્વામીજીને ભવનો ભય! મોક્ષનો તલસાટ! એ જ ભવમાં કૈવલ્ય પામવાની તીવ્ર તાલાવેલી!

કેવો કાતિલ પુરવાર થાય છે સ્નેહરાગ! કે જેની હાજરીમાં માથું પટકીને કોઈ મરી જાય તો ય તેને કૈવલ્યની પ્રાપ્તિ ન જ થાય.

પરમપિતાની પાસે બાળ બની જતાં એ, પચાસ હજાર કેવલી ભગવંતોના ગુરુ! મહાજ્ઞાની! મહાસત્ત્વશાળી! મોક્ષરસી ગણધરદેવ! આપના ચરણે કોટિ કોટિ વંદન.

[૩] 'ગૌતમ! આ અપાપાપુરીની નજીકના બીજા ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ રહે છે. તે તમારાથી પ્રતિબોધ પામવાનો છે માટે તમે ત્યાં જાઓ.' પરમાત્મા મહાવીરદેવે આસો વદી અમાવસ્યાની રાત્રિએ પોતાનું નિર્વાણ થશે એમ જ્ઞાનપ્રકાશમાં જોયું હતું. આ પહેલાં ગૌતમ ગણધરને કૈવળજ્ઞાન નહિ થવા દે તો તેમનો સ્નેહરાગ તોડવાની જરૂર હતી. અને તે માટે પ્રભુએ તેમને દેવશર્માના પ્રતિબોધના બહાનાથી વિદાય કર્યા.

પ્રભુની આજ્ઞા પ્રમાણે ગૌતમ ગણધર નીકળ્યા અને દેશના આપીને દેવશર્માને પ્રતિબોધ પમાડયો.

પાછા ફરતાં રસ્તામાં દેવો પાસેથી પરમાત્માના નિર્વાણના સમાચાર સાંભળતાં જ જાણે તેમની ઉપર વજ્રઘાત થયો. પાસે પડેલી શિલાઓ પણ પીગળી જાય તેવું કરુણ કલ્પાન્ત કરવા લાગ્યા. કોણ કઠોર છે? પ્રભુ? કે જેમણે આ સમયે મને જુદો પાડીને લોક-વ્યવહાર પણ ન પાળ્યો? કે હું? કે જેની આવા

સમાચાર સાંભળ્યા પછી પણ છાતી ફાટી ગઈ નથી? આ તેમના અંતરનો સવાલ હતો.

અંતે....સ્નેહરાગના બંધન તૂટયાં! અને શુભ ધ્યાનપરાયણ બનીને ત્યાં જ પ્રભાતે વીતરાગદશા અને કેવળજ્ઞાન પામ્યા.

ત્યાર બાદ બાર વર્ષ સુધી આ ધરતી ઉપર વિહાર કરીને અનેક જીવોને પ્રતિબોધ્યા.

છેલ્લે, રાજગૃહીમાં એક માસનું અનશન કરીને મોક્ષ પામ્યા.

※

# ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ

ખંડ-૫

[ નિર્વાણુ-પ્રાપ્તિ ]

[૧]

## અમાવાસ્યાની એ કાળી રાત

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવની પહેલી અને છેલ્લી બન્ને ય દેશનાઓ ઇતિહાસના પાને વિશિષ્ટ રીતે નોંધાઈ છે.

પહેલી દેશના નિષ્ફળ ગઈ.

છેલ્લી દેશના લગાતાર સોળ પ્રહર સુધી ચાલી.

[૧] કૈવલ્ય પામીને રાતોરાત પરમાત્મા જે અપાપાનગરી તરફ પધાર્યા હતા; અને જ્યાં અગિયાર વિપ્રોને દીક્ષા આપીને ગણધર પદ ઉપર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા તે જ અપાપાપુરીમાં પ્રભુ પધાર્યા. આ સમયે પોતાના અગિયાર ગણધરોમાંથી નવ ગૌતમ અને સુધર્મા ગણધર સિવાયના બધા નિર્વાણ પદ પામી ચૂકયા હતા.

અપાપામાં દેવોએ સમવસરણની રચના કરી પોતાના આયુષ્યનો અંત નજદીકમાં જાણીને પ્રભુએ છેલ્લી સુદીર્ઘ દેશના આપી. પ્રભુને સમવસરેલા જાણીને અપાપાનો રાજા–પ્રભુનો પરમ ભક્ત–હસ્તીપાળ પણ દેશના સાંભળવાને આવી ગયો હતો. ધર્માદિ ચાર પુરુષાર્થ ઉપર પ્રભુએ વિસ્તારથી સમજણ આપી.

[૨] ત્યાર બાદ હસ્તીપાળ રાજાએ વિનીતભાવે છેલ્લી રાત્રે આવેલાં આઠ બેઢંગાં (વિચિત્ર) સ્વપ્નોની વાત પ્રભુ સમક્ષ મૂકી. પ્રભુએ તે સ્વપ્નોના ફળ-વર્ણન દ્વારા પોતાના ધર્મશાસનની શું પરિસ્થિતિ થશે તેનું બ્યાન કર્યું.

[૩] ત્યાર બાદ ગણધર ભગવંત ગૌતમસ્વામીજીએ પ્રભુને ભાવિ અવસર્પિણી આદિ કાળનું વર્ણન કરવા વિનંતી કરી.

પરમાત્માએ પાંચમા આરાની વિષમતાઓ ભરેલી સ્થિતિનું વર્ણન કરીને છઠ્ઠા આરાનું વર્ણન કર્યું અને ત્યાર બાદ આગામી ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભસ્વામીજીનો વૃત્તાન્ત કહ્યો. તેમાં પાંચમા આરાના છેડા સુધી ધર્મશાસન અવિચ્છિન્નપણું રહેશે એમ કહીને, છેલ્લે દુઃપ્પસહ નામે આચાર્ય, ફલ્ગુશ્રી નામે સાધ્વી, નાગિલ નામે શ્રાવક, સત્યશ્રી નામે શ્રાવિકા, વિમલવાહન નામે રાજા અને સંમુખ નામે મંત્રી થશે' તેમ ફરમાવ્યું.

[૪] આ પ્રમાણે ભાવિકથન કર્યા બાદ પરમાત્મા સમવસરણમાંથી બહાર નીકળ્યા અને હસ્તીપાળ રાજાની–દાણ લેવાની–શુલ્કશાળામાં ગયા.

[૫] પ્રભુ પોતાનું આજની રાત્રિએ નિર્વાણ થવાનું જાણતા હતા એટલે જે સ્નેહરાગ ગૌતમ ગણધરને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ બની રહ્યો હતો તે સ્નેહરાગના બંધન તોડવા માટે વિપ્ર દેવશર્માને પ્રતિબોધ કરવા માટે તેમને અપાપાપુરીના બાજુના ગામમાં મોકલ્યા.

[૬] આ બાજુ, એ આસો વદી અમાવસ્યાની પાછલી રાતે છઠ્ઠના તપવાળા પરમાત્માએ પુણ્યફળવિપાક સંબંધિત પંચાવન અધ્યયન અને પાપફળવિપાક સંબંધિત પંચાવન અધ્યયન કહ્યા. ત્યાર પછી ૩૬ અધ્યયન કોઈએ ન પૂછેલા–અપ્રશ્ન વ્યાકરણના કહ્યા. તેમાં જ્યારે પ્રધાન નામનું છેલ્લું અધ્યયન પ્રભુ કહેતા હતા તે વખતે :

[૭] પ્રભુનો નિર્વાણ સમય નજીકમાં છે! એ હકીકત સૂચવવા માટે ઇન્દ્રોનાં સિંહાસન કંપાયમાન થયાં. આથી તે બધા ઇન્દ્રો સપરિવાર અપાપાનગરીમાં આવી પહોંચ્યા.

[૮] અશ્રુસજળ નેત્રે શક્રેન્દ્ર પરમાત્માને વિનંતી કરી કે, આપ એક ક્ષણનું પણ આપનું આયુષ્ય વધારી દો.

જેથી હમણાં જ ઉદયમાં આવી જનાર ભસ્મક નામના ગ્રહ ઉપર આપની દૃષ્ટિ પડી જતાં તેની ઘણી આસુર તાકાત ખતમ થઈ જાય. અન્યથા આ ગ્રહ બે હજાર વર્ષ સુધી (વક્રીના ૫૦૦ ઉમેરતાં ૨૫૦૦ વર્ષ સુધી) આપે સ્થાપેલા શાસનને ચાળણીની જેમ ચાળી નાંખતા જેટલી ક્રૂરતા દાખવશે. આયુષ્યની વૃદ્ધિની વિનંતીમાં ઇન્દ્રનો એક જ સ્વાર્થ હતો, 'શાસનરક્ષા.'

પ્રભુએ કહ્યું, 'દેવેન્દ્ર! તારી નિર્મળ શાસનભક્તિને લીધે જ તું મને આયુષ્ય-વૃદ્ધિની વિનંતી કરે છે; પરંતુ તે અસંભવિત છે. વળી એ ગ્રહ તો જે નિશ્ચિત ભાવિ છે તેનો સંકેતમાત્ર કરે છે; એ કાંઈ મારા ધર્મશાસનને છિન્નભિન્ન કરી શકે તેમ નથી; પરંતુ પાંચમા આરાના જીવોની તેવી પ્રવૃત્તિને લીધે જ એ છિન્નભિન્નતા સર્જાવાની છે. આ નિશ્ચિત હકીકત છે, એટલે તેમાં ફેરફાર કરવાની અમારામાં પણ તાકાત નથી. માટે હે દેવેન્દ્ર! આવી ચિંતા કરવાનું તારે કોઈ પ્રયોજન નથી. હા....ભસ્મક ગ્રહની અસરમાંથી મુક્ત થયા બાદ મારા શાસનનો ચતુર્વિધ સંઘ ઉદિતોદિત અભ્યુદય પામશે.'

આ ઉપરથી એક વાત ચોક્કસ થાય છે કે અવસર્પિણી કાળ એનો ભાવ તો ભજવ્યા જ કરશે, એટલે કે ઉત્તરોત્તર પરિસ્થિતિ ધર્મપ્રેમી આત્માઓને વધુ ને વધુ બેચેન બનાવે તેવી જ થતી જશે, પરંતુ વચ્ચે વચ્ચે તે બગડેલી પરિસ્થિતિમાં કાંઈક સુધારારૂપે અભ્યુદય પણ જણાતો રહેશે.

[૯] દેવેન્દ્રને સમજૂતી આપ્યા બાદ પરમાત્માએ યથાયોગ્ય સૂક્ષ્મ અને બાહર મન, વચન અને કાયાનો યોગનિરોધ કર્યો. તેની સાથે જ તેઓ ચૌદમા ગુણસ્થાન ઉપર આરૂઢ થયા. પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલો સમય તે ગુણસ્થાને

રહીને પ્રભુના આત્માએ શુક્લધ્યાનના ચોથા પાયામાં વર્તતા જે સમયે દેહ મૂકયો તે જ સમયે ઋજુગતિ વડે મોક્ષ પ્રાપ્ત કર્યો. પરમાત્મા અજર, અમર થયા.

વિદેહમુક્ત થયા, અશરીરી, અકર્મા અને અવિનાશી થયા.

[૧૦] પ્રભુના નિર્વાણ બાદ ધરતી ઉપર ચોમેર અતિ સૂક્ષ્મ કુંથુઆ ઉત્પન્ન થતાં અનેક શ્રમણો અને શ્રમણીઓએ 'હવે સંયમનું પાલન મુશ્કેલ થઈ ગયું' એમ વિચારીને અનશન કરી લઈને આત્મ-કલ્યાણ સાધી લીધું.

'અમારો ભાવ-દીપક ગયો. ચાલો; દ્રવ્ય-દીપક કરીએ' એમ વિચારીને રાજાઓએ તે રાત્રિએ દીવા પ્રગટાવ્યા. આમ લોકોમાં દીપોત્સવીનું પર્વ શરૂ થયું. દેવો અને દેવેન્દ્રોએ સજળ નયને પ્રભુના શરીરનું ઉત્તરકાર્ય કર્યું. તે સ્થળે રત્નમય સ્તૂપની રચના કરી.

ત્યાર બાદ નંદીશ્વર દ્વીપે જઈને તેઓએ અષ્ટાહ્નિક–મહોત્સવ કર્યો અને અંતે સહુ સ્વસ્થાને ગયા.

અનંત અનંત વંદન....

ત્રિશલાનંદન, ત્રિલોકગુરુ, વીતરાગ–સર્વજ્ઞ, યથાર્થવાદી શાસનપતિ પરમાત્મા મહાવીરદેવને.

* * *

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી બહાર પડતાં પુસ્તકોનાં પ્રાપ્તિ સ્થાન :

**વર્ધમાન સંસ્કૃતિધામ**
પ્રભાવતીબહેન છગનલાલ સરકાર
સંસ્કૃતિ ભવન,
૬, ધન મેન્શન,
અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ,
ઑપેરા હાઉસ, **મુંબઈ-૪**
ફોન : ૩૮૮૭૬૩૭

**તપોવન સંસ્કારધામ**
ધારાગીરી
પોસ્ટ કબીલપોર
નવસારી, ૩૯૬૪૨૪
ફોન : ૩૯૫૯

ઑફિસ

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ,
ઝવેરીવાડ, રિલીફ રોડ,
**અમદાવાદ**
ફોન નંબર ૩૫૫૮૨૩ : ૩૫૬૦૩૩

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
ચંદનબહેન કેશવલાલ સંસ્કૃતિ ભવન,
ગોપીપુરા, સુભાષચોક, **સુરત**

**અમરશી લક્ષ્મીચંદ કોઠારી**
એસ. ટી. સ્ટેન્ડ પાસે,
**શંખેશ્વર**
(વાયા હારીજ)

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીનાં પુસ્તકો

આજે જ આખો સેટ ઘરમાં વસાવી લો

બાળકો, કિશોરો, બહેનો, મોટેરાંઓ સહુને પ્રિય સાહિત્ય

આજ સુધી આ પુસ્તકોએ સેંકડો યુવાનોના અને બહેનોનાં જીવન-પરિવર્તન કર્યાં છે. આપના ઘરમાં આ સેટ પડયો હશે તો કયારેક કોઈનું પણ જીવન પ્રકાશ....પ્રકાશની બૂમો પાડતું અંધકારમાંથી સદા માટે છુટકારો પામી જશે.

**નાનકડું મૂલ્ય અને જીવન-પરિવર્તનનો અમૂલ્ય લાભ**

---

આર્યાવર્તની મોક્ષપ્રધાન સંસ્કૃતિની જ્યોત ઘર ઘરમાં પ્રગટાવવા મથતું માસિક....

# મુક્તિદૂત

: ચિન્તક :

પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર

સંપાદક
**ગુણવંત શાહ**

સહસંપાદક
**ભદ્રેશ શાહ**

આજે જ ગ્રાહક બનો

ત્રિવાર્ષિક લવાજમ રૂ. ૪૦/-
આજીવન સભ્ય રૂ. ૨૦૦/-

મુદ્રક : વરદાયની પ્રિન્ટર્સ

મૂલ્ય : રૂ. [illegible] ૨૦/-